૨૯૮૮૯

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધર્મોદય

કાકા કાલેલકર

નવજીવન પ્રકાશન મંદિર
અમદાવાદ

૧૧ગ
૩૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

ધર્મોદય — ડાભેલકર

Foundation
Gurukul Ka

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધાર્મિક અનુભવ એટલે શું?

આજકાલના ઘણા લોકો એમ જ માને છે કે ધર્મ એટલે ઈશ્વરવિષયક અનુભવો અથવા અતીન્દ્રિય અંતરાત્મા વિષેના ગૂઢ અનુભવો. જૂના જમાનાના ઘણા લોકો અને આજના પણ કેટલાક પછાત લોકો ધર્માનુભવ વિષે અનેક વિચિત્ર ખ્યાલ સેવતા દેખાય છે. કાંઈક અકુદરતી બનાવ બને, તો એ જ ધર્માનુભવ છે એમ તેઓ માનતા દેખાય છે. આવા ચમત્કાર અથવા સાક્ષાત્કાર દ્વારા પણ ધર્મનો અનુભવ થઈ શકે છે. પણ સામાન્ય રીતે કુદરતમાં જે ન મળે તે મળવાથી એમાં 'ધર્મ' પ્રગટ થાય છે અથવા માણસની પ્રગતિનું એ દ્યોતક છે એમ માનવું એ ભૂલભરેલું છે.

જે અનુભવ દ્વારા આત્માનો વિકાસ થાય છે, વ્યક્તિત્વ વધે છે, અતીન્દ્રિય વસ્તુઓ પર યોગ્ય શ્રદ્ધા બેસે છે અને માણસ ઇંદ્રિયસુખની લાલસા છોડી, દેહરખો મટી, ઊંચે ચઢે છે તે ધર્માનુભવ છે. ઉત્કટ પ્રેમ, નિરપેક્ષ સેવાભાવ, સત્યની અને જ્ઞાનની અદમ્ય ખોજ, શીતળ ભાવે અથવા પ્રસન્નતાથી થતું બલિદાન, સર્વ ભૂતો પ્રત્યે સિદ્ધ થયેલો સમભાવ એ બધા ખરેખરા ધર્માનુભવો જ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

क प्रमाणीकरण १९८४-१९८५

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

धर्मोदय

काका कालेलकर

ऋते ज्ञानान्न मुक्तिः
पुस्तक सं०.......
आगत सं०.......
तिथि०.....................
गुरुकुल ग्रन्थालय काँगड़ी.

CHECKED 1973
Initial

नवजीवन प्रकाशन मंदिर
अमदावाद
१९५२

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુદ્રક અને પ્રકાશક
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૯

સર્વ હક પ્રકાશક સંસ્થાને આધીન

પહેલી આવૃત્તિ, પ્રત ૩,૦૦૦

સવા રૂપિયો

જુલાઈ, ૧૯૫૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચિ૦ સરોજને,
જેના પ્રોત્સાહનથી
આ લેખમાળા લખાઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાથમિક છતાં મૌલિક

શાસ્ત્રોના નિયમો અને શાસ્ત્રચર્ચા જાણી તેમ જ સંતોની વાણી સાંભળી આપણે ધર્મ વિષે અમુક વિચારો પાકા કરીએ છીએ. ત્યાર પછી જિંદગીમાં જેમ જેમ નવા નવા અનુભવો થતા જાય તેમ તેમ એ શાસ્ત્રધર્મ ઉપરની આપણી શ્રદ્ધા મોળી અથવા પાકી થતી જાય છે. એટલે કહી શકાય કે શ્રદ્ધા અને અનુભવ એ આપણી ધર્મભાવનાનો પાયો છે.

પણ શાસ્ત્રોનો પરિચય થતા પહેલાં અને ત્યાર પછી પણ, શાસ્ત્રોને આધારે નહીં પણ જિંદગીના સ્વતંત્ર અનુભવને પરિણામે કેવળ કૌટુંબિક વાતાવરણમાંથી અને સામાજિક રિવાજોમાંથી ધર્મ વિષે જે સ્વતંત્ર લાગણીઓ, માન્યતાઓ, ભાવનાઓ અને સિદ્ધાંતો બંધાય છે તેનું સ્વતંત્ર બ્યાન રજૂ કર્યું હોય તો કેવું? એવો વિચાર મનમાં આવવાથી આ લેખમાળા શરૂ કરી. આમાં આપેલા વિચારો ઘણા લોકોના મનમાં આવ્યા હશે. સંતોનાં વચનોમાં અને શાસ્ત્રોની મીમાંસામાં એ જડી શકે છે પણ મારા પૂરતા એ મૌલિક અનુભવો છે, પછી ભલે તે બિલકુલ પ્રાથમિક સ્વરૂપના હોય.

જે સંકલ્પથી આ લેખમાળા શરૂ કરી તે આગળ જતાં શિથિલ થયો એટલે આગળ જતાં આખી શૈલી ફેરવી એ અનુભવો ટૂંકાવ્યા. અને એને અમુક દરજ્જે સિદ્ધાંત ચર્ચાનું રૂપ આપ્યું. પરિણામે લેખમાળા એકધારી નથી થઈ. આ વસ્તુ સામાન્ય જિજ્ઞાસુ માટે પણ છે અને મૌલિક ચિંતન કરનાર ધર્મપરાયણ વ્યક્તિને માટે પણ છે; તેથી જેવી છે તેવી જ શ્રી ઉમાશંકર જોષીના 'સંસ્કૃતિ' માસિકમાં પ્રથમ છાપવા આપી.

આ લેખમાળા જે ઉદ્દેશથી લખાઈ તે ઉદ્દેશ જાણીને આને વિષે પંડિત સુખલાલજીએ અનુકૂળ અભિપ્રાય બતાવ્યો અને ધર્મચિંતકની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રસિકતાથી આ માળાને વધાવી લીધી એ મારે માટે પરમ સંતોષની વાત છે. અને તેથી, છે એવા રૂપમાં પણ આને પુસ્તકાકારે પ્રગટ કરવાની હિંમત કરી છે.

ખરું જોતાં, ધર્મચિંતનના ફ્લસ્વરૂપે જે વિચારો અન્તે ગોઠવાયા અને અનુભવે ઘડાયા છે તેનો પણ સંગ્રહ, આના ઉત્તરાર્ધ તરીકે મારે આપવો જોઈએ. તે ક્યારે થશે અથવા થશે કે નહીં તે હું જાણતો નથી.

આત્મપરીક્ષણ કરવાનો ઉત્સાહ ધરાવનારા થોડા પણ વાચકોને આ લેખમાળા દ્વારા મદદ થાય તો મને સંતોષ છે.

અમદાવાદ,
૧૯-૧૨-'૫૧

काका कालेलकर

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમ

પ્રાથમિક છતાં મૌલિક ૫

પ્રાસ્તાવિક ૩

૧. ધન્ય સંકલ્પ ૭
૨. પાપ અને પુણ્ય ૧૦
૩. માતપિતા ૧૪
૪. બાનો ધર્મ ૧૭
૫. પિતાજીની સાધના ૨૦
૬. બાએ શીખવેલો કુટુંબ-ધર્મ ૨૪
૭. પશ્ચાત્તાપનો સાક્ષાત્કાર ૨૮
૮. કુળદેવ-નિષ્ઠા ૩૧
૯. કોપરાનો કકડો ૩૩
૧૦. એ કંઠી ૩૭
૧૧. જતના શિક્ષક ૪૧
૧૨. બાળપણના દેવો — ૧ ૪૪
૧૩. બાળપણના દેવો — ૨ ૪૮
૧૪. ગદ્ય પ્રાર્થના તે જ હૃદ્ય પ્રાર્થના ૫૧
૧૫. આરતી ૫૪
૧૬. શ્રાદ્ધ ૫૭
૧૭. જીવદયા ૬૧
૧૮. દૂરના પ્રત્યેની આત્મીયતા ૬૪
૧૯. ઉપનયન ૬૯
૨૦. નવી સંધ્યા ૭૩
૨૧. શ્રીશકૃપા હિ કેવલમ્ ૭૭
૨૨. ધર્મવૃત્તિ કેળવવાનાં ક્ષેત્રો ૮૦
૨૩. ક્રતુપતિને પ્રાર્થના ૮૨
૨૪. ગુરુજનોની ઊણપો ૮૨
૨૫. એક વ્રત ૮૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૬. સત્યનું સ્વરૂપ અને એની ઉપાસના ૮૮
૨૭. જિજ્ઞાસાયુગ ૯૩
૨૮. એક તો ખાતરી થઈ ૯૫
૨૯. જીવનપરંપરા — ૧ ૯૮
૩૦. જીવનપરંપરા — ૨ ૧૦૨
૩૧. પ્રેમ આંધળો છે? ૧૧૦
૩૨. મૂર્તિઓનું ધ્યાન ૧૧૪
૩૩. માનસ-પૂજા અને આગળ આગળ ૧૧૭
૩૪. સત્યનિષ્ઠામાં મોળાશ ૧૨૬
૩૫. આપણો ધ્યાનમંત્ર : सत्यमेव जयते ૧૩૨
૩૬. ધર્માંતર ૧૩૪
૩૭. પરમધર્મ — આત્મદર્શન ૧૪૦–૧૪૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

धर्मोदय

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

प्रास्ताविक

માણસ પોતાની ધર્મ વિષેની કલ્પનાઓ સૌથી પહેલા વૃદ્ધો પાસેથી, કૌટુંબિક રિવાજોમાંથી અને સામાજિક સંસ્થાઓમાંથી મેળવે છે. પ્રથમ પ્રથમ તો આ બધી વસ્તુઓ ઓઢવાની જ હોય છે. માણસ જન્મે છે તે માતા સાથે સંબંધ બાંધીને જ. માતા દ્વારા એ પિતાને ઓળખતો થાય છે. એ બંને દ્વારા પ્રથમ કુટુંબમાં અને ત્યાર પછી એના સમાજમાં એનાં મૂળિયાં રોપાય છે અને દૃઢ થાય છે.

માતપિતા, કુટુંબ અને સમાજ પાસેથી એ જે લે છે તેને પોતાનું કરતાં એને બહુ વાર કે મહેનત લાગતી નથી કેમ કે એનું શરીર, એનો આહાર, એની ભાષા, એની લાગણીઓ અને એનું ભણતર, ટૂંકામાં કહીએ તો એનું આખું જીવતર અને ઘડતર માતપિતા, કુટુંબ અને સમાજ સાથે એકરૂપ હોય છે. અને તેથી એમની દ્વારા એ જે કોઈ ધાર્મિક વસ્તુ લે છે, ઓઢે છે અને સેવે છે તેને આત્મસાત્ (assimilate) કરતાં એને વાર લાગતી નથી. જેમ માણસની હથેળી પરની ભાગ્ય-રેખાઓ એ માતાના ગર્ભમાં મૂઠી વાળીને પડેલો હોય છે ત્યારે જ ઘડાય છે, તેમ માણસનું સામાન્ય વ્યક્તિત્વ પણ ઉપર કહ્યું છે તે રીતે એને મળેલું જ હોય છે.

ત્યાર પછી આગળ વધતાં કોણ જાણે શી રીતે અને કયા ક્રમે એ પોતાનું એવું નોખું વ્યક્તિત્વ કેળવતો જાય છે. અને આમ લાધેલાં અને કેળવેલાં અને પચાવેલાં તત્ત્વો. ઉપરાંત તદ્દન સ્વતંત્ર એવાં તત્ત્વો એ ખીલવે છે અને એને જ પોતાના જીવનમાં સર્વોપરી સ્થાન આપે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કન્યા જેમ માતપિતાના હાથ તળે ઊછરીને મોટી થયેલી હોવા છતાં એક ક્ષણમાં એ સંબંધનો ત્યાગ કરી આખા જન્મારા માટે પોતાના પતિને વળગે છે અથવા કોઈ માણસ પોતાનું આખું ઘડતર કોરે મૂકી પોતાના દીક્ષાગુરુના સંસ્કારોને અપનાવે છે, અથવા ધર્માન્તર કરનાર માણસ જેમ એક સમાજની આખી દુનિયામાંથી નીકળીને બીજા સમાજની બીજી દુનિયામાં પ્રવેશ કરે છે, અને ત્યાંનો પૂરેપૂરો રહીશ થઈ જાય છે, તેવી જ રીતે માણસનું સ્વતંત્ર વ્યક્તિત્વ જ્યારે ખીલે છે ત્યારે મેળવેલાં, ભેળવેલાં, અને અમુક અંશે કેળવેલાં તત્ત્વો પણ ગૌણ થઈ જાય છે અને પોતાને ઓળખતો થઈ એ પોતાના પોતાપણાનો જ વિકાસ કરે છે.

એ જ એનો સાચો જન્મ છે. એ જ એના વ્યક્તિત્વનો પાયો છે.

આ રીતે સાચો જન્મ થયા પછી એને જે મૌલિક ધર્માનુભવો થાય છે તેની અસર એનાં પૂર્વ વયનાં ઓઢેલાં તત્ત્વો ઉપર થાય છે. સાથે સાથે એ પુરાણાં તત્ત્વો પણ સામાં એના ઉપર અસર કરે છે. અને બન્નેના ઓતપ્રોત થવામાંથી માણસની વિભૂતિ વણાય છે.

આ વણાટ અમુક હદ સુધી ચાલ્યા પછી, અથવા તો તે પહેલાં પણ, માણસના જીવનમાં શાસ્ત્રો પ્રવેશ કરે છે. ખરું જોતાં વ્યક્તિનો ધર્માનુભવ અને એની ધાર્મિક કલ્પનાઓ સમાજમાં ફેલાવા માંડે ત્યારે એમને સ્થિર રૂપ આપવા માટે જ શાસ્ત્રો રચાયેલાં હોય છે. પણ શાસ્ત્રો રચનારા દુનિયા આગળ દાવો કરે છે અને પછી પોતે પણ માનતા થાય છે કે એમનું જ્ઞાન — એમની એ પ્રેરણા — કોઈ શ્રેષ્ઠ અને અલૌકિક સત્તા પાસેથી એમને મળેલી છે. તેથી એ શાસ્ત્રોની બહાર જવાય જ નહીં, એ જાતનો આગ્રહ ઉત્પન્ન થાય છે.

જેને ઉત્તમ નૃત્ય કેળવવું છે તે શરૂઆતમાં પોતાના પગમાં ભારે ભારે વાળા પહેરે છે, કે જેથી પગ ખોટો પડે જ નહીં, પણ જો એ વાળા એટલા ભારે થઈ જાય કે નાચવા માટે પગ ઊપડે જ નહીં તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે શા કામના ? શાસ્ત્રના ગ્રંથો આ વાળા જેવા છે. એમની આજ્ઞા મનુષ્યજીવનને, વ્યક્તિગત તેમ જ સામાજિક જીવનને ઠરેલ બનાવે છે, ઘણી ભૂલોમાંથી બચાવે છે, છીછરાપણું ટાળે છે અને વર્તમાન કાળને ભૂતકાળ સાથે જોડી દે છે. પણ જો શાસ્ત્રો પુરુષાર્થને જ હણે, વિકાસને રોકે તો એ શાસ્ત્રો બેડી રૂપ થાય. મડદાં જેમ પોતે મરેલાં હોઈ સડીને બીજાને મારે છે તેવી જ રીતે બેડીઓ પણ પોતે જડ હોઈ બીજાને જડ બનાવી દે છે. બેડીઓ જેમ આખરે તોડવા માટે હોય છે તેમ જડ અને કાલગ્રસ્ત રૂઢિઓ પણ તોડવા માટે હોય છે. નિષ્પ્રાણ થયેલું શરીર જેમ ન રખાય તેમ અર્થવિહીન રૂઢિઓ પણ ન ટકાવાય.

રૂઢિપરાયણતા અમુક હદ સુધી સ્વાભાવિક છે, આવશ્યક છે. એનું પ્રયોજન પૂરું થયા પછી રૂઢિ સામેનો બળવો જાગે જ છે. એ બંડખોર વૃત્તિ પણ આવશ્યક છે, સ્વાભાવિક છે, સારી છે. પણ બંડખોર વૃત્તિ પોતાની મેળે કૃતાર્થ નથી થઈ શકતી. બંડ કરીને જૂનું તોડી પાડ્યા પછી જે પોલાણ ઉત્પન્ન થાય છે તે જૂના સડા કરતાં ઓછું ભયાનક નથી હોતું. ઘણા બળવાખોરો બળવા પછી કશું નવું નક્કર, જીવતું અને વિકસતું આપી ન શકવાથી પરાસ્ત થયા છે. માણસના જીવનની સાર્થકતા એની સિસૃક્ષામાં રહેલી છે. માણસ સમયાનુકૂલ એવું નવું નવું રચે, નિર્માણ કરે, ચલાવે અને વિકસાવે ત્યારે જ એનામાં ઐશ્વર્ય આવે છે. અને એ વાટે જ એ અમર બને છે.

મારા જીવનમાં આ બધી બાજુઓ મેં બહુ વહેલી અનુભવી છે. એ બધાનું પ્રામાણિક બયાન મારી પાછળ મૂકી જાઉં તો તે અવશ્ય ઉપયોગી થાય. પણ તેમ કરતાં એક મહાભારત આત્મચરિત્ર થઈ બેસે. અત્યારે કેવળ ભિન્ન ભિન્ન મૌલિક ધર્માનુભવોનો ઉદય કેમ થતો ગયો એનાં સંસ્મરણો જીવનક્રમે નોંધવાં છે.

એનો પ્રારંભ 'હરિજનબંધુ'માં કર્યો હતો. ત્રણચાર લેખો લખ્યા હશે. પણ 'હરિજનબંધુ'માં તે અસ્થાને છે એમ જોઈને એ માળા ત્યાં જ છોડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દીધી હતી. પણ એ સંકલ્પ છોડેલો ન હોવાથી એ માળા આગળ ચલાવવાનો વિચાર છે. એને પૂરી કરવાનો વિચારે નથી અને તેમ કરવાની આશાયે નથી.

* * *

ધાર્મિક અનુભવો લખવા તો હું બેઠો છું, પણ ધાર્મિક અનુભવ એટલે શું? આજકાલના ઘણા લોકો એમ જ માને છે કે ધર્મ એટલે ઈશ્વરવિષયક અનુભવો અથવા અતીન્દ્રિય અંતરાત્મા વિષેના ગૂઢ અનુભવો. જૂના જમાનાના ઘણા લોકો અને આજના પણ કેટલાક પશ્ચાત લોકો ધર્માનુભવ વિષે અનેક વિચિત્ર ખ્યાલ સેવતા દેખાય છે. કાંઈક અકુદરતી બનાવ બને, દા. ત. પથ્થર પાણી ઉપર તરે, જાનવર મનુષ્યની વાણી બોલે, અચાનક મરી ગયેલો માણસ જીવતો થાય, અણધારી મદદ મળે, ગેબી અવાજ સંભળાય, વગર કારણે પ્રકાશ દેખાય, સુગંધનો અનુભવ થાય, — તો એ જ ધર્માનુભવ છે એમ તેઓ માનતા દેખાય છે. આવા ચમત્કાર અથવા સાક્ષાત્કાર દ્વારા પણ ધર્મનો અનુભવ થઈ શકે છે. પણ સામાન્ય રીતે કુદરતમાં જે ન મળે તે મળવાથી એમાં 'ધર્મ' પ્રગટ થાય છે અથવા માણસની પ્રગતિનું એ દ્યોતક છે એમ માનવું એ ભૂલભરેલું છે.

જે અનુભવ દ્વારા આત્માનો વિકાસ થાય છે, વ્યક્તિત્વ વધે છે, અતીન્દ્રિય વસ્તુઓ પર યોગ્ય શ્રદ્ધા બેસે છે અને માણસ ઇંદ્રિય-સુખની લાલસા છોડી, દેહરખો મટી, ઊંચે ચઢે છે તે ધર્માનુભવ છે. ઉત્કટ પ્રેમ, નિરપેક્ષ સેવાભાવ, સત્યની અને જ્ઞાનની અદમ્ય ખોજ, શીતળ ભાવે અથવા પ્રસન્નતાથી થતું બલિદાન, સર્વ ભૂતો પ્રત્યે સિદ્ધ થયેલો સમભાવ એ બધા ખરેખરા ધર્માનુભવો જ છે.

માણસ પૂર્ણ રીતે જીવન જીવે એટલે એને સ્વાભાવિક રીતે આવા અનુભવો આવતા જાય છે. પણ ધર્માનુભવની અસર જીવન પર ચમત્કારી અને ઊંડી થતી હોવાથી ખાસ સાધના દ્વારા — શ્રવણ, મનન અને ધ્યાન દ્વારા એ અનુભવ વહેલા થાય, વ્યવસ્થિત થાય, અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊંડે પહોંચે એવો પ્રયત્ન માણસ કરે છે. ધર્માનુભવ માટેની એ સાધનાની સફળતાને પણ ધર્માનુભવ તરીકે જ ઓળખવામાં આવે છે.

કેટલાક લોકોને અમુક ધર્માનુભવ થાય તોયે એ ધર્માનુભવ છે એમ તેઓ ઓળખી શકતા નથી. અને એથી ઊલટું કેટલાક લોકો જરા સરખો કાંઈ આડોઅવળો અનુભવ થયો તો એને સાક્ષાત્કાર માની બેસે છે.

મારે મારા અનુભવના દાખલાઓ દ્વારા ધર્માનુભવ વિષેની કલ્પના પણ સ્પષ્ટ કરવી છે. ઉત્તમ વાત તો એ થાત કે ધર્માનુભવ કેમ થતો ગયો એનો વિકાસ ક્રમશઃ હું બતાવી દઉં. પણ 'સ્મરણયાત્રા'માં જેમ સળંગ આત્મચરિત્ર ન દેતાં વીણેલા અમુક પ્રસંગો જ આપ્યા છે તેવી જ રીતે અહીં પણ ચાલવાનો છું.

૨૮–૧૧–'૩૯

૧

ધન્ય સંકલ્પ

અમે સતારામાં હતા. એક દિવસ એક મૂંગો સાધુ અમારે પાછળને બારણે આવ્યો. પિતાશ્રી બહાર આવ્યા. એમણે સાધુને પૂછ્યું, 'શું જોઈએ છે?' એણે કશો જવાબ વાળ્યા વગર પિતાશ્રીને ઇશારો કર્યો કે નીચે બેસો. પિતાશ્રી બેસી ગયા એટલે એણે પાણીથી ભરેલું એક રૂપાળું વાસણ હાથમાં લઈ પિતાશ્રીને કપાળે અડાડ્યું અને પોતાની મૂંગી ભાષામાં 'કાંઈક આશીર્વાદનાં વચનો પણ વગર આવાજે બોલી ગયો. પછી એણે બીજી એક બાટલીમાં પાણી હતું એમાંથી થોડુંક કાઢીને પિતાશ્રીના માથા પર થોડો છંટકાવ કર્યો. પિતાશ્રીએ મને ખેંચીને પોતાના ખોળામાં બેસાડ્યો, એટલે સાધુએ મારે માથે પણ એ પાણીના ચાર છાંટા નાખ્યા. પિતાશ્રીના મોઢા પર ધન્યતાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુદ્રા છવાઈ. એમણે ઓટીમાંથી થોડાક પૈસા કાઢી પેલા સાધુને આપી દીધા. સાધુએ પેલું જળનું ઠંડું વાસણ મારે કપાળે પણ અડાડયું. પિતાશ્રીએ કહ્યું કે, 'નમસ્કાર કરજે.' મેં નમસ્કાર કર્યા અને પછી પૂછ્યું કે, 'આ શાનું પાણી છે?' પિતાશ્રીએ જવાબ વાળ્યો કે, 'આ પવિત્ર ગંગાજળ છે. આ સાધુઓ મહિનાઓ સુધી ચાલતા ચાલતા કાશી જાય છે અને ત્યાંથી ગંગાજળ ભરીને ફરી ચાલતા ચાલતા આમ લઈ આવે છે.'

પિતાશ્રીને ખબર નહોતી કે ગંગાજળ આણે છે તે કાશીનું નહીં, પણ પ્રયાગથી. ગંગા-યમુનાનો સંગમ થતાં પહેલાંનું ગંગાજળ જ લેવાય છે. કહેવાય છે કે સંગમ પછીના પાણીમાં જીવ પેદા થઈ શકે છે. આ જૂની માન્યતા ઉપરથી આજના લોકો કહે છે કે ગંગા નદીના પાણીમાં 'બેક્ટેરિયા' જંતુ નથી હોતા. તે કેટલે દરજ્જે સાચું છે તે કોણ જાણે.

તે દિવસથી હું બધાને ગંગા વિષે અને ગંગાજળ વિષે પૂછતો. સાધુએ કરેલી ક્રિયા અને પિતાશ્રીના મોઢા ઉપરની પ્રસન્ન-ગંભીર ભાવના — બંનેની મારા મન ઉપર ભારે અસર થઈ. મેં સાંભળ્યું કે જે વર્ષે હું જન્મ્યો તે વર્ષે મારા નાના મારાં ફોઈને લઈને કાશી યાત્રાએ ગયા હતા. તેમણે પણ પિત્તળ અને તાંબાથી બનેલા એક મોટા વાસણમાં ગંગાજળ આણ્યું હતું.

ગંગા આકાશમાંથી ઊતરી તે મહાદેવની જટા ઉપર ઊતરી, ત્યાંથી તે હિમાલયમાં પ્રગટ થઈ અને હરદ્વાર, પ્રયાગ, કાશી વગેરે સ્થળોને પાવન કરતી કરતી સમુદ્રને જઈને મળી. આ પૃથ્વી ઉપર ગંગા આવી એટલે માણસને પોતાના ઉદ્ધારનું સાધન જડયું.

આ બધી વસ્તુઓ જેમ સાંભળતો જાઉં તેમ ગંગા પ્રત્યે મારી ભક્તિ વધતી જાય. મેં મનમાં વિચાર કર્યો, કોક દિવસે તો કાશી જઈશ જ અને ગંગાનું પાણી ધરાઈને પીશ. પછી સ્વર્ગે જવાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારો રસ્તો મોકળો થશે. મેં મારો સંકલ્પ આજી આગળ વ્યક્ત કર્યો. આજીએ રાજી થઈને કહ્યું, 'ધન્ય છે તારો સંકલ્પ!'

'હું કાશીએ જઈશ' એમ કોઈ સંકલ્પ કરે તો તેટલાથીયે એને પુણ્ય લાગે છે. — काशीस जावें, नित्य वदावें । (કાશીએ જવું છે એમ હંમેશ બોલવું.)

આજીએ મારાં વખાણ કર્યાં એટલે મારી સાત્ત્વિકતા ઉપર હું વારી જવા લાગ્યો. મને ગર્વ થયો કે હું કેટલો સાત્ત્વિક, પુણ્યવાન છું. તે વખતે સાત્ત્વિક અને પુણ્યવાન એ મારે માટે શબ્દો જ હતા. એમનો અર્થ કંઈક સારો છે એટલું જ જાણતો. આજીએ કહ્યું: 'બધા જ લોકો કંઈ કાશીયાત્રાએ જઈ શકતા નથી. એટલે માણસ મરવા પડે એટલે ક્યાંક પૂજામાં રાખેલા ગંગાજળમાંથી ચાર ટીપાં કાઢીને માણસના મોઢામાં નાખી દે છે. ગંગાજળનું એક પણ બિંદુ માણસના ગળામાં પહોંચ્યું કે યમરાજના દૂતો એ માણસને અડી શકતા નથી. પછી તો મહાદેવના શિવદૂતો જાતે આવીને એ માણસને કૈલાસ લઈ જાય છે. શરીરે ભસ્મ લગાડેલા શિવદૂતોને જોતાંવેંત યમરાજના દૂતો ભાગી જાય છે.'

આવી આવી વાતો સાંભળીને કાશી અને ગંગા પ્રત્યે તેમ જ હિમાલય પ્રત્યે મનમાં ભક્તિ જામી. તે અનેક રૂપે મનમાં ફેરવાયા છતાં આજે પણ હૃદયમાં કાયમની છે. ધાર્મિક હિંદના હૃદયનું કેન્દ્ર કાશી જ છે. અને એવા ધાર્મિક જીવનના પ્રવાહનું પ્રતીક શ્રી ગંગામૈયા છે. નદીઓ પ્રત્યેની કૃતજ્ઞતા આમ ધર્મ સાથે જોડી દેવાની ખૂબી ખરેખર અભિનંદનીય છે.

આજીએ એમ પણ કહેલું કે કાશીયાત્રા કરીને પાછા આવેલા પુણ્યવાન લોકોનો ચરણસ્પર્શ કરીએ તોયે આપણે પાવન થઈએ છીએ.

આ સાંભળ્યા પછી જ્યારે જ્યારે સાંભળતો કે અમુક ભાઈ કે બહેન કાશીએ જઈ આવ્યાં છે, ત્યારે ત્યારે એમના તરફ હું નવી જ નજરે જોતો કે કેટલા ધન્ય આ લોકો છે! સંકોચને કારણે એમનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચરણસ્પર્શ હું કરતો નહીં, પણ આપણા કરતાં આ લોકો શ્રેષ્ઠ છે, હું અધન્ય છું, આ લોકો ધન્ય છે, એવી લાગણી મનમાં સેવતો.

મારે એ પણ અહીં નોંધવું જોઈએ કે કાશીએ જઈ આવેલા મારે મન પૂજ્ય લોકોમાં જ્યારે હું સાંકડું વ્યવહારીપણું અથવા હીનતા જોતો ત્યારે મારું મન અકળાઈને કહેતું કે. 'આ લોકો કેમ ભૂલી જતા હશે કે પોતે કાશીએ જઈ આવેલા છે? પોતે ગંગાનું સ્નાનપાન કરી ચૂક્યા છે?' હું મનમાં કહેતો કે, 'હું કાશીએ જઈ આવું તો આ લોકોના જેવો નહીં જ થાઉં.'

આજે એ વિચારનું સ્મરણ થતાં હું કેમ શરમાતો હોઈશ?

૨

पाप अने पुण्य

સતારાની જ વાત છે. સાંજનો વખત હતો. અમે બધાં બાળકો સીતાફળીના ઝાડની તળે સાંજનો નાસ્તો કરવા બેઠાં હતાં. મારા મોટા ભાઈઓ નિશાળથી પાછા આવે કે તરત એમને કાંઈ ખાવાનું મળવું જ જોઈએ. હું નિશાળે જવા જેવડો મોટો નહોતો. પણ આખો દિવસ કૂદંકૂદા કરીને મને પણ એ વખતે ભૂખ લાગતી, એટલે અમે બધા દૂધની દશમી, ઘી અને અથાણું લઈ ખાવા બેસતા. સીતાફળીની આસપાસ આંગણું લીંપીને સાફ રાખેલું હતું, એટલે નાસ્તામંડળી ત્યાં પ્રસન્નતાથી બેસતી.

સીતાફળીના ઝાડ પાસે ઉંબરાનું જૂનું ઝાડ હતું. એણે ન જાણે કેટલા ઉનાળા અને શિયાળા ખાધા હતા. ઝાડની છાલમાં તડો પડી હતી, અને આખા થડ ઉપર છાલના પોપડા વળી ગયા હતા. બેઠાંબેઠાં ગોંદુ નખ વડે એ પોપડા ઉખાડતો હતો. કાશીભાભીએ એને વાર્યો અને કહ્યું, 'આમ કરવાથી પાપ લાગે છે.' ગોકળબહેને કહ્યું, 'ના,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોપડા ઉખાડવાથી પુણ્ય થાય છે.' પછી ચર્ચા ચાલી. મારે માટે બન્ને શબ્દો નવા હતા. મેં પૂછ્યું, 'એમાંથી કયું સારું? પાપ સારું કે પુણ્ય?' મંડળીમાં કોઈ પીઢ માણસ હતું નહીં, એટલે બધા મૂંઝાયા. મેં પૂછ્યું, 'પણ ગોકળબહેન, પાપ લાગે છે કે પુણ્ય લાગે છે એ તમે શા રીતે જાણી શકો?' એમણે કહ્યું, 'આપણને ખરજવું થયું હોય અને ચામડી ઉપરની પોપડીઓ આપણે કાઢી નાખીએ ત્યારે આપણને કેટલું સુખ થાય છે! આ ઝાડને પણ એમ જ થાય છે. કોકનું ભલું કરીએ, કોકને સુખ આપીએ તો આપણને પુણ્ય લાગે છે. કોકને હેરાન કરીએ ત્યારે પાપ લાગે છે.' કાશીભાભીએ કહ્યું: 'વાત સાવ સાચી છે. પણ પોપડા ઉખાડવાથી આ ઝાડને દુ:ખ થાય છે. પોપડા સાવ સુકાઈ ગયા હોય તો એની મેળે ખરી પડે. હાથે કરીને કાચા પોપડા ઉખાડો તો ઝાડને દુ:ખ થયા વગર રહે નહીં.'

ઝાડને સુખદુ:ખ હોય છે કે નહીં એ સવાલ કોઈએ ઉઠાવ્યો નહીં. ઝાડ જીવે છે એટલે એને સુખદુ:ખ હોવું જોઈએ એટલી માન્યતા અમારામાં પ્રથમથી જ હતી. એ શા રીતે આવી એ હું કહી ન શકું.

પછી તો ઝાડને પાણી પાઈએ તો પુણ્ય લાગે કે નહીં? ઝાડનાં પાંદડાં તોડીએ તો કેમ? ફૂલ તો પૂજા માટે રોજ તોડાય છે, એનું કેમ? એમાં પાપ હોત તો પૂજા માટે ફૂલો ન જ વપરાત, વગેરે સવાલો ચર્ચાયા. આજના સ્મરણ પ્રમાણે તે વખતે દેવપૂજાનું મને કશું ભાન નહોતું. પિતાશ્રી નાહીને દેવઘરમાં બેસતા તે વખતે કોઈને અડવા દેતા નહીં. હું નાગો થઈને જાઉં તો મને અડવામાં વાંધો નહોતો, એટલું જ તે વખતનું મારું પૂજાનું જ્ઞાન. એટલે માણસનું નાગું શરીર પવિત્ર છે, આભડછેટ કપડાંની જ છે, એવી કાંઈક માન્યતા બંધાઈ હતી. રેશમી કપડાં, ઊની કપડાં, શણનાં રંગીન કપડાં અને ધોઈને સૂકવેલાં અને કોઈનાથી અસ્પૃષ્ટ એવાં કપડાં, એ પૂજામાં ચાલે છે એ પણ ભાન હતું. રસોડામાં તો અમને છોકરાઓને કોઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેસવા જ ન દે. આ બધી વિગતો વિધિનિષેધની હતી. અમુક કરાય અને અમુક ન કરાય એને માટે 'કેમ' એ સવાલ ઊઠતો નહોતો. પણ ઝાડના પોપડા ઉખેડવામાં તો ઝાડને સારું લાગે છે કે નહીં, એને લાભ છે કે હાનિ છે, એનો સવાલ હતો. એ ઉપરથી પાપ અને પુણ્ય નક્કી થવાનું હતું. મારા બાળમાનસને એ વસ્તુની ખાસિયત ન લાગી હોત તો એ પ્રસંગ યાદદાસ્તમાં આટલો ચોંટચો ન હોત.

ત્યાર પછી, ગાયને પંપાળવામાં અથવા એનાં બે શીંગડાં વચ્ચેના ભાગમાં ખજવાળવામાં પુણ્ય છે એ વસ્તુને મેં જાણી. ગાય પોતાની ખરી વડે પોતાના શરીરના ગમે તે ભાગ સુધી પહોંચી શકે છે, પણ બે શીંગડાં વચ્ચેનો ભાગ એમનો એમ રહી જાય છે. ત્યાં ગાય આપણી મદદની આશા રાખે છે. એટલે તે ખજવાળવામાં પુણ્ય વધારે, એટલું જ્યારે જાણ્યું ત્યારે મને ખૂબ જ આનંદ થયો. ઘરની ગાય ગરીબ હતી એટલે એ પુણ્ય હું સહેજે મેળવી શકતો હતો.

પુણ્ય અને પાપની વિગતો અને એના પ્રસંગો પછી તો વધવા લાગ્યા. ચકલીઓ માટે ઠીકરામાં પાણી ભરી રાખવું, ચકલીઓ માળા બાંધવા માંડે એટલે રૂના કડકા આમતેમ ફેંકી દેવા જેથી એ ઊંચકી-ને લઈ જાય વગેરે ધંધા વધવા લાગ્યા.

રાત્રે ઘરમાં દીવીઓ બળતી. ઘાસલેટ તે વખતે અમારા ઘરમાં આવ્યું નહોતું. રાત્રે મંકોડા એ દીવીની આસપાસ પ્રદક્ષિણા કરતા. પ્રથમ પ્રથમ સાવરણી લઈને હું એ મંકોડાને વાળી નાખતો, પણ પાપપુણ્યનો વિવેક જાણ્યા પછી એમને કનડવાનું મેં છોડી દીધું. એ મંકોડામાં એકાદ મંકોડો બહુ જ મોટો રહેતો, અને એ અવળો ફરતો. મને થતું આ તો રાક્ષસ છે. સવળો ફરતો નથી. એટલે એવાને અધ્ધર પકડી દૂર ફેંકી દેતો. એક દિવસે એવા એક મંકોડાએ પોતાના ચીપિયાની પકડથી મને એવો તો ડંખ માર્યો કે આંગળીમાંથી લોહી જ નીકળ્યું. પણ એ તો સહેજ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધાર્મિક માન્યતાઓમાં ોટઅોટનો વિવેક એ એક અગમ્ય વસ્તુ છે. એમાં માણસની મતિ ચાલે નહીં. પાપપુણ્યનો વિવેક એ બીજી વસ્તુ છે, જેમાં સજીવ સત્ત્વોનાં સુખદુઃખનો, ભલાબૂરાનો સવાલ હોય છે. એ ભેદ મારા મગજમાં ઠસી ગયો. છેક નાનપણમાં ોટઅોટ અને એઠાજૂઠાનો વળગાડ અમ બાળકો માટે નહોતો. એટલે હું તો પાપપુણ્યનો જ ડગલે ને પગલે વિચાર કરતો થયો. પાણીમાં કીડી તણાઈ જાય એટલે એને બચાવવી, ખાળમાં એકાદ માખી ડૂબતી હોય ત્યારે તણખલા વતી એને બહાર કાઢવી, વગેરે તરફ ધ્યાન જવા લાગ્યું. અને તે એટલું વધ્યું કે જ્યાં ત્યાં નજર એ જ વસ્તુને શોધે. પ્રથમ પ્રથમ પુણ્ય વધાર્યાનો આનંદ મળતો; પણ આગળ જતાં આખો દિવસ બીજુ કશું જ કરી ન શકું એની અકળામણ શરૂ થઈ. અને દુખિયાની વહારે ધાવું એ અગવડભરેલો ધર્મ જણાવા લાગ્યો. દોડવા-કૂદવાની સ્વાભાવિકતા કાંઈક ઓછી થઈ. દુઃખી જીવડાં ઉપર નજર ન પડે તો કેવું સારું એવું મનમાં થવા લાગ્યું. હું નજર ટાળવાનો પ્રયત્ન કરું, પણ નજર અવળચંડીની પેઠે અચૂક જાય જ. દુખિયાનું દુઃખ દૂર કરવાનો પ્રસંગ હું ટાળું છું એ સારું નથી એમ પણ મનમાં થતું. સ્વાભાવિકતા નષ્ટ થયાથી હું અસ્વસ્થ રહેતો અને પાપપુણ્યનો ફરી ફરી મનમાં વિચાર કરતો. આ અકળામણ ક્યારે અને કેમ નીકળી ગઈ અને હું કેમ રીઢો થયો એ અત્યારે યાદ નથી. પણ પાપપુણ્ય જીવન સાથે સંકળાયેલાં છે એ તે દિવસથી જે જાણ્યું તે બરાબર ચોંટ્યું જ છે. આજે સ્મરણશક્તિ તાણતાં ધર્મનો મારો પ્રથમ અનુભવ આ જ જણાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

३

मातपिता

ધર્મના આ અનુભવો નાનપણથી કેવા કાલક્રમથી અને કઈ રીતે વિકસિત થતા ગયા એ મારે બતાવવું છે. જીવનના ઉષ:કાળમાં પાછી ડૂબકી મારતાં પ્રથમ ભાન પાપપુણ્યનું જ હતું એમ લાગ્યું, એટલે ત્યાંથી જ આ માળાની શરૂઆત કરી. ક્રમમાં બીજું સ્થાન નક્કી કરતાં કંઈક મુશ્કેલી ઉત્પન્ન થઈ છે. હું માનું છું કે પાપપુણ્યના ખ્યાલ પછી જેનો ઉદય થયાનું ચોક્કસ ભાન છે એ તો માતપિતા પ્રત્યેની ભક્તિનું છે. પણ મંદિરે જઈ મૂર્તિઓની પૂજા ચાલતી જોવાનું એ જ અરસામાં થયેલું હોવાથી કદાચ એને બીજું સ્થાન આપવું જોઈએ એમ લાગેલું. આજે જ્યારે આ લખું છું ત્યારે ગણેશચતુર્થી છે, અને નાનપણમાં જ્યારે મા કે દાદી સાથે મંદિરે જતો ત્યારે હનુમાન અને ગણપતિનાં મંદિરે જ જતો, એટલે આજે ભગવદ્‌દર્શન અને મૂર્તિપૂજાની પ્રાથમિક કલ્પના વિષે લખવાનો મોહ થયો હતો. પણ બાલમાનસનાં લગભગ ભૂંસાઈ ગયેલાં સ્મૃતિચિત્રો તપાસતાં થાય છે કે ઈશ્વરભક્તિ પહેલાં માતપિતાની ભક્તિ જ જાગેલી હતી.

શ્વાસ લેવો, ખાવું, પીવું અને ઊંઘવું એ માણસને જેટલું સ્વાભાવિક છે તેટલું જ માતપિતા પ્રત્યેનું આકર્ષણ બાળકોને માટે સ્વાભાવિક છે, એમ મને લાગે છે. તેમાંયે માતા પ્રત્યે તો આકર્ષણ લઈને જ બાળક જન્મે છે. મારી બાબતમાં પિતા પ્રત્યેનું આકર્ષણ પણ જન્મથી જ સ્વાભાવિક થયું હતું. એનું ખાસ કારણ હતું. મારા કરતાં સહેજ મોટો મારો ભાઈ ગોંદુ નાનપણમાં બહુ જ માંદો રહેતો. એના પછી હું દોઢ વર્ષે જન્મ્યો, એટલે મારી માતા ગોંદુને સાચવે અને મારી સંભાળ લેવાનું કામ પિતાશ્રી કરે, એવી ગોઠવણ હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મને નવડાવવાનું, જમાડવાનું, સુવાડવાનું બધું જ કામ પિતાશ્રી કરતા. રાત્રે મારે લઘુશંકા કરવા જવું હોય તો પિતાશ્રી મને ઊંચકીને આંગણામાં લઈ જતા. મને આશ્ચર્ય થતું કે અંધારામાં એમને રસ્તો જ કેમ જડતો હશે ? એ આશ્ચર્યમાંથી મન સાથે નિશ્ચય થયો કે પિતાશ્રીની શક્તિ કંઈ અજબ છે. તેઓ તો બધું જાણે, બધું કરી શકે, દરેક મંદવાડની દવા એમની પાસે હોય જ. ફોટો પણ જે પાડી શકે તેમની શક્તિનું માપ શા રીતે કઢાય ? આવી રીતે પિતા પ્રત્યે પ્રેમ અને આદર જન્મથી હતાં.

માતા પ્રત્યે પ્રેમનો ઉમળકો એટલો બધો હતો કે ત્યાં આદર જેવી વસ્તુ સંભવતી જ ન હતી. પોતાનું શરીર જેટલું પોતાનું લાગતું તેટલી જ મા પોતાની લાગતી. મા પ્રત્યે આદરભાવ જેવી વસ્તુ હતી નહીં, પણ સદ્ભાવ તો સોયે ટકાનો હતો. મા જે કહે તે સાચું. જે લાગણી હૃદયમાં રેડે તે તરત ત્યાં વવાય. માએ કહ્યું કે પાંડવો સારા હતા અને કૌરવો ખરાબ હતા, ત્યારે તે કેમ એવો સવાલ તો મનમાં ઊઠતો જ નહીં. પાંડવો સારા હોવા જ જોઈએ. લાગણીઓનું બીજારોપણ આવી રીતે થાય છે, અને હું માનું છું કે આમ જ થવું જોઈએ. 'કેમ'નું પૃથક્કરણ પાછળથી આવે એ જ યોગ્ય છે.

માતપિતા પ્રત્યેની આ સ્વાભાવિક લાગણીનું ભક્તિમાં રૂપાન્તર કેમ થયુ એ કહેવું મુશ્કેલ છે. મને ખ્યાલ છે કે આસપાસનાં સગાં-વહાલાં અને શાળાના શિક્ષકોની શિખામણથી અને સાંભળેલી કે ગોખેલી કવિતાથી ભક્તિનું સ્પષ્ટ રૂપ બંધાયું. માબાપે જન્મ આપ્યો છે, નાનપણમાં તેમણે આપણે માટે કષ્ટ વેઠ્યાં છે વગેરે હંમેશની દલીલો એ લોકો રજૂ કરતા. માબાપે જન્મ આપ્યો છે એ ઉપકાર છે એમ તો નાનપણમાંયે લાગ્યું નહોતું; પણ એ દલીલ મગજમાં પેસતી જ નહીં, એટલે એનો વિચાર કરવાપણું પણ રહેતું નહીં. તેઓ આપણે માટે કષ્ટ વેઠે છે એ દલીલ પણ નાનપણને માટે વધારેપડતી હતી. સ્વાવલંબન શક્તિ જાગ્યા પછી જ કોઈના કષ્ટ પ્રત્યે ઉપકારબુદ્ધિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેળવી શકાય છે. જ્યાં આખું જીવન જ માબાપ ઉપર આધાર રાખે ત્યાં ઉપકારનો ખ્યાલ શી રીતે આવી શકે? એટલે માબાપના ઉપકારવાળી દલીલો તો હવામાં ઊડી જતી. પણ માબાપ પ્રત્યે ભક્તિ ઈશ્વરભક્તિ જેટલી જ હોવી જોઈએ એટલી વાત વગરદલીલે મનમાં ઠસી ગઈ.

આગળ જતાં સવારે ઊઠતાંવેંત માબાપને રીતસર પગે લાગવાનો મેં નિયમ લીધો. અમારે ત્યાં આવો નિયમ રૂઢ ન હતો, એટલે કેટલાકને એનું આશ્ચર્ય થયું. લોકો મને ભક્ત તરીકે ઓળખાવવા લાગ્યા. પ્રથમ પ્રથમ હું શરમાતો. પાછળથી શરમ નીકળી ગઈ, પણ એની સાથે અભિમાનની શરૂઆત થઈ. શરૂઆતના દિવસોમાં એ અભિમાન નજીવું અને સાત્ત્વિક ગણાય એવું હતું. પણ એ વધતાં મારા મોટા ભાઈઓ કરતાં પણ હું કાંઈક સારો છું એવો ભાવ જાગ્યો, અને આવા ગર્વને કારણે જ પુંડલિક, શ્રવણ વગેરે પિતૃભક્તોની વાર્તામાં મને વિશેષ રસ પડવા લાગ્યો.

ભક્તિમાંથી સેવા ઊપજી. પિતાશ્રીને પંખો નાખવો, એમના જોડા સાફ કરવા, માતાને બપોરે પાણી પાવું, એના વાળ ઓળવા, વગેરે સેવાના પ્રસંગો હું શોધવા લાગ્યો, અને જેમ પ્રસંગ મળે તેમ હું રાચતો.

આજે વિચાર કરતાં મને લાગે છે કે ધાર્મિક લાગણીની શરૂઆત માતપિતાની ભક્તિથી થાય એ જ યોગ્ય છે. માણસની કુદરતી એટલે કે સ્વાભાવિક લાગણીઓ ખૂબ ચડે ત્યારે એમાંથી ધાર્મિકતા પ્રગટે છે, એ વાત જો સાચી હોય તો માતપિતા પ્રત્યેના પ્રેમમાંથી આદર, શ્રદ્ધા અને નિષ્ઠા પેદા થાય એ બધી રીતે ઉચિત છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪

બાનો ધર્મ

જેમ જેમ વિચાર કરું છું, તેમ તેમ મને ખાતરી થાય છે કે મને મારો ધર્મ આપ્યો મારી બાએ. મારી બાને લખતાં-વાંચતાં આવડતું ન હતું એટલે સંસ્કૃત તો શું એકે મરાઠી ચોપડી સાથે પણ એનો પરિચય ન હતો. મારી દાદીને જેમ મંદિરે જઈને પુરાણ સાંભળવાની ટેવ હતી, તેવી ટેવ પણ મારી બાને ન હતી. એવી ટેવને મારી બા તો લત કહીને જ વખોડી કાઢતી. પોતાનું ઘર સાચવવું, પોતાનાં બાળકોની સુખાકારીમાં રચ્યાપચ્યા રહેવું, સગાં-વહાલાં અને અતિથિ-અભ્યાગત બધાંની, પોતાની શ્રદ્ધા પ્રમાણે આગતા-સ્વાગતા કરવી, માણસના આશ્રયે રહેલાં પશુપક્ષીઓ પ્રત્યે દયાભાવ રાખવો, કુળપરંપરાથી ચાલતા આવેલા ઉત્સવો અને તહેવારો ભક્તિથી ઊજવવા, અને એમાં રહેલું જીવનકાવ્ય માણવું, એ જ મારી બાનો ધર્મ હતો. ઘરમાં કોઈ માંદું પડે, કોઈ પણ જાતનું સંકટ આવે, તો માનતા રાખવી, એ માનતા પૂરી થાય નહીં ત્યાં સુધી ઘણી ચોકસાઈથી એ દેવાનો હિસાબ રાખવો, અને પિતાશ્રીને વખતોવખત એની યાદ દેવડાવવી, એ બાનું પ્રધાન કર્તવ્ય હતું. કુટુંબમાં કાંઈ પણ મહત્ત્વનું પગલું ભરવું હોય, ઘરમાં નવી છોકરી આણવી હોય, મોટી મુસાફરીએ ઊપડવું હોય, તો કુળદેવનો કોલ પૂછ્યા વગર બા કશું કરે નહીં. હાલતાં ને ચાલતાં મારી બાને ભગવાનનું જીવતું સ્મરણ રહેતું. પિતા, માતા, દાદી, ફોઈબા, ભાઈઓ, ભાભીઓ, વગેરે જેમ ઘરનાં કુટુંબીઓ હતાં, તેમ જ બિલકુલ તેટલી જ સત્યતાથી ભગવાન પણ અમારા કુટુંબી હતા. એ દેખાતા ન હતા, છતાં ઘરમાં એમની ઓરડી હતી, મુસાફરીમાં એ અમારી સાથે

ધ–૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહેતા. હું નથી માનતો કે મારી બા માટે એમનાં માતપિતા કે સાસુસસરા કરતાં કુળદેવ ભગવાન ઓછા પ્રત્યક્ષ હોય.

આજકાલના મારા જેવાની બાબતમાં ધર્મનું જ્ઞાન અને ધર્મનું આચરણ એ બે વચ્ચે જે જબરદસ્ત તફાવત હોય છે અને તે કારણે જે અખંડ અસંતોષ અને પશ્ચાત્તાપ રહે છે તે મારી બા માટે ન હતા. જે જાતનું સાદું બાળબોધ જીવન તેઓ જીવતાં એ જ ભગવાનને પ્રિય છે, એટલાની જ ભગવાન અપેક્ષા રાખે છે, એવી એની માન્યતા હતી. ભગવાન જાણે છે કે આપણે કાંઈ સાધુ — સત્પુરુષ નથી, આપણે કાંઈ ત્યાગી કે વૈરાગી નથી, આપણે કોઈ સંતમહંત નથી, આપણે સાદાસીધા ગૃહસ્થાશ્રમી છીએ. આપણો ધર્મ કેવો અને કેટલો તે ભગવાન બરાબર જાણે છે. એ હળવા ધર્મની હળવી કસોટી ઉપર જ ભગવાન આપણને કસવાનો. એ કસોટીમાં આપણે હીણાં ન દેખાઈએ એટલે બસ — એ હતી મારી બાની શ્રદ્ધા. કોઈ કાળે કોઈનું બૂરું કરવું નહીં, ચિંતવવું નહીં, ઘરનાં બધાં પ્રત્યે પક્ષપાતરહિત એકસરખો પ્રેમ રાખવો, પરઘરથી આણેલી વહુઓને દીકરી જેવી રાખવી, પોતાનું સાચવીને બની શકે તેટલો પરોપકાર કરવો, અને સમાજમાં આપણું કોઈ ભૂંડું બોલી ન શકે એટલી અખંડ સાવચેતી રાખવી, એટલો એનો સમાજધર્મ હતો. દેવોની પૂજા તો નિત્ય ચાલે જ. પૂજા પૂરી થયા પહેલાં કશું ખાવું નહીં; પૂજા, નૈવેદ્ય, વૈશ્વદેવ અને કાગવાશ એ બધું એક પછી એક નિયમસર થતું, ત્યાર પછી ભોજન કરાય.

ધર્મને અંગે મારી બાના બીજા કેટલાક આગ્રહો હતા જે ઘરમાં આખર સુધી ચાલ્યા નહીં, પણ બાએ એ વિષેનો પોતાનો આગ્રહ આખર સુધી તાણી જોયો ખરો.

પહેલો આગ્રહ એ કે ઘરમાં ઘાસલેટના દીવા ન આવે. ઘરમાં જ્યાં ત્યાં સમઈઓ દીવીઓ હોય, કોડિયાં હોય, રાત્રે બહાર ક્યાંય જવું આવવું હોય તો કોપરેલનું ફાનસ હોય. એ દિવસો અને એને અંગે અમને વેઠવી પડતી હાડમારીઓ મને બરાબર યાદ છે. પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બા તો હંમેશાં કહે કે તલનું તેલ સમઈમાં બાળવાથી ઘરમાં લક્ષ્મી રહે છે. ઘાસલેટ એ અવદસા છે. (અવદસા = અવદશા, એ લક્ષ્મીથી ઊલટી સ્થિતિ હતી. જેમ જાહોજલાલી અને પડતી એ બે શબ્દો છે, તેમ જ તે જમાનામાં લક્ષ્મી અને અવદસા એ બે શબ્દો વપરાતા.)

બાનો બીજો આગ્રહ તે ઘરમાં દૂધ ન ખરીદવાનો. मोज्या-माप्या खाशील काय पाप्या — તોળીને, જોખીને અને માપીને (ખાવાનું રાખો) તો હે પાપી તું કેટલું અને શું ખાઈશ? એ બાનું આ બાબતનું સૂત્ર હતું. ઘરમાં હાથી જેવી એક ભેંસ હોય, એકાદ કપિલા ગાય હોય, એટલે બાલબચ્ચાં બધાં દૂધ, દહીં, માખણ, ઘી ધરાઈને ખાય. બારણે કોઈ ભિખારી બપોરે આવ્યો હોય, તો એને ઠંડી ઠંડી છાસ પવાય. એને ઠેકાણે ગવળી પાસેથી જેવું તેવું દૂધ ખરીદીને કુટુંબ ક્યાં સુધી ચલાવાય? અમે સતારાથી કારવાર ગયા, ત્યાંથી ધારવાડ ગયા, પછી બેલગામ આવ્યા, પણ ઘરમાં જ્યાં સુધી દુધાળું જાનવર ન હોય ત્યાં સુધી અમે બજારનું ઘી દૂધ લઈએ પણ મારી બા પોતે ઘી, દૂધ વગર ચલાવે. બા કહે, "બજારનું ઘી ગંધાય છે, મારાથી ખવાય જ નહીં." પરિણામે ઘરમાં ભેંસ આણવી જ પડતી.

બાનો ત્રીજો આગ્રહ તે ઘરમાં ગમે તેટલા મહેમાન આવ્યા હોય, બ્રાહ્મણ કે શૂદ્ર — બધાને ખવડાવવું જ જોઈએ. ગામડાના ખેડૂતો આવે તો એમને માટે ફક્ત ભાત અને પીઠલું તૈયાર થાય, પણ ઘરમાં ત્રણત્રણ ચારચાર વાર રાંધેલું મને યાદ છે.

ચોથો એક આગ્રહ જે આખર સુધી ન ટક્યો તે ઘરનાં ઘરેણાં વિષે હતો. ઘરેણાં માટે શુદ્ધ સોનું જ વપરાય, ગિની ગોલ્ડ, જેને તે જમાનામાં ‘પવન’ કે ‘પૌન’ કહેતા, તે જ્યારે પહેલી વાર મેં ઘરમાં આણ્યું અને એની વીંટી બનાવી ત્યારે બાએ મને ઠપકો આપ્યો. ગિનીનું સોનું ગમે તેટલું ચળકતું હોય, એનો રણકો ગમે તેટલો મધુર હોય, તોયે તે કમઅસલ ચીજ છે, એને ઘરમાં સ્થાન ન અપાય, એ બાની દલીલ હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાને પણ આ ધર્મ પાળતાં એક વાર ભારે સંકટ આવ્યું હતું. ગોવાના કારીગરો ગિનીના સોનામાંથી બહુ જ સુંદર, નાજુક ફમળો બનાવતા. એને 'સાળકં' કહે છે. એવી સાળકાની જોડી જોઈ બાનું મન લોભાયું. એણે પિતાશ્રી સાથે એની વાત કરી. બંને વચ્ચે મહિનાઓ સુધી એની વાતો ચાલતી. એવી એક સરસ જોડી બનાવડાવવાનું નક્કી પણ થયું, પણ અંતે બા હિંમત હારી. એણે કહ્યું, "સોનાનાં ફૂલ તો ઘણાં છે, એ જ પહેરીને સંતોષ માનીશ." ત્યાર પછી કેટલાય સોનીઓને બાએ પૂછેલું કે શુદ્ધ સોનાનાં સાળકાં તૈયાર થઈ ન શકે? બધા કહે એટલી પાતળી પાંખડી શુદ્ધ સોનાની ન બની શકે. અને જાડી પાંખડી બાને ગમે નહીં!

૫

पिताजीनी साधना

મારી માતાની ધર્મવિષયક કલ્પનામાં સામાજિક સદાચાર, કુલધર્મ, વ્રત અને ઉત્સવ એ જ વસ્તુ પ્રધાન હતી. પિતાજીની ધર્મ-ભાવનામાં કુલધર્મ અને વ્રતોત્સવ તો હતા જ, પણ એ ઉપરાંત એક બાજુ કર્મકાંડને વિશેષ સ્થાન હતું, અને બીજી બાજુ કર્મના સિદ્ધાંતની અટળતા પર એમનો વિશ્વાસ મારા પર અસર કરતો હતો. તીર્થયાત્રા વિષે પણ એમનામાં ખાસ આકર્ષણ હશે એમ માનું છું.

સમાજ, સમાજધર્મ અને સામાજિક પ્રતિષ્ઠા પ્રત્યે મારી માતાની જે નિષ્ઠા હતી, તેનો પિતાજીમાં લગભગ અભાવ હતો. લોકોમાં જઈને ભળવા તરફ એમનામાં ઘણી અરુચિ હતી. પોતાના જીવનવ્યવહારને અંગે જેટલા લોકોને મળવું પડે તેટલાને જ તેઓ મળતા. એમને એમના નાનપણમાં ગાયનનો શોખ હતો. ઘરમાં સતાર રાખી તે વગાડતા હતા, એમ મેં સાંભળ્યું હતું, પણ મારા દિવસોમાં એમણે એ વસ્તુનો સદંતર ત્યાગ કર્યો હતો. કોઈ પ્રિય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગીતની એકાદ લીટી પોતાપૂરતી ગણગણતા પણ મેં એકબે વાર જ એમને સાંભળ્યા છે. પૂજા પછી તેઓ જે મંત્રપુષ્પો બોલતા અથવા નાહ્યા પછી નવગ્રહસ્તોત્ર બોલતા, તેના માધુર્ય ઉપરથી જ મારે કલ્પના કરવી પડતી કે એમને સંગીતનો શોખ એક વખતે હશે ખરો. એમના નાનપણમાં પણ એમણે સંગીતની મહેફિલ ગોઠવ્યાનું મેં સાંભળ્યું નથી. દસ લોકોને ઘરમાં ભેગા કરવા, ચાપાણીની પાર્ટી કરવી, એ પણ એમને ગમતું ન હતું. ઘરમાં કોઈ મહેમાન આવી ચડે તો એમની આગતા-સ્વાગતામાં ઊણપ નહીં આવે, પણ એમણે કોઈને ખાસ બોલાવ્યા હોય અથવા પોતે ક્યાંય હોંશે હોંશે ગયા હોય એવો એકે પ્રસંગ મને યાદ નથી. એ રીતે એમનો સ્વભાવ નિવૃત્તિપરાયણ હતો. વેદપઠન પાછળ નાનપણમાં એમણે ઠીક ઠીક મહેનત લીધી હતી. અમને બધાને સંધ્યાપૂજા, વૈશ્વદેવ, રુદ્ર, પવમાન, દેવે વગેરે વૈદિક સૂક્તો અને કર્મકાંડ ભણાવવા માટે એમણે શાસ્ત્રીઓ રોકેલા. ધાર્મિક વાચન તરીકે શિવલીલામૃત, રામવિજય, પાંડવપ્રતાપ, હરિવિજય, ગુરુચરિત્ર, મંગેશીમાહાત્મ્ય વગેરે ચોપડીઓ એમણે અમને પૂરી પાડી હતી. પણ પોતે ધર્મગ્રંથનું પણ વાચન કરવા બેસતા નહીં. રોજની પૂજામાં તેઓ અત્યંત તલ્લીન થતા. આપણે કોઈનું ભૂંડું કરીએ નહીં, તો ભગવાન આપણું કોઈ કાળે બૂરું કરે નહીં. આપણે પોતાની સજ્જનતા અને ઈશ્વરભક્તિ ઉપર વિશ્વાસ રાખીને દુનિયામાં પ્રવેશ કરીએ તો આપણે નિર્ભય છીએ. કોઈ આપણું બૂરું કરવા જાય તો એ દુર્જન પોતે જ ફજેત થશે. આપણે એની સામે પોતાની જાતને બચાવવાની કશી તરખડ કરવાની જરૂર નથી. આપણા ભોળપણમાં આપણે સુરક્ષિત છીએ.—એ જાતનો એમનો વિશ્વાસ મને ઘણો જ ઉપયોગી નીવડ્યો છે. પિતાશ્રીની એ અલિપ્તતા અને સમાજવિમુખતા મારામાં ઘણે અંશે આવેલી હોવાથી સમાજમાં આગળ આવવાની ગમે તેટલી તકો મને મળી હોય તોય એનો લાભ મેં લીધો નથી. આગળ આવવાની તક શોધવામાં કાંઈક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હીનતા રહેલી છે એમ મારા મનમાં એવું તો ઠસ્યું છે કે એ જાતની વાસના મનમાં ઊઠતાં પહેલાં જ એનાથી હું શરમાઉં છું. આને હું મારા પિતાશ્રીનો વારસો ગણું છું.

કાલેલકર કુટુંબની જ રાંગણેકર શાખાના શ્રી રઘુનાથ બાપુ સાવંતવાડીમાં રહેતા હતા. એમણે ચાળીસ વરસ સુધી — અથવા વધારે — રાજયોગનો અભ્યાસ કર્યો હતો. ગુજરાતીમાં જેને 'અવળવાણી' કહે છે, એવું રાજયોગ કે હઠયોગ અંગેનું કવિતાસાહિત્ય એમની પાસે ઘણું હતું. મનુષ્યસમાજના બાલ્યકાળમાં આવા સાહિત્યનું લોકોને ભારે આકર્ષણ હોય છે. એમાં રહેલી ગૂઢ વાતો જે ઉકેલી શકે તે જ ખરો વિદ્વાન અને રહસ્યનો જ્ઞાતા મનાય છે. મરાઠીમાં આવી અવળવાણીને 'જ્ઞાનદેવની મેખ' પણ કહે છે.

શ્રી રઘુનાથ બાપુએ મારા પિતાશ્રીને રાજયોગની દીક્ષા આપી. ત્યાર પછી વરસો સુધી મારા પિતાશ્રી રાત્રે સૂતાં પહેલાં ધ્યાન ધરવા બેસતા. એમના ધ્યાન માટે આસન ઇત્યાદિની તૈયારી કરી આપતાં મને ઘણી ધન્યતા જણાતી. હું નથી માનતો કે બાપુએ આપેલા મંત્રના જાપ ઉપરાંત પિતાશ્રી આ ધ્યાન દરમ્યાન બીજું કાંઈ કરતા હશે. એમનો એ સ્વભાવ ન હતો. એમની એ દિશા જ ન હતી.

રઘુનાથ બાપુએ જ્યારે મારા પિતાશ્રીને આત્મા અને પરમાત્માની એકતા સમજાવી અને અદ્વૈતની ભૂમિકા પર જઈને કહ્યું કે તમે પોતે જ પરબ્રહ્મ છો, ત્યારે પિતાશ્રીએ કંઈક અકળાઈને કહ્યું, "આપ કહો છો એ બધી વાત સાચી છે. પણ મારા કુળદેવ પ્રત્યેની નિષ્ઠા અને ભક્તિ ઓછાં થવાનાં નથી." બાપુ સાથેના પોતાના આ સંવાદનો રિપોર્ટ પિતાજીએ પોતે જ મને આપ્યો. પોતાની આવી આવી બધી વસ્તુઓ તેઓ મને કહેતા.

પિતાશ્રીની આ નિષ્ઠાનો મારા પર ઘણો પ્રભાવ પડ્યો. આગળ જતાં જ્યારે અદ્વૈતવાદના પરમ આચાર્ય શંકરાચાર્યનો નીચેનો શ્લોક મેં વાંચ્યો ત્યારે તરત મારા પિતાશ્રીનું સ્મરણ થયું :

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सत्यपि भेदापगमे नाथ तवाहं न मामकीनस्त्वम् ।
सामुद्रो हि तरंगः क्वचन समुद्रो न तारंगः ।।

ભેદભાવ તદ્દન નીકળી ગયા છતાં હે નાથ! હું તારો છું પણ તું મારો નથી. 'સમુદ્રનું મોજું' એમ કહે છે. કોઈ ઠેકાણે 'મોજાનો સમુદ્ર' એમ કહેલું નથી.

ભર્તૃહરિના શ્લોકમાં પણ જ્યારે છેલ્લે આવ્યું કે — तथापि भक्तिस्तरुणेन्दुशेखरे । શિવ અને વિષ્ણુ વચ્ચે ભેદ તો નથી છતાં મારી ભક્તિ ભાલચંદ્ર શિવજી પ્રત્યે જ છે. ત્યારે પણ મને પિતાશ્રીનું સ્મરણ થયું.

રઘુનાથ બાપુ સ્વભાવે પ્રચારક હતા. હુમલો લઈને આવ્યા. રેલનું પાણી ફેલાય અને પછી ઓસરી જાય તેવી રીતે એમના રાજયોગનું થયું. મારા નાનપણથી પિતાશ્રીની ધાર્મિક ભૂમિકાનો મને ઠીક ઠીક પરિચય હતો. મારી મુગ્ધ ભક્તિ અને ત્યાર પછીની નામસ્મરણ પ્રત્યેની અનુરક્તિ બન્ને પિતાશ્રી જાણતા હતા. તીર્થયાત્રા પ્રત્યેના મારા પક્ષપાતને પણ એમના તરફથી પ્રોત્સાહન મળ્યું હતું. હું જ્યારે બુદ્ધિવાદી સંશયથી ઘેરાયો, ત્યારે મારા મનની સ્થિતિ મેં પિતાશ્રીને સમજાવી હતી. હું હડહડતો નાસ્તિક થયો ત્યારે પણ ઘરના કુળદેવના પ્રસાદ પ્રત્યેની મારી ભક્તિ મેં પિતાશ્રીને જણાવી હતી. એ ખૂબી તો પિતાશ્રીની નિષ્ઠામાંથી જ ઉદ્ભવી હતી. મારા સંશયવાદના દિવસોમાં પિતાશ્રી મારી બધી વસ્તુઓ ચૂપચાપ સાંભળે. એમણે એક શબ્દથી પણ મારો વિરોધ ન કર્યો. તેઓ એટલું જ કહેતા, "તારી બધી વાત સાંભળ્યા છતાં, કુળદેવ પ્રત્યેની મારી નિષ્ઠા ઓછી નથી થતી. એ જ આપણું રક્ષણ કરે છે. એ જ આપણને દોરે છે."

આગળ જતાં જ્યારે મારી નિષ્ઠા વેદાન્ત ઉપર દૃઢ થઈ, ત્યારે મેં એની વાતો પિતાજી આગળ કરી. એમાં એમને ઘણો રસ પડવા માંડ્યો. એક દિવસ પિતાજીએ કહ્યું કે "મારે તારી સાથે ભગવદ્‌ગીતા વાંચવી છે." એમને સંસ્કૃત આવડતું ન હતું. પણ ગીતાના શ્લોકો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બોલી જવાનો અને એનો અર્થ સમજવાનો એમને ઉત્સાહ હતો. રઘુનાથ બાપુ અને એમનો રાજયોગ જે ન કરી શક્યા તે ગીતાએ કર્યું. વેદાન્તના સિદ્ધાંતો જેમ જેમ ચિત્તમાં ઠસતા ગયા તેમ તેમ આખો જન્મારો અત્યંત શ્રદ્ધાથી કેળવેલાં કર્મકાંડ–ક્રિયાકાંડ પિતાશ્રીના જીવનમાંથી ઢીલાં થતાં ગયાં. બોટઅબોટનો એમનો આગ્રહ પણ મર્યાદિત થયો. તેઓ જગત, જીવ અને જગદાત્મા વિષે ચિંતન કરવા લાગ્યા અને વિશ્વનું રહસ્ય શોધવામાં રહેલા આનંદમાં તેઓ ગરક થવા લાગ્યા. આવાં ચિંતનમાંથી કોઈ સિદ્ધાન્ત તેઓ તારવી શકતા ત્યારે ઘણા ઉત્સાહથી તેઓ મારી સાથે એની ચર્ચા કરતા. એમના મૃત્યુને સમયે એમની આગળ આખી ગીતાનું મેં પારાયણ કર્યું ત્યારે મને જે સમાધાન મળ્યું તે હું શબ્દોમાં વ્યક્ત ન કરી શકું.

૬

बाअे शीखवेलो कुटुंब-धर्म

મારી બાએ મને જેમ મારો ધર્મ આપ્યો તેમ ચોક્કસ શબ્દોમાં કુટુંબીઓ પ્રત્યેનો મારો ધર્મ પણ મને શીખવ્યો.

પુત્રનો પિતા પ્રત્યે શો ધર્મ છે એ તો એ અનેક વાર મને સમજાવતી. પિતાજી પોતાના સુખનો કે આરામનો કશો વિચાર કર્યા વગર જે આટલી દિવસરાત મહેનત કરે છે, મેળવેલું ધન પોતાને માટે જરા સરખું વાપર્યા વગર અમારે માટે ખરચે છે, અમારી કેળવણીની આટલી બધી ઇંતેજારી રાખે છે, માંદા હોઈએ ત્યારે ઉજાગરા વેઠે છે, અમારી પ્રગતિથી સંતોષ પામે છે અને સમાજમાં અમને સ્થાન કરી આપે છે એ બધો એમનો પ્રેમ છે, એમના ઉપકાર છે. માટે અમારે એમની સેવા કરવી, એમની આમન્યામાં રહેવું, એમને સંતોષ થાય એવી રીતે વર્તવું.—એ બધું પ્રસંગપરત્વે, કટકે કટકે, માને મોઢે હું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાંભળતો હતો. માનાં વચન મારે માટે હંમેશ પ્રમાણ હોવાથી એ બધું સહેજે મારે ગળે ઊતરતું. પણ એ બધાં વચનોની મારા ઉપર જે ઊંડી અસર થતી તે મારી બાની પોતાની મારા પિતા પ્રત્યેની ઊંડી ભક્તિને લીધે.

માતપિતાનો પરસ્પર સંબંધ પતિપત્નીનો હોય છે એટલું પણ તે કાળે મારા ધ્યાનમાં આવ્યું ન હતું. માતાની મારા પિતા પ્રત્યેની ભક્તિ એ વિશુદ્ધ પ્રેમ જ છે એમ પણ મારા ધ્યાનમાં આવવાનું કારણ ન હતું.

એક દિવસે મારી બા સાથે એક બગીચામાં ફરતો હતો. ત્યાં ગુલાબનું એક અસાધારણ સુંદર ખુશબોદાર તાજું ફૂલ જોઈને માતાનું મન લલચાયું. એણે એ તોડીને હળવેથી આંગળામાં પકડ્યું અને જ્યાં પિતાશ્રી બેસતા હતા ત્યાં જઈને એમને આપ્યું. એટલી ભક્તિથી આપ્યું કે બાની આંખોમાં એ ભક્તિનું તેજ અસાધારણ રીતે પ્રગટ થયેલું મેં જોયું. પિતાશ્રીએ પ્રસન્ન થઈને એ ફૂલ લઈને સૂંઘી લીધું. બા ધન્ય ધન્ય થયાં અને ખાલી હાથે પાછાં આવ્યાં. ખાલી હાથે એટલા માટે કહું છું કે આપવાનું હતું તે બધું આપી દીધું, એ સ્પષ્ટભાવથી બાએ પોતાના હાથ લટકતા રાખ્યા એ તરફ મારું ધ્યાન તરત ગયું. પાછા વળતાં બા મને કહે, "ગુલાબનાં ફૂલ તેમને બહુ ગમે છે." આટલું વાક્ય ઉમેર્યા વગર બાથી રહેવાયું નહીં એ પણ મેં જોયું.

તે દિવસથી પિતાશ્રીની સેવા હું વધારે હેતપૂર્વક કરતો થયો. મને પણ પિતાશ્રીની કાંઈ પણ નાની સરખી સેવા કરવાની તક મળે તો હું પણ ધન્યતા અનુભવવા લાગ્યો.

એક દિવસ મને ભારે દુઃખદ અનુભવ થયો.

પિતાશ્રીની બદલી થઈ. અમે કારવાર ગયાં હતાં. સમુદ્રકાંઠાનો ગરમ પ્રદેશ. બેલગામ-સતારા તરફની ઠંડી કોરી હવાથી ટેવાયેલા અમે કારવારની સર્દ ગરમીથી બરફની પેઠે ઓગળવા લાગ્યા. બપોર કેમ પૂરી થાય અને સાંજની ઠંડી હવા કેમ મળે એમ બધાને થતું. પાણીથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભરેલા લોટા હાથરૂમાલમાં બાંધી ઊલટા ટિંગાડવાની યુક્તિ કોકે અમને શિખવાડી હતી તેથી ઠંડામાં ઠંડું પાણી પીવાને મળતું. જેટલું પાણી પીએ તેટલું પરસેવાના રૂપમાં બહાર નીકળતું જાય.

રવિવારનો દિવસ હતો. જમ્યા પછી પિતાશ્રી ચટાઈ ઉપર સૂતા હતા. હનુમાન રામચંદ્રની ભક્તિ કરે તેમ હું પિતાશ્રીને પંખો કરતો ઊભો હતો. પંખો કરી કરીને હું થાક્યો. ઊભા ઊભા પગ રહી ગયા. પંખો ચલાવીને હાથ થાક્યા પણ મારી ભક્તિ થાકી ન હતી. પંખો ચલાવતો જાઉં અને પિતાશ્રીનું દીર્ઘ શ્વસન સાંભળી સંતોષ પામું.

એટલામાં બહાર એક બાઈ મજાની કાકડી વેચવા આવી. કુમળી બટકણી કાકડી જોઈ મને થયું કે પિતાશ્રીને આવી કાકડી ખાવાની મળે તો અંદરથી શાંતિ થશે. હું એટલો મોટો ન હતો કે મારી મેળે કાકડી ખરીદીને મૂકી દઉં. મેં પિતાશ્રીને જગાડ્યા. ભરનીંદરમાંથી જાગવાથી તેઓ નારાજ થયા. પૂરતા જાગ્યા ન હતા. બોલી ગયા: "કેવો કસાઈ છે તું, જરા ઊંઘવા પણ ન દે?"

મને પેટમાં કાંઈનું કાંઈ થઈ ગયું. શું કરવા ગયો અને શું થયું! મોઢામાંથી શબ્દ ન નીકળે. વીલું મોઢું કરીને જોતો જ રહ્યો. પછી એમણે જોયું કે સારી કાકડીઓ આવી છે. એમણે પ્રસન્નતાથી એ ખરીદી. ચપ્પુ લઈને સમારી, મીઠું ભભરાવી નિચોવી એનું થોડુંક પાણી કાઢી નાખ્યું અને પહેલો કકડો મને આપ્યો. હું કહું; "ના, તમે પહેલો ખાઓ." પિતાશ્રી કહે, "ના, તું ખા." જાગ્યા પછી તેઓ વસ્તુસ્થિતિ સમજ્યા હતા. મારું મોઢું પણ એમણે જોયું હતું. મને પ્રથમ ખાવા માટેનો એમનો આગ્રહ પોતાની ભૂલ કબૂલ કરવાના એક પ્રકાર રૂપે જ હતો. મારી જિદ્દમાં હું કાયમ રહ્યો. એમણે કાકડી ખાધી, બાનો કકડો મેં બાને આપ્યો, પછી જ મેં ખાધી. તે દિવસે મારા ભાગનો કકડો માતપિતા પછી ખાતાં મને જે આનંદ થયો તે પણ મારો એક ધર્માનુભવ જ છે. માતાને મારું આવું વલણ ખૂબ ગમતું. બા રાજી રાજી થતાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેમ લક્ષ્મણે રામની સેવા કરી તેમ તારે મોટા ભાઈઓના કહ્યામાં રહેવું એમ બા મને હમેશાં શિખામણ આપતાં. લક્ષ્મણને એક જ મોટો ભાઈ હતો. મારે ભાગે પાંચ હતા, અને તે બધા કાંઈ રામ ન હતા. મારી લક્ષ્મણવૃત્તિનો સારી પેઠે લાભ ઉઠાવતા અને છતાં મને વઢતા ને મારતા તે વધારાનું.

તેઓ મને મારે અને વઢે તોયે તેમના પ્રત્યેની બંધુપ્રીતિમાં ઊણપ ન આવવી જોઈએ એવો મારો ધર્મ હું સમજતો હતો અને તેથી મેં ઘણું વેઠ્યું છે. ગોંદુની ઉમ્મર લગભગ મારા જેટલી જ હોવાને કારણે, અને અમે બંને એકબીજાના ગોઠિયા હોવાને કારણે ગોંદુ મારા પર મોટાભાઈપણું ઝાઝું ચલાવી શકતો ન હતો. મારે ઘણું વેઠવું પડયું ભાઉને હાથે. એ તો લહેરી, તરંગી અને શીઘ્રકોપી. પોતાની વાસનાનો દાસ. એને હાથે મેં ઘણો માર ખાધો છે અને આશ્ચર્ય એ કે એના પ્રત્યે જ મારી ભક્તિ વધારે. તે વખતે મને લાગતું કે આદર્શ બંધુપ્રેમ હું કેળવી રહ્યો છું. આજે જોઉં છું કે એ એક જાતની વિકૃતિ ગુલામી વૃત્તિનું રૂપ ધારણ કરતી હતી. કેશુ કરતાં વિષ્ણુ ઉમ્મરે સહેજ મોટો, પણ એના પ્રત્યે ભાઉએ લક્ષ્મણવૃત્તિ કેળવી ન હતી. ભાઉ એની નિંદા કરતો અને મને પણ એ નિંદામાં ભાગ લેવા નોતરતો. હું અકળાતો પણ ભાઉનું કહ્યું જ કરતો.

મારી બા પાસેથી પિતૃભક્તિ અને જ્યેષ્ઠ બંધુભક્તિ હું શીખ્યો પણ માતૃભક્તિ મને કોઈએ શિખવાડી જ નહીં.

માતાને હંમેશાં 'તું' કહીએ, હઠપૂર્વક જોઈતી વસ્તુ માગી લઈએ. અનેક રીતે એને પજવીએ અને પિતાશ્રી માતાને વઢે ત્યારે નિરપવાદ પિતાનો પક્ષ તાણીએ અને એ રીતે માતાને વધારે દુઃખી કરીએ એવી સ્થિતિમાં માતા પ્રત્યે ભક્તિનું વાતાવરણ ક્યાંથી જ જામે? પણ માતાને જરા સરખું દુઃખ થાય તો અંદરના ઉમળકાથી હું અરધો અરધો થઈ જતો. માતાની સેવા કરતાં મને અસાધારણ રસ છૂટતો. માતા પોતાનાં સુખદુઃખની વાતો મને સંભળાવે ત્યારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો હું ઓગળી જતો. માતા પ્રત્યે ભક્તિ નહીં પણ ઉત્કટ પ્રેમ જ મેં કેળવ્યો, અને તે વગર શીખવ્યે. માતાએ પોતે મને માતૃભક્તિનો ધર્મ કોઈ કાળે એક શબ્દથી પણ ન શીખવ્યો. હું પિતાનો પક્ષ તાણું ત્યારે કોક વાર કહે, "અંતે તું પણ એમનો જ પક્ષ તાણે છે. મારી દીકરી હોત તો આમ ન કરત." મેં નિશ્ચય કર્યો કે હું તો બાની દીકરી જ થાઉં. બા નાહવા બેસે ત્યારે એમની પીઠ ચોળી આપું. કેડ દુખતી હોય ત્યારે કેડે માલિશ કરું. બાના વાળ ઓળી આપું. ચોટલો વાળતાં તો મને સરસમાં સરસ આવડી ગયો.

પણ પિતાશ્રીનો અને બાનો મતભેદ થાય ત્યારે આપણે તો પિતાના જ પક્ષના. તેમાં દીકરી થવાપણું મને સૂઝ્યું નહીં.

૭

પશ્ચાત્તાપનો સાક્ષાત્કાર

'સ્મરણયાત્રા'માં કે બીજે મેં મારી દાદી વિષે લખ્યું છે જ. મારાં સંસ્મરણના દિવસોમાં મારાં દાદી એટલાં ઘરડાં થઈ ગયાં હતાં કે સીધાં ઊભાં રહી શકે જ નહીં. કેડ વળી ગઈ હતી. છતાં મંદિરમાં કે ક્યાંય ઉત્સવ હોય તો એ જોવા જવાનો એમનો ઉત્સાહ ભાંગ્યો ન હતો. વાંકી કેડ સાથે એ અચૂક જઈને પહોંચવાનાં જ. લોકોમાં એની ટીકા થતી. આઈને એ ટીકાનું માઠું લાગતું. મંદિરે જવાની ભક્તિ કે હોંશ બન્નેને હોવા છતાં વગર હિસાબે મંદિરમાં ચોખા કે સીધું આપવાની દાદીની ટેવ આઈને ગમતી નહીં. ઘરમાં આખો ઘરસંસાર આઈએ સાચવેલો. દાદી દહાડે રાંધે. સાંજે પોતાની દશમી કે થાલીપીઠ પોતે બનાવીને ખાય. દાદીના જમણા હાથની વચલી આંગળી ઉપર ડૉક્ટરે ઑપરેશન કરેલું હોવાથી એ ટૂંકી અને વાંકી થઈ હતી, દશમી કે થાલીપીઠ બનાવે એમાં એ આંગળીના ખાડા આવી જતાં એની અમને મજા પડતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધર્માનુભવની દૃષ્ટિએ મારે એટલું જ નોંધવું છે કે જેમ મારી માતા એ પિતાની પત્ની થાય છે એ મારા બાળધ્યાનમાં આવતું જ નહીં, તેમ જ દાદી એ પિતાની માતા થાય છે એ પણ મારા મન પર ઠસેલું ન હતું. માતા પ્રત્યે જે પ્રેમનો ઉમળકો મારામાં હતો એવો જ પિતાશ્રીનો દાદી પ્રત્યે હોવો જોઈએ; અને મારા મનમાં તો એમને વિષે પરમ ભક્તિ હોવી જોઈએ એવું મને આખર સુધી સૂઝયું નહીં. દાદી મારી માતાનાં સાસુ થાય છે અને એમણે આઈને એમના નાનપણમાં ખૂબ પજવેલાં એટલું જ હું જાણું એટલે કોક કોક વખતે દાદી પ્રત્યે મનમાં અણગમો જાગતો.

પિતાશ્રી તો આઈ અને દાદી વચ્ચેના ઝઘડામાં પડતા જ નહીં. ઘરમાં શાંતિ જાળવવાનો એ જ એક ઉપાય હતો. ચૂપચાપ સાંભળી લે છે, કશું જ બોલતા કે કરતા નથી, એની ચીડમાં આજીને અને આઈને બન્નેને મેં રોતાં જોયાં છે. પિતાશ્રી તે દિવસે એવા તો ગુમસૂમ થાય કે એમની આગળ જઈ વાતો કરવાની હિંમત ફક્ત હું જ કરી શકું.

ઘરના એ વાતાવરણની મારા બાળમન ઉપર વિલક્ષણ અસર થઈ. વાંક આજીનો છે એ તો હું સ્પષ્ટ જોઈ શકતો હતો. આજી ક્રોધે ભરાય એટલે આંધળાં થઈને ગમે તેમ બોલે. પણ આજી એકલી છે, અસહાય છે, છેવટે એને જ ચૂપ થવાનું છે એ પણ હું જાણતો. પણ દયા છૂટતી નહીં. કોક વખતે બપોરે કે રાત્રે દેવઘરમાં એકાંત મળે ત્યારે ભગવાન આગળ બેસી, આજી પોતાનાં રોદણાં રુએ. મનમાં ને મનમાં નહીં, પણ રીતસર બધું ભગવાનને સંભળાવે. એક દિવસે મને થયું, ચાલો આપણે આજીની થોડી મશ્કરી કરીએ. દેવઘરના બારણા આગળ સંતાઈને હું ઊભો. આજીએ પોતાનાં રોદણાં ચલાવ્યાં એટલે હું, જાણે ભગવાન બોલતો હોય તેમ ગંભીર અવાજે બોલ્યો, "અહો આજીબાઈ, તમે દુઃખ નહીં કરતાં, હું તમારું દુઃખ દૂર કરીશ." મારો અવાજ આજી ઓળખી શકશે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમ મને લાગેલું નહીં. આટલો ભાગ ભજવી હું આઈ પાસે દોડતો ગયો અને મારાં પરાક્રમ આઈને મેં સંભળાવ્યાં. પહેલાં તો આઈ પોતાનું હસવું ખાળી ન શકી, ધરાઈને હસી લીધા પછી આઈને માઠું લાગ્યું. એણે કહ્યું, "દત્યા ! આવું ફરી ન કરતો. ફરી કરીશ તો તેઓ એમને કહીને તને માર મરાવશે. અને આજી ન કહે તો હું કહીશ."

જેમ જેમ મોટો થતો ગયો તેમ તેમ મને આજી પ્રત્યેના પોતાના વલણની શરમ આવવા લાગી. એક વાર અમે બધા સાવંતવાડી ગયા હતા. બળદગાડીમાં બેસીને પાછા આવ્યા અને બેળગુંદીમાં, અમારા ઘરમાં પહોંચીએ ત્યાં મારા વચલા ભાઈ વિષ્ણુએ પિતાશ્રીને કહ્યું કે ઘરમાં કશી ચીજને અડશો મા, આપણને સૂતક આવ્યું છે. પિતાશ્રી આ વાત સાંભળતાંવેંત સડક થઈ ગયા અને થાંભલાને આધારે કેટલોય વખત સુધી ઊભા ને ઊભા જ રહ્યા. વિષ્ણુએ બધી વિગતો એમને કહી. આજી કેમ માંદાં હતાં, કોણે કેટલી દવા કરી વગેરે બધું તો કહ્યું જ. પણ છેલ્લે કહ્યું કે, "શબનું દહન કરવા માટે મંત્રાગ્નિ આપનાર કોઈ ન હતું એટલે અમે ભડાગ્નિ આપ્યો અને મંત્રાગ્નિ માટે આજીનાં અસ્થિ ભેગાં કરી, એક માટલામાં ભરી દઈ બગીચાના એક ઝાડ ઉપર ટિંગાડી રાખ્યાં છે. તમારે એ અસ્થિને હવે મંત્રાગ્નિ આપવો પડવાનો." બીજે કે ત્રીજે દિવસે પિતાશ્રીએ એ બધું કર્યું. ગોરને લઈને, ગામ બહારના બગીચામાં જઈને માટલું ઉતાર્યું અને અસ્થિને મંત્રાગ્નિ આપ્યો. પિતાશ્રી સાથે ફક્ત ગોર હતા. હું તો ખરો જ. એ વિધિ પૂરો થતાં ઠીક વાર લાગી. પાછા વળતાં પિતાશ્રીને ગળગળા થયેલા મેં જોયા. એમનાથી રહેવાયું નહીં એટલે મને કહે, "દત્તુ, મેં મારી બાને સારી રીતે નહીં રાખ્યાં. એમની સાથે વધારે પ્રેમથી બોલત અને મરજીમાં આવે તેમ ખરચવા માટે દર મહિને ૫–૧૦ રૂપિયા એમને આપતો જાત તો સારું થાત. તેમને કશી આવડત ન હતી એટલે પૈસા તો વેડફી જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાખત. પણ તેથી શું? એમને સંતોષ તો થાત. અને આજે મારે આવો પસ્તાવો કરવાનો વારો ન આવત." એમની આંખમાંથી એક બે આંસુ ટપક્યાં.

પોતાની માતાના દેહાન્તના સમાચાર સાંભળ્યા તે ક્ષણથી મંત્રાગ્નિનો વિધિ પૂરો કરી ઘેર આવતા સુધીના ગાળામાં એમના મનમાં શું શું ચાલ્યું હશે એનો ખ્યાલ સરખો મને ક્યાંથી હોય? મારા જેવા બાળક આગળ પોતાનો પસ્તાવો રજૂ કરવાનું એમને મન થયું એ જ એમના દુઃખનું ઊંડાણ બતાવે છે.

પશ્ચાત્તાપ એ એક કીમતી ધર્માનુભવ છે. જે વાસણો માટી કે રાખથી સાફ થતાં નથી તે જેમ તેજાબથી સાફ થાય છે અને કાટ બધો ઓગળી જઈ કે બળી જઈ વાસણો ચળકવા માંડે છે, તેવી જ રીતે ધર્મજીવન પર બાઝેલી કેટલીયે શિથિલતા પશ્ચાત્તાપથી દૂર થઈ જાય છે અને માણસ એકાએક પલટો ખાય છે. ખરેખર પશ્ચાત્તાપની અસર તેજાબથી ઓછી નથી હોતી.

૮

कुळदेव-निष्ठा

બાને મોઢે, અને પિતાજીને મોઢે પણ, 'ઘાટાખાલી' (સહ્યાદ્રિ પર્વતની ઘાટીઓ તળે) ગોવામાં વસતા કુળદેવની વાતો અનેક વાર સાંભળી હતી, અને તેથી એ સ્થાનને દર્શને જવાની ઝંખના મારામાં નાનપણથી હતી. મારી જિંદગીમાં પહેલી વાર અમે 'ઘાટાખાલી' ગયાં તે ૧૮૯૯ના અરસામાં. ત્યાં લગભગ એક મહિનો રહ્યાં.

ગોવામાં મંગેશી, શાંતાદુર્ગા, મહાલક્ષ્મી, વેલીંગ, નાગેશી, મ્હાડદોળ વગેરે અનેક સ્થાનો છે જ્યાં સારસ્વતોના કુળદેવો છે. એક એક મંદિર એટલે જાણે એક એક જાગીર. એક એક મંદિર પ્રત્યે અમુક ખાનદાનોની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિષ્ઠા બંધાયેલી છે. એ ખાનદાનોએ જેટલી માનતાઓ રાખી હોય તે બધી કુળદેવ આગળ આવીને અદા થાય, મંગેશીમાં અમારી પેઠે સેવા માટે આવી રહેલાં બીજાં સારસ્વત ખાનદાનો મેં જોયાં. એમનામાં પણ કુળદેવ પ્રત્યેની એ જ નિષ્ઠા મેં જોઈ અને તેથી મારી નિષ્ઠા પરિપુષ્ટ થઈ.

રાજનિષ્ઠા જેવી આ ધર્મનિષ્ઠા અને સ્થાનનિષ્ઠા કેવી હોય છે એનો નાનપણથી જ ઊંડો અનુભવ હોવાને કારણે ખ્રિસ્તીઓની જેરુસલેમ પ્રત્યે કેવી નિષ્ઠા હોઈ શકે છે, અને મુસલમાનોની મક્કા-મદીના અને મક્કાના કાબા પ્રત્યે કેવી ઊંડી અને ઉત્કટ નિષ્ઠા હોઈ શકે છે, એ હું સહેજે સમજી શક્યો. આજે આપણે એ નિષ્ઠાને મધ્યકાલીન વહેમી લાગણી તરીકે વર્ણવી શકીએ, પણ એ લાગણી કેટલી જીવતી અને ઊંડી હોય છે, અને એની અંદર ધર્મસંગઠનનું કેટલું જબરદસ્ત તત્ત્વ છે એ આજે પણ આપણે સમજવું જોઈએ. એ લાગણી ઇષ્ટ ગણીએ કે અનિષ્ટ, પણ એના સામર્થ્યનો આપણાથી ઇનકાર ન થાય. આજે એ લાગણી ભલે કાલગ્રસ્ત થઈ હોય, પણ એના કાળમાં મોટા મોટા મનુષ્યસમાજનું એણે ધાર્મિક સંગઠન કર્યું છે એ વસ્તુ જો આપણે ભૂલી જઈએ, તો મધ્યકાલીન ઇતિહાસ સમજવાનું એક-માત્ર સાધન આપણે ખોઈ બેસીશું.

મક્કાના કાબાએ આખી દુનિયાના મુસલમાનોને એક કેન્દ્ર આપ્યું. જ્યારે ચાર ધામની કલ્પનાએ હિંદુઓને એમની ધર્મભૂમિ બાંધી આપી.

જાતિસંસ્થા વખોડી કાઢનાર અને મૂર્તિપૂજાનો વિરોધ કરનાર પ્રાર્થનાસમાજના એક પ્રમુખ સંસ્થાપક ડૉ. ભાંડારકર ન્યાતે ગૌડસારસ્વત હતા. અને પ્રસંગ આવ્યે પોતાનું ખાનદાન ગોવાના કયા કુળદેવ પ્રત્યે નિષ્ઠા રાખે છે એ ઘણી આત્મીયતા સાથે જાહેર કરતા. ગોત્રની લાગણી જેટલી ઊંડી છે એના કરતાંય આ કુળદેવ-નિષ્ઠાની લાગણી વધારે ઊંડી હોય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાચીન કાળમાં વિશાળ સમાજો બંધાયા તે પહેલાં clan—જમાત કે ગોત્ર બંધાયાં હતાં. એમની નિષ્ઠા કોઈ મૂળ પુરુષ પ્રત્યે, અટક પ્રત્યે કે કુળદેવ પ્રત્યે બંધાય છે. આગળ જતાં એ કુળદેવનું એક સ્થાન નક્કી થાય એટલે એ કુળની વ્યક્તિઓ દુનિયામાં ગમે ત્યાં ફેલાય તો એમની નિષ્ઠા અમુક ભૂમિ પ્રત્યે, સ્થાન પ્રત્યે, અને એ સ્થાનમાં ચાલતી માન્યતાની સંસ્થા પ્રત્યે ખીલે બંધાય છે. આમ વ્યક્તિનિષ્ઠા અને સ્થાનનિષ્ઠા એકબીજામાં ઓતપ્રોત થાય છે. એમાંથી રિવાજો અને પરંપરા બંધાય છે, અને માનવીસંસ્કૃતિ રૂપ પકડે છે. સંસ્કૃતિનો ઇતિહાસ શોધનાર માનસશાસ્ત્રીને માટે આ ધર્માનુભવ કીમતી હોય છે. આને આધારે અનેક સૈકાઓનો માનવી-ઇતિહાસ બરાબર સમજાય છે.

૯

कोपरानो ककडो

નાનપણમાં તર્કબુદ્ધિ કરતાં કલ્પનાનું રાજ્ય વધારે હોય છે. મોટપણમાં એ જ કલ્પના કાવ્યનું રૂપ ધારણ કરે છે. એટલે કે કલ્પના-વિલાસ ચાલતાં છતાં આ બધું સાચું નથી, માનેલું છે એનો પ્રત્યય અથવા જાગૃતિ અખંડ ચાલુ હોય છે. પોતે જ કરેલી કલ્પનાને માણસ નાનપણમાં એવો તો વશ થઈ જાય છે કે કલ્પનાની વસ્તુ એને માટે સાચી બને છે અને એનો એ ગુલામ પણ થઈ જાય છે.

શ્રાવણનો મહિનો હતો. સોમવારને દિવસે ઘરનું પૂજાનું નારિયેળ બદલવાનું હતું.

અમારા કુળધર્મ પ્રમાણે દેવઘરમાં પથરાની અને ધાતુની અનેક મૂર્તિઓ વચ્ચે મુખ્ય કુળદેવ મંગેશ મહારુદ્રને ઠેકાણે એક નારિયેળ રાખવામાં આવતું. શિવલિંગ નીચે જેમ ચાવીના કાણાના આકારની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક જળાધારી કે પિંડી હોય છે તેવા જ આકારના લાકડાના એક આસન ઉપર નારિયેળ મૂકવામાં આવતું.

નારિયેળ એટલે વિશ્વામિત્રની સૃષ્ટિનો માણસ. નારિયેળની કાચલી તે એ માણસની ખોપરી. જે કાણામાંથી નારિયેળનો ફણગો ફૂટે છે તે એનું મોઢું. એના ઉપર બે આંખો તો હોય જ છે. મોઢા ઉપર લાંબા લાંબા રેષાની મૂછ આગળ આવી સરસ શોભે છે.

પિતાશ્રીએ મને બજારમાં જઈ એક પાકું સારું સરખું નારિયેળ આણવાનું કહ્યું. એ નારિયેળ એક વર્ષ સુધી પૂજામાં રહેશે એટલે અંદરનું પાણી ધીમે ધીમે સુકાઈ જશે. પછી અંદરનું કોપરું સુકાઈ જશે અને એનો ગોટો કાચલીથી જુદો પડી અંદર ગુડગુડ વાગવા માંડશે. નારિયેળ કાચું હોય તો અંદરનું કોપરું કોવાઈ જશે, અને આવતે વર્ષે મંગેશ મહારુદ્રનો પ્રસાદ મળે નહીં, એ અશુભ ગણાય એટલે ખૂબ કાળજીથી પાકટ નારિયેળ પસંદ કરવાનું હતું. મેં બજારમાં જઈને સોબસો નારિયેળ તપાસી એમાંથી એક સારું પસંદ કર્યું. ગોળ નારિયેળ કરતાં લંબગોળ વધારે સારું. એમાં કોપરું વધારે હોય છે, અને એ ટકવામાં પણ સારું.

નારિયેળ ઘેર લઈ આવીને મેં એની ઉપરનાં વધારે પડતાં છોડાં કાઢી નાખ્યાં. આંખની તળેની અને મોઢાની ઉપરની મૂછ ઊખડી ન જાય એની સાવચેતી રાખી. પછી તાપડું લઈ નારિયેળ ઘસીઘસી એને સુંવાળું બનાવ્યું. અને નાહીધોઈ પિતાશ્રીને પૂજામાં મદદ કરવા જઈ બેઠો. બધા દેવો તરભાણામાં નાહવા ઊતર્યા. એમને માથે અભિષેકપાત્ર ગોઠવ્યું. ગયા વર્ષનું નારિયેળ એક વર્ષની પૂજાથી કાળું સુંવાળું ચળકતું થયું હતું. એ નારિયેળ અભિષેકપાત્રની નીચે મુકાયું હતું. અભિષેકની મુખ્ય ધારા એની ઉપર પડતી હતી. આ વર્ષનું નવું નારિયેળ એની પડખે હતું. જૂનું નારિયેળ હજી ગાદીએ હતું એટલે એ વચમાં હતું. દૂધ, દહીં, ઘી, માખણ, મધ, સાકર — એ પંચામૃતથી સ્નાન થયું. પછી 'ઉષ્ણોદક' આવ્યું. ત્યાર પછી દેવો 'શુદ્ધોદક'થી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાહ્યા. મેં પવિત્ર 'ધૌત' વસ્ત્રથી બધા દેવોને લૂછી કાઢ્યા અને એમને દેવઘરમાં પોતપોતાને ઠેકાણે બેસાડ્યા. હવે મુખ્ય ઠેકાણે આસન ઉપર નવું નારિયેળ મૂક્યું. જૂનું નારિયેળ એની પડખે, પણ નીચે મૂક્યું. પછી પિતાશ્રીએ દેવોની પૂજા કરી. 'વસ્ત્રાર્થે અક્ષત' અર્પણ કરી દેવોને ચંદન લગાવ્યું. હરિદ્રા, કુમકુમ વગેરે ચઢાવ્યું. પછી ફૂલો ચડાવ્યાં. મહાદેવને ધોળાં ફૂલ, ગણપતિને લાલ ફૂલ, દેવીને સુવર્ણચંપક (પીળો ચંપો). સૂર્યને સૂર્યમુખીનું ફૂલ આપ્યું. પછી મહાદેવને ત્રણ પાંદડાંવાળું બિલ્વદલ અર્પણ કર્યું. વિષ્ણુને તુલસીદલ, ગણપતિને દૂર્વાદલ, દેવીને પત્રી એટલે કે જાતજાતનાં નવાં પાંદડાં અર્પણ કર્યાં. પછી ધૂપ, દીપ, નૈવેદ્ય, બધું રીતસર થયું. જૂના નારિયેળને ઠેકાણે નવું નારિયેળ ગાદીએ આવ્યું અને નવું ધાર્મિક વર્ષ શરૂ થયું. તે દિવસે તો બંને નારિયેળની પૂજા થઈ.

બીજે દિવસે અભિષેક માટે એકલું નવું નારિયેળ હતું. જૂનું નારિયેળ કોરે મૂકી દીધું અને પૂજાને અંતે એ વધેરવામાં આવ્યું. અંદરનું સુકાયેલું કોપરું સરસ નીવડ્યું. ભોજન પછી ઘરનાં બધાં કુટુંબીઓને એનો એકએક નાનકડો કકડો પ્રસાદ તરીકે ખાવા આપવામાં આવ્યો. અને જેઓ બહારગામ હતાં તેમને પણ પોસ્ટ વાટે એક એક કકડો મોકલવામાં આવ્યો. કુટુંબીઓમાંથી એક પણ વ્યક્તિ આ પ્રસાદમાંથી વંચિત ન રહે.

આગળ જતાં જ્યારે હું કૉલેજમાં ગયો અને મારો ઈશ્વર ઉપરનો વિશ્વાસ ઊઠી ગયો અને મંદિરે જવામાં અથવા પૂજા કરવામાં પાપ છે એમ માનતો થયો ત્યારે પણ ઘેરથી કુળદેવનો આ પ્રસાદ આવે એટલે પોતાની નવી માન્યતા અને ઝનૂન બધું કોરે મૂકી ભક્તિપૂર્વક એ કોપરાના કકડાનું સેવન કરતો અને મનને મનાવતો કે એ ઈશ્વર પ્રત્યેની નિષ્ઠા નથી, પણ સનાતન કાળથી ચાલતી આવેલી કુલપરંપરાના તત્ત્વ પ્રત્યેની નિષ્ઠા છે. અને એ પરંપરા આગળ ચલાવી મારે એ આવતી પેઢીને પણ પહોંચાડવી જોઈએ એમ માનતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક વર્ષે નારિયેળ કાચું આવ્યું હશે. એટલે વર્ષને અંતે નારિયેળ વધેરીને જોયું તો અંદરનું કોપરું સાવ કોવાઈ ગયું હતું. એ જોઈને પિતાશ્રી બહુ દુ:ખી થયા અને આવતું વર્ષ કેમ જશે એની ચિંતા કરવા લાગ્યા. મેં મારી બુદ્ધિ ચલાવી, અને કહ્યું કે નારિયેળ અંદરથી કોવાઈ ગયું એ બતાવે છે કે ગયું વર્ષ આપણને ખરાબ ગયું. અને વાત પણ ખરી હતી.

આમ મારી દલીલને કારણે આવતા વર્ષ માટેની પિતાશ્રીની ચિંતા દૂર થયેલી જોઈને મને સંતોષ થયો.

ઘણી વાર સાંજે દેવઘરમાં દીવો કરી હું ધ્યાન કરવા બેસતો. ધ્યાનમાં નારિયેળની આંખો કોક વાર પ્રસન્ન દેખાતી અને કોક વાર ભારે ક્રુદ્ધ થઈ હોય એમ લાગતું અને તે પ્રમાણે હું રાજી થતો અથવા દુ:ખી થતો અને ઉત્કટ પ્રાર્થના કરતો. પ્રાર્થનાની અસર થતી અને એ આંખો ફરી પ્રસન્નપણે જોતી હોય એમ મને ભાસતું. આ બધા મનના ખેલ છે એ જાણતાં છતાં એની મન પર ઓછી અસર થતી નહીં.

આવી બધી કલ્પનાને કારણે મારું મન સરવાળે નબળું પડતું કે મારી શ્રદ્ધાશક્તિ વધતી એ આજે કહી ન શકું. મને લાગે છે કે બંને વૃત્તિઓ એકસાથે જ પોષાતી હતી. નાનપણમાં આવા વાતાવરણમાં હું ઊછર્યો એનું મને દુ:ખ નથી એટલું જ નહીં, પણ ખરેખરું સમાધાન છે.

અને છતાંય મેં મારા દીકરાઓ માટે ન તો આવું વાતાવરણ પૂરું પાડ્યું, ન તો ઇચ્છ્યું. એમની માતા તરફથી એમને આવું થોડું મળ્યું ખરું; અને એની અસર સારી જ થઈ છે.

બ્રહ્મદેવે બનવેલા આપણે માણસો અને વિશ્વામિત્ર ઋષિએ કલ્પેલા નારિયેળ રૂપી માણસો મળીને કોંકણની સૃષ્ટિ થાય છે. નારિયેળને કુળદેવને ઠેકાણે સ્થાપવામાં ઘણું ઔચિત્ય છે. એ આજે જોઈ શકું છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૦

એ કંઠી

એક વિચિત્ર અનુભવ મારે અહીં નોંધવો છે. એ થયો ત્યારે એ વાટે કોઈ ધર્મનું જ્ઞાન થયું એવું લાગ્યું ન હતું પણ આજે એની અસર ધર્મમૂલક હતી એમ જ લાગે છે.

મારા જન્મ પહેલાંની વાત છે. મારા પિતાશ્રીની ધર્મશ્રદ્ધા વિષે મેં અનેક વાર લખ્યું છે. ઈશ્વરે આપ્યું છે તેમાં સંતોષ માનવો, ખોટે રસ્તે કાંઈ પણ કમાણી કરવી નહીં — એ પિતાશ્રીનો આગ્રહ કડક હતો. પણ એમાં એક વખતે મોળાશ આવેલી એ વિષે મારી માતાને મોઢે સાંભળેલી એક વાત યાદ આવે છે.

અમારા ઘરમાં, ઘણાં ઘરોમાં હોય છે તેમ, કેટલીયે વસ્તુઓ આડીઅવળી પડેલી રહેતી. એક વખતે એક બાજુ પડેલી સોનાની કંઠી મેં જોઈ. જૂના વખતમાં જેમ સોનામહોર અને પૂતળી નાણાં તરીકે વપરાતાં અને ઘરેણાંમાં પણ એ બેસાડવામાં આવતાં તે જ પ્રમાણે સોનાની વરી પણ વપરાતી. મહોરની કિંમત ૧૦ અથવા ૧૫ રૂપિયાની રહેતી. એ સિક્કો જાડો રહેતો. પૂતળી પાંચ રૂપિયાની બહુ પાતળી — અને એની બન્ને બાજુએ પ્રાચીન કાળની છાપ અને ગ્રીક અક્ષરો પણ રહેતા. વરી એટલે સોનાના ચોરસ અષ્ટ ખૂણિયા નક્કર દાણા. વસ્તુના દામ ચૂકવવા માટે એ પણ ગણીગણીને અપાતા હતા. એ દાણા જુવાર કરતાં મોટા ન હતા. સોનાના તારના અંકોડા સાથે આ વરીના દાણા બેસાડી એનો ગળામાં પહેરવાનો હાર બનાવતા. એને કંઠી કહેતા. આવી સુંદર સોનાની કંઠી એક ખૂણામાં પડેલી જોઈ મને આશ્ચર્ય થયું. એ ઊંચકીને હું આઈ પાસે લઈ ગયો અને કહ્યું, "આવી કીમતી વસ્તુ એક ખૂણામાં કેમ પડી છે?" માતાના મોઢા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપર વિચિત્ર ભાવ છવાયો. " મૂકી દે, એ ભૂંડી વસ્તુને. એ સોનાની છે જ નહીં. એની પાછળ એક કિસ્સો છે. આપણે સારી પેઠે છેતરાયા હતા—." આઈની વાત પૂરી થાય તે પહેલાં વિષ્ણુએ ત્યાં આવીને દબાયેલા અવાજે કહ્યું, " મને ખબર છે, મને ખબર છે. ચોરીનો માલ ખરીદવા ગયા અને એમાં બન્યા."

આઈએ મને પોતાની પાસે બેસાડી કહ્યું કે, " બેસ, તને કહું છું. તેઓ જ્યારે સરકારી નોકરીએ ચડ્યા ત્યારે કોઈની પાઈને અડતા ન હતા. થોડા દિવસ માટે જ્યારે તેઓ કલેક્ટરના ચિટનીસ કે હેડ-રાઇટર થયા (એ વખતે હેડક્લાર્કને હેડરાઇટર કહેતા હતા) ત્યારે એમના હાથ તળેના એક કારકુને એમને લાંચ લેવા લલચાવ્યા. એણે તેમને કહ્યું કે, 'પૈસા લીધા વગર, કોઈ એટલે કોઈ, રહેતું નથી. તમને નહીં આવડે તો મારા ઉપર છોડી દો. તમારે કોઈની સાથે વાતો પણ નથી કરવી પડવાની. હું ચૂપચાપ તમારા હાથમાં પૈસા મૂકતો જઈશ તે તમારે લેવાના અને એ લોકોનું પ્રકરણ કલેક્ટર આગળ જાય ત્યારે અમુક ઢબે કલેક્ટરને વાત સમજાવી દેવાની. તમારો સીધો સંબંધ કોઈની સાથે આવે જ નહીં અને કોઈને કશી ખબર પડે પણ નહીં. ઘરમાં આવેલી લક્ષ્મીને કોઈ પાછું કાઢતું હશે ?' એમણે પહેલે તો ના પાડી. સાંભળતાં પણ ડરી ગયા. પણ પેલો કારકુન ચતુર, રોજરોજ એની વાત કરે. અંતે તેઓ પલળ્યા અને એક બે વાર પૈસા લીધા. મનમાં વસવસો રહેતો કે આપણે હાથે ખરાબ કામ થાય છે પણ પેલો તો રોજ સમજાવે કે ' આવા પૈસા તો બધા જ લે છે. કોઈનું કામ કરી આપીએ અને એ રાજીખુશીથી થોડુંક મહેનતાણું આપે તો કેમ ન લઈએ ? આપણે થોડા જ એને મારીઝૂડીને એની પાસેથી પૈસા કઢાવીએ છીએ ?'

" એ જ અરસામાં એક જણ એક સોનાની કંઠી વેચવા આવ્યો અને સસ્તામાં વેચવાની એણે વાત કરી. એમણે પેલા ભાઈને પૂછ્યું કે, ' સસ્તામાં કેમ વેચી શકે છે ?' પેલાએ કહ્યું, ' એનું તમારે શું ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સારી વસ્તુ સસ્તામાં મળે છે. લેવી હોય તો લો. નહીં તો હું ચાલ્યો.' એમણે પૂછ્યું, 'સાચા સોનાનો તો માલ છે ને? નહીં તો તમે લોકો અમને જ છેતરવાના.' પેલાએ ઘવાયો હોય એમ ચિડાઈને કહ્યું, 'ખાતરી કરી લો. આ જો મારી પાસે વરકલ છે (કાનડી ભાષામાં કસોટીના પથ્થરને 'વરકલ' કહે છે). મારે કંઠી બગાડવી નથી. પણ એની એક વરી આ પથ્થર ઉપર આ જુઓ ઘસું છું. તમારા હાથના સલ્લા (વીંટીનો એક પ્રકાર)ની પણ આ પથરા ઉપર એક લીટી ઘસી કાઢો અને બન્નેના રંગ તપાસો. મારો માલ ઊતરતો હોય, તકલાદી હોય તો તમારી એક પાઈ પણ લીધા વિના તમારા હાથમાં એ મૂકી જઈશ.' વરકલ ઉપર કસોટી કરતાં વરી બરાબર બાવન કસની નીવડી. એમણે પૈસા આપ્યા અને કંઠી ખરીદી લીધી.

"થોડા દિવસ જવા દઈ એમણે એ કંઠી આપણે ઘેર હંમેશાં આવનાર સોનીને બતાવી. એણે કહ્યું, 'વજનમાં હલકી લાગે છે. એમાં કાંઈ ગોટાળો છે.' એણે ગજવામાંથી વરકલ કાઢીને બે ચાર વરીઓ તપાસી. બધી પિત્તળની હતી. એના ઉપર એક જાતનું પાણી ચડાવેલું હતું. એમને ખાતરી થઈ કે આપણે બન્યા. કશું બોલ્યા વગર સોનીના હાથમાંથી એ કંઠી લીધી અને પેટીમાં મૂકી દીધી. બીજે દિવસે પૂજામાં બેઠા હતા ત્યારે એમણે મને કહ્યું કે 'હરામનું ધન લેવા ગયા એની કુળદેવે સજા કરી, કમાયા એના કરતાં વધુ ખોઈ બેઠા. આવી દુર્બુદ્ધિ મને ક્યાંથી સૂઝી. સંગતિ-સંગદોષેણ... બીજું શું?'

"તેઓ એવા તો પસ્તાયા કે ફરી પેલા કારકુનને કશી વાત કરવા ન દીધી. એ કંઠી ઉપર એવા ચિડાયા કે એને એક ખૂણામાં ફેંકી દીધી. મેં જ એ ઊંચકીને પેલી પેટીમાં મૂકી દીધી હતી. એમની નજરે એ ન પડે એની સાવચેતી રાખું છું કેમ કે નજરે પડે છે ત્યારે આખો દિવસ ઉદાસ રહે છે: એને લઈને બહાર જઈશ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહીં. કોઈ એને વિષે પૂછે તો શો જવાબ આપાય? ઘરની શરમ ઘરમાં જ રહે એ સારું!"

મેં એ કંઠી ધ્યાનપૂર્વક જોઈ તો ક્યાંક ક્યાંક એના ઉપર કાળા કાળા ડાઘા દેખાતા હતા. મને પણ થયું કે આ ધાતુના ડાઘા નથી પણ આપણા કુટુંબના ચારિત્ર્ય ઉપરનો એ ડાઘો છે. લાલચ અને બાઘાઈનું એ પ્રતીક છે.

જ્યારે માણસને નુકસાન વેઠવું પડે છે ત્યારે એ નિશ્ચય કરે છે કે પાપને રસ્તે નહીં જાઉં પણ ઘણી વાર એનો એ નિશ્ચય ટકતો નથી. માણસ ફરી ફરી લાલચમાં સપડાય છે. મારા પિતાશ્રીએ એક ભૂલ માટેના પસ્તાવામાંથી એવું ચારિત્ર્યબળ કેળવ્યું કે ફરી તેઓ કોઈ કાળે લાલચને વશ થયા નહીં.

આઈએ આ બધું મને એવા ભાવથી કહ્યું કે જાણે મને દીક્ષા જ આપતી હતી. પોતાના કુળની સારીનરસી બન્ને બાજુની કથા પોતાના દીકરાને કહેવી જોઈએ. એથી એના મનમાં માતાપિતા વિષે અનાદર નથી પેદા થવાનો પણ કુળના સારાનરસા અનુભવમાંથી એને એક સારો વારસો જ મળવાનો છે એ વિશ્વાસે આઈએ ગંભીરતાપૂર્વક મને એ આખો કિસ્સો સંભળાવ્યો. એ મને કશું જ ન કહેત તો કશું બગડવાનું ન હતું પણ એ વાત વિગતવાર કરી આઈએ મને કુળપરંપરાની કીમતી દીક્ષા આપી.

પોતાના પિતાની પણ એક વાત આઈએ મને દુઃખ સાથે કરી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૧

जतना शिक्षक

નાનપણુમાં નિશાળમાં જે કવિતાઓ ગોખવી પડતી તેમાં મોટે ભાગે નૈતિક ઉપદેશ જ રહેતો. અમે કવિતા મોઢે કરતા તે નિશાળના એક પાઠ તરીકે. મોઢે થયા પછી એ કવિતાઓ હ્રસ્વદીર્ઘ સાચવીને, મોટે સાદે, રાગમાં ગાવાનો અનેરો આનંદ આવતો. જમણવાર હોય ત્યારે અર્ધુંપર્ધું જમી રહ્યા પછી શ્લોકો બોલવાનો રિવાજ હતો. મોટેરાં તેમ જ નાનાં પોતપોતાની શ્રદ્ધા પ્રમાણે ગાય. કેટલાક લોકો ડાબો હાથ ગાલ ઉપર રાખીને ગાતા, કેટલાક માથું હલાવીને ગાતા. અમને બાળકોને ઊંચે સાદે ગાવામાં આનંદ આવતો પણ કવિતાના બોધ તરફ એની મેળે ધ્યાન જતું નહીં.

નિશાળના કેટલાક શિક્ષકો કવિતા સમજાવીને સંતોષ માનતા, પણ ઘણાખરા નીતિનો બોધ અમારા મન પર ઠસાવવા માટે ઉપદેશનાં વ્યાખ્યાનો આપતા. ભલે અણઘડ રીતે, પણ નીતિનો જ ઉપદેશ આપતા હોવાથી મન પર એની સારી અસર થતી. જેવો ઉપદેશ આપે છે તેવું જ શિક્ષકનું ચારિત્ર્ય છે કે નહીં એ તરફ જોવાનું મને સૂઝ્યું જ નહીં. એમાં ઉદ્ધારતાની વાત ન હતી. એ દિશાએ ભેજું ચાલતું જ નહીં. વર્ગમાં શિક્ષક કોઈ આજ્ઞા કરે કે, "ઊભો રહી પગના અંગૂઠા પકડ" તો તેમ કરવું પડતું. શિક્ષક પણ તે જ પ્રમાણે કરે છે કે નહીં એ જોવાનું કે શિક્ષક અંગૂઠા પકડે તો જ આપણે પકડવાના — એમ જેમ મનમાં થતું નહીં, તેમ જ શિક્ષક ઉપદેશ આપે છે તે પ્રમાણે એ પોતે ચાલે છે કે નહીં એ જોવાનું મનમાં આવતું જ નહીં.

મારે કહેવું જોઈએ કે અમારા વખતના શિક્ષકો મોટે ભાગે, એમની ઢબ પ્રમાણે, નીતિથી ચાલવાના આગ્રહી હતા. નાહવાનું, તિલક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવાનું, સાંજે મંદિરે દેવદર્શને જવાનું, ભિખારીને ભિક્ષા આપવાનું, અગિયારશને દિવસે અપવાસ કરવાનું, આ બધું તેઓ ચીવટપૂર્વક પાળતા. તેઓ પોતે જૂઠું બોલે છે કે નહીં એ જાણવાની તક અમને ક્યાંથી મળે?

શાળાના માસ્તરની આજ્ઞા તો પાળવી જ પડતી. એમના પ્રત્યે આદર ધારણ કરવો જોઈએ એ પણ એની સાથે જ આવતું. 'મારે નહીં તે શિક્ષક સારા — મારે તે સારા નહીં' – એટલું, પોતાપૂરતું અમે નક્કી કરતા; પણ શિક્ષકના ચારિત્ર્યનો વિચાર સરખો મનમાં આવતો નહીં.

એક વાર અમે જત ગયેલા. એ દેશી રાજ્યના હિસાબ બરાબર છે કે નહીં એ તપાસવાનું કામ અંગ્રેજ સરકાર તરફથી મારા પિતાશ્રીને સોંપેલું, કેમ કે જતના રાજા ઉમ્મરે નાના હતા અને અંગ્રેજ સરકાર તરફથી નીમેલા એક ઍડમિનિસ્ટ્રેટર કારભારું ચલાવતા. એક જ મહિનાનું કામ હતું, છતાં તેટલા દિવસ માટે મને નિશાળે મોકલેલો. રાજ્યની નાણાંની વ્યવસ્થા તપાસવા માટે આવેલા અમલદારનો દીકરો એટલે નિશાળમાં મારી સહેજસાજ પ્રતિષ્ઠા હતી. હું મરાઠી ચોથીમાં હોઈશ. એક દિવસે વર્ગના શિક્ષક મને કહે, "તારા પિતાશ્રીને તો ઘણા પૈસા મળતા હશે." મેં એમને કહ્યું, "આટલા રૂપિયાનો પગાર છે." તેઓ હસીને કહે, "એની વાત કોણ કરે છે? લાંચના પૈસા તો ઘણા મળતા હશે." શિક્ષકની એ વાત મને ગમી નહીં. પણ શિક્ષક બોલે છે એ પિતાશ્રીનું અપમાન છે, એવી વાત સહન કરવી ન જોઈએ, એમના ઉપર ચિડાવું જોઈએ એવું તો કશું મને સૂઝ્યું નહીં. મેં એટલું જ કહ્યું કે, "ના, ના, મારા પિતાશ્રી લાંચ લેતા જ નથી."

શિક્ષકે નફ્ફટપણે ચલાવ્યું, "અરે, જાઓ, કોઈ અમલદારનો વાંક જડી આવે એટલે એ દોડતો ઘેર આવવાનો, અનેક વાર પગે લાગવાનો અને કહેવાનો કે, 'મને આમાંથી બચાવો.' પછી રૂપિયાની મોટી મોટી થેલી ઘેર આવે એટલે ઘરમાં ચાલતી આવેલી લક્ષ્મીને પાછી કાઢવાની હિંમત કોની ચાલે? ચૂપચાપ થેલીઓ લઈને પેટીમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂકતા હશે. ” વર્ગના છોકરાઓ પણ એટલા જ રસથી બધું સાંભળતા હતા. મારા પિતાશ્રી ચારિત્ર્યહીન હશે એવી તિરસ્કારની છાપ કોઈના મોઢા ઉપર મેં જોઈ નહીં, પણ હું કેટલો ભાગ્યશાળી હોઈશ એવા ખ્યાલથી જ બધા મારા તરફ જોવા લાગ્યા !!

મને ઘણું દુ:ખ થયું. મેં ફરી ફરી કહ્યું કે, “મારા પિતાશ્રી એવા નથી.” પણ શિક્ષક માને જ શાના ? અને એનો ઇલાજ શો કરવો એની ખબર નહીં એટલે સમસમીને હું બેસી રહ્યો. ઘરમાં આવીને પિતાશ્રીને કહેત તો તેઓ શિક્ષકની ધૂળ કાઢી નાખત, એની નોકરી જાત. ‘હું બોલ્યો જ નથી,’ એમ એ કહેત અને વર્ગના છોકરાઓની સાક્ષી પણ રજૂ કરત. પણ આવું કાંઈ કરવા જેવું હોય છે એમ મારા ભેજામાં આવ્યું જ નહીં. ફક્ત શિક્ષક પ્રત્યે અણગમો થયો અને વર્ગના ભણતર તરફ પણ લક્ષ ચોંટે નહીં. શિક્ષક થઈને આવું બોલે એનું મને આશ્ચર્ય થયું, દુ:ખ પણ થયું. શિક્ષકની ન્યાતમાં ન શોભે એવો માણસ છે એટલું જ મનમાં રહી ગયું. શિક્ષક લોકોએ વિદ્યાર્થીઓ આગળ સારાં જ ચિત્રો દોરવાં જોઈએ એટલું તો તે વખતે હું જાણતો હતો. તેથી જ જતના શિક્ષકની પેલી વાતથી મારા મનને ઠેસ વાગી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૨

બાળપણના દેવો - ૧

સનાતની બ્રાહ્મણ કુટુંબનું વર્ષ એટલે વ્રતો, ઉત્સવો અને તહેવારોની અખંડ ઘટમાળ. મારી દાદીને ઘરના સામાન્ય વ્યવહારમાં ઝાઝો રસ રહ્યો ન હતો. સવારે રાંધી અમને ખવાને દસ વાગ્યાની આસપાસ ખવડાવે, અને સાંજે પોતાની દશમી અથવા 'થાલીપીઠ' અલગ તૈયાર કરી એકલી એકલી ખાઈ જાય. હું તો આજી (દાદી) સાથે લાડ કરી એ થાલીપીઠમાંથી ભાગ પડાવ્યા વગર રહેતો નહીં. બધી રીતે નિવૃત્ત થયેલી આજી મારા પ્રત્યે સહેજસાજ પક્ષપાત રાખતી, અને પોતાના અભણ જીવનના ભંડારમાંથી ધાર્મિક વાર્તાઓ કહેતી.

મહાદેવ એક જોગી છે. એમની લાલપીળી જટા માથાથી પગ સુધી લાંબી હોય છે. આખે શરીરે ભસ્મ ચર્ચે છે. એક મોટો શંખ લઈને ભુમ્ ભુમ્ ભુમ્ અવાજ કરે છે. એમનાં પત્ની પાર્વતી રૂપરૂપના ભંડાર, પણ એવા ઘેલા પાછળ ગાંડાં થયેલાં. મહાદેવ સ્મશાનમાં ભટક્યાં કરે અને પાર્વતીદેવી એમની સેવાને અર્થે પાછળ પાછળ ફરે. એવાં એવાં શબ્દચિત્રો આજી પોતાનાં ટૂંકાં ટૂંકાં વાક્યોમાં આપ્યાં કરે. અંતે મારા મન આગળ મહાદેવનું વ્યક્તિત્વ સાવ સ્પષ્ટ થઈ ગયું. ક્ષણમાં રાજી થનાર, ક્ષણમાં કોપાયમાન થનાર, અને જરા 'ક્ષમસ્વ' કહ્યું એટલે ફરી રાજી રાજી થનાર એ દેવ મને બહુ જ વહાલો થઈ પડ્યો. બ્રહ્મા જેવો એ બીકણ નહીં. રાક્ષસોને યુક્તિપ્રયુક્તિથી છેતરનાર અને માત કરનાર વિષ્ણુ જેવો એ ચતુર નહીં. એ તો ભસ્માસુરને પણ માગે તેવું વચન આપે, અને ભસ્માસુર પૂંઠે પડ્યો એટલે જીવ લઈને નાસે. ભોળા શંકર વિષે મારી વિશેષ ભક્તિ જામી. માણસ ગૃહસ્થાશ્રમ કરે તો તે મહાદેવ જેવો કરવો જોઈએ. સ્ત્રીને ગરજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હશે તો ઘર ચલાવશે. છોકરાંછૈયાં પ્રત્યે પ્રેમભાવ હોય તોયે તે બતાવવા જેટલું છીછરાપણું તો ન જ હોવું જોઈએ, એવો ખ્યાલ અસ્પષ્ટપણે બંધાયો.

અમારા ઘરથી થોડેક દૂર એક મોટો કૂવો હતો. એની પાછળ આકડાના થોડાક છોડ ઊગ્યા હતા. આજી કહે, "દત્તુ, આકડાનાં ફૂલ મળે તેટલાં લેતો આવજે. આપણે હનુમાનને એની માળા ચડાવીશું." મેં એક ફૂલ તોડીને સૂંઘી જોયું. એમાં સુવાસ ન હતી. આજીએ કહ્યું, "હવે ફેંકી દે એ ફૂલ. તેં સૂંઘ્યું તે હવે હનુમાનને ચડાવાય નહીં એ તો તારું એઠું થયું ગણાય." હું એક ધાર્મિક પાઠ શીખ્યો. ભગવાનને ભોગ ચડાવવો હોય તો તે અણચાખેલો જ હોવો જોઈએ. ફૂલ ચડાવવું હોય તો તે અણસૂંઘેલું જ હોય. સૂંઘ્યું એટલે અપવિત્ર થયું. ઉપભોગ દરેક વસ્તુને મલિન કરે છે એ જાતની માન્યતા બંધાઈ.

"પણ આવાં ગંધરહિત અને કઠણ ફૂલો આપણે હનુમાનને કેમ ચડાવીએ? જાઈ, મોગરો, ચંપો, ગુલાબ એવાં સરસ સરસ ફૂલો છોડીને આ આકડાનાં ફૂલ શીદ ચડાવીએ?" મેં પૂછ્યું. આજીએ કહ્યું, "તને ખબર નથી? હનુમાન બાળબ્રહ્મચારી છે ને વજ્રકૌપીન છે. એને આવાં જ ફૂલો ગમે." બાળબ્રહ્મચારી અને વજ્રકૌપીનની દલીલ સમજવા જેટલો હું મોટો ન હતો. મેં એટલું તારવી કાઢ્યું કે હનુમાન જરા વિચિત્ર છે એટલે જ એને આવાં ફૂલ ગમે છે. અમે ખૂબ ફૂલ ભેગાં કર્યાં. નાના (અમે છ ભાઈમાંનો પાંચમો ભાઈ) પણ મદદમાં આવ્યો. ખાસી લાંબી માળા તૈયાર કરી. હવે એ માળા હનુમાન કેમ પહેરે છે એ જોવા આજી જોડે હું મારુતિના મંદિરમાં ગયો. તેલ અને સિંદૂરનાં પડ જેના ઉપર બાઝયાં છે એવી મૂર્તિ મને ગમી નહીં, પણ દેવો વિષે મનમાં અણગમો આણવો એમાં પાપ છે એટલું હું શીખ્યો હતો, તેથી મારી બધી બાળભક્તિ ભેગી કરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હનુમાન પ્રત્યે મેં શ્રદ્ધા કેળવી. ફક્ત એની લાંબી પૂંછડી ગમાડતાં મને મુશ્કેલી ન પડી. તે વખતે કળાનો ખ્યાલ સરખો ન હતો, નહીં તો હું જરૂર કહેત કે કળાની દૃષ્ટિએ પૂંછડી વગરનું શરીર અપૂર્ણ ખરું. હનુમાનની પૂજા પૂરી થઈ અને અમને પ્રસાદ મળ્યો. ઘણું કરીને સૂંઠ અને ખાંડનો પ્રસાદ હતો. મેં પૂછ્યું, "આજી, આપણને આ પ્રસાદ શા માટે આપે છે?" આજીએ કહ્યું, "મારુતિએ નૈવેદ્ય ખાધું. આપણને એની ખબર ન પડે. પછી જે બચી ગયું તે આપણે બધાં પ્રસાદ તરીકે ખાઈએ છીએ." મેં પૂછ્યું, "આપણે એઠું કેમ ખાઈએ?" આજીએ જવાબ વાળ્યો, "માણસનું એઠું ન ખવાય. માણસે ચાખ્યું એટલે અપવિત્ર થયું. પણ ભગવાન ચાખે ત્યારે તો એ વસ્તુ વધારે પવિત્ર થાય છે. ભગવાનનો પ્રસાદ તો માગીને પણ ખવાય." પડખે બેઠેલી એક બાઈએ એમાં ઉમેરો કર્યો, "પણ પ્રસાદ મૂઠી ભરીને ખાવાનો નથી હોતો હોં, એ તો સહેજ ચખાય." પ્રસાદની તીખાશ અને એનું ગળપણ મારા મોઢામાં કામ કરતાં હતાં. ભગવાનના પ્રસાદમાં બન્ને હોય એવો પણ કાંઈક ખ્યાલ તે વખતે બંધાયો હશે.

મંદિરમાં એક બાજુ એક પુરાણી પોતાની પોથી છોડીને એમાં-નું એક પાનું હાથમાં લઈને વિવરણ કરતો હતો. એનો અવાજ મંદિરના નાનકડા ઘુંમટમાં ગુંજતો હતો. તે શું બોલે તે તો હું સમજી શકતો ન હતો, પણ એની આગળ બેઠેલી બહેનો એકાગ્રપણે સાંભળતી જાય અને હાથ વતી પૂજાની દિવેટો તૈયાર કરતી જાય, એ દૃશ્ય મને ગમેલું. કોઈ પણ બહેન પુરાણ સાંભળવા અંદર આવે એટલે એક પવાલું ચોખા પુરાણી આગળ ઠાલવે, કોઈ સાકરના બે ચાર ગાંગડા મૂકે, કોઈ અગરબત્તી સળગાવે, એકાદ બહેન પાઈ પૈસો મૂકે. મેં જોયું કે પુરાણીબુવા પોતાની આગળ શું મુકાય છે એ તરફ પોતાનું બિલકુલ ધ્યાન નથી એમ બતાવવાનો પ્રયત્ન કરતા હતા. મને આશ્ચર્ય થયું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અણ્ણાનો સ્વભાવ ઘણો મશ્કરો. એને જ્યારે મેં કહ્યું કે મંદિરે જઈ હનુમાનને જોઈ આવ્યો ત્યારે કહે, "તને ખબર છે કે હનુમાન નાકથી શ્વાસ લે છે? કાલે જઈને એના નાકમાં આંગળી ઘાલી જોજે. ઠંડો ઠંડો પવન આવશે." અણ્ણા મારા મોટા ભાઈ. એને વિષે મારા મનમાં આદર હતો. હવે અણ્ણા મારુતિની મશ્કરી કરે ત્યારે મારે શું માનવું? આજીએ ચિડાઈને કહ્યું, "જા જા, આવી ટાયલી વાતો કરીને બાળકોનાં મન ભમાવીશ નહીં." અણ્ણાએ હસતાં હસતાં આગળ ચલાવ્યું, "હું ક્યાં હનુમાનની મશ્કરી કરું છું? હું કહું છું હનુમાન જીવતો છે. નાક વતી એ શ્વાસ લે છે. એની આગળ ભોગ ધરો છો તે એ ખાતો નથી પણ સૂંઘી લે છે, તેથી જ ભોગમાં મૂકેલી વસ્તુઓ જ્યારે પ્રસાદ તરીકે આપણે ખાઈએ છીએ ત્યારે ફીકીફીકી હોય છે."

હિંદુ માનસ વિચિત્ર છે. ભગવાન વિષે અનન્ય ભક્તિ હોવા છતાં એની છૂટથી મશ્કરી કરતાં વાંધો નથી આવતો. પોતાની ગાય કે ભેંસ જંગલમાં ખોવાઈ જાય તો એવો મશ્કરો માણસ પણ પૂર્ણ શ્રદ્ધાથી માનતા રાખવાનો કે ઢોર પાછું આવે તો એક આનાની સાકર હનુમાનને ખવડાવીશ. હનુમાનની મશ્કરી કરનાર કેટલાય લોકો મેં જોયા છે કે જેઓ આખો જન્મારો શનિવારનો ઉપવાસ કરવાનું ચૂકતા નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૩

બાળપણના દેવો – ૨

મારો બીજો ઓળખીતો દેવ તે ઢોલ્યા ગણપતિ. મારા નાનપણમાં અમલદારોની પત્નીઓ ટોળે વળીને મંદિરે જવામાં શોભા માનતી હતી. સાંજે મંદિરે જવાનું હોય ત્યારે આઈ સારામાં સારાં કપડાં પહેરી, એક શાલ ઓઢી, બધાં ઘરેણાં પહેરી બીજી બહેનોની રાહ જુએ. જેટલી બહેનો આવે એટલા પટાવાળા તો હોય જ. હું પણ એમની સાથે કોઈ કોઈ વાર મંદિરે જતો. પટાવાળાના રક્ષણ તળે બહેનોનું આવું સરસ ધણ ચાલતું જોઈ મને મજા પડતી. પણ કોઈ ઝટ ઝટ ચાલે જ નહીં. હું આગળ જાઉં ને પાછળ આવું. હું આઈ પાસે તકરાર કરું કે "આટલી વારમાં હું તો મંદિરે ત્રણ વાર જઈ આવત." આઈ કહે, "મોટા લોકો ઉતાવળે ચાલે નહીં. ચાલે તો ભૂંડું દેખાય." મેં આઈને પૂછ્યું, "પણ આઈ, મંદિરે જતાં તું બધાં ઘરેણાં કેમ પહેરે છે?" આઈએ હસી પડીને કહ્યું, "ભગવાને જે બરકત આપી હોય તે એની આગળ ન ચોરીએ. હું મંદિરે જઈને ગણપતિને કહું છું કે તારી કૃપાથી મને આ સારાં કપડાં અને સારાં ઘરેણાં મળ્યાં છે. તારી કૃપાએ છોકરાં પણ સારાં નીવડ્યાં છે. છોકરાં મોટાં થાય ત્યારે એમને મારા કરતાં પણ વધારે આપજે."

ઢોલ્યા ગણપતિની મૂર્તિ ઠીક ઠીક ઊંચી હતી, અમે ગયાં એટલે પૂજારીનો છોકરો અમને ચરણામૃત આપવા આગળ આવ્યો. ચરણામૃતમાં ચંદન, ખાંડ, મધ વગેરેની સહેજસાજ મહેક હતી. મેં આઈને પૂછ્યું, "આવડો નાનો છોકરો ગણપતિને શી રીતે નવડાવતો હશે અથવા તિલક કરતો હશે?" કોકે કહ્યું, "ગણપતિની દુંદ બહાર આવી છે ને? એના ઉપર ચડીને એ ગણપતિને નવડાવે છે." બધાં હસી પડ્યાં, અને જાણે હું જ ફજેત થયો હોઉં તેમ હું ત્યાંથી ખસી ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગણપતિ ઉંદર ઉપર બેસે છે. એને મોદક બહુ ભાવે છે. એ બુદ્ધિનો દેવ છે. ભણતરની શરૂઆત એના નામથી જ કરવી જોઈએ. એક દિવસ મોદક ખાઈને ઉંદર ઉપર સવાર થયેલા ગણપતિ તોલ સાચવી ન શકવાથી નીચે પડ્યા. એ જોઈને આકાશમાં ચંદ્ર હસ્યો. ગણપતિ ચિડાયા. એમણે પોતાનો એક બાજુનો લાંબો દાંત તોડીને ચંદ્ર ઉપર ફેંક્યો અને એને શાપ આપ્યો કે તારું મોઢું કોઈ નહીં જુએ. ચંદ્ર ગભરાયો, પસ્તાયો અને રોવા લાગ્યો. એણે ગણપતિ પાસે ઉ:શાપ માગ્યો. ગણપતિને દયા આવી. એમણે કહ્યું, "વરસમાં એક જ દિવસે — ભાદરવા સુદ ચોથે — તારું દર્શન અમંગળ ગણાશે. તે દિવસે જે કોઈ તારું દર્શન કરશે એના ઉપર ચોરીનું આળ આવશે." આનો પરચો જોવો હોય તો જંગલમાં જઈ તપાસો. જંગલનાં ભૂંડો પણ ગણેશચોથને દિવસે રખેને ચંદ્રનું દર્શન થાય એ બીકે ઝાડીઝાંખરાંમાં માથું ખોસીને બેસી જાય છે. આ બધું સાંભળીને મેં પૂછ્યું :

"પણ જો ભૂલેચૂકે આપણાથી ચંદ્રનું દર્શન તે દિવસે થાય તો ?"

"તો એનો ઇલાજ છે. કોઈ પડોશીના ઘર ઉપર પથરા ફેંકવા. પડોશી ચિડાઈને ગાળ દે એટલે પછી ચોરીનું આળ ટળી જાય છે !"

જેવી બીક તેવો એનો પરિહાર, જેવો સમાજ તેવા એના દેવો. એટલે જ આદિકવિ વાલ્મીકિએ કહ્યું છે : यदन्नः पुरुषो भवति तदन्नास्तस्य देवताः। માણસ જેવો આહાર ખાય છે તેવો જ આહાર ખાનારા એના દેવો પણ હોય છે. આજે તો આ બધી પૌરાણિક વાર્તાઓ રૂપક તરીકે સમજાવવાનું મન થાય છે. તેમાંયે જ્યાં સુધી રૂપક બંધ બેસે નહીં ત્યાં સુધી અસંતોષ રહ્યા કરે છે. નાનપણમાં એવું ન હતું. તે વખતે આખો સમાજ પણ ભોળો હતો. દેવોમાં શક્તિ હોય, ભક્તોનું રક્ષણ કરવાની કાળજી હોય એટલે બસ. તે ઉપરાંત દેવોનું ચારિત્ર્ય ઊંચું હોવું જોઈએ, તેઓ પક્ષપાતરહિત હોવા જોઈએ એવી અપેક્ષા ન હતી. દેવોને બહુ શુદ્ધ કરવા જતાં તેમનામાં કશું વ્યક્તિત્વ જ રહેતું નથી. આમ કરતાં કરતાં જ વેદાંતી ઈશ્વર નિર્ગુણ નિરાકાર થઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગયો હોવો જોઈએ. સમાજના બાલ્યકાળમાં દેવો સમાજની શ્રેષ્ઠ વિભૂતિઓની સુધારેલી આવૃત્તિ જેવા જ હોય છે. અને તેથી જ દેવો આટલા વહાલા થઈ પડે છે.

અને ઉચ્ચ દૃષ્ટિએ તપાસતાં કોણ કહી શકે કે આજની આપણી, પ્રૌઢ લોકોની, ઈશ્વર વિષેની માન્યતાઓ પણ ખરા ઈશ્વરને અને એના સાચા સ્વરૂપને યથાર્થતાએ રજૂ કરે જ છે?

એક દિવસ ત્રણ ગાફેલ લોકોએ એક મુંગૂસ (નોળિયો)જોયું. એકેને એનું સાચું નામ આવડે નહીં. એક જણે કહ્યું, "જુઓ પેલું સુમંગ જાય છે." બીજો કહે, "તું કેવો જંગલી છે! એને સુમંગ કહેવાય? એ તો મુસંગ છે." ત્રીજો કહે, "બહુ ડાહ્યા ન જોયા હોય તો! કોઈ કાળે શાસ્ત્ર વાંચ્યું છે? એનું નામ તો ધુમ્મસ." સુમંગ, મુસંગ ધુમ્મસ વચ્ચે ખૂબ ઝઘડો ચાલ્યો અને મુંગૂસ એ સાચું નામ છેવટ સુધી કોઈને સૂઝ્યું જ નહીં!

ભોળા લોકોની ઈશ્વર વિષેની ભોળી કલ્પના જોઈ ચિડાનાર લોકોએ જાણવું જોઈએ કે આપણે પણ ઈશ્વરની સાચી કલ્પનાથી કદાચ એમના જેટલા જ દૂર હઈશું. અગાસી ઉપરનો માણસ રસ્તા પરના માણસને હસે અને કહે, 'જુઓ, તમારા કરતાં હું સૂરજની કેટલો નજીક છું!' એના જેવું જ એ હશે. લોકોનું અજ્ઞાન આપણે જરૂર દૂર કરીએ, વહેમ ને ધતિંગ જેટલું જ એને ત્યાજ્ય ગણીએ, પણ ભોળા સમાજની ભોળી કલ્પના વિષે સમભાવ રાખીએ, એટલું જ નહીં પણ એની પાછળ રહેલી સ્થૂળ પણ નક્કર ધાર્મિકતાની કદર પણ કરીએ.

ગણપતિની સુંદર મૂર્તિઓ ઘરમાં આણી, ત્રણ દિવસ એમની ષોડશોપચાર પૂજા કરી, જ્યારે અંતે એમને કૂવામાં કે તળાવમાં પધરાવી દેતા ત્યારે ચિત્ત ઉદાસ થતું, અને અમે બાળકો જોરથી બોલતા, "ગણપતિ બાપ્પા મોરિયા, પુઢલ્યા વર્ષી લવકર યા."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૪

गद्य प्रार्थना ते ज हृद्य प्रार्थना

નાનપણમાં મેં ખરી પ્રાર્થના સાંભળી તે મારી માને મોઢે. એમાં કવિતા ન હતી: "દેવા બાપ્પા મંગેશા, મહારુદ્રા આમ્હીં અજ્ઞાન આહોં, આમ્હાંલા કાંહીં કળત નાહીં. આમચ્યા હાતૂન તુઝી સેવા હી ઘડત નાહીં. તૂં સર્વ ક્ષમા કર. આમચેવર અમુક અમુક સંકટ આલેં આહે તેં દયા કરુન દૂર કર આણિ સર્વાંના સદ્‌બુદ્ધિ દે. શક્ય તિતક્યા લવકર આમ્હીં બારા બ્રાહ્મણાંચી સમારાધના ઘાલૂં. એક લઘુરુદ્ર કરું, ઘાટાખાલીં તુઝ્યા 'સેવેસાઠીં' યેઉં. સર્વાંચેં બરેં કર." આ જાતની એ પ્રાર્થના રહેતી. ઘરમાં કોઈ માંદું પડે કે એવી જ કાંઈ મુશ્કેલી આવે ત્યારે પૂજાની ઓરડીમાં દેવઘરમાં આવી પ્રાર્થના મને અચૂક સાંભળવા મળતી. વસ્તુસ્થિતિ સાથે બંધબેસતી અને હૃદયના ભાવો, જેવા હોય તેવા વ્યક્ત કરતી, આ ગદ્ય પ્રાર્થનાની અસર મારા મન પર સચોટ થતી. હવે આપણે સુરક્ષિત છીએ એવો વિશ્વાસ મનમાં પેદા થતો, જે આરતીઓ બરાડીને કોઈ કાળે પેદા થતો નહીં.

૧૮૯૯માં જ્યારે પહેલવહેલા અમે 'ઘાટાખાલી' (ઘાટ તળે) કોંકણમાં મંગેશી ગયા ત્યારે રિવાજ પ્રમાણે ગામમાં પહોંચતાંવેંત અમે 'ધૂળભેટ'નો કાર્યક્રમ પૂરો કર્યો. શરીર પરની અને પગ પરની ધૂળ ખંખેર્યા વગર, યાત્રીઓ, દર્શનની ઉત્કંઠાથી મંદિરે દોડે છે અને દર્શન લે છે એને ધૂળભેટ કહે છે. અમે મંદિરે જઈને અમારા પુરોહિતને કહેવડાવ્યું કે "અમે આવ્યા છીએ, અમને ભગવાન પાસે લઈ જાઓ." ભગવાનના દરબારમાં પરિચય કરાવનાર કોઈ જોઈએ જ ને? પુરોહિત અમને ભગવાન આગળ લઈ ગયા અને એણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચલાવ્યું : "દેવા, મહારાજા ! હે બાળકૃષ્ણરાવ કાલેલકર સહકુટુંબ તુઝ્યા ભેટીસાઠીં બેળગાંવ-શહાપુરહૂન આલે આહેત. કાંહીં દિવસ સેવેસાઠીં રાહાતીલ. યાંચી સેવા માનૂન ઘે આણિ યાંચેં બરેં કર." આટલું કહીને પુરોહિતે ભગવાન આગળ અમારું નારિયેળ ધર્યું. પછી તે વધેરીને એક વાટી પોતાને માટે રાખી અને બીજી વાટીમાં ફૂલ, તુલસી, બીલીપત્ર વગેરે પ્રસાદ મૂકી એ અમારા હાથમાં આપી. શી તે દિવસની ધન્યતા ! મનમાં થતું કે ભગવાન ખરેખર આ બધું સાંભળે છે અને કૃપાવંત થઈને એ પ્રમાણે કરે છે.

પછી હું પણ મનમાં ને મનમાં આવી પ્રાર્થના કરતો થયો.

મેં ક્યાંક કહ્યું જ છે કે શ્રાવણ મહિનામાં પહેલા સોમવારને દિવસે મારા પિતાશ્રી કુલદેવને ઉદ્દેશીને એક કાગળ લખતા અને એમાં વરસ દરમિયાન થયેલી બધી કૌટુંબિક ઘટનાઓ દાખલ કરતા. એની પણ મારા મન પર ઊંડી અસર થઈ. જોકે આવા કાગળો લખવાની બાબતમાં પિતાશ્રીનું અનુકરણ કરવાનું મને સૂઝયું નહીં. સૂઝત તો બીજું કાંઈ નહીં તોપણ કુટુંબનો ઇતિહાસ ટૂંકામાં મળી રહેત.

પિતાશ્રીએ લખેલા એવા કાગળો વાંચ્યા પછી મારા મન પર જે ઊંડી છાપ પડી તે એ કે આપણે અનાથ નથી. એક સર્વસમર્થ સત્તા આપણી સંભાળ લે છે. એની ઇચ્છા અને વ્યવસ્થા આપણે જાણતા નથી. આપણે માટે શું હિતકર છે અને શું હિતકર નથી તે આપણે જાણતા નથી. આપણી લાગણીઓ પ્રમાણે આપણે સુખી કે દુઃખી થઈએ છીએ. જે ઘટના આપણને કારી ઘા જેવી લાગે છે તે અનિષ્ટ જ હશે એમ માનવાનું કારણ નથી. મારી બહેન જ્યારે ગુજરી ગઈ ત્યારે ભગવાને એને પોતાની પાસે બોલાવી લીધી એમ જ્યારે પ્રાર્થનામાં મેં સાંભળ્યું ત્યારે મને થયું કે આક્કા ગઈ એનું દુઃખ આપણને જરૂર થાય, પણ એનું તો અશ્રેય થયું નથી. ભગવાનને જોઈને આક્કાને કેટલો આનંદ થયો હશે ! એક દિવસે મનમાં વિચાર આવ્યો કે, "ભગવાન પાસે ગયા પછી પાછા કેમ અવાતું નહીં હોય ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આજે જો આક્કા આવીને ભગવાનને ત્યાંની વાત કરે તો કેટલો આનંદ થાય!" બીજો વિચાર મનમાં આવ્યો કે, "ભગવાન જે કરે છે તે જ સારું છે એમ સ્વીકારીને આપણે ચાલવું જોઈએ."

મારા મનની કલ્પનાઓમાં ગડમથલ હંમેશાં ચાલતી. ભગવાન પાસે કાંઈ પણ માગું અને તરત મનમાં આવે કે ભગવાનને બધી ખબર છે. જે યોગ્ય હશે તે એ કરશે જ. પ્રથમ એક રીતે માગું. એમાં ખામી જોઈને એ માગણી સુધારું. તેમાંય દોષ જોઉં એટલે ફરી મૂંઝાઉં. અંતે થાકીને કહું કે, "મને માગતાંયે આવડતું નથી અને ઇચ્છતાંયે આવડતું નથી. ફક્ત શ્રદ્ધા કેળવીને બેસી જાઉં એ શું ખોટું?"

છેક નાનપણમાં કેળવાયેલી આ વૃત્તિને કારણે સકામ પ્રાર્થના એવી તો મેં બેત્રણ વાર જ કરી હશે. પણ જ્યારે મારે હાથે કોઈ મોટી ભૂલ થાય ત્યારે પ્રાર્થના કરી વચન આપતો કે, "હવે ફરી આવી ભૂલ ન કરું. જે થઈ છે એની ક્ષમા કરજે. ભૂલ માટે સજા કરવી હોય તો ભલે કર પણ મનમાં તો ક્ષમા વૃત્તિ જ રાખજે. ક્ષમાયુક્ત સજા મળે તે સુખેથી ભોગવીશ. મારી કાયરતાને પોષણ આપીશ નહીં પણ તારી ક્ષમાનો અનુભવ મને મળવો જ જોઈએ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

१५

आरती

ધર્માનુભવ મેળવવાના સાધનને સાધના કહે છે. એ સાધના જેટલી બાહ્ય હોય તેટલી સ્થૂળ હોય છે. ખરી સાધના આંતરિક જ હોય. ઊંડાણમાં ઊતરીને જોઈશું તો ખાતરી થશે કે ધર્માનુભવ મેળવવાનું સાચું સાધન તે આપણું આખું જીવન જ છે. જીવનનું દરેક અંગ અને એની દરેક ક્ષણ આપણને ધર્માનુભવ તરફ જ લઈ જાય છે. એ અનુભવ જો બેદરકારીથી કે ગફલતથી આપણે વેડફી ન નાખીએ અને જાગ્રતપણે એનો સંગ્રહ કરીએ તો અનુભવની મૂડી સમૃદ્ધ થતી જાય છે. અને જેમ વહેવારમાં મૂડી આપણને વ્યાજ મેળવી આપે છે તેમ ધર્માનુભવનો વિચારપૂર્વક સંગ્રહ કરવાથી એ સંગ્રહ જ એક જાતનો વિશેષ ધર્માનુભવ બને છે અને એમાંથી નવી નવી વસ્તુઓ નીતરે છે.

આ વાત મારા મન ઉપર ઠસી ગઈ પ્રાર્થનામાંથી. પ્રાર્થના મોટે ભાગે અર્થ વગરની યાંત્રિક કવાયત જેવી દેખાય છે અને ઘણી વાર તે તેવી હોય છે પણ ખરી. છતાં મારા બાળપણમાં કોણ જાણે શી રીતે, પ્રાર્થના મારે માટે જીવતી વસ્તુ થઈ ગઈ હતી.

પિતાશ્રી પૂજાને અંતે પ્રાર્થના કરતા, પણ તે મનમાં જ. એમનો ભક્તિ-ગદ્‌ગદ ચહેરો કોક કોક વાર મારી નજરે પડતો પણ તેનો અર્થ હું સમજતો ન હતો.

ઉત્સવપ્રસંગે, પૂજાને અંતે, અમે બાળકો તાળીઓ વગાડીને આરતીનાં પદો ગાતા એ અમારી પહેલી પ્રાર્થના હતી. એ આરતીઓ મરાઠીમાં હોવા છતાં એના અર્થ તરફ અમારું ધ્યાન જતું નહીં. ઉચ્ચારણમાં ભૂલ ન થાય અને તાલ સચવાય એટલી જ ઇંતેજારી રહેતી; અને છતાં ભગવાનને પ્રિય એવું કંઈક આપણે કરીએ છીએ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કર્તવ્ય પાર પાડીએ છીએ, અને એમાંથી આપણને પુણ્ય મળશે, એટલી ભાવના મનમાં ઊઠતી અને લાંબા કાળ સુધી ટકતી. 'ભવ-સાગરમાં ડૂબીએ છીએ, સંકટમાં સપડાયા છીએ, આમાંથી ઉગારનાર બીજું કોઈ નથી, વિઘ્નોથી ઘેરાયા છીએ,' એ અર્થનાં વચનો એ આરતીઓમાં આવતાં. અમે અર્થ જાણતા થયા ત્યારે પણ એ સંકટો, એ વિઘ્નો અને એમાં ડૂબી જવાપણું અમારે માટે કશું હતું જ નહીં. આરતીમાં વ્યક્ત કરેલી ભાવનાઓ ઓઢી લેવાનો કોક કોક વાર અમે પ્રયત્ન કરતા. પણ એમાં કશો અર્થ રહેતો નહીં. મને તો એમ જ લાગતું કે આ કવિઓ પણ ભાવના-ગદ્ગદ થયા વગર અમસ્તા જ શબ્દો જોડી કાઢતા હશે. મારા નાનપણના દિવસોમાં ધાર્મિક કાવ્યો જોડી કાઢનારા કેટલાક કવિઓનો રચનાનંદ જોતાં અને તેમાં ભાવનાનો તદ્દન અભાવ જોતાં તે વખતનો મારો અભિપ્રાય — કે આ બધાં જોડકણાં છે — સાચો જ હતો. આજે પણ કેટલીય કવિતાઓ આ રીતની જ હું જોઉં છું. આગળ જતાં સમર્થ રામદાસનાં કરુણાષ્ટકો જ્યારે સાંભળવાને મળ્યાં ત્યારે અંદરથી લાગવા માંડ્યું કે આ કવિ સાચો લાગે છે. એ ખરેખર ગળગળો થયો છે. તુકારામના અભંગો પણ એ જ રીતે જીવતાં વચનો જણાતાં. પાંડવપ્રતાપ, રામવિજય વગેરે ગ્રંથોમાં જે પ્રાર્થનાઓ આવતી તેમાં અનેક વાર મન તલ્લીન થતું. કોક કોક વાર આંખો ભીની પણ થતી. પણ સામાન્ય ભજનો તો બધાં જોડકણાં છે એમ જ લાગતું. (આજે એને જોડકણાં ન કહેતાં ભાષા-વિલાસ અને કલ્પના-વિલાસ કહીશ.)

જ્યારે સંતોનાં ચરિત્રો સાંભળવાની તક મળી ત્યારે જ મારે માટે પ્રાર્થના એ જીવતી વસ્તુ થઈ. સંતો પોતાના જીવનનો સદુપયોગ થાય એ માટે ઇંતેજાર રહેતા. જીવન ભગવાનમય થાય એની એમને તાલાવેલી લાગેલી જણાતી. એમના પ્રત્યે આદર અને ભક્તિભાવ જાગતો તે બધો એમની પ્રાર્થનાને વળગ્યો. આ રીતે સંતોનાં જીવનમાંથી પ્રાર્થનાનાં સ્વરૂપનો સાક્ષાત્કાર થવા લાગ્યો. સારું થયું કે નાનપણમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાર્થનાનું મહત્ત્વ સમજાવનારાં પ્રવચનો મને મળ્યાં નહીં. સંતોનાં જીવન એ જ પ્રાર્થનાનું રહસ્ય પ્રગટ કરનાર દીપિકાઓ હતી. હું હૃદયથી પ્રાર્થના કરતો થયો.

નોંધ: સંસ્કૃતમાં आर्ति એટલે સંકટ. दुःखतप्तानाम् प्राणीनाम् आर्तिनाशनं कामये। દુઃખથી દાઝેલા લોકોનું સંકટનિવારણ હું ચાહું છું. आर्त એટલે હેરાન થયેલો. આ ઉપરથી ભગવાન આગળ દીવાઓ ફેરવી ફેરવીને સ્તુતિ કરવી અને સંકટનિવારણ માટે યાચના કરવી એ આખી પ્રક્રિયાને आर्तिक्य કહેવા લાગ્યા અને હવે તો બધી જ દેશી ભાષાઓમાં આરતી ઉતારવી એટલે ભગવાન આગળ દીવાઓ ફેરવવા કે નચાવવા એ અર્થ થઈ ગયો છે. એમાંથી સંકટનો ભાવ સાવ લુપ્ત થઈ ગયો છે. લડાઈ જીતીને વીર પાછો આવે ત્યારે સંકટનિવારણ થયેલું હોય જ છે. એના માનમાં કે વખાણમાં આરતી ઉતારવામાં આવે છે.

પ્રાર્થના એટલે ભગવાન પાસે કાંઈક પણ માગવું અને તે માગતાં પહેલાં, ભગવાનને અનુકૂળ કરી લેવા માટે, એની શક્તિનાં અને એની ભલાઈનાં વખાણ કરવાં; એ જાતની કલ્પના સંસ્કૃત સાહિત્યમાં બધે ભરેલી છે. દેવો જાતે અસહ્ય રીતે હેરાન થયા હોય અને શંકર કે વિષ્ણુ પાસે દોડ્યા હોય તો "ભગવાન, દોડો દોડો, બચાવો," એવો સ્વાભાવિક પ્રારંભ કરતા નથી, પણ ભગવાનના દરબારમાં જઈ રીતસર ભગવાનની આગળ માનપત્ર વાંચતા હોય એવી રીતે પોતાનું તત્ત્વજ્ઞાન આખું ભગવાન આગળ ઠાલવી દે છે અને ભગવાન પૂરતા રાજી થયા છે એમ લાગે એટલે ધીમે રહીને પોતાની અરજીની સુનાવણી કરે છે. એનું જ અનુકરણ શ્રીધર, મહીપતિ આદિ મરાઠી કવિઓએ પણ કર્યું છે. છેક નાનપણમાં પણ મને એ બધું વિચિત્ર અથવા પ્રતિકૂળ જેવું જણાયું હતું અને તેથી સ્તુતિનો ભાગ છોડી દઈને હું આગળ વાંચતો.

આગળ જતાં જ્યારે તત્ત્વજ્ઞાનનો રસ જાગ્યો ત્યારે સ્તુતિનો પૂર્વાર્ધ હું ધ્યાનપૂર્વક વાંચવા લાગ્યો, પણ હજી સુધી સ્તુતિ અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અરજી એ બે ભાગનો સમન્વય હું કરી શક્યો નથી; અને તેથી આપણી ઘણીખરી પ્રાર્થનાઓ સાથે મારો સમભાવ જાગ્યો જ નથી. પરિણામે મારે સ્વતંત્ર રીતે પોતાની જ પ્રાર્થના અને પ્રાર્થનાની મીમાંસા ઉપજાવવી પડી.

૧૬

શ્રાદ્ધ

દેવો પોતે ખાતા નથી, ફક્ત સૂંઘી લે છે. અને એટલેથી જ એમને સંતોષ થાય છે. માત્ર આપણે સૂંઘેલું એઠું ફૂલ કે ચાખેલું એઠું ફળ એમને અપાય નહીં એટલું તો હું શીખ્યો. પણ આગળ જતાં જોયું કે કોઈ તહેવારને દિવસે બ્રાહ્મણને બોલાવીને, એમની પૂજા કરીને એમને જમાડ્યા હોય તોયે તે ભગવાનને પહોંચે છે. ભગવાન વતી બ્રાહ્મણ ખાઈ શકે છે એ મારે માટે એક મહત્ત્વની શોધ હતી. હું પણ બ્રાહ્મણ છું, એટલે જનોઈ મળ્યા પછી 'દેવકાર્ય'ને કારણે મને પણ કોઈ બોલાવી જમાડે તો તે ભગવાનને પહોંચે, એ જાણી મને પોતાનું મહત્ત્વ વિશેષ લાગ્યું. આ મજાની વ્યવસ્થા છે. મારું પણ પેટ ભરાય, મને પણ સ્વાદ મળે, અને ભગવાન પણ રાજી થાય. મારું એઠું ફળ ભગવાનની પૂજામાં ચડાવાય નહીં, પણ પૂજા કરી મને કોઈ ફળ ચખાડે તો એની મેળે એ ભગવાનને પહોંચે!

આ અટપટી ધર્મવ્યવસ્થા તર્કશુદ્ધ છે કે કેમ એ શંકા સરખી મારા મનમાં આવતી નહીં. એ ઉંમર તપાસવાની નથી હોતી, ફક્ત ગ્રહણ કરવાની હોય છે. મોટેરાં કહે, આપ્તજનો કહે, તે જ સાચું એવી સહેલી વ્યવસ્થા તે વખતના જીવનમાં હતી. ઘરમાં બ્રાહ્મણો જમવા બેસે એટલે હું ખૂબ શ્રદ્ધાથી એમના તરફ જોતો. ઈશ્વરના પ્રતિનિધિ તરીકે એમને ઓળખવાનો પ્રયત્ન કરતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમારા ઘરમાં મંગેશ (મહાદેવ) અને મહાલક્ષ્મી એ અમારાં કુલદેવ. દેવકાર્ય હોય એટલે કોઈ ગરીબ બ્રાહ્મણ અને એનાં પત્નીને બોલાવીએ. તેમનાં બાળકો પણ જમવા આવે. હવે ગરીબ માણસને ત્યાં તંગી તો હોય જ. બાઈને કોઈ વાર જમવા ઉપરાંત થોડુંક પકવાન ઘેર લઈ જવાનું મન થાય, પણ માગતાં શરમ આવે, એટલે ભાણામાં પીરસેલામાંથી થોડુંક નજર ચૂકવીને સંતાડી લઈ જાય. એટલે પછી એની કૂથલી ચાલે. મારા મન પર એ વસ્તુનો ભારે બોજો પડ્યો. જેને કુલદેવતા મહાલક્ષ્મીની પ્રતિનિધિ તરીકે ઓળખવાનો હું પ્રયત્ન કરતો તેને જ ચોર તરીકે ઘરના લોકોના મોઢે વર્ણવાતી સાંભળી હું અસ્વસ્થ થતો. કોને પૂછું? મેં આઈ આગળ મારી મૂંઝવણ વ્યક્ત કરી. આઈએ કહ્યું, "ગરીબોની નિંદા થાય નહીં. ઈશ્વરે આપણને આપ્યું છે, આપણે ગરીબોને આપી છૂટીએ. આપણે ભગવાનને નામે જે આપ્યું તે ભગવાનને પહોંચવાનું જ. ફરી વાર એ ભટાણીને બોલાવીશ ત્યારે તેને ઠીક ઠીક પકવાન ઘેર લઈ જવા માટે પણ આપીશ એટલે થયું." હું એક નવો પાઠ શીખ્યો. કોઈને ઈશ્વરનો પ્રતિનિધિ બનાવીએ તો તે માણસ મટી નથી જતો; એના ગુણદોષ રહી જ જાય છે. ટપાલવાળાની પેઠે, તે આપણો ભાવ ઈશ્વર સુધી પહોંચાડે છે એટલું જ.

ત્યાર પછી આઈએ કહ્યું, "દેવકાર્ય હોય ત્યારે ગમે તેવો બ્રાહ્મણ ચાલે. એના ગુણદોષ તપાસવાની જરૂર નથી. પણ પિતૃકાર્ય હોય ત્યારે વાત જુદી છે. ઘરમાં શ્રાદ્ધ કે મહાલય હોય ત્યારે બોલાવેલો બ્રાહ્મણ આપણા વડવાઓનો પ્રતિનિધિ થઈને બેસે છે. એ સારો વિદ્વાન અને ચારિત્રવાન હોવો જોઈએ. એને તપાસ્યા વગર ન બોલાવાય."

મેં પૂછ્યું, "એમ કેમ?"

આઈએ જવાબ વાળ્યો, "કેમ કે શાસ્ત્રમાં લખ્યું છે. ભગવાન ગમે તેવા બ્રાહ્મણને સહન કરે છે, પિતરો સહન નથી કરતા."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂર્વજો મરી ગયા પછી પણ તેમને જમાડવાના હોય છે; ભલે વરસમાં ફક્ત એક બે વાર જ. તેઓ પણ પ્રત્યક્ષ ખાતા નથી, પણ ‘ અહીં બ્રાહ્મણો ખાય એટલે પિતર લોકમાં વડવાઓને તૃપ્તિ મળે ’ એમ હું શીખ્યો. એ પિતરલોક ક્યાં હશે? ત્યાં પિતરો શી રીતે રહેતા હશે? અંદર અંદર વાતો કરતા હશે? ઉપરથી આપણને બધાને તેઓ જોતા હશે, એમને ન ગમતું આપણે કશું કરીએ તો તેઓ દુ:ખી થતા હશે, આપણને શાપ આપતા હશે, માટે આપણે એમને ન ગમે એવું કશું ન કરવું જોઈએ, તેઓ આપણા ચોકીદાર છે, એવું એવું મનમાં આવતું. મારા શાસ્ત્રગ્રંથો કે સંદર્ભગ્રંથો એટલે આઈ અને આજી. એમને પૂછતો કે મારા દાદા કેવા હશે? બીજા વડવાઓને શું શું ગમતું? આઈએ કહ્યું, “એ (મારા પિતાશ્રી) નાના હતા ત્યારે જ એમના પિતાશ્રી ગુજરી ગયેલા. ઘડપણને લીધે આંખો ગઈ હતી. પગ લપસ્યો અને કૂવામાં પડી ગુજરી ગયા. માટે આપણે કોઈ પાવો વગાડતું હોય ત્યારે જમવા ન બેસવું જોઈએ. જમતી વખતે કોઈ પાવો વગાડે તો ઊઠી જવું જોઈએ.” હું કારણ સમજ્યો નહીં. પૂછતાં આઈએ જવાબ આપ્યો, “એમ છે કે જેઓ કૂવામાં પડીને મરી જાય છે તેમને ભાગે સ્વર્ગમાં કૂવાનો કાદવ કાઢવાનું કામ હોય છે. તેમને વિસામો મળતો નથી. કોઈ પાવો વગાડે એટલી વાર તેઓ થાકેલા લમણા ઉપર હાથ મૂકી ઊભા રહે છે, અને વિસામો લે છે. પોતાના વંશજો શું કરે છે એ તે વખતે તેઓ જુએ છે. તે જ વખતે આપણે મજામાં જમવા બેસીએ એ કેટલું ખરાબ!” મારા દાદા વિષે મારા મનમાં ભારે દર્દ ઊપજ્યું. હું પલળી ગયો. મેં મન સાથે નક્કી કર્યું કે કોઈ પાવો વગાડતો હોય ત્યારે તો હું જમવા નહીં જ બેસું.

બધા કહેતા હતા કે આપણે દેવોને જોઈ શકતા નથી, પણ દેવો સર્વત્ર હોય છે, તેઓ આપણને જુએ છે, તેમનાથી કશું છાનું રહેતું નથી. હવે દેવો સાથે પિતરો ઉમેરાયા. તેમની નજર પણ આપણા ઉપર હોય છે. કુળને કલંક લાગે એવું આપણે હાથે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કશું થવું ન જોઈએ, નહીં તો તેઓ દુઃખી થાય, એટલું હું સમજ્યો.

થોડોક મોટો થયો અને જ્યારે કંઈ ખાવાની વસ્તુ વગર પૂછ્યે ખાઈ જતો ત્યારે આઈને ખબર પડશે તો આઈ વઢશે એ બીક કરતાં પિતરોને ખબર પડ્યા વગર રહેવાની જ નથી, તેઓ દુઃખી થશે, એ બીક વધારે સજ્જડ નીવડી. એ જ માન્યતા અને એ જ બીક કાયમ રહી હોત તો કેવું સારું થાત!

શ્રાદ્ધ માટે આવેલા બ્રાહ્મણો પ્રત્યે મારી લાગણી વિશેષ રહેતી. તેમને પગ ધોવા ગરમ પાણી આપવાનું કામ મારું. મને થતું કે મરી ગયેલા વડવાઓની સેવા કરવાની આમ તક મળી છે એ કેમ જતી કરવી?

આધ્યાત્મિક નિયમ અટળ છે એમ પ્રાકૃત માણસ સમજી ન શકે. એને તો એક જ રીતે જ્ઞાન થઈ શકે કે ઈશ્વર આપણી આસપાસ બધે છે. કુલપરંપરા એ દરેક ખાનદાનની અમૂલ્ય મૂડી છે એમ માણસ ઝટઝટ નથી સમજી શકતો. પણ મરી ગયા પછી પણ પિતરો જીવે છે; એમને જમાડીએ નહીં તો તેઓ ભૂખ્યા રહેશે; સમાજના વિદ્વાન અને ચારિત્રવાન બ્રાહ્મણને આશ્રય આપીને જ પિતરોની સેવા થઈ શકે છે; દેવકાર્ય એ ખરું જોતાં દયાકાર્ય છે, એ જે રીતે માણસ સમજી શકે તે રીતે લોકધર્મે સમજાવી આપ્યું છે. દેવકાર્ય અને પિતૃકાર્ય એ ધર્મનો મોટો હિસ્સો છે એ વિષે શંકા નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૭

जीवदया

ઘણાં વરસ પછીની વાત છે. પ્રાણીઓને મરતાં બચાવવાં કે નહીં, અને બચાવવાં એમ મન સાથે નક્કી થાય તો એ જ એક ધંધો થઈ બેસે ત્યારે શું કરવું, એ વિચારની ગડમથલ મનમાં ચાલતી હતી એવે વખતે બેળગુંદીના અમારા ઘરમાં એક બિલાડી વિયાઈ. એનાં બચ્ચાંને લઈને અમે ખૂબ રમતાં. એક દિવસે એક મોટો બિલાડો ક્યાંકથી અમારી ઓરડીમાં ઘૂસ્યો અને એણે તરાપ મારી બિલાડીનું એક બચ્ચું પકડ્યું. મેં એ બિલાડાને લાકડી મારી છતાં એ તો એક બચ્ચું લઈ જ ગયો. હું દુઃખી અને અવાક થઈ ત્યાં જ થોભ્યો. પણ અમારા નારાયણમામા વધારે જોશીલા. એમણે બૂમ પાડી મને કહ્યું, "દત્તુ દોડો, એ બચ્ચાને આપણે હજી બચાવીએ." હું ઊઠું તે પહેલાં એમણે બિલાડાની પૂંઠ પકડી, આમતેમ દોડી બિલાડાને ઘેર્યો એટલે બિલાડાએ બચ્ચું પડતું મૂક્યું અને જીવ લઈને નાઠો.

બિલાડો ફક્ત પોતાનો જીવ લઈને નાસી જાત તો વાંધો ન હતો પણ બચ્ચાને છોડતાં પહેલાં એણે એની ડોક ઉપર એવું તો જોરથી બચકું ભર્યું કે બચ્ચું પણ લગભગ નિષ્પ્રાણ બન્યું. મામાએ એને જિવાડવાના ઘણા પ્રયત્નો કર્યા પણ અર્ધોએક કલાક વેદના વેઠીને એ બચ્ચું માર્જારોના વૈકુંઠલોક તરફ પ્રયાણ કરી ગયું.

મામા ઊઠ્યા ત્યારે મેં મનમાં ને મનમાં મારો અનેક રીતે ધિક્કાર કર્યો. મામાનો રજોગુણ કેટલો સમર્થ કે તેમણે બિલાડાની પૂંઠ પકડી, બચ્ચાને બચાવવા કેટલી જહેમત ઉઠાવી. હું તો ત્યાં ને ત્યાં જ બેઠો રહ્યો. મામાએ બૂમ પાડી એટલે હું પણ દોડ્યો ખરો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને બિલાડાને ઘેરવામાં મદદ કરી પણ એ મારી સ્વયંભૂ પ્રેરણા થોડી જ હતી?

પછી જ્યારે બચ્ચું મરી ગયું ત્યારે બીજી રીતે વિચારો ચાલ્યા. બચ્ચાની છેલ્લી ચીસ સાંભળતાંવેંત મને રામાની ચાની યાદ આવી. એ બચ્ચાને બચાવીને આપણે શું મેળવ્યું? બચ્ચું તો મરી જ ગયું. એટલે કુદરતની વ્યવસ્થામાં દખલગીરી કરવામાં કાંઈ લાભ છે કે કેમ એ જાતની શંકા મનમાં ઊઠી. જો બિલાડાને હું સમજાવી શકત કે બચ્ચાને ન મરાય, તો વાત જુદી હતી. બિલાડો ઉંદરને ખાય એ સમજાય એવી વસ્તુ છે. એ એનો ખોરાક છે. પણ બિલાડો બિલાડીના બચ્ચાને ખાતો નથી, મારીને ફેંકી દે છે. ત્યારે એ શા માટે મારતો હશે? કુદરતે એનામાં એ વૃત્તિ રાખી છે એની પાછળ હેતુ શો હશે? એવા એવા વિચારો કરતાં હું મૂંઝાયો. જવાબ ન મળ્યો એટલે પ્રસંગે પ્રસંગે એવા વિચારો ઊઠતા જ રહ્યા. જીવન અને મરણ એ કુદરતનો ખેલ છે. ઉંદર આપણને પજવે છે એટલા માટે જ આપણે ઘરમાં બિલાડી પાળીએ છીએ. બિલાડી ઉંદરને ખાય ત્યારે ભૂતદયાને ભુટ્ટી કરી આપણે રાજી થઈએ છીએ. એ જ બિલાડી પોતાના બચ્ચાને મારે ત્યારે આપણે અનાથની વહારે ધાઈએ છીએ અને એ જ્યારે પંખીને મારે ત્યારે આપણો કાવ્યાત્મા હણાય છે. અને એ જ બિલાડી માણસના બાળકને નહોર મારે ત્યારે—? (મારા પિતાશ્રી બહુ નાના હતા ત્યારે પારણામાં બિલાડીએ ગાલ અને નાક વચ્ચેના ભાગમાં, આંખ તળે એક નહોર માર્યો હતો. એની નિશાની એમના મોઢા પર આખો જન્મારો રહી હતી. તેથી જ મારા વિચારોએ ઉપરની દિશા પકડી હતી.)

* * *

કોચરબના આશ્રમની વાત છે. સ્વામી સત્યદેવ આશ્રમના મહેમાન હતા. રાત પડ્યે દીવાની આસપાસ જીવડાં ભેગાં થતાં હતાં. કેટલાંક ગંધાતાં પણ હતાં. એ જીવડાં ખાવા ગરોળીઓ આવતી. જીવડાંને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બચાવવા માટે અમે ગરોળીને હાંકી કાઢતા. સત્યદેવને એ ગમતું નહીં. તેઓ કહેતા, "ગરોળી જીવડાને પકડે છે એ જોવાની કેટલી મજા આવે છે! જીવડાંનો ત્રાસ ઓછો કરવામાં એ આપણને મદદ કરે છે." એક વાર એમના ખડાવા તળે સપડાઈને એક ગરોળી મરી ગઈ ત્યારે એમને માઠું લાગ્યું — જીવહત્યાનું નહીં પણ ઉપયોગી ગરોળી મરાઈ તેનું!

કોકે આખી વાત પૂ. બાપુજીને કહી અને જીવડાંને બચાવવાના ધર્મની ચર્ચા છેડી. બાપુજીએ જે જવાબ વાળ્યો તેને માટે હું તૈયાર ન હતો. એમણે કહ્યું, "બધાં જ પ્રાણીઓને બચાવવાનો આપણો ધર્મ નથી. ગરોળી જીવડાંને ખાય છે એ શું આના પહેલાં મેં કોઈ કાળે જોયું નથી? ગરોળી પોતાનો ખોરાક શોધે છે એમાં — એટલે કે કુદરતી વ્યવસ્થામાં પડવાનું મેં મારું કર્તવ્ય માન્યું નથી. જે જાનવરોને આપણે સ્વાર્થ ખાતર કે શોખ ખાતર પાળીએ છીએ તેમને બચાવવાનો ધર્મ આપણે માથે લીધો છે એથી આગળ આપણાથી જવાય નહીં."

બાપુજીના એ જવાબની અમે અંદર-અંદર ખૂબ ચર્ચા કરી. કિશોરલાલભાઈએ ચુકાદો આપ્યો કે "મન તટસ્થ કે ઉદાસીન હોય ત્યારે બચાવવાનો પ્રયત્ન ન કરવો. જીવને બચાવવાની વૃત્તિ જાગ્રત થાય, દયાભાવ ઊલટે ત્યારે એને દબાવવા કરતાં જીવને બચાવવાનો પ્રયત્ન કરવો એ જ સારું." કિશોરલાલભાઈની વૃત્તિ મારા જીવન-સિદ્ધાંતો સાથે બંધબેસતી હતી એટલે એમનો ચુકાદો સ્વીકારી હું શાન્ત થયો. ત્યાર પછી જીવડાંના સવાલોએ મનમાં કોઈ પણ પ્રકારની અસ્વસ્થતા પેદા કરી નથી. છેક નાનપણથી જાગ્રત થયેલો જીવહિંસા અને જીવદયાનો સવાલ આ રીતે શાન્ત થયો. ઉકેલાયો એમ કહેવાનું મન નથી થતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૮

दूरना प्रत्येनी आत्मीयता

જેને હું એક કીમતી ધર્માનુભવ કહી શકું એવી વસ્તુ મારામાં ક્યારે આવી ગઈ અને કેમ, તે હું કહી ન શકું. સામાન્ય રીતે લોકો સગાંવહાલાં અને ઓળખીતા લોકો પ્રત્યે જ આકર્ષાય છે. જેનો પોશાક જુદો છે, જેની ભાષા નોખી છે, જેના ધાર્મિક રિવાજ આપણે સમજી શકતા નથી, એવા લોકો આપણાથી જુદા છે, એમનો અને આપણો સંબંધ હોઈ જ ન શકે, એમની જીવનદૃષ્ટિ જ જુદી છે, એમને તો આપણા વિરોધી જ ગણવા, એવા અવળા લોકોને આપણી સાથે ભળવા ન દેવા — એ જાતની વૃત્તિ દુનિયાભરના લોકોમાં અને દરેક જમાનાના ઇતિહાસમાં આપણે જોઈ શકીએ છીએ. સેવા, ન્યાય અને ક્ષમા — ત્રણે વસ્તુઓ સ્વજનોને માટે જ હોય. જેઓ સ્વજન નથી તેમનો તિરસ્કાર ન કરીએ પણ તેઓ ઉપેક્ષાપાત્ર તો છે જ. તેમના પ્રત્યે આપણો કશો જ ધર્મ નથી, એમ સમજીને ચાલનારા લોકો જ દુનિયામાં વધારે છે. એક સ્કૉટિશ બાઈએ એક વાર કહ્યું હતું કે ફ્રેન્ચ જેવી કઢંગી ભાષામાં જેઓ પ્રાર્થના કરે છે તેમની અરજી શું ભગવાન સમજવાનો કે માનવાનો હતો! આ પ્રસંગ કોઈ હાવકા અંગ્રેજે લખેલો છે. જે રૂપમાં લખેલો છે તે રીતે તો આપણને પેલી ડોસીની વૃત્તિ હાસ્યાસ્પદ લાગે છે, પણ દુનિયાભરના અનેક ધાર્મિક રિવાજો અને સંસ્કૃતિની કેટલીયે ખૂબીઓ આવી કોઈ સંકુચિત માન્યતા પર જ રચાયેલાં છે.

મારામાં જે આત્મ-અવિશ્વાસ પ્રથમથી છે તે કારણે નવા લોકો જોડે ભળતાં મને મુશ્કેલી પડે છે. જે લોકો મને ઓળખે છે, મારું કઢંગાપણું દરગુજર કરે છે તેમની આગળ જ હું ખીલી શકું. એવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્થિતિ હોવા છતાં જેઓ દૂરના છે, પરાયા ગણાય છે, અથવા જેમની જીવનાનુભૂતિ મારાથી જુદી છે, એવા લોકોના પ્રસંગમાં આવવાનું, એમનું દૃષ્ટિબિન્દુ સમજી લેવાનું અને આટલા મહત્ત્વના ભેદો પાછળ અભેદનાં તત્ત્વો ક્યાં ક્યાં છે એ શોધી કાઢવાનું આકર્ષણું મારામાં છેક નાનપણથી હું જોઉં છું.

જેઓ આપણી ન્યાતના નથી, ખાનપાનના આપણા નિયમો પાળતા નથી, તેઓ કેવી રીતે રહેતા હશે અને તેમને પોતાની જિંદગીમાં કઈ જાતનું સમાધાન મળતું હશે એ સમજવા માટે હું લગભગ તલસતો.

અમારા પડોશમાં સોનીના બે છોકરાઓ હતા. એમની સાથે એ જ વૃત્તિથી મેં દોસ્તી કરેલી. પડોશનો દરજી નામદેવ શું ખાય છે, સામેના ઘરનો પહેલવાન પોતાના છોકરાઓને કઈ રીતે ઉછેરે છે, એમના ઘરમાં મરઘાં શા માટે છે, મુસલમાન છોકરો ડાંગ્યા — તેને એની મા કઈ ભાષામાં બોલાવે છે, એ બધા મારી બાળજિજ્ઞાસાના વિષયો હતા.

જ્યારે અમે કારવાર ગયા ત્યારે મેં જોયું કે ત્યાંના બ્રાહ્મણ લોકો નાહવા માટે — અરે, કોગળો કરવા માટે પણ — બ્રાહ્મણેતરનું પાણી વાપરે છે, એ જોઈને હું તો દિંગ થઈ થયો. અહીં બધે હડહડતો કળિયુગ આવ્યો છે એમ જ મેં માન્યું. પણ મને આશ્ચર્ય થતું તે એ કે એ બધા લોકોમાંથી કોઈને જ એમાં કશું અજુગતું લાગતું ન હતું.

મારો બીજો આશ્ચર્યનો વિષય તે 'સોવળં' અથવા ધૌત વસ્ત્રનો. રેશમનું, ઊની અથવા મુગટાનું અબોટિયું પવિત્ર છે. એ પહેરીને ઊભા હોઈએ અને આપણને કોઈ અડે તો એ વસ્ત્ર અપવિત્ર નથી થતું એ બરાબર છે. પણ સુતરાઉ ધોતી, દાંડી ઉપર 'સોવળં' તરીકે સુકાયા પછી, ભીનાં કપડાં પહેર્યા વગર એને અડાય જ નહીં એવો અમારી સંસ્કૃતિનો નિયમ હતો. પોતાનાં બધાં કપડાં ઉતારીને, ભીનું ધોતિયું પહેરીને પછી જ એ 'સોવળં' પહેરી શકાય.

ધ–૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કારવારમાં મેં જોયું કે બ્રાહ્મણ તો શું, શૂદ્ર પણ જો લાંબી લાકડી વતી દાંડી પરનું ધૌત વસ્ત્ર કાઢી લઈ અડચા વગર એને પાટલા ઉપર મૂકી દે તોપણ તે અબોટિયું જ રહેતું. એના હાથનો પ્રત્યક્ષ સ્પર્શ થાય ત્યારે જ એ 'બોટિયું' થયું કહેવાય. આવી લાકડીને ત્યાં 'બડી' કહેતા હતા. એ લોકોના 'બડી-સોવળ'ની અમે લોકો ઘણી મશ્કરી કરતા હતા.

એથી આગળ જઈને જ્યારે મેં જોયું કે ભાત, રોટલી, ખીચડી વગેરે વસ્તુઓ જો નેતરની ઝાંપી 'સાંબળી'માં મૂકી દીધી હોય અને એના ઉપર ધાબળી—ઊની કપડું—વીંટી હોય તો એ ભોજન નોકરને હાથે પણ કોઈના ઘરમાં મોકલી શકાય. મોટા મોટા કર્મનિષ્ઠ બ્રાહ્મણો પણ એ રસોઈ ખાઈ શકે. મારો સનાતની આત્મા એ રિવાજ પ્રત્યે એવો તો ચિડાયો કે ત્યાંના લોકોને બ્રાહ્મણ તરીકે સ્વીકારવાની જ મેં ના પાડી.

છતાં મારું ભેજું વિચાર કરતું કે આવા રિવાજો અહીં સર્વમાન્ય કેમ થયા હશે? 'બડી' મારફતે સોવળપણું ખરેખર નીકળી જાય છે કે નહીં? તે વખતની નાની ઉંમરમાં એક વિચાર મારા મનમાં આવ્યો કે કોઈ શૂદ્ર આપણા વાસણને અડકે તો તે અપવિત્ર થાય છે. આપણા પાણીને અડકે તો તે ફેંકી દેવું પડે છે, પણ જો કોઈ તરસ્યો શૂદ્ર મારી પાસેથી પીવાને પાણી માગે તો હું એને મોઢા પાસે આણેલા એના ખોબામાં પાણી રેડીને પાણી પાઉં છું. તે વખતે પાણીની ધાર તો એકીસાથે મારા હાથના લોટાને સ્પર્શે છે અને પેલા પીનારના ખોબાને પણ સ્પર્શે છે. ત્યારે એની અપવિત્રતા પાણીની ધાર દ્વારા ચડીને મારા લોટાને અપવિત્ર કેમ નથી કરતી? જો નેતરની લાકડી મારા લોટાને અને પેલા ભાઈના ખોબાને એક સાથે અડે તો તો મારું પાણી અપવિત્ર થઈ જાય છે. ત્યારે પાણીની ધારમાં એવું તે શું છે કે અપવિત્રતા ઉપર ચડતી નથી? એ બધા નિયમોનું શ્રદ્ધા ને આગ્રહપૂર્વક પાલન કરતાં છતાં મન સાથે નક્કી થયું કે આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બધો સગવડિયો ધર્મ છે. રેશમનું કપડું કીમતી છે, રોજ ધોવાય નહીં, માટે એ પવિત્ર. ઊની કપડાં રોજ રોજ ધોઈએ છીએ ત્યારે એવાં તો ચડી જાય છે કે ઘૂંટણ સુધી પહોંચતી ધાબળી મહિના બે મહિનામાં લંગોટીનું કામ પણ ન આપી શકે, માટે એને પણ પવિત્ર કરી મૂક્યાં છે—ઊની કાપડ અભડાય ત્યારે એને હવામાં ઝાટકવું જોઈએ. એને વાયુસ્નાન મળ્યું એટલે એ પવિત્ર થાય છે. આ બધા વિચારો મેં શ્રદ્ધાપૂર્વક ઓઢી લીધા હતા.

શ્રદ્ધાપૂર્વક ઓઢી લીધા હતા એમ કહું છું એમાં હું ઘણું ઘણું કહું છું. મારી બાળબુદ્ધિ પણ કહેતી હતી કે આ બધી માનવાની વસ્તુઓ છે. પણ મારી શ્રદ્ધા કહેતી કે જે માની લીધું તે એટલું ઉત્કટતાથી માની લેવું જોઈએ કે આપણે માટે એ સો એ સો ટકા સાચું હોવું જોઈએ.

આટલી પૂર્વતૈયારી હતી તેથી જ પ્રાણપ્રતિષ્ઠાનો સિદ્ધાંત સમજી લેવો મારે માટે અઘરી વસ્તુ ન બની. પોતાના શરીરમાં જે ચૈતન્ય-તત્ત્વ સ્ફુરે છે એ ત્યાંથી કાઢી લઈને સામેની માણસને હાથે બનેલી માટીની મૂર્તિની અંદર પ્રતિષ્ઠિત કરવું, સ્થાપી દેવું અને આ રીતે એ મૂર્તિને સચેતન બનાવી એને પ્રભુના પ્રતીક તરીકે જોવી, પછી એને સોળે ઉપચાર સાથે પૂજવી, એની પાસે જે જોઈતું હોય તે માગી લેવું, અને છેવટે આપણે જ એ મૂર્તિમાં સ્થાપેલું ચૈતન્ય પોતાના શરીરની અંદર પાછું ખેંચી લેવું, અને પછી તે માટીની મૂર્તિ કેવળ માટી તરીકે ઓળખી જળાશયમાં પધરાવી દેવી, એને માટે જે ઉચ્ચ માનસિક તૈયારી જોઈએ છે તે આપણા ઋષિઓએ કેળવી રાખી છે.

તેથી જ ભાવનગર પાસે વરતેજમાં હરિજનો માટે જ્યારે મારે હાથે મૂર્તિ સ્થપાઈ ત્યારે મેં મારા પ્રાણપ્રતિષ્ઠાના પ્રવચનમાં કહ્યું કે મૂર્તિપૂજા એ અજ્ઞાની જડ લોકો માટે નથી પણ અમુક હદ સુધી આગળ વધેલા જીવો માટે જ છે.

પ્રવચનમાં આ જે મેં કહ્યું તે કેવળ તર્ક ન હતો પણ નાન-પણનો ધર્માનુભવ જ બુદ્ધિવાદની ભાષામાં મૂક્યો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરસ્પર ભિન્ન અને પરસ્પર વિરોધી એવી સાધના દ્વારા પણ મનુષ્ય એક જ ધર્માનુભવ પ્રાપ્ત કરી શકે છે એમ નાનપણમાં જ મન ઉપર એની મેળે ઠસી ગયેલું હોવાથી, ભિન્ન ભિન્ન સમાજના અને જુદા જ રિવાજના લોકો સાથે હૃદયનું તાદાત્મ્ય જમાવતાં મને કઠણ નથી પડતું. એ લોકોની વાતો સાંભળતાંવેંત એમનાં અનુભવો ધારણ કરવાને માટે મારું હૃદયકમળ તરત જ ઉત્ફુલ્લ અને અભિમુખ થાય છે. અને તેથી જ ખરેખર મારે માટે કોઈ પણ પરાયું નથી, કોઈ પણ ધર્મ પરધર્મ નથી. તક મળવાનો જ અવકાશ, હૃદય હૃદય સાથે મળી જાય છે. આને માટે મારે કોઈ માનસિક વિરોધ સાથે ઝઘડો કરવો પડ્યો નથી. આ વસ્તુ કેળવવા માટે મારે કષ્ટ વેઠવાં પડ્યાં નથી. જાણે આવી મૂડી સાથે જ જન્મ્યો હોઉં એમ લાગે છે. માટે એને હું ભગવાન તરફથી મળેલો કૃપાપ્રસાદ જ ગણું છું.

હાઈસ્કૂલમાં ભણતો ત્યારે એક વાર 'સોશિયલ ગૅધરિંગ' કરવાનું સૂઝ્યું. આવાં સ્નેહસંમેલનમાં મિષ્ટાન્નની ઉજાણી તો હોવી જ જોઈએ. એમાંથી ન્યાતજાતના ઝઘડા ઊભા થયા. તે મેં સફળતાથી લડી લીધા. પણ તે દિવસે એ લડત બહારની એક બીજી વસ્તુ થઈ. હિંદુઓ તો વર્ણના ક્રમ પ્રમાણે ઉપર નીચે બેઠા. તેને અંગે અમારી ન્યાતનું યોગ્ય સ્થાન મેળવવા માટે હું લડ્યો હતો. પણ હાઈસ્કૂલમાં જે મુસલમાન, પારસી છોકરાઓ હતા એમને સૌથી છેલ્લે નોખા બેસાડ્યા હતા. એમને માટે રંગોળી ન મળે. એમની આગળ અગરબત્તી પણ ન હતી. મને એનું માઠું લાગ્યું. અન્યાયની ચીડ મારામાં ભરેલી હતી જ પણ તે દિવસનો મારો અનુભવ ચીડથી કાંઈક જુદો હતો. એ મુસલમાન, પારસી વિદ્યાર્થી હું જ છું અને મારું અપમાન થાય છે એવી ભાવનાથી હું ઘવાયો. કોઈ બીજા માણસનું અપમાન થતું હોય અને એ સહેલાઈથી ગળી જતો હોય તો આપણે પણ આંખ આડા કાન કરીને ચૂપચાપ બેસી જઈએ છીએ, પણ આ તો મારું જ અપમાન થયું, હું જ ઘવાયો. એ મૂગે મોઢે કેમ સહેવાય? મેં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તરત જ એ લોકોને પીરસવાનું મારે માથે લીધું. બધાને પહોંચે તે પહેલાં એમને પીરસી આવું. હેતપૂર્વક આગ્રહ કરું. એક બાટલીવાળા છોડીને બીજા કોઈ મારા વર્ગના છોકરા ન હતા એટલે એમની સાથે મારી દોસ્તી ન હતી. મને આમ ખાસ એમની જ સેવામાં આવેલો જોઈ એમને પણ આશ્ચર્ય થયું, કેમ કે હું જનરલ સેક્રેટરી (પ્રધાન મંત્રી) હતો. ગામના મોટા મોટા આગેવાનો આગળ ઊભા રહીને પોતાની પ્રતિષ્ઠા વધારવાનો મારો હક્ક હતો. પણ એ કામ માટેના ઉમેદવારો ઓછા ન હતા. સ્નેહસંમેલનનો પ્રસંગ પૂરો થયા પછી એ લોકો જોડે વિશેષ દોસ્તી કેળવવાનો મેં પ્રયત્ન કર્યો નહીં, કેમ કે, મને મારા વર્ગના દોસ્તદારો પૂરતા હતા.

૧૯
अुपनयन

મહારાષ્ટ્રમાં ઉપનયનવિધિને મુંજ કહે છે. દરેક બ્રાહ્મણ બાળકની આઠમે વર્ષે તો મુંજ થવી જ જોઈએ. પાંચમે વરસે પણ મુંજ કરતા. સોળ વરસ સુધી મુંજ ન થાય તો એ છોકરાનું બ્રાહ્મણ્ય ગયું. માબાપને પણ કંઈક પાપ લાગતું હશે. સામાન્યપણે બાર વરસ પહેલાં મુંજ થઈ જ જતી હતી. જનોઈ પહેરવી અને વેદના મંત્ર શીખીને બે અથવા ત્રણ વખત સંધ્યાવંદન કરવું એ આ વિધિના મુખ્ય ભાગ છે. પણ લૌકિક દૃષ્ટિએ કેડે મુંજા ઘાસની દોરી બાંધી લંગોટી પહેરવી એ આ વિધિનો મુખ્ય ભાગ ગણાતો હશે. તેથી આ વિધિનું નામ મુંજ પડયું. બીજા પ્રાન્તોમાં ઉપનયનવિધિનું નામ જનોઈ છે, જે વધારે બંધ બેસતું છે.

અમારા પ્રાન્તમાં, તે દિવસોમાં, છોકરાઓ આઠ વરસ સુધી ઘરમાં નાગા ફરી શકતા હતા. બહાર જતી વખતે ધોતિયું કે ઇજાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(પાયજામો) પહેરવાનો રિવાજ હતો. ઘરમાં એક પહેરણ હોય એટલે બસ.

મુંજ થયા પછી લંગોટી પહેર્યે જ છૂટકો. જનોઈનો વિધિ થાય તે વખતે કેડે મુંજ ઘાસની દોરી બાંધે છે પણ પાછળથી કાં તો રેશમનો દોરો હોય, નહીં તો એક જનોઈ જ કેડે બાંધેલી હોય. રેશમનો દોરો છેક નાનપણથી પણ કેડે બાંધી રાખતા હતા.

મારા મોટા ભાઈ કેશુની કે ગોંદુની જનોઈનો ઉત્સવ હતો. શરણાઈ અને ચોઘડિયાં વાગતાં હતાં. મિષ્ટાન્ન ખાવાને મળતું હતું. હું ક્યાંક રમતો હોઈશ. એક જુવાને મારી પાસે આવીને કહ્યું, "ચાલ, તારા પિતા તારા ભાઈને લંગોટી પહેરાવે છે તે જોવા ચાલ. આજે તારા ભાઈનું છેલ્લું નાગું દર્શન કરી લે. હવે પછી ફરી એ તને નાગો જોવાને નહીં મળે." છેલ્લા દર્શનમાં કાંઈ ખાસિયત છે એમ મને લાગ્યું નહીં. ગયો અને જોઈ આવ્યો. સેંકડો લોકો વચ્ચે મારા ભાઈ, પિતાશ્રી આગળ સાવ નાગા ઊભા હતા. પિતાશ્રીએ પ્રથમ ઘાસની દોરી એને કેડે બાંધી. ત્યાર પછી પીળા રેશમની (જેને તાપૂતા કહેતા હતા) લંગોટી એને પહેરાવી. પછી આગળનો વિધિ ચાલ્યો.

જે વસ્તુ ફરી કરાય નહીં, એક જ છેલ્લી વાર જે થતી હોય તે કાંઈક મહત્ત્વની છે. એમ હું સમજતાં શીખ્યો. નાગાપણું છોડીને લંગોટી પહેરવી એ સંયમનું એક લક્ષણ હતું.

એ જ પ્રમાણે જનોઈ આપતા પહેલાં બટુકને માતા સાથે, માતાની થાળીમાં જમવા બેસાડવાનો નિયમ હોય છે. જનોઈ મળી એટલે બટુક તે દિવસથી આખો જન્મારો કોઈનું—માતાનું પણ એઠું ખાઈ ન શકે. માતા સાથેનું બાળકનું આ પહેલવહેલું જુદા પડવાપણું હોવાથી જનોઈના વિધિનું આ એક મહત્ત્વનું અંગ હોય છે. માતા સારામાં સારાં કપડાં પહેરે છે. બધાં સગાંવહાલાં પંક્તિએ આવીને બેસે છે. વાજિંત્ર વાગે છે. એમ કરી એ વિધિને બની શકે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેટલું ઉત્સવનું રૂપ આપવામાં આવે છે. બાળકને એમાં ખૂબ મજા પડે છે. પણ માનો ચહેરો જોવા જેવો થઈ જાય છે! આઈ મહા-મુશ્કેલીએ આંસુ ખાળી શકી હતી. કેમ કે શુભ કાર્ય વખતે આંખમાંથી આંસુ કઢાય નહીં. એટલામાં કોક ચોખલિયું બોલી ગયું, "બસ આજ સુધી દીકરો માનો હતો, હવે તો વેદાધ્યયન માટે ગુરુનો થઈ ગયો. સારું છે કે પિતા જ ગુરુ હોય છે. હવે આવતી કાલથી આ જ દીકરો માને બારણે ॐ भवति भिक्षां देहि કરીને ભિક્ષા માગવા ઊભો રહેવાનો!" આટલું સાંભળ્યું અને માની આંખમાંથી દડદડ ચાર ટીપાં પડી જ ગયાં. ખરું જોતાં કશો જ ફેર થતો નથી. છોકરો ઘરમાં જ હોય છે, માની થાળીમાં ભલે બેસી ન શકે, પણ મા એને હેત ભરીને ખવડાવી તો શકે જ છે. છતાં હવે પછી એક થાળીમાં જમાય નહીં એ બંધન માતાને ભારે થાય જ છે. કેટલાક લાડમાં ઊછરેલા છોકરાઓ પણ માને રોતી જોઈને પોતે રોઈ પડે છે.

છેલ્લી વાર માણી લેવાની વાત મેં બીજા એક બે પ્રસંગે જોઈ છે.

અમારા જમાનામાં બ્રાહ્મણો ડુંગળી કે લસણ ખાય નહિ અને ખાય તોયે કબૂલ કરે નહીં. બહુ ટેવ હોય તો ડુંગળી રાત્રે ખાતા. બપોરે જે રંધાય તે ભગવાન આગળ ભોગ તરીકે ધરાતું હોવાથી બપોરે રસોઈમાં ડુંગળી વપરાતી નહીં.

પણ ચાતુર્માસ બેઠું એટલે ડુંગળી બિલકુલ બંધ. (ચાતુર્માસ્ય એટલે આષાઢી એકાદશીથી માંડીને કાર્તિકી એકાદશી સુધીના વરસાદના ચાર મહિના—અર્થાત્ ચોમાસું.) હવે ચાર મહિના સુધી ડુંગળી ખાવાની ન મળે એ હાડમારી સહન કરવાની. પૂર્વતૈયારી તરીકે આષાઢ સુદ નોમને દિવસ કાંદેનોમીનો ઉત્સવ થાય છે. તે દિવસે ડુંગળીના શોખીનો ધરાઈને ડુંગળી ખાઈ લે છે. ભજિયામાં, શાકમાં અને દાળમાં તો ડુંગળી હોય જ, પણ કેટલાક તો રોટલીમાં અને ભાતમાં પણ ડુંગળી નાખીને ખાય છે. હું કહેતો હતો કે, "તે દિવસે જમ્યા પછી હાથ ધોવા માટે જે પાણી વપરાય છે તે પણ ડુંગળીનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ પાણી હોવું જોઈએ." ડુંગળી પ્રત્યે મારો આમ કે આમ પક્ષપાત ન હતો, છતાં દૂધમાં ડુંગળીની વાસ ભળે એટલે મારે માટે એ અસહ્ય થતી. પણ કાંદાનોમને દિવસે ડુંગળીનું રાજ હોય. એને તે દિવસે બધે પહોંચવાનો અધિકાર.

કાંદાનોમનું તત્ત્વ એથી આગળ વધેલું જોયું તે હોળીના ઉત્સવમાં. આખું વરસ સજ્જનતાની ભાષા બોલવી, મોઢામાંથી ગાળ ન કાઢવી એ હાડમારી વેઠ્યાની બક્ષિસ તરીકે હોળીને દિવસે અપશબ્દો બોલવાની છૂટ લેવાતી. ભાષાની જેટલી ગાળો લોકોને યાદ હોય અથવા ભુલાયેલી હોય તે બધી તે દિવસે તાજી થવાની. નાના અને મોટા ટોળે વળીને શેરીએ શેરીએ ફરે, એકબીજાને મોઢે રાખ ચોપડે, ગંદી આકૃતિની છાપો એકબીજાના પહેરણ ઉપર ચોડે અને સ્ત્રી-જાતિનું અપમાન થાય એવા બીભત્સ શબ્દના બરાડા પાડે. તે દિવસે આખા સમાજની સ્ત્રીઓની હિંમત શી કે રસ્તા પરથી ચાલે! ધૂળ-વડનો એક આવો દિવસ ગાળ્યો એટલે લોકોને એક આખું વરસ ડાહ્યું મોઢું રાખવાની અને શરાફત જાળવવાની હિંમત આવે!

જૂના 'ધાર્મિક' જીવનમાંથી સરખા દેખાતા પણ એકબીજાથી તદ્દન જુદા ચાર દાખલાઓ એકસામટા યાદ આવ્યા. એમાંથી બોધ શો લેવો? માની થાળીમાં મા સાથે ખાવા બેસવું એમાં એઠાજૂઠાનો દોષ છે એમ સિદ્ધાંતો ગમે તેટલું કહે તોયે નાનપણથી માબાપ સાથે જમવાની જેને ટેવ હોય તે કાંઈ માનવાનો નથી કે આપણે એ ગંદી ટેવમાંથી ઊગરી ગયા. કેટલાક વૈષ્ણવો એક કોળિયો મોંમાં નાખ્યા પછી એઠાં આંગળાં ધોઈને પછી જ બીજો કોળિયો લે છે. બીજા કેટલાક તો ભગવાનની પૂજામાં બેઠા હોય ત્યારે અક્ષત ચડાવે અને શંખમાં રાખેલા પાણી વડે હાથ ધુએ, પછી ફૂલ ચડાવે અને ફરી એ જ રીતે હાથ ધુએ. મારા નાના તો છેલ્લે છેલ્લે સાકરનો ગાંગડો મોંમાં નાખવો હોય તોયે હાથપગ ધોઈને, ધાબળ પહેરીને પછી જ સાકર મોંમાં નાખતા. (ધાબળ એટલે ઊની અબોટિયું.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ કાંદાનોમ અને ધૂળવડના રિવાજોમાં દાખલ કરેલા safety valveનો ખરેખર કાંઈ ઉપયોગ છે ખરો? આ સિદ્ધાંતોનું હું અહીં વિવેચન નથી કરવા માગતો, પણ આવા દાખલાઓની મારા મન ઉપર સારીનરસી ઘણી ઊંડી અસર થઈ છે. એટલું અહીં કહી દઉં કે એક બે વાર દૂરનાં સગાંવહાલાંઓના ખેંચી જવાથી ધૂળવડના ટોળામાં હું શામિલ થયો છું પણ પ્રોત્સાહનથી કે ધમકીથી પણ તેઓ મને એ બીભત્સ પ્રકારમાં ભેળવી શક્યા ન હતા.

૨૦

नवी संध्या

મને જનોઈ કંઈક મોડી અપાઈ હતી. એટલે ઘણા દિવસ સુધી જનોઈ માટે ઝંખતો હતો. જનોઈ મળતાંવેંત ઘણા ઉત્સાહથી મેં સંધ્યાવંદનના મંત્રો શીખી લીધા. પછી પુરુષસૂક્તના મંત્રો કંઠે કરવાનો વારો આવ્યો. વિષ્ણુસૂક્ત તો એની સાથે જ હોય. પૂજાના ઘણાખરા પૌરાણિક મંત્રો મેં જનોઈ મળી તે પહેલાં જ મોઢે કર્યાં હતા. એટલું જ નહીં પણ પિતાશ્રીને પૂજામાં તાંત્રિક મદદ કરતી વખતે એ મંત્ર હું વાપરતો પણ ખરો.

આગળ જતાં કર્મકાંડ અને ભક્તિકાંડ બંને કાંઈક મોળા પડ્યા-અને પ્રાર્થનામાં ઈશ્વરનાં રૂપ, આયુધ અને અલંકાર કરતાં ઈશ્વરના ગુણો અને માણસની નૈતિક જવાબદારી વિશે જ વધારે આકર્ષણ જાગ્યું. ઈશ્વર સમર્થ છે એ વિશે શંકા ન હતી, પણ સામર્થ્યનાં વખાણ કરવાં એમાં કાંઈ મહત્ત્વ ન રહ્યું. ઈશ્વર જેમ સમર્થ છે તેમ ન્યાયી છે. જેમ એ સર્વજ્ઞ છે તેમ ક્ષમાવાન છે. કર્મના સિદ્ધાંત વડે એ સૃષ્ટિ ચલાવે છે, પણ સાથે સાથે પ્રાર્થનાને પણ અવકાશ રહે છે — વગેરે વાતો હું ઘણે અંશે સમજતો થયો. તે વખતે હું અંગ્રેજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રીજીમાં હોઈશ. સંધ્યાના મંત્રો અને સવારસાંજની સંધ્યા બંને છૂટી ગયાં અને તેને ઠેકાણે નિશાળમાં શીખેલાં ગીતો હું ભક્તિભાવપૂર્વક સવારસાંજ ગાતો. એનો પ્રારંભ અમુક આર્યાથી થતો.

देवा ! परम-समर्था दीनदयाळा, प्रभो, जगन्नाथा ।
आलों शरण तुला मी. दीन तुझ्या ठेवितो पदीं माथा ॥

એક દિવસે સમુદ્રકાંઠે ફરવા ગયેલા. ત્યાં દેવીદાસે મને પૂછ્યું, "કેમ, તમે સવારસાંજ સંધ્યાવંદન કરો ખરા ?" મેં એને સામે પૂછ્યું, "તું કરે છે ?" એણે કહ્યું, "હાસ્તો, સંધ્યાવંદન વગર બ્રાહ્મણ રહી શકે ખરો ? પણ મારા સવાલનો જવાબ તેં આપ્યો જ નહીં ? કંઈક પાણી મરતું લાગે છે !" મેં કહ્યું, "સાચી વાત એ છે કે સવારસાંજ સંધ્યાવંદન કરું જ છું. કરું છું એટલું જ નહીં પણ તારી પેઠે યાંત્રિક ઢબે નથી કરતો, ભક્તિભાવપૂર્વક કરું છું. ફરક એટલો જ કે મેં આપણા રૂઢ સંસ્કૃત મંત્રો છોડી દીધા છે. હું મારી ઉપજાવેલી સંધ્યા જ કરું છું." મારા નવા મંત્રો કયા એ મેં એને કહ્યું નહીં, કેમ કે એ આર્યાઓ એ પણ દર રવિવારે નિશાળના નીતિના વર્ગમાં ગાતો હતો ! પણ એ બધું પૂછવાનું એને ક્યાંથી સૂઝે ? નવી સંધ્યા મેં ઉપજાવી કાઢી એ ધૃષ્ટતાથી જ એ ચકિત થઈ ગયો. એણે કહ્યું, "શું તમે કોઈ ઋષિ છો કે નવી સંધ્યા ચલાવી શકો ? કોઈ પવિત્ર ઋષિમુનિ હોય, એણે ભારે તપશ્ચર્યા કરી હોય ત્યારે એને મંત્રદેવતાનો સાક્ષાત્કાર થાય. પછી એ નવી સંધ્યા ચલાવે." મેં મોઢું ખૂબ ગંભીર કરીને જવાબ વાળ્યો : "આપણે આપણા પૂરતા ઋષિ છીએ. તપશ્ચર્યા હવે પછી થશે." એણે ફરી પૂછ્યું, "પણ તને આ બધું સૂઝ્યું ક્યાંથી ?"

મેં ગપોડાં ચલાવ્યાં. મરાઠી કવિઓના પૌરાણિક ગ્રંથો વાંચીને મારી કલ્પનાશક્તિ ખૂબ તેજ થઈ હતી. મેં કહ્યું, "ગોકર્ણમાં કોટિ-તીર્થમાં નાહવા ગયો હતો. ત્યાં નાગલોકો મને ખેંચીને પાતાળ લઈ ગયા. ત્યાં એક આશ્રમ હતો. દાઢીજટાવાળા ઋષિઓ ત્યાં તપ કરતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતા ઇ. ઇ." દેવીદાસ એ બધું સાચું માનતો હતો એમ નહીં, પણ એ સવાલો પૂછીને વિગતો માગતો જાય અને हुं वचनें का दरिद्रता એ ન્યાયે અદ્ભુત રસ પીરસતો જાઉં. એટલું સારું હતું કે વખત થયે ઘેર આવવાની ફરજ બન્નેને માથે હતી.

બાળપણમાં આવા પ્રસંગો બહુ મહત્ત્વના નથી હોતા. પણ દેવીદાસનું એક વચન મારા મનમાં ચોંટયું: "શું તમે કોઈ ઋષિ છો કે પોતાની સંધ્યા ચલાવી શકો?"

ધાર્મિકતા કેળવવા માટે ઇંતિજાર હોવા છતાં મેં ગપોડાં કેમ ચલાવ્યાં? મારી પ્રાર્થનામાં એક આર્યા (ગીતિ) હતી—

श्रद्धा सद्धर्मावर सच्छास्त्रावर सदा असो द्यावी ।
पाखंडवाद नास्तिकपण यांची अभिरुचि मनिं नसावी ।।

ગપોડાં એટલે અસત્ય. કલ્પનાતરંગ ઉપર તરતું મૂકેલું અસત્ય. એમાં સુરક્ષિતતા એટલી જ હતી કે સામેનો માણસ સાચું માનીને ભોળવાય એની શક્યતા ન હતી. પુરાણો રચનારા કવિઓ જે ગપોડાં લખતા તેના પર તેઓ પોતે જ શ્રદ્ધા કેળવતા અને સામાન્ય જનતા પણ એ બધું સાચું છે એમ માને એવી અપેક્ષા રાખતા. પોતે ચલાવેલી કલ્પના કે ભ્રમણા પોતાના પર જ કેમ સવાર થઈ શકે છે— આ એક માનસશાસ્ત્રનો કોયડો છે.

દેવીદાસે પૂછેલો પ્રશ્ન કે "નવી સંધ્યા રચવા માટે શું તમે કોઈ ઋષિ છો?"—હિંદુધર્મનું આખું રહસ્ય પ્રગટ કરે છે. હિંદુધર્મ પ્રગતિશીલ છે. વિકાસ માટે એમાં દરેક જાતનો અવકાશ છે. જૂનું છોડી દેવાની અને નવું ધારણ કરવાની છૂટ એમાં પ્રથમથી જ છે.

પણ એ ફેરફારો ગમે તે માણસ ન કરી શકે. જેણે નિષ્ઠાપૂર્વક ધર્મનું પાલન કર્યું છે, તપશ્ચર્યા કરીને વાસના, દુરભિમાન, સંકુચિતતા, એકાંગિતા અને અદૂરદૃષ્ટિ આદિ દોષો જેણે બાળી નાખ્યા છે એવો માણસ જ હિંદુધર્મમાં ફેરફાર કરી શકે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આગળ જતાં જ્યારે મેં ધર્મશાસ્ત્રોનો મૂળ સંસ્કૃતમાં અભ્યાસ કર્યો ત્યારે જોયું કે દરેક સ્મૃતિગ્રંથના પ્રારંભમાં ઋષિનું વર્ણન કરી નવી સ્મૃતિ ચલાવવાનો એ ઋષિનો અધિકાર આડકતરી રીતે અચૂક સૂચવવામાં આવે છે. તપ કરીને જેમણે પાપોનો ક્ષય કર્યો છે એવા ઋષિઓએ लोकहितकाम्यया આ બધું લખ્યું છે અને તે પણ કલિયુગને કારણે લોકોની મૂંઝવણો વધી તેને પહોંચી વળવા માટે કારુણ્યથી તેમણે નવું બંધારણ બાંધી આપ્યું — એ જાતનો પ્રાસ્તાવિક ભાગ એમાં હોવાનો જ.

મેં જોયું છે કે છેક નાનપણથી મારામાં એક વૃત્તિ જૂનું સાચવવા તરફ ઢળે છે, જ્યારે બીજી વૃત્તિ જૂનું છોડીને અથવા તોડીને એને ઠેકાણે તદ્દન નવી વસ્તુ ઊભી કરવાનો આગ્રહ સેવે છે. અને ખૂબી એ કે, મારું માનસ એ બન્ને વૃત્તિની કદર કરી, બે વચ્ચે સાધી શકાય એવો સમન્વય શોધે છે. નાનપણમાં એ વસ્તુ છીછરી હતી, કંઈક અણઘડ હતી અને સમન્વયમાં સુમેળનું સંગીત પેદા થતું જ હતું એમ નહીં, છતાં પ્રયત્ન એ દિશામાં જ રહેતો.

મૂર્તિપૂજા તરફ કલાત્મક આકર્ષણ હોવા છતાં ભગવાનના સૌન્દર્યનાં વર્ણનો મને અણછાજતાં જેવાં લાગતાં. ભગવાનને પહેરાવેલાં કપડાં અને આભૂષણો મારી અભિરુચિ સાથે બંધબેસતાં ન હતાં તેથી એ વર્ણનો વાંચીને વિરસ જ થતો. ભગવાનનાં ગુણગાન પણ ઘણી વાર મને કૃત્રિમ લાગ્યાં છે અને એ અસંતોષમાંથી મેં મારી ભગવાન વિશેની કલ્પના દહાડે દહાડે વિશુદ્ધતર અને વિશુદ્ધતમ બનાવી.

આવા અસંતોષમાંથી ચિકિત્સક બુદ્ધિ જાગી. વિચારો નિર્દોષ થવા લાગ્યા પણ એ અસંતોષને કારણે ઉપાસનાની એકાગ્રતા તૂટી અને ઉત્કટતા મોળી પડી. પણ આને વિશે વિસ્તારપૂર્વક સ્વતંત્ર રીતે લખવું જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૧

ईशकृपा हि केवलम् ।

મેં ક્યાંક લખ્યું જ છે કે અમે સાવંતવાડીમાં હતા ત્યારે વિઠુ કરીને એક પટાવાળાએ મારી આગળ ઈશ્વરભક્તિની ઘણી વાતો કરી હતી. એ જે કહેતો તેમાં એનો પૂરેપૂરો વિશ્વાસ હતો, અને એવી ઉત્કટતાથી કહે કે એની અસર હૃદય સુધી પહોંચ્યા વગર રહેતી નહીં.

એણે એક વાર બપોરને વખતે નવરાશની વાતો ચાલતી હતી ત્યારે કહ્યું કે માણસ ૧૪ વરસ પૂરાં કરે ત્યાં સુધી એની બાળપણની ભૂલો ભગવાન માફ કરે છે. ત્યાર પછી કરેલી ભૂલો માટે સજા થઈ શકે છે કેમ કે ૧૪ વરસ સુધી માણસને સારા-નરસાનો ખ્યાલ નથી હોતો. ૧૪ વરસ પછી એ બધું સમજતો થાય છે. ત્યાર પછી કરેલાં પાપો ભૂલથી કે અજ્ઞાનમાં થયાં એમ ન ગણાય.

મને લાગે છે કે તે વખતે હું બારેક વરસનો હોઈશ. નક્કી યાદ નથી. મને થયું મારી આગળ કેટલી સુંદર તક છે. હજી મને ૧૪ વરસ થયાં નથી. તે પહેલાં જ મને આટલું જ્ઞાન મળ્યું છે તો તેનો લાભ હું કેમ ન ઉઠાવું?

તે વખતે મનમાં એવો વિચાર ન ઊઠ્યો કે ભગવાને ૧૪ વરસ જ કેમ પસંદ કર્યાં? આ ૧૪ વરસની મુદત માણસને કોણે કહી હશે? કયા સંત પુરુષે ભગવાનનું મન જાણ્યું હશે? મનમાં એવો વિચાર પણ ન આવ્યો કે બારમે વરસે જ જો આ વાતની ખબર પડી અને સારા-નરસાનો વિવેક મનમાં જાગ્યો તો હવે પછીનાં બે વરસ સુધી ભગવાન શા માટે ક્ષમા કરે? ૧૪ વરસ તે પંચાંગ પ્રમાણેનાં ૧૪ વરસ કે સમજણશક્તિની ૧૪ વરસ જેટલી પરિપક્વતા?

આવા વિચારો તે વખતે મનમાં ન આવ્યા એ સારું જ થયું. મનમાં એવી ધન્યતા ઊપજી કે અત્યાર સુધી થયું તે થયું. એનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખરખરો કરીને માયૂસ થવાની કશી જરૂર નથી. એ બધું ભૂલી જઈને અને આજથી જ તમામ દોષો ટાળીને પુણ્યનો સંચય કરીએ. મેં મનમાં કેટલાયે સંકલ્પો કર્યા.

માબાપની જિગરથી સેવા કરીશ. ભાઈઓ સાથે કજિયો નહીં કરું. સ્વાર્થને વશ થઈ કોઈ પણ પ્રકારની વધુ સગવડો નહીં માગું. અતિથિ તથા અભ્યાગત તરફ બેદરકારી નહીં બતાવું. કોઈની પણ સેવા કરવાની તક મળે તો તે નહીં છોડું. કીડીમંકોડા વગેરે પ્રાણીઓને નહીં છેડું. ચકલી, કાગડા, પોપટ વગેરે પ્રાણીઓ માટે પીવાનું પાણી ક્યાંક મૂકી રાખું. ગાયભેંસને શિંગડાં વચ્ચે ખંજવાળું. એવા એવા સૂઝે તેવા અનેક સંકલ્પો મેં કર્યા. તેમાંથી સૌથી પહેલા સંકલ્પે નિશ્ચિત રૂપ પકડ્યું તે એ કે સવારે ઊઠતાંવેંત પિતાશ્રી અને મા જ્યાં હોય ત્યાં જઈને એમને પગે લાગું. આ વાત મેં નવી શરૂ કરી ન હતી. આથી નાની ઉંમરમાં પણ પગે લાગતો હોઈશ પણ હવે એ નિયમિત શરૂ થયું. નામસ્મરણનું પણ એમ જ. આપણે ધર્મનિષ્ટ છીએ, બીજા લોકો કરતાં સારા છીએ, એ ભાન આમાંથી સૌથી પ્રથમ જાગ્યું. આવી ઉંમરે આવા ભાનમાંથી મીઠાં જ પરિણામો આવે છે એમ નથી.

બીજા છો ગમે તેમ વર્તે પણ હું તો મારે રસ્તે જ જવાનો, બીજા ક્યાં મારી પેઠે સાધક છે? એ જાતનું ભાન માણસને અનેક અનુકરણોમાંથી બચાવે છે અને જાગૃતિનો લાભ આપી ચડવામાં મદદ કરે છે.

રોજ નાહ્યા પછી આપણે હવે કેટલા સ્વચ્છ થયા છીએ એ જાતનું ભાન જેમ અંગઅંગમાંથી સ્ફુરતું તેવું જ કાંઈક ભાન ઉપરના સંકલ્પો પછી હું અનુભવવા લાગ્યો. એની સરખામણી જનોઈ મળ્યાની દીક્ષા સાથે જ કરી શકાય.

આજે જ્યારે એ દિવસોનું સ્મરણ કરું છું ત્યારે લાગે છે કે મેં જે કાંઈ પાપો કર્યાં હશે તે બધાં આ ૧૨–૧૪ વરસ પછીનાં જ છે. ૧૪ વરસ સુધીનાં પાપો ઈશ્વર તો શું પણ મારા જેવો માનવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ ક્ષમા કરી શકે છે. જે પાપો માટે તે વખતે ઊંડો પસ્તાવો કર્યો તે આજે નજીવાં લાગે છે અને ૧૪ વરસ પછી જે પાપો કર્યાં તેની તો કલ્પના પણ એ ઉંમરે ઊગી ન હતી. પાપ એ કેટલી સૂક્ષ્મ વસ્તુ છે અને બહારથી તદ્દન સારા દેખાતા હોઈએ છતાં મનના ક્ષેત્રમાં કેટલો અને કેવો સડો પેસી શકે છે એનું નાનપણમાં ભાન સરખું હોતું નથી એ જ ઈશ્વરની સૌથી મોટી દયા છે.

૨

આવી મુદતને અંગ્રેજીમાં Period of grace કહે છે. આની કલ્પના, એક યા બીજી રીતે, બધા ધર્મોમાં જોવામાં આવે છે.

ખ્રિસ્તીઓ માને છે કે ઈસા મસીહનો જન્મ થયો ન હતો ત્યાં સુધી માણસને ધર્મનું સાચું જ્ઞાન જ ન હતું. તેથી ઈસા પૂર્વેના દિવસો અધન્ય દિવસો હતા. ઈસા મસીહ આવ્યો અને દુનિયા ધન્ય થઈ. હવે દરેક માણસ માટે પશ્ચાત્તાપ કરવાનો અને ઈશ્વરની ક્ષમા મેળવવાનો રસ્તો મોકળો થયો.

ઇસ્લામની માન્યતા છે કે દરેક દેશ માટે અને દરેક યુગ માટે લોકોને ચેતવી ખબરદાર કરનાર અને એમને ઈશ્વરનો પેગામ પહોંચાડનાર કોઈ ને કોઈ નબી મોકલવામાં આવે જ છે. એવા નબીની નસીહત કાને પડી ન હોય ત્યાં સુધી માણસ પાપ કરવાનો જ. એને માટે એની જવાબદારી નહીં જેવી ગણાય. પણ નબીની વાણી કાને પડી એટલે માણસની જવાબદારી વધી. પછી તો એ પ્રમાણે ન ચાલવા માટે એને માટે કશું કારણ નથી. કુરાનનો ભગવાન કહે જ છે કે, અય લોકો અમે તમને તમારા ભલા માટે એક નબી મોકલ્યો. એણે તમને ચેતવ્યા, છતાં તમે એની વાત માની નહીં. હવે તમે કયે મોઢે ક્ષમા માગી શકો છો ?

ભગવાન તરફથી ક્ષમા થાય છે એને માટે મુદતની આવશ્યકતા નથી પણ પૂર્ણ પશ્ચાત્તાપ જરૂરી છે. માણસની પાપ કરવાની શક્તિ કરતાં ભગવાનની પાપની ક્ષમા કરવાની શક્તિ વધારે છે એમ પતિત-દશા અનુભવ્યા પછી ઈશ્વરકૃપાથી ધન્ય થયેલા સંતોએ એકરાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કર્યો છે. એનું કારણ એટલું જ કે ભગવાન અંતર્યામી છે, આત્મારામ છે. તે શુભ સંકલ્પ છે; અને સત્ય-સંકલ્પ તો છે જ. પશ્ચાત્તાપ અને પ્રાયશ્ચિત્ત બન્નેને કર્મના સિદ્ધાન્તમાં સ્થાન હોવાથી જ ઈશ્વરની ન્યાયનિષ્ઠા અને કૃપાલુતા એકરૂપ થાય છે.

સંધ્યા, અઘમર્ષણ, પ્રાર્થના અને ઉપાસના — એ બધા પ્રકારો ઈશ્વરની કૃપાને જાગ્રત કરવા માટે છે.

૨૨

धर्मवृत्ति केळववानां क्षेत्रो

મારી કલ્પના પ્રમાણે ધર્મમાં નીચેની વસ્તુનો અંતર્ભાવ થાય છે; એની સિદ્ધિ એ જ ધર્મલાભ.

૧. સ્વચ્છતા, સુઘડતા, આરોગ્ય અને સર્વ-હિતકારિતા.

૨. અખંડ જ્ઞાનોપાસના અને વધતી જતી કર્મકુશળતા.

૩. સંસ્કારિતા, પરસ્પર મેળ. (સામંજસ્ય)

૪. પરોપકાર, દયા, પ્રેમ અને કલ્યાણબુદ્ધિ.

૫ દુઃખનિવારણ, અન્યાયનો પ્રતિકાર, સંકટ અને અરિષ્ટ સામેની જહેમત.

૬. સ્વાર્થ, મત્સર અને કપટનો ત્યાગ, નિખાલસતા, ઋજુતા, હૃદયની એકતા.

૭. મનુષ્યસમાજ, પ્રાણીઓ અને આ આખા વિશ્વના હૃદયની પિછાન અને એની સાથેની એકતા અને તેમાંથી ઉત્પન્ન થતો આનંદ.

૮. આત્માનું પરમાત્મા તરફ વહેવાપણું, યોગ અને એની સાધના.

૯. એ યોગ સાધ્ય થાય એ માટે ઇન્દ્રિયજય, વાસનાત્યાગ, સંયમ, જડ ઉપર ચૈતન્યે મેળવવાના વિજયની સાધના.

૧૦. સામાન્ય સમાજમાં ભિન્ન ભિન્ન લોકોમાં અને વર્ગોમાં સંકુચિતતા અને સ્વાર્થબુદ્ધિ રહેવાની જ છે એમ સમજી એના ઉપર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સામાજિક અંકુશ મૂકીને વ્યક્તિઓ અને વર્ગો વચ્ચે સમાધાન અને સ્નેહભાવ (સંઘર્ષનો અભાવ) પેદા કરવા માટે કરેલી વ્યવસ્થા.

૧૧. જીવનક્રમમાં આ જાતનું સામંજસ્ય ઉત્પન્ન કર્યા પછી જે જીવનકાવ્ય પેદા થાય છે, એને પ્રસન્ન-ગંભીરપણે માણવા માટે ઊભી કરેલી સંસ્થાઓ.

૧૨. સમાજનાં ભિન્ન ભિન્ન અંગો અને અવયવો વચ્ચેના સહયોગ માટે અત્યંત જરૂરી એવી લાગણીઓ અને તેમાંથી ઉત્પન્ન થતા સંબંધોની સુવાસ, મીઠાશ અને સંગીતની ખિલવણી.

૧૩. ભૂત, વર્તમાન અને ભવિષ્ય એમ ત્રણે પેઢીઓની પરંપરા જળવાય, એમની સાંકળ સંધાય અને એ રીતે સંસ્કૃતિની મૂડી સચવાય, વધારાય અને જીવતી રખાય એ માટે ઉત્પન્ન કરેલી પવિત્ર સંસ્થાઓ, કથાઓ અને ટેકો.

૧૪. પોતાની ટેવો અને શરીરની મર્યાદાઓ એ બધાની કદર કરી ભૌતિક સૃષ્ટિ, પ્રાણીજગત અને મનુષ્યસમાજ, ત્રણેની સેવા લઈ, તેમ જ એમની સેવા કરી, જીવન પરિપુષ્ટ કર્યા પછી યથાકાળે એમાંથી અલિપ્ત અને મુક્ત થવા માટે યોજેલા સંકલ્પો અને ગોઠવેલી સાધના.

૧૫. તાદાત્મ્ય સાથે તાટસ્થ્યનો મેળ બેસાડી કેળવીને સ્થિર કરેલી વિશ્વાત્મૈક્યવૃત્તિ, શાન્તિ અને મુદિતા.

ઉપર કરેલું પૃથક્કરણ સંપૂર્ણ છે એવો દાવો નથી. પણ રહી ગયેલા જેવા લાગે તે મુદ્દાઓ પણ ઉપરના પૃથક્કરણમાં એક યા બીજી રીતે આવી જ જાય છે. પૃથક્કરણના એકેએક મુદ્દાના પેટામાં અસંખ્ય પેટામુદ્દાઓ અને પ્રસંગો આવી જાય છે. એ બધાનો પરિચય કેમ થયો અને પરિચયમાંથી સાક્ષાત્કાર કેમ પેદા થયો એ બધું જો વિગતવાર કહી શકાય તો જ તેને ધર્માનુભવનું સંપૂર્ણ બયાન ગણી શકાય. તેમ કરવા જતાં એમાં માનવકોટીનું લગભગ આખું જીવન આવી જાય અને એ બધી વસ્તુઓનું વ્યવસ્થિતપણે, ધાર્મિક વૃત્તિથી સ્મરણ કરવું એ જ એક મોટી ધર્મસાધના થઈ બેસે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૩

क्रतुपतिने प्रार्थना

ઉપનિષદોમાં જીવાત્માને 'ક્રતુ' કહ્યો છે. 'ક્રતુ' એટલે કરનારો. સંકલ્પ કરનારો, જ્ઞાનોપાસના કરનારો, કર્મ કરનારો, સંયમ અને સમન્વય કરનારો એવો જે માણસ, તે 'ક્રતુ' છે. એણે કરેલો જીવનયજ્ઞ પણ ક્રતુ છે. આ જીવનયજ્ઞમાંથી જે સામર્થ્ય પેદા થાય છે એ પણ ક્રતુ (Kretos= Power) જ છે. એવા ક્રતુયુક્ત માણસને ક્રતુનો આદેશ છે કે— 'ॐ क्रतो स्मर कृतं स्मर'। હે કર્મકારી મનુષ્ય, પોતાનું કરેલું સ્મરણમાં આણ. જેટલું જીવ્યો તે બધું સ્મરણ દ્વારા ફરી વાર જીવી લે, એ જ મોટી સાધના થશે. ધર્માનુભવનું સ્મરણ, ચિંતન અને નિબંધન, એ પણ એક જીવનની સાધના જ છે એવી પવિત્ર ભાવનાથી આ અનુભવો લખવાના છે, એમાં ભગવાન ક્રતુપતિ સહાય થાઓ.

૨૪

गुरुजनोनी ऊणपो

સદ્‌ભાગ્યે મારા બાળપણમાં સાવ ચારિત્ર્યહીન એવા શિક્ષક તળે ભણવાનું મારે ભાગે ન આવ્યું. એવા કોઈ હોય તો એ વિશે મારા કાન ઉપર કશી વાત આવી નહીં. લોકમાન્ય તિલકના મુરબ્બી સાથી વિષ્ણુ શાસ્ત્રી ચિપલુણકરના ચરિત્રમાં મેં વાંચ્યું છે કે નાનપણમાં એ લોકો જ્યારે મળસકે નિશાળે જાય અને વર્ગમાં શિક્ષકને ન જુએ ત્યારે તેઓ પોતાના શિક્ષકને, એમની વેશ્યાને ઘેર જઈને ઉઠાડીને લઈ આવે અને શિક્ષક પણ શરમાયા વિના, કોગળો કરીને, બાળકો સાથે નિશાળે આવે!

અમારા જમાનામાં બધા જ શિક્ષકો અમને નીતિનો ઉપદેશ કરતા અને તેથી પોતાના જીવનમાં અમુક ઊંચાઈએ રહેવાનો એમનો દાવો રહેતો. માટે સામાન્યપણે એમના પ્રત્યે મનમાં આદર રહેતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક શિક્ષકે મારા પિતાશ્રી વિશે, "તેમને ઘણી લાંચ મળતી હશે," એવું કહ્યું ત્યારે મને કેટલું માઠું લાગેલું તે મેં નોંધી રાખ્યું છે. કારવારના એક અસંસ્કારી ઘનશ્યામ વાણી માસ્તર તરફની ચીડ પણ મેં ક્યાંક નોંધી હશે. એ બાપડાનું જીવનનું ધોરણ જ હલકું. એટલે જોકે હું મરાઠી બીજીમાં હતો તોયે મને એને વિશે મનમાં તિરસ્કાર જ જામ્યો.

મારા મનમાં શિક્ષકો પ્રત્યે જે આદરભાવ પ્રયત્નપૂર્વક રેડાયો હતો તેને આવા કેટલાક કિસ્સાઓથી ભારે આઘાત પહોંચવાથી મારું પારાવાર નુકસાન થયું એમ મને મોટા થયા પછી લાગતું. પણ આજે તટસ્થપણે વિચાર કરું છું ત્યારે એ અનુભવને લીધે મને લાભ જ થયો છે એ વિશે શંકા રહેતી નથી. શિક્ષકો તેટલા બધા સારા, પવિત્ર પુરુષો, ચારિત્ર્યના દીપસ્તંભ, એમ માનવાથી મનને સંતોષ જરૂર થતો, પણ એ વૃત્તિ પાછળ શ્રદ્ધા કરતાં ભોળપણ જ વધારે હતું. અને ભોળપણ એ કોઈ પણ રીતે આધ્યાત્મિક વૃત્તિ ન જ કહેવાય. રાજનિષ્ઠ પ્રજાજનમાં ખરાબ રાજા પ્રત્યે તિરસ્કાર હોવા છતાં રાજાની ગાદી પ્રત્યે જેમ ખરેખરી નિષ્ઠા હોઈ શકે છે તે જ પ્રમાણે શિક્ષક એ શિક્ષક છે એટલા માટે જ એમના પ્રત્યે મુરબ્બીભાવ કેળવવો ઘટે છે, અને એમના વ્યક્તિગત દોષો દરગુજર કરવાના હોય છે એ વસ્તુ હું છેક નાનપણમાં જ શીખ્યો. નિશાળના બીજા વિદ્યાર્થીઓમાં એ વિવેક ન હોવાથી શિક્ષક પ્રત્યેનો તિરસ્કાર વ્યક્ત કર્યા વગર એમનાથી રહેવાતું ન હતું. હું એ દોષમાંથી સ્વાભાવિક રીતે બચી ગયો, અને એ લાભ મને આખા જીવનમાં ઘણો જ મદદગાર નીવડ્યો છે.

બાળકોના મનમાં એ વિચાર ઊગી નથી શકતો કે પોતાનાં માબાપ પોતાને માટે અત્યંત પૂજ્ય વ્યક્તિ હોવા છતાં દુનિયા માટે તેઓ સામાન્ય વ્યક્તિ જ હોય છે. માબાપ પ્રત્યેનો પૂજ્યભાવ વ્યક્તિગત સંબંધને લીધે હોય છે. એમાં માબાપની યોગ્યતા-અયોગ્યતાનો સંબંધ હોતો નથી. એવો એ સૂક્ષ્મ ભેદ શિક્ષકોને લીધે હું સમજી અને કેળવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શક્યો એ જિંદગીની મોટી મૂડી જ સમજવી જોઈએ. આને હું ધર્માનુભવ એટલા માટે કહું છું કે આવો ભેદ કરતાં શીખીને ઘણી ગડમથલમાંથી અને મૂંઝવણમાંથી હું બચી ગયો. ત્યાર પછી માબાપોના કૌટુંબિક જીવનમાં નાનોમોટો સ્વાર્થ, પક્ષપાત કે એકાંગિતા જોયા છતાં અને ધાર્મિક વિચારોમાં પણ એમનું ભોળપણ નજરે ચડ્યા છતાં એમના પ્રત્યેનો આદરભાવ ઓછો થયો નહીં અને મારાં કર્તવ્ય વિશે પણ મૂંઝવણ પેદા થઈ નહીં. શિક્ષકો પ્રત્યે આદરભાવ કેળવવાના દિવસોમાં એમના હડહડતા દોષો તરફ ધ્યાન જવાથી ઠોકર વાગ્યા જેવું જે થતું તે અનુભવ સુખાવહ ન હતો, પણ મારા ઘડતરમાં એનો ફાળો હું મહત્ત્વનો ગણું છું.

આગળ જતાં, અંગ્રેજી છઠ્ઠા ધોરણમાં ગયો હતો ત્યારે, અમારી વાગ્વર્ધિની સભામાં એક વાર ચર્ચાનો વિષય નીકળ્યો હતો કે 'દરેક યુવકે કોઈ વ્યક્તિને પોતાની નજર આગળ આદર્શ તરીકે રાખવી કે નહીં?' મારી સામેના વિદ્યાર્થીનું કહેવું હતું કે વ્યક્તિને આદર્શ તરીકે સ્વીકાર્યા વગર માણસનો વિકાસ થઈ જ ન શકે. શિવાજી, નેપોલિયન વગેરે કેટલાય દાખલાઓ એણે ટાંકયા. મેં કહ્યું કે શ્રેષ્ઠ પુરુષોના સદ્‌ગુણોની કદર તો હોવી જ જોઈએ. પણ પોતા માટે આદર્શ તરીકે કોઈ વ્યક્તિને સ્થપાય જ કેમ? એનામાં દોષો હોય, સંકુચિતતા હોય, એના જમાનાનું પછાતપણું હોય. આદર્શ તો તાત્ત્વિક ચિત્ર — abstract principle — જ હોય. આપણે એ ચિત્ર પણ અનુભવ અને ધ્યાન પ્રમાણે સુધારતા જઈએ.

મારી દલીલ મેં એટલી સચોટ રીતે રજૂ કરી હતી અને મારી બાજુ, મારી દૃષ્ટિએ એટલી સ્વયંસિદ્ધ હતી કે છોકરવાદથી ઊગરેલા અધ્યક્ષ સમારોપ કરતી વખતે મારી બાજુનું જ સમર્થન કરશે એવી મારી ખાતરી હતી. પણ અમારા કિત્તૂર માસ્તરે તેમ ન કર્યું. મારા તરફ જોઈને મને સમજાવતા હોય, મને અપીલ કરતા હોય એવી રીતે એમણે કહ્યું કે કોઈ વ્યક્તિને આદર્શ તરીકે સ્વીકાર્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વગર છૂટકો જ નથી હોતો. એના વગર માણસ ચડી જ ન શકે. કિત્તૂર માસ્તર અમારા સંસ્કૃતના શિક્ષક. જેટલા કડક, તેટલા જ વિદ્યાર્થીવત્સલ. હું જ્યારે સંસ્કૃતમાં છંદોબદ્ધ રચના કરતો ત્યારે એક બાજુ મને વઢે કે વખત કેમ બગાડે છે, અને બીજી બાજુ, પોતાનો ઠીક ઠીક વખત બગાડીને મારી કવિતા સુધારી આપે. એમના પ્રત્યે આદર ઉપરાંત કંઈક ભક્તિભાવ પણ હું સેવતો હતો. એમની વાત સાંભળીને મને દુઃખ થયું. મને થયું, આટલી વાત પણ એ સમજી શકતા નથી કે વ્યક્તિ તો અપૂર્ણ જ હોય! અપૂર્ણ વ્યક્તિને ધ્યાનમૂર્તિ તરીકે સ્થપાય જ કેમ? હું તો પૌરાણિક દેવોની ભક્તિ કરતી વખતે પણ એમના દોષોથી મૂંઝાઉં છું ત્યાં કેવળ માનવીને આદર્શને સ્થાને શી રીતે સ્થપાય?

મેં મનમાં કહ્યું, "તમે ભલે ગમે તે કહો. મારી ખાતરી છે કે મારી ભૂમિકા જ બરાબર અને શ્રેષ્ઠ છે."

૨૫

એક વ્રત

પૂજ્ય બાપુજીએ કોચરબમાં સત્યાગ્રહાશ્રમની સ્થાપના કરી હતી. મેં વડોદરા છોડ્યું ન હતું. ગિરનાર પરની દત્તાત્રેયની ટૂક જોવા માટે જૂનાગઢ જઈ હું પાછો ફર્યો હતો. અમદાવાદ ગયો અને પૂજ્ય બાપુજીના આશ્રમમાં મહેમાન તરીકે રહ્યો. એ જ વખતે અમદાવાદમાં રાજકીય પરિષદ અને સામાજિક પરિષદ થઈ હશે. સામાજિક પરિષદના અધ્યક્ષ રેંગલર પરાંજપે હતા. કઈ સાલની વાત છે એનો ખ્યાલ આવે એટલા માટે જ ઉપરની વિગત લખી છે.

આશ્રમના પ્રારંભમાં શ્રી પૂંજાભાઈ ઘણી વાર આશ્રમમાં આવતા. પ્રાર્થનાને અંતે રાજચંદ્રનું લખાણ વંચાતું તે સાંભળી એમને પરમ સંતોષ થતો. જૈનો અવારનવાર અનેક વ્રતો લે છે. વ્રતો લેનારની પ્રતિષ્ઠા એ સમાજમાં ઘણી મનાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગયો તે જ દિવસે મેં કારણવશાત્ પૂજ્ય બાપુજીને કહ્યું કે, "સૂર્યાસ્ત પછી હું જમતો નથી—જમતી વખતે મારું મૌન હોય છે અને તેથી એક વાર પિરસાવી લીધા પછી ફરી કશું લેતો નથી. ખાંડનો મેં ત્યાગ કર્યો છે." બાપુજી ઉપર આની સારી છાપ પડી. એમણે પૂંજાભાઈને કહ્યું કે, "કાકાસાહેબે અમુક અમુક વ્રતો લીધાં છે." પૂંજાભાઈ આગળ મારું માન વધ્યું. બાપુજીએ મને પૂછ્યું કે, "કેટલા દિવસનું આ વ્રત છે?" મેં દરેક વ્રતની વિગતો કહી. "આટલાં વરસથી આ ચાલે છે." એમણે પૂછ્યું, "પણ કેટલાં વરસને માટે લીધું છે?" મેં કહ્યું, "એવું તો કશું નથી. ગમે ત્યારે છોડી શકું છું." એમણે ફરી પૂછ્યું, "દર વરસે નવેસર વ્રત લો છો?" મેં કહ્યું, "એવુંયે નથી."

"ત્યારે રોજ સવારે ચોવીસ કલાકનું લેતા હશો?"

"ના, બાપુજી, એવુંય નથી. બપોરે ધારું તો બપોરે પણ છોડી શકું."

બાપુજીની ધારણા હતી કે વ્રત એક સ્વેચ્છાએ લીધેલું બંધન છે, જે અમુક મુદ્દત સુધી ન જ તોડાય એવો કંઈક નિયમ હોવો જોઈએ. મારું એવું ન હતું. મનનો નિશ્ચય ચાલે ત્યાં સુધી પાળ્યું, નિશ્ચય ફર્યો કે તે ક્ષણે છોડી દીધું.

મેં ઉમેર્યું, "પણ હું માનું છું કે મારો એ નિયમ વરસો સુધી ચાલશે. મને એની અકળામણ નથી. છોડી દેવાનું કશું કારણ નથી. કારણ ઊભું થશે તો 'આટલાં વરસ પાળ્યું છે; હવે છોડી દઉં તો આટલાં વરસનો નિર્ધાર પાણીમાં જશે' એવું મને લાગવાનું નથી."

પૂજ્ય બાપુજીએ એ વાત ત્યાં જ પડતી મૂકી. પૂ. બાપુજી મુસાફરીએ ગયા હોય ત્યારે શ્રી મગનલાલભાઈ અમને પીરસતા. કોક દિવસે કેરી કે એવી જ કોઈ વસ્તુ પીરસવાનું ભૂલી જાય એટલે વસ્તુ હાથમાં લઈને મારી આગળ આવે અને ઘણા પસ્તાય. જમી રહ્યા પછી મૌન છૂટે એટલે હું એમને કહેતો, "આખો જન્મારો જાતજાતની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વસ્તુઓ ખાઈને એટલો ધરાયો છું કે અમુક વસ્તુ ખાવાને ન મળી તો મને એનું કશું લાગતું નથી."

આ વાતને વરસો થયાં. અમે કોચરબ છોડીને વાડજ ગયા. પહેલાં તંબૂમાં રહ્યા. પછી ઝૂંપડીઓ બાંધી. આગળ જતાં અમારાં અનેક મકાનો તૈયાર થયાં. મારું કામ અનહદ વધ્યું. નાહવા, જમવા અને સૂવા પૂરતો જ ઘરમાં હોઉં. બાકીનો આખો વખત ઘરમાં અથવા બહાર વર્ગો ચાલતા હોય, ચર્ચા કરતો હોઉં, લેખો લખાવતો હોઉં, આસન વણતો હોઉં કે નદી પર વિદ્યાર્થીઓને તરતાં શીખવતો હોઉં. એક દિવસે મેં જોયું કે આખો દિવસ મારાં કામમાં રહું છું. જમતી વખતે જ શંકર, બાળ, કાકી અને હું અમે સાથે થતાં. જમવા બેસું કે મારું મૌન શરૂ થાય. બાળકોને મારો સહવાસ મળતો નથી. એમની સાથે વાર્તાવિનોદ થતો નથી. એમના પ્રત્યેના મારા કર્તવ્યમાં હું ચૂકું છું. હું જમવા માટે જઈ પાટલા ઉપર બેઠો. ગિરધારી સાથે હતો કે નહીં તે યાદ નથી. મેં કહ્યું, "જમવા ટાણે મૌન રાખું છું તેથી બાળકો સાથે વાર્તાવિનોદ થતો નથી. આજથી મારું મૌન છોડી દઉં છું." મને જરાય ન થયું કે આટઆટલાં વરસની મારી તપસ્યાનો આજે ભંગ થાય છે. મારા મોઢામાંથી મૌન છોડી દેવાની વાત સાંભળી અને બાળ પોતાના પાટલા પરથી ઊઠીને પવનદડાની પેઠે કૂદ્યો અને ધ . . . ડ દઈને પાટલા ઉપર ફરી બેઠો અને કહેવા લાગ્યો: "મજા, મજા, મજા!!"

બાળકોને મેં કેટલો અન્યાય કર્યો હતો, અને એક બાબતમાં કેટલા આનંદવિહોણા રાખ્યા હતા એનું પ્રત્યક્ષ માપ બાળના એ અંગદ-કૂદકામાંથી મને મળ્યું. મનમાં મને સંતોષ થયો પણ હું કશું બોલ્યો નહીં. કાકીને આનંદ થયો એ કહેવાની જરૂર નથી. એણે મનમાં ઈશ્વરનો ઉપકાર માન્યો હતો, પણ એ વાતનો એણે ઉલ્લેખ સરખો કર્યો નહીં. મારાં એ વ્રતોથી મને અગવડ થાત તો એ જ કારણે ઝોડની પેઠે એને વળગી રહેત. પણ હું એવો જડ કે મારા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ વ્રતની બીજાને કેટલી અકળામણ થાય છે એ મને ઊગ્યું જ નહીં. જ્યારે ઊગ્યું ત્યારે એ વસ્તુ છોડી દેતાં એક ક્ષણની પણ વાર લાગી નહીં. આ સ્વભાવને કારણે જ હું માનું છું કે હું જડ છું પણ ઘરડો નથી.

મારી વ્રતની કલ્પના સમયના બંધન સાથે સંકળાયેલી નથી હોતી. જોકે એક વાર સોપારી ન ખાવાનું વ્રત બે વરસ માટે લીધું હતું અને લજપતરાયની હદપારી પછી (૧૯૦૬ની સાલ હશે) છ વરસ સુધી ખાંડ ન ખાવાનું વ્રત લીધું હતું. પણ સમયનું બંધન ભવિષ્યને બાંધતું હોવાથી મારે મન એ સદોષ હોઈ શકે છે. જે ભવિષ્યને આપણે જાણતા નથી એને બાંધી રાખવામાં કાંઈ ભૂલ થવાનો સંભવ રહે જ છે.

સત્ય, અહિંસા આદિ જીવન-વ્રતોની વાત નોખી છે.

૨૬

सत्यनुं स्वरूप अने अेनी अुपासना

મેં એક ઠેકાણે લખ્યું છે કે સત્યનું વિરોધી તત્ત્વ અસત્ય નથી પણ સત્તા છે. અસત્ય બિચારું પાંગળું છે. અસત્ય અસત્ય તરીકે ચાલી જ ન શકે. એને સત્ય હોવાનો દાવો કરવો પડે છે. અસત્ય શબ્દના અક્ષરો જોઈને મેં કહ્યું હતું—'અરે એના પેટમાં તો સત્ય છે!' સત્ય આગળ શિર ઝુકાવીને, સત્યનાં કપડાં ઓઢીને, સત્યની છાપ ચંદનની પેઠે કપાળ ઉપર ધારણ કરીને જ એને વ્યવહારમાં ચાલવું પડે છે. અસત્ય પોતાનો સ્વાર્થ સાધતાં છતાં આણ તો સત્યની જ સ્વીકારે છે. એથી વિજય તો સત્યનો જ થાય છે.

પણ સત્તાનું એવું નથી. સત્તા સત્યનો છડેચોક વિરોધ કરે છે. સત્તા કહે છે — 'સત્યની મને પડી નથી. સત્ય ગમે તેવું હોય. એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાપડું ખૂણામાં ભલે બેસે. વ્યવહાર ચાલશે મારા હુકમ પ્રમાણે જ. રાજ મારું ચાલવાનું છે, સત્યનું નહીં.'

આમ સત્તા છડેચોક સત્યને અપમાનિત કરીને માનવસમાજને પોતાની છત્રછાયા તળે આણવા માગે છે. જ્યારે અસત્ય સત્યનું જ રાજ્ય સ્વીકારીને એના એઠા ઉપર અપમાનિત દશામાં નભવા માગે છે.

મેં નાનપણથી જોયું છે કે સત્ય બોલવું, સત્યની ઘોષણા કરવી અને સત્ય શોધવું એ મનુષ્યને માટે સહજ છે, સ્વાભાવિક છે. સત્યનિષ્ઠા ખરું જોતાં કેળવવી પડતી જ નથી. સમાજ અને ખાસ કરીને માબાપો બાળકોમાં જાણ્યે અજાણ્યે અસત્યનિષ્ઠા ઉપજાવે છે, કેળવે છે. એ અસત્યનિષ્ઠા દૃઢમૂળ થયા પછી જ્યારે માણસ પસ્તાય છે, ત્યારે માણસને મૂળ સ્વાભાવિક સ્થિતિ પર આવવા માટે પ્રયત્ન કરવો પડે છે અસત્યનિષ્ઠા ઉતારવાનો. એમાં જો એ ફાવ્યો તો સત્યનિષ્ઠા એની મેળે પ્રગટ થાય છે, કેમ કે એ પહેલેથી ત્યાં હતી જ.

નાનાં બાળકો જેવું જુએ છે, સમજે છે અને ઇચ્છે છે, તેવું સીધેસીધું પોતાને આવડે એવી ભાષામાં બોલી જાય છે. એ આગળ જતાં અગવડરૂપ જણાય, ત્યાં એ મૂંઝાય છે. કેટલાંક બાળકો ઘણું મૂંઝાયા છતાં એમને સત્યને બદલે બીજું શું કહેવું એ સૂઝતું નથી — અરે, સત્યની માગણી થાય ત્યારે મૂગા બેસી જવું અને બચી જવું એ પણ એમને માટે અશક્ય થઈ જાય છે. કોઈ માંત્રિક મંત્ર બોલે અને સરપ પોતાના દરમાંથી લાચારીથી બહાર આવે, કમને આવે પણ આવ્યા વગર રહે જ નહીં, તેવી જ રીતે માણસ સત્યની માગણી આગળ સ્વાભાવિક રીતે મંત્રમુગ્ધ થયો હોય તેમ, સત્યનો એકરાર કરી બેસે છે. એ બળ છે સત્યનું — અને અખંડ સત્યવ્રત પાળીને સત્યમૂર્તિ થયેલ વ્યક્તિનું.

આપણે બાળકોને અસત્ય શીખવીએ છીએ તે પ્રથમ વિવેક દ્વારા. કોક કોક વાર વિવેક એ સજ્જન લોકોએ ચલાવેલું, નિર્દોષ ગણાતું જૂઠાણું હોય છે. જે મનમાં હોય તે ઢાંકવું અને જે મનમાં ન હોય તે ઓઢીને

पुस्तकालय
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
गुरुकुल कांगड़ी

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બોલી બતાવવું, અને ઓઢેલું ઓઢેલું નથી પણ અંદર વસેલું છે, ઊગેલું છે એવો ડોળ કરવો, અને હોઈએ એના કરતાં વધારે સારા અને સંસ્કારી છીએ એવી છાપ પાડવી, અને આશા કરવી કે આમ ઓઢેલું ધીમે ધીમે અંદર ઊતરશે અને કૃત્રિમપણે માનેલું કાળે કરીને ખરેખરું સત્ય થઈ જશે—આ છે વિવેકનું સાચું સ્વરૂપ.

આ વિવેકમાંથી જ ધીમે ધીમે સત્યનિષ્ઠા ઓછી કરી પ્રસંગ-નિષ્ઠા શીખવવામાં આવે છે, જેને કુનેહ પણ કહે છે. સત્યનો દ્રોહ કર્યા વગર જો કુનેહ વાપરતાં આવડે તો તો માણસ જીતી ગયો, પણ બને છે એવું કે સાત્ત્વિક વૃત્તિવાળા લોકો પણ કુનેહ વાપરી સત્યને ઢાંકી દે છે અને કહે છે કે એમાં અમારો સ્વાર્થ તો હતો જ નહીં. સાત્ત્વિક વૃત્તિથી જ અમે બધું કર્યું છે. બધાનું સાચું અને સંપૂર્ણ હિત જેમાં સમાયેલું છે એ જ સત્ય છે—એ વ્યાખ્યા પ્રમાણે અમારી કુનેહ ઉચ્ચ કોટિનું સત્ય છે, એમ કહેતાં પણ તેઓ સંકોચ કરતા નથી.

એવા લોકોએ એટલું તો ધ્યાનમાં રાખવું જ જોઈએ કે સ્વાર્થ ભલે ન હોય, પણ દુનિયાનો ઘટનાક્રમ અમુક ઢબે ન ચાલે અને અમુક ઢબે ચાલે, એવો આગ્રહ કે અહંકાર એની પાછળ હોય જ છે. અને જ્યાં અહંકાર આવ્યો ત્યાં સત્ય જરાક તો ડહોળું થયું જ.

આ બધી સાત્ત્વિક લોકોને હાથે થતી સત્યની પજવણીની વાત થઈ. પણ જ્યારે રજોગુણી અને તમોગુણી લોકોના હાથમાં પરિસ્થિતિને વાળવાનું આવે છે ત્યારે સત્યનો દ્રોહ કરનાર વૃત્તિઓ નીચેમાંની એકાદ હોય છે:

શરીરને તકલીફ થશે, કષ્ટ વેઠવાં પડશે, માર ખાવો પડશે અથવા નુકસાન વેઠવું પડશે એ બીકે માણસ સત્યનો દ્રોહ કરે છે. દેહ-રખા લોકો પહેલી જ તકે સત્યને છોડી દેવા તૈયાર થાય છે. સત્ય અને બીકણપણું એ બેનો મેળ કોઈ કાળે ખાય નહીં. એ બીકણપણું કાઢી નાખવા માટેની સર્વોત્તમ સાધના છે શરીરનું ખડતલપણું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હદ ઉપરાંત શ્રમ કરવાની, ટાઢતડકો, ભૂખતરસ, સહન કરવાની, ઇષ્ટ લોકોનો વિયોગ, અને અનિષ્ટ લોકોનો સહયોગ કે સંયોગ સહન કરવો પડે તો તેની તૈયારી જેની નથી તેને માટે અધ્યાત્મ છે જ નહીં. રોગ કે ઘડપણ આવી પડે તો શાન્તિથી એને બરદાસ્ત કરવું અને ધર્માનુકૂલ જેટલો ઇલાજ થઈ શકે તેટલો કરીને સંતોષ માનવો, એટલી જો તૈયારી ન હોય અને માણસ દુઃખ અને ચિંતામાં જ ડૂબી જતો હોય તો તે સત્યનો ઉપાસક ન થઈ શકે, પછી જીવનઉપાસક ક્યાંથી જ થાય! શરીરના પ્રેમમાં જે પડ્યો એણે જીવનની સારામાં સારી લિજ્જત ખોઈ સમજવી.

જે માણસમાં સ્વાભિમાન રહ્યું નથી એ માણસ પણ સત્યનો દ્રોહ ઝટ ઝટ કરી બેસે છે. જેનાથી હું બીતો હોઉં એને જ હું જૂઠું કહેવાનો. સાચું કહું તો એ નારાજ થશે અને એની નારાજી વહોરી લેવી મને પોસાય નહીં એમ જ્યારે લાગતું હોય, ત્યારે જ માણસ જૂઠું બોલવા પ્રવૃત્ત થાય.

સાચો સ્વાભિમાની માણસ કોઈ આગળ જૂઠું બોલતાં પહેલાં વિચાર કરશે: "આ તે શું એવો મોટો માણસ છે કે જેને માટે જૂઠું બોલવા જેટલો હું નાનો થાઉં? આના કરતાંય હું આટલો હલકો કે આની આગળ જૂઠું બોલીને હું બચી જાઉં? ના, જે સાચું હશે તે જ કહીશ. મારું જે થવાનું હશે તે થશે. કરી કરીને મારું કેટલું નુકસાન કરવાનો હતો? હું જૂઠું બોલું અને મારી આગળ મારું સ્વાભિમાન હણાય, એના કરતાં પેલું નુકસાન વેઠી લેવું શું ખોટું છે?"

આ રીતે સત્ય સાથે પોતાનું સ્વાભિમાન જોડી દેવાથી માણસ એની મેળે અધ્યાત્મને રસ્તે આવી જાય છે.

સ્વાભિમાનનો અભાવ, સ્વાર્થ અને બીક — આ ત્રણે વસ્તુઓ સત્યની વિરોધી છે. અમુક માણસ સ્વાભિમાન સાચવવા ખાતર જૂઠું બોલ્યો એમ જ્યારે કહેવાય છે, ત્યારે ખરું જોતાં એ માણસ સ્વાભિમાન ખોઈને સામાજિક માન જાળવવાનો પ્રયત્ન કરે છે. પરિણામે પ્રથમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાની આગળ અને છેલ્લે છેલ્લે સમાજ આગળ પણ તે પામર બને છે. સત્ય કરતાં શરીર શ્રેષ્ઠ, સત્ય કરતાં સલામતી શ્રેષ્ઠ, સત્ય કરતાં સ્વાર્થ શ્રેષ્ઠ, સત્ય કરતાં પ્રતિષ્ઠા શ્રેષ્ઠ, સત્ય કરતાં સમાજ શ્રેષ્ઠ — એમ જ્યારે માણસને લાગે છે ત્યારે તે પોતાના આત્માને અપમાનિત કરે છે. પ્રિયતમ આત્માનું અપમાન અથવા એનો ઇનકાર કર્યા વગર માણસ અસત્ય તરફ જઈ જ ન શકે, કેમ કે સત્ય અને આત્મા ભિન્ન વસ્તુ નથી.

અને જ્યારે માણસ સત્તા ખાતર — બીજા ઉપર અધિકાર મેળવવા ખાતર સત્યનો દ્રોહ કરે છે, ત્યારે એ સામા માણસના આત્માનું પણ અપમાન કરે છે અથવા એનો ઇનકાર કરે છે.

ખરી વાત એ છે કે આત્મા બે હોઇ જ ન શકે. સામા માણસનું હૃદય જીતવું એટલે એના આત્મા સુધી પહોંચી જવું. બે વ્યક્તિની અંદર રહેલા આત્માનો અભેદ ઓળખવો અને આત્મૈક્ય સિદ્ધ કરવું. એના બદલામાં જે માણસ બહારથી બીજા પર સત્તા ભોગવવા માગે છે તે પોતાનું પણ અપમાન કરે છે અને સામા માણસનું પણ. સામા માણસના સ્વાતંત્ર્યની જે કદર કરી ન શકે તેને નથી દર્શન થયું સત્યનું અને નથી સાક્ષાત્કાર થયો આત્માનો . . . એવો માણસ પોતાની સ્વતંત્રતા સાચવી જ ન શકે. સત્ય, આત્મા અને આઝાદી મૂળમાં એક જ વસ્તુ છે. (આમાં સત્ય એટલે જીવનાત્મક સત્ય, ક્રિયાત્મક સત્ય.) સ્વાર્થ, બીકણપણું, લોભ અને 'ઈશ્વરભાવ' એટલે કે સત્તા, એ એનાં વિરોધી છે.

ઉપર જે લખાયું છે એ જાણી જોઈને નિબંધના રૂપમાં લખ્યું છે પણ એમાંના એકેએક વાકય પાછળ નક્કર ધર્માનુભવ રહેલો છે, પણ એની વિગતો લખવા જેવી ન લાગી એટલે એને નિબંધનું રૂપ આપ્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૭

जिज्ञासायुग

નાનપણના ધર્માનુભવની અંદર સદાચારનો ખ્યાલ, કુટુંબહૃદયનો સાક્ષાત્કાર, ઈશ્વર વિશેની રૂઢ કલ્પનાનો પરિચય અને એનો સ્વીકાર, અને પોતાના મન ઉપર સંયમ દ્વારા કાબૂ મેળવવાની આવશ્યકતા— એટલી જ વસ્તુઓ મુખ્યત્વે આવતી હતી.

ઈશ્વર છે કે નહીં? છે જ એમ માનવાને કાંઈ કારણ છે કે કેમ? પ્રાર્થનામાં કાંઈ અર્થ છે કે કેમ? કર્મનો નિયમ એટલે શું? કર્મના સિદ્ધાંત ઉપરાંત નોખું અને વિશેષ અધ્યાત્મશાસ્ત્ર છે કે કેમ? એ જાતની વિચારણા અને એને અંગે થયેલા અનુભવો એ ત્યાર પછી આવે છે.

પ્રથમ કાલખંડમાં માબાપ પાસેથી અને સામાજિક જીવનમાંથી મળતી ધાર્મિક કલ્પનાઓ અપનાવવાનું અને હજમ કરવાનું જ મુખ્ય કામ રહેતું. બીજા યુગમાં તર્કબુદ્ધિની જાગૃતિ મુખ્ય હતી. દરેક વસ્તુ તપાસીને લેવી, પવિત્રમાં પવિત્ર મનાતી વાતને પણ બુદ્ધિનો પડકાર કરવાની હિંમત ધરાવવી, અધકચરી બુદ્ધિથી અને કાચાપાકા અનુભવે મન સાથે જે સિદ્ધાંતો બંધાય તેને વળગી રહેવું અને આખા દુનિયાની બુદ્ધિ અને અનુભવ સામે પણ પોતાના સિદ્ધાંતોને ઊભા કરવા, એ આ યુગનો કાર્યક્રમ હતો.

ચાર કે પાંચ વરસના ગાળાને પણ સંસ્કૃતમાં યુગનું નામ આપેલું છે. કૉલેજનાં ચાર વરસની અંદર ઉપર બતાવેલા બધા ફેરફારોમાંથી પસાર થઈને ઊંડાણમાં ઊતરવા લાયક થયો માટે એ ચાર વરસને 'જિજ્ઞાસાયુગ' એ નામ આપવાનું મન થાય છે. એ યુગમાં મેં નાસ્તિકતા કેળવી હતી એમ મેં પહેલાં માન્યું. પણ આગળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જતાં પુરાણના એક ઋષિએ આશ્વાસન આપ્યું : जिज्ञासा नास्ति नास्तिक्यम् ।

પાકે પાયે જાણવાની દૃષ્ટિથી એકેએક વસ્તુને બુદ્ધિની એરણ ઉપર તર્કની હથોડીથી ટીપી જોવી અને એ પ્રક્રિયામાં જે ટકે તેટલું જ પલ્લે બાંધવું, એ નાસ્તિકતા ન કહેવાય. કેવળ કુતૂહલ (Curiosity) એ કાંઈ સાચી જિજ્ઞાસા નથી. જિજ્ઞાસા પારમાર્થિક (Serious) હોય છે, પ્રયોગ-પરાયણ હોય છે. જાણવાનું જણાય નહીં ત્યાં સુધી જિજ્ઞાસા સખ વાળીને બેસે નહીં અને કોઈને નિરાંતે બેસવા દે નહીં. જાણવાનું બધું જાણવા માટે જેટલા ઉત્પાત કરવા પડે તે કરતાં એને જરાય આંચકો આવતો નથી. માટે જ એ ચાર વરસના ગાળાને મેં જિજ્ઞાસાયુગ કહ્યો છે.

બાળકોને નવા દાંત ઊગે એની સાથે જે તે વસ્તુને કરડી જોવાની અદમ્ય ઇચ્છા પણ એને ઊગે છે. જાણે દાંતને એવી ચળ છૂટે છે. એ જ રીતે અમુક ઉંમરે તર્કબુદ્ધિ પ્રબળ થાય છે. એમ તો અંગ્રેજી ત્રીજામાં હતો ત્યારથી જ દરેક વસ્તુને, વિચારને કે કલ્પનાને પડકાર કરવાનો પ્રારંભ થયો હતો. અંગ્રેજી છઠ્ઠી અને સાતમીમાં અમારી વાગ્વર્ધિની સભાને કારણે એ વૃત્તિમાં સહેજ ઘી હોમાયું હતું. પણ બુદ્ધિવાદે ખરેખરું જોર પકડયું કૉલેજના પહેલા અને ખાસ કરીને બીજા વર્ષમાં. बुद्धिस्तु शरणं मम એ જ જાણે મારું જીવનસૂત્ર બન્યું હતું. આમાં तु શબ્દનું મહત્ત્વ છે. બાકી બધી વસ્તુઓ સાંભળું, મહત્ત્વની વસ્તુઓને મહત્ત્વ આપું, મોટા લોકોનાં વચનો પ્રત્યે આદર રાખું, જ્યાં ન જાણતો હોઉં ત્યાં રાહ જોવાની ધીરજ બતાવું — એ બધું ખરું. પણ શરણ જાઉં બુદ્ધિને, છેલ્લો આધાર રાખું એકમાત્ર મારી બુદ્ધિ ઉપર. અને મારું આચરણ તો એ બુદ્ધિના નિર્ણય પ્રમાણે જ થાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

२८

अेक तो खातरी थअी

ઈશ્વર છે કે નહીં એ સવાલે મને જેટલો મૂંઝવ્યો, એના કરતાં પ્રાર્થના કરીને લાભ શો?— એ સવાલ મારે માટે વધારે કપરો નીવડ્યો.

ઈશ્વર છે એમ સિદ્ધ જ કરવું જેમ અઘરું હતું, તેમ ઈશ્વર નથી એમ સિદ્ધ કરવું તેટલું જ બલકે એનાથીય વધારે કઠણ હતું. મારી નાસ્તિકતાના દિવસોમાં મને થતું કે ઈશ્વર નથી એમ નિશ્ચયપૂર્વક કહેનારા લોકોની બુદ્ધિ કેટલી મંદ હશે! અને તેથી હડહડતો નાસ્તિક તો હું બની જ ન શક્યો.

લેલે કરીને એક એન્જિનિયર પેન્શનર હતા. નમૂનેદાર માણસ. રોજ સવારે સૂર્યોદય પહેલાં સ્નાન પતાવે, પછી હવા ભલેને ગમે તેવી હોય. કસરત કરીને એમણે પોતાનું શરીર પણ આખર સુધી લીંબુ જેવું ચળકતું રાખ્યું હતું. ભાઈ લેલે ભારે કર્મકાંડી. ગાયત્રીનો જાપ કરે, સૂર્યનમસ્કાર તો ખરા જ. વૈદિક મંત્રો બધા એમને મોઢે હતા. કર્મકાંડમાં ક્યાંય ઊણપ નહીં આવે. પણ એ માણસ નાસ્તિક હતા. મને કહે, "કાકાસાહેબ, ગાયત્ર્યૈ નમઃ સાવિત્ર્યૈ નમઃ એમ કહીને આપણે વૈદિક છંદોને નમસ્કાર કરીએ છીએ તો Iambic pentameter, Alexandrine વગેરે અંગ્રેજી છંદોને નમસ્કાર કેમ નથી કરતા? ગંગાદેવીની પૂજા કરીએ છીએ અને છોકરીને નદીનાં નામો આપીએ છીએ તો ટેમ્સ ને મિસુરી, મિસીસીપી એવાં નામો પણ આપણે છોકરીઓનાં કેમ ન રાખીએ? ખરું કહું? ઈશ્વર જેવી કોઈ વસ્તુ છે જ નહીં અને ધર્મ ધર્મ કહીએ છીએ એ બધું ધતિંગ છે."

"ત્યારે તમે સવારે ઊઠીને સંધ્યા કેમ કરો છો? તમારા કર્મકાંડમાં તો તમે જરાય ચૂકતા નથી." મેં આશ્ચર્યચકિત થઈને પૂછ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"એનું એમ છે કે હું તો જાણું છું કે ઈશ્વર નથી. પણ કેમ કહેવાય? મારી ભૂલ થતી હોય અને ઈશ્વર હશે જ અને મરી ગયા પછી એનો ભેટો થાય તો એની આગળ ભોંઠો પડું તે કરતાં એને કહી શકું કે 'અલ્યા, હું તને ઓળખતો કે માનતો ન હતો. પણ તારું દેવું ચૂકવતો આવ્યો છું. હું કાંઈ તારા ગુનામાં નથી. તારા ચોપડા જોઈ લે.'" પછી મને કહે, "જુઓ ભાઈ, We must err on the safe side (ભૂલો કરવી તે પણ આપણને સવળું પડે એ રીતે કરવી જોઈએ).

દરેક બુદ્ધિમાન માણસને ભાઈ લેલે જેવું જ થાય છે કે રખેને ભગવાન હોય!

કૉલેજમાં જ્યારે બુદ્ધિવાદ ઉપરની ચોપડીઓ વાંચવાં લાગ્યો અને એના પર વિચાર કરવા લાગ્યો ત્યારે હું પૂરેપૂરો સંશયવાદી બન્યો. મેં મારા મન સાથે નક્કી કર્યું કે 'ઈશ્વરની જેવી વ્યાખ્યા કરવામાં આવે છે એવો કોઈ ઈશ્વર છે કે નહીં એ આપણે જાણતા નથી. વખતે તે હોય. વખતે ન પણ હોય. જો હોય તો એ જણાવો જ જોઈએ એવું કાંઈ નથી. અને ન હોય તો કાંઈ ખાસ બગડશે એમ પણ નથી. પણ જો ઈશ્વર હોય — તો જેવી ઇન્દ્રિયો, જેવું મન અને જેવી બુદ્ધિ આપણી પાસે છે, એમની શક્તિઓની મર્યાદાનો વિચાર કરતાં એટલું તો સોએ સો ટકા ખાતરીથી કહી શકાય કે જો ઈશ્વર હોય તો એને આપણે જાણી શકવાના નથી. આટલી ખાતરી થઈ એ પણ કાંઈ નાનીસૂની વાત નથી. જો ઈશ્વર હોત અને એને આપણે જાણી શકવાના નથી એવી ખાતરી ન હોત, તો સંશયનો ફાયદો ઈશ્વરને આપી, ઈશ્વરને શોધવા પાછળ કેટલીય જિંદગી આપણને વેડફી નાખવી પડત. જેવાં સાધનો માણસ પાસે છે — મન, બુદ્ધિ, ઇન્દ્રિય વગેરે, — એમની દ્વારા તમારી વ્યાખ્યાવાળો ઈશ્વર જણાય એમ છે જ નહીં એટલું સિદ્ધ થયું એટલે નિરાંત વળી. હવે આપણે બીજે ધંધે વળગી શકીએ.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[કૉલેજમાં ભૂમિતિ મારો અત્યંત પ્રિય વિષય હતો. Casey's Sequel to Euclid એ ભૂમિતિની અઘરામાં અઘરી ચોપડીમાંથી દાખલાઓ લઈને હું બેસતો અને એમાં ફાવી ગયા પછી મળતો ગણિતાનંદ હું માણતો. એ ગણિતમાં જૂના કાળમાં ત્રણ સવાલો ભૂમિતિ-વેત્તાઓને પજવતા. વર્તુલનો ચોરસ કેમ બનાવવો? કોઈ પણ ખૂણાના ત્રણ સરખા ભાગ કેમ પાડવા? અને ત્રીજો પ્રશ્ન ભૂલી ગયો. આ ત્રણે સવાલનો ઉકેલ સૈકાઓ સુધી શોધાયો; પણ કેમે કરીને ઉકેલ હાથ આવે નહીં. પેઢી દરપેઢીએ શોધ ચાલી. અંતે એક મહાગણિતી જાગ્યો. એણે પોતાનું ગણિતી ભેજું ચલાવીને અકાટ્ય પ્રમાણો આપીને સિદ્ધ કરી આપ્યું કે ભૂમિતિની ઢબે એ સવાલોનો ઉકેલ હોઈ ન શકે. એ કેમ ન હોઈ શકે એનાં બધાં જબરદસ્ત કારણો આપ્યા પછી જ ત્રણ સવાલના એ ત્રણે ભૂતોને ગતિ મળી. હવે એ સવાલો પાછળ કોઈ પડતું નથી. એ જ રીતે સ્યાદ્વાદી — એટલે કે અનિર્ણયવાદી લોકોએ ઈશ્વર હાથ ન આવતાં પોતાની માનસિક શક્તિઓ પર જ બુદ્ધિ ચલાવી સિદ્ધ કર્યું કે જો ઈશ્વર હોય તો તે ઓળખવાનું આપણું ગજું નથી એટલી તો ખાતરી છે જ.

હાશ! કાંઈ તો ખાતરી હાથ આવી.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

२९

जीवनपरंपरा – १

પૂર્વજન્મ અને પુનર્જન્મની કલ્પના મને ક્યાંથી આવી એ ન કહી શકું. મને લાગે છે કે એ કલ્પના આર્ય માનસમાં એટલી તો વણાઈ ગઈ છે કે એને નોખું અસ્તિત્વ જ રહ્યું નથી. હું છું, મારું શરીર છે, શરીરને ભૂખ લાગે છે, તરસ લાગે છે, ઊંઘ આવે છે — એ વિશે જેમ વિચાર કરવાપણું હોતું જ નથી. પાંપણ હાલે છે એ તરફ ધ્યાન જાય તોયે જેમ એ કાંઈ વિશેષ છે એમ લાગતું નથી, તેમ જ પૂર્વજન્મ અને પુનર્જન્મ વિશે આપણા લોકોની સ્થિતિ છે.

એના મૂળમાં જીવનના ધારાવાહિક અસ્તિત્વનો અનુભવ છે. નદીનું પાણી ઊગમ તરફથી આવે છે, મુખ તરફ જાય છે, ક્ષણે ક્ષણે બદલાય છે અને છતાં નદી એ ને એ જ છે એમ આપણે અનુભવીએ છીએ. નદીનાં પાણી એ ને એ જ હોતાં નથી છતાં દરેક નદીનાં પાણીની નોખી નોખી ખાસ અસર હોય છે અને એમાં અમુક જાતનું સ્થાયીપણું હોય છે. ઋતુ પરત્વે નદીમાં જે ફેરફાર થાય છે તેમાં પણ એક જાતનો સનાતન નિયમ દેખાય છે અને તેથી દરેક નદીના નોખા નોખા સ્વભાવની પણ આપણે વાતો કરીએ છીએ.

પાણી વગર આપણું ચાલતું નથી તેથી, અને પાંણીના પ્રવાહ સાથે આપણી જિંદગીના પ્રવાહનું સામ્ય છે તેથી આપણા પૂર્વજોએ પાણીને જ 'જીવન' એ એક નામ આપ્યું.

આપણે રોજ સૂઈએ છીએ અને બીજે દિવસે ઊઠીએ છીએ. આપણે જીવીએ છીએ એ ભાનને, તેમ જ નાનપણથી કેળવેલાં જ્ઞાન, કૌશલ્ય આદિ તમામ સંચિતને દરેક ઊંઘ સાથે, સૂર્યચંદ્રના ગ્રહણ જેવું ગ્રહણ લાગે છે. ઊંઘીને ઊઠતાંવેંત આપણે આપણું ભાન — 'હું છું' એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાતની સંવિદ જાણીવ – ગ્રહણમુક્ત થાય છે અને કેળવેલું જ્ઞાન આદિ પણ સંવિદ સાથે આપણને ફરી પ્રાપ્ત થાય છે. ઊંઘ ટાણે જાગૃતિ મરે છે અને ઊઠતાંની સાથે એનો પુનર્જન્મ થાય છે. એવી જ રીતે મરણ સાથે ફક્ત સ્થૂળ શરીરનો જ નાશ થાય છે અને બહુ બહુ તો આ દુનિયાની સાથેના આપણા સંબંધનો પણ અંત આવતો હોય એમ લાગે છે. તો ઊંઘના અંતની પેઠે મરણની સ્થિતિને પણ અંત હોવો જ જોઈએ અને પછી કોઈ નવી જ દુનિયામાં, નવા શરીરે આપણે ફરી જીવનવાન થતા હોઈશું એવી કલ્પના ચાલવી સાહજિક છે.

માણસ જન્મે છે અને આખો જન્મારો પુરુષાર્થ કરે છે. મરણ સાથે એ બધાનો — જ્ઞાન, કૌશલ્ય, આવડત, પ્રેમ ઇત્યાદિ કમાઈનો સદંતર નાશ જ થતો હશે એમ માનવું માણસને માટે લગભગ અશક્ય છે. એ બધું ક્યાં જાય છે? એની શોધ કરવાનું મન થવાનું જ. જ્યાં શોધને અવકાશ નથી હોતો ત્યાં માણસ કલ્પના દોડાવીને સંતોષ માને છે. આ રીતે એણે પુનર્જન્મની કલ્પના સ્વીકારી. હવે ખેતી કરતાં એને અનુભવ થાય છે કે બીજ માટીમાં પડીને પાણીથી કોવાઈ જાય છે. પણ એની સાથે એક અંકુર ઊગે છે અને તે જીવન ચલાવવાની યોગ્યતા ધરાવે છે. માણસ મરે છે તે પહેલાં બાળકોને જન્મ આપી એ પોતાની જીવનપરંપરા અબાધિત રાખે છે. માણસ પોતે જ પુત્રરૂપે ફરી જન્મે છે અને એક જન્મમાં ચલાવેલી અને અધૂરી રહેલી શોધ નવી પરિસ્થિતિમાં અને નવી ઢબે એની મારફતે આગળ ચલાવે છે. આ પણ એક જાતની જીવનપરંપરા છે. પણ આટલેથી માણસને સંતોષ નથી થતો.

માણસ શોધખોળ કરે છે, જ્ઞાનની ઉપાસના કરે છે, શાસ્ત્રો ખેડે છે. આમ કરતાં એને સાથીની જરૂર રહે છે. પોતાની યોગ્યતાના સાથીઓ હંમેશાં મળતા નથી. તેમનામાં ઘણી વાર સહકારશક્તિ હોતી નથી. એટલે માણસ કાચા મસાલામાંથી સાથીઓ અને સહકારીઓ ઘડી કાઢે છે. એવા ઘડી કાઢેલા સાથીઓને 'શિષ્ય અથવા શાગિર્દ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહે છે. એમની મારફતે પણ માણુસ પાતાના જીવનોદ્દેશ આગળ ચલાવી શકે છે. આ રીતે શિષ્યપરંપરા એ પણ એક જાતની ત્રીજી જીવનપરંપરા જ છે.

પરંપરાનો હજીયે એક નોખો પ્રકાર હોય છે. એમાં પુત્ર કે શિષ્ય ઉપર આધાર ન રાખતાં જે કોઈ સમુદાય અમુક પ્રવૃત્તિ કે શોધખોળ ચલાવવા તૈયાર હોય એ સમુદાયને જ આપણે પરંપરાનો વારસો સોંપીએ છીએ. એ સમુદાયમાં આવેલી વ્યક્તિઓ લાંબા વખત સુધી કાયમ ટકશે જ એમ નહીં. એક માણુસે થોડા દિવસ સુધી એ પ્રવૃત્તિમાં રસ ધરાવ્યો અને કામ આગળ વધાર્યું પછી એ કોકને સોંપી દઈ પોતે નિવૃત્ત થયા, કે બીજાં કામમાં પડ્યા. આ ઢબે કંપનીઓ ચાલે છે, સંસ્થાઓ ચાલે છે અને જ્ઞાતિ જેવા સંઘો પણ ચાલે છે. આ પણ એક જાતની જીવનપરંપરા જ કહેવાય.

પરંપરાનો હજીયે એક નવો પ્રકાર નોંધવો જોઈએ. સામાન્ય જીવન જીવનારા અસંખ્ય લોકો વચ્ચે કોક વખતે કોક અસાધારણ વિભૂતિ જન્મ લે છે અને એ વિભૂતિ એવી કોઈ અદ્ભુત અસર સમાજ ઉપર પાડે છે કે એ હજારો વરસ સુધી ખીલતી જ રહે. એવી વ્યક્તિઓ ફરી ફરી એ ને એ જ કુળમાં, જાતિમાં, વંશમાં કે ધર્મમાં પેદા થાય છે એવો અનુભવ નથી. પણ એમની કૃતિમાં અસાધારણ સામ્ય દેખાય છે. કાર્થેજનો હેનિબાલ નેપોલિયનરૂપે ફરી વાર જન્મ્યો છે એમ જ બન્નેની કારકિર્દી જોતાં માણુસને લાગ્યા વગર રહેતું નથી. બુદ્ધ ભગવાન જ ફરી વાર ખ્રિસ્તરૂપે પ્રગટ થયા છે અને એ જ વિભૂતિએ આજના જમાનામાં ગાંધીનું રૂપ ધારણ કર્યું એમ આજે આખી દુનિયા માને છે. આપણા લોકોએ આવી મિશનપરંપરાને અવતાર-પરંપરાનું નામ આપ્યું છે. નાનપણમાં અમે ગોખેલું 'ज्ञानाचा एका आणि नामाचा तुका।' મહારાષ્ટ્રમાં ધર્મજાગૃતિ કરવાનું કામ જે સંતોએ કર્યું તેમાંથી ચારનાં નામો આમાં છે. જે કાર્ય સુધારક જ્ઞાનેશ્વરે કર્યું તે જ કાર્ય ઉદ્ધારક એકનાથે કર્યું અને જે ભક્તિ દરજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નામદેવે પંઢરપુરમાં વહેવડાવી, તે જ ભક્તિનો, વાણિયા તુકારામે સાગર બનાવ્યો. આ સંતોનાં જીવનકાર્ય જોતાં આ વાત સહેજે ગળે ઊતરે એમ છે. ભોળા લોકોએ એ ઉપરથી બેસાડી દીધું કે, જ્ઞાનદેવનો જ અવતાર એકનાથ થયો અને નામદેવે જે લાખ અભંગ લખવાનો સંકલ્પ કર્યો હતો તે પૂરો કરવા માટે તેઓ ફરી વાર તુકારામને નામે અવતર્યા. વ્યાપક અર્થમાં આ પણ એક જીવનપરંપરા જ છે.

સજ્જનતાની જ પરંપરા હોય છે એમ નહીં. જયવિજય બગડ્યા અને તેઓએ હિરણ્યકશિપુ અને હિરણ્યાક્ષ, શિશુપાલ અને વક્રદંત, રાવણ અને કુંભકર્ણ એવી ત્રણ જોડીમાં અવતાર લઈ પોતાનું પાપ અજમાવી અંતે ધોઈ કાઢ્યું.

પુનર્જન્મના આટલા પ્રકારોથી માણસને સંતોષ ન થયો. એણે કલ્પના દોડાવી, અને પરકાયાપ્રવેશવિદ્યા ઉપજાવી.

એક ઋષિ હતો. જ્ઞાન અને તપસ્યાનું અનુશીલન કરીને આગળ વધતો હતો પણ એની વિષયવાસનાનું કેમે કરીને શમન થાય નહીં. અને ઋષિજીવન તો એવા પશુકર્મથી અભડાવાય નહીં. એટલે એણે એક રસ્તો શોધી કાઢ્યો. એણે ગુફામાં ધ્યાનસ્થ બેસી મૃગનું રૂપ ધારણ કર્યું અને એ મૃગી સાથે રમમાણ થવા લાગ્યો.

મંડનમિશ્રનાં પત્ની ભારતી સાથે વાદવિવાદ કરતાં પોતાની અનુભવજ્ઞાનની ઊણપ જોઈ શ્રી શંકરાચાર્યે પરકાયાપ્રવેશ કરી ગૃહસ્થાશ્રમનો અનુભવ લીધો હતો એમ પણ એમના ચરિત્રકારોએ ઉપજાવી કાઢ્યું છે.

જીવન એક, અખંડ અને એકધારું છે. એ માન્યતા અથવા અનુભવ વ્યક્ત કરવા માટે માણસે આમ અનેક જાતની પરંપરાની કલ્પના બાંધી છે. પુનર્જન્મની કલ્પના દ્વારા અનેક જમાનાઓ એ સાંધી શકે છે અને પરકાયાપ્રવેશની કલ્પના દ્વારા એણે દેહભેદ અને સ્થાનભેદ વટાવી જીવનની એકતાને મૂર્તિમંત કરી છે. એમ જોતાં દરેક કવિ અને નાટકકારને અનેક પાત્રો ઉપજાવતાંની સાથે એક જાતનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરકાયાપ્રવેશ (અથવા પર-માનસ-પ્રવેશ) કરવો જ પડે છે. પોતાની કળામાં તે જ અધ્યાપક સફળતા મેળવી શકે છે, જે પોતાના શિષ્યના માનસમાં ઘૂસી શકે છે.

વ્યક્તિત્વ વધારવાના આવા અનેક પ્રકારો છે.

૩૦

जीवनपरंपरा – २

જેમ જીવનસાતત્યની દૃષ્ટિએ ભવિષ્યકાળનો વિચાર કરીએ છીએ તેમ ભૂતકાળનો પણ વિચાર કરવો પડે છે. નદી ક્યાં જાય છે એ જેમ આપણી જિજ્ઞાસાનો વિષય હોય છે, તેમ જ નદી ક્યાંથી આવી એ પણ એટલી જ પ્રબળ જિજ્ઞાસાનો વિષય છે. ફરક એટલો જ કે ભવિષ્યની વાતો અઘટિત હોઈ એના પરચા માટે તાત્કાલિક સાધન કશું હોતું નથી. ભવિષ્યની વાતો કાં તો અનુમાનની હોય, કાં કલ્પનાની. પણ ભૂતકાળ તો બની ગયેલી વાત હોય છે. આપણે એ જાણતા ન હોઈએ પણ એને ક્યાંક તો અસ્તિત્વ હતું જ અને તેથી એ જાણવાના પ્રયત્નો કોઈ ને કોઈ રીતે સફળ થવા જોઈએ જ એ આશા માણસ સેવી શકે છે. પૂર્વજન્મની વાતો આપણે ન જાણતા હોઈએ પણ કોક તો જાણતું હશે જ એવી અપેક્ષા માણસના મનમાં ઘણી જ પ્રબળ હોય છે, અને જો ભૂતકાળ કોઈ અદ્‌ભુત રીતે જાણી શકાતો હોય તો ભવિષ્યકાળ કેમ નહીં, એમ વિચાર થવો માણસ માટે બિલકુલ સ્વાભાવિક છે. આમાંથી જ ત્રિકાળદર્શી ઋષિઓની આપણે કલ્પના કરી અને ભવિષ્યકાળ જોવા માટે જ્યોતિષથી માંડીને યોગ સુધીની અનેક પ્રવૃત્તિઓ આપણે ખેડી.

કલ્પના દોડાવવામાં તો કશો વાંધો નથી પણ માણસ ભૂત અને ભવિષ્ય 'જાણી શકે છે' એ સંભાવના પરથી 'જાણે જ છે' એમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્યારે આપણે માનતા થઈએ છીએ, ત્યારે મોટી મોટી મુશ્કેલીઓ ઉત્પન્ન થાય છે. કોઈનું ઘર પચાવી બેસનાર કે કોઈની સ્ત્રી ઉઠાવીને લઈ જનારના બચાવમાં જ્યારે કોઈ સાધુ કે પુરાણકાર આપણને આવીને કહે કે, 'પૂર્વભવમાં એ એનો માલિક હતો અને તેથી એનો એના પર હક છે,' ત્યારે સમાજમાં ભારે મુશ્કેલી ઉત્પન્ન થાય છે. પૂર્વજન્મનું અને ભવિષ્યકાળનું આપણે કશું જાણતા નથી એ ઈશ્વરની કૃપા છે એમ જ કહેવું પડે છે. ઇતિહાસના અધ્યયનમાંથી જીવન-શાસ્ત્રના સિદ્ધાન્તો તારવી કાઢવા ઉપરાંત જો માણસ જૂના અધિકારો ઉપજાવી કાઢે તો જેમ પાર વગરની મુશ્કેલીઓ ઉત્પન્ન થાય તેમ જ ભૂત અને ભવિષ્ય જાણવાથી મુશ્કેલીઓ ઉત્પન્ન થાય જ છે. અને તેથી મુદતની મર્યાદાનો time-barનો સિદ્ધાંત એક આધ્યાત્મિક સિદ્ધાંત તરીકે સ્વીકારવો પડે છે. ભૂતકાળ અને ભવિષ્યકાળ જાણવાનો આપણને અધિકાર નથી. જાણીએ તો એમાં આપણને લાભ નથી, પણ નુકસાન જ છે. જો કોઈ જાણી શકતો હોય તો એણે એ વાત કોઈને કહેવી ન જોઈએ. એમાં જ ઐહિક તેમ જ પારમાર્થિક કલ્યાણ છે એ વસ્તુ આપણને સ્પષ્ટ થવી જોઈએ.

૨

વંશપરંપરાને કારણે જે જીવનસાતત્ય અનુભવાય છે તેનું અધ્યયન હજી બરાબર થયું નથી. જે અનુમાનો બંધાય છે તે ઘણી વાર એકાંગી હોય છે. અને વંશપરંપરામાંથી તમામ અનુમાનો કાઢવાં એ ભૂલભરેલું પણ છે. વંશપરંપરાની અસર સ્વીકારીએ તોયે તે અપૂર્ણ સત્ય છે. વંશપરંપરામાંથી વ્યક્તિત્વના બધા સવાલોનો ઉકેલ આવતો નથી. ફલ-જ્યોતિષશાસ્ત્ર આ ભવની જ વાતો બરાબર જાણી શકતું નથી તો ગતજન્મની અને પુનર્જન્મની વાતો એને પૂછવા ક્યાં જઈએ? યોગશાસ્ત્રનો ઉપયોગ શરીર અને મન ઉપર કાબૂ મેળવવા માટે જરૂર કરાય, પણ યોગશાસ્ત્રની દુહાઈ દઈને પૂર્વજન્મની કે ભવિષ્યના જન્મની વાતો કરવી એ જોખમભરેલું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂર્વજન્મ અને પુનર્જન્મ હોઈ શકે છે, હોવા જ જોઈએ એમ આપણે કર્મના સિદ્ધાન્તથી પણ સિદ્ધ કરી શકીએ. પણ પૂર્વજન્મની વિગતોમાં ઊતરીએ એ તો નર્યો વહેમ છે.

૩

નાનપણમાં પૂર્વજન્મ અને પુનર્જન્મની વાતો તો હવામાં બધે જ ફેલાઈ હતી. બધા જ લોકો એમાં માનતા હોય અને ડગલે ને પગલે લોકોની વાતોમાં એનો ઉલ્લેખ થતો હોય એવી સ્થિતિમાં એ માન્યતાનો ઉદય મનમાં ક્યારે થયો એ કહેવું મુશ્કેલ છે; છતાં બાલ્યકાળનાં સંસ્મરણો તપાસું છું ત્યારે એમ જણાય છે કે સ્વર્ગ અને પાતાળની કલ્પના સાથે જ પૂર્વજન્મ અને પુનર્જન્મની કલ્પના વણાઈ છે. સ્વર્ગ ઉપર છે, રાત્રે દેખાતા આકાશના તારાઓથી પર છે એવી કાંઈક કલ્પના બંધાઈ હતી. આકાશનો કોઈ તારો ખરી પડે એટલે મારી મા, દાદી અથવા પિતાશ્રી 'નારાયણ નારાયણ' બોલે. હું પૂછું એટલે કહે, "સ્વર્ગમાંનો કોઈ જીવ જન્મ લેવા નીચે ફરી ઊતર્યો છે. એનો અધઃપાત જોઈ સહાનુભૂતિમાં 'નારાયણ નારાયણ' કહીએ છીએ." મારી ભાભીએ એક દિવસે મને કહ્યું, "આ તારાઓ પડે છે એ કૂવામાં પડે છે. કૂવાનું પાણી ખેંચીને કપડાં ધોવા માટે દોણી ભરી દઈએ એટલે એમાં આવે છે. સાડી દોણીમાં ધોઈએ એટલે સાડીમાં જાય, સાડી પહેરતાંની સાથે એ પેટમાં જાય અને માને પેટે બાળક થઈને જન્મ લે." એ બધું સાંભળીને મને બહુ મજા પડતી. રાત્રે કોક વખતે ભરેલી દોણીમાં તારાનું પ્રતિબિંબ જોઈ ભાભીએ કહેલી વાત યાદ આવતી.

આ રીતે સ્વર્ગ તો આકાશમાં તારાઓની પેલી પાર બેસાડી શક્યો. આગળ જતાં એક મરાઠી કવિની કવિતામાં વાંચ્યું કે આકાશમાં તારાઓ દેખાય છે તે દેવો નથી પણ દેવોનાં આસન છે. દેવોને આવા ચળકતા આસન ઉપર બેસતા જાણી મનમાં એમની અદેખાઈ થઈ. પણ એક સમાધાન થયું કે આકાશમાં ધ્રુવનો તારો દેખાય છે એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતે ધ્રુવ નથી પણ ધ્રુવનું આસન છે.

એમ માનવામાં ઘણી સગવડ જણાઈ. સ્વર્ગની કલ્પના કરવી સહેલ ખરી. કેમ કે એમાં કૈલાસની થોડી અગવડ હતી. કૈલાસ વિષ્ણુલોક કરતાં પણ ઊંચો અને સ્વર્ગની ટોચે હોવા છતાં એ હિમાલય પર પણ હતો. કુબેર અને એના યક્ષો હિમાલયમાં રહેતા. એથી પાર અથવા ઊંચે, બરફના શિખર ઉપર કૈલાસ હોવો જોઈએ. રાવણે ત્યાં જઈને જ કૈલાસ માથે લીધો હતો. નારદ આદિ ઋષિઓ સ્વર્ગમાંથી પૃથ્વી ઉપર ઊતરે ત્યારે પહેલો પગ હિમાલય પર જ રાખતા હતા. સ્વર્ગમાંથી ગંગા પડી તે પણ આવીને હિમાલય ઉપર જ અથડાઈ.

સ્વર્ગમાં વળી ઇંદ્રલોક, ગોલોક, વૈકુંઠ, યમપુરી વગેરે અનેક પ્રદેશો હતા અને ત્યાંની અનેક વાતો વિગતવાર સાંભળવાને મળતી. દરેક લોકમાં તે તે દેવના — શિવ, વિષ્ણુ, યમ વગેરેના નિષ્ઠાવાન નોકરો સંખ્યાબંધ રહેતા અને સોંપ્યું કામ કરતા. વિષ્ણુના નોકરો રૂપેરંગે વિષ્ણુ જેવા, શિવના નોકરો કદરૂપા, ગાંડા ભૂત જેવા, વિષ્ણુ હાથી પર બેસે, શિવ બળદ ઉપર, યમરાજ પાડા ઉપર, ચંદ્ર હરણ ઉપર. દૂરની મુસાફરી હોય ત્યારે વિષ્ણુ ગરુડ ઉપર બેસે, દુંદાળા દેવ ગણેશ ઉંદર ઉપર બેસે અને સરસ્વતી તો મોર ઉપર બેસી થનગન નાચે. આવી બધી માહિતી અક્ષરશઃ સાચી સમજીને મારી કલ્પના દોડાવતો. ધીરે ધીરે સ્વર્ગલોકનાં અટપટાં ઇતિહાસભૂગોળમાં હું કંઈક પાવરધો થયો. પુણ્ય કરી મરવાથી સ્વર્ગે જવાશે ત્યારે આ વિચિત્ર સ્વર્ગલોકમાં આપણું સ્થાન કેવું હશે? આપણા પૂર્વજો અત્યારે ત્યાં શું કરતા હશે? આપણને આપણી બાળવયમાં છોડી ગયેલા પૂર્વજો જ્યારે આપણને ઘરડી અવસ્થામાં ત્યાં મળશે ત્યારે એ મેળાપ કેવો થશે? વગેરે અનેક કલ્પનાઓ યથાશક્તિ દોડાવતો. તેમાં વળી કોકે કહ્યું કે પૂર્વજો સ્વર્ગમાંથી આપણને જોઈ શકે છે અને આપણે શું શું કરીએ છીએ અને વિચારીએ છીએ એ બધું તેઓ જાણે છે, એ સાંભળીને મને આનંદ ન થયો. આકાશમાં ઊંચે ઊડતી સમડી નીચેનો કાંકરો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ જોઈ શકે છે, એટલું જ નહીં પણ અમારી વચ્ચે નાચતી ખિસકોલી-ને પણ જોઈ ઝડપી શકે છે એનું તો પ્રત્યક્ષ જ્ઞાન હતું. આપણે જોઈ શકતા નથી એવી રીતે આકાશમાં બેસી પૂર્વજો આપણને જોઈ શકે છે એ વસ્તુ મને ત્રાસ જેવી લાગી. જૂના જમાનાના એ લોકો આપણને નવી ઢબે પોશાક પહેરતા જોઈ ચિડાતા હશે. પણ આપણે બારાબંદીને બદલે પહેરણ અને લંગોટીને બદલે પાયજામા પહેરીએ છીએ એમાં ખોટું શું? — એવી એવી દલીલો મન કરતું હતું.

સ્વર્ગ સાથે કલ્પનાને સંબંધ આમ જેમતેમ બંધાયો, પણ પાતાળની મુશ્કેલી એથી ભારે હતી. 'પાતાળ આપણી પૃથ્વી તળે છે,' એટલું સાંભળ્યું હતું. તે વખતે પૃથ્વી દડા જેવી ગોળ ન હતી અને પૃથ્વીની બધી બાજુ આકાશ પણ ગોઠવાયું ન હતું. આકાશ ફક્ત માથે જ હતું. પાતાળ પૃથ્વી તળે કેમ ગોઠવાયું હશે? એને માથે આકાશ તો હોવું જ જોઈએ. ઘરમાં ભોંયતળિયું, ઉપલી મેડી અને ભોંયરું હોય છે, એવી જ રીતે આ પાતાળ ક્યાંક હશે એમ લાગતું.

જ્યારે સાંભળ્યું કે જમીનમાં વિવર ખોદીને પાતાળે જવાય છે ત્યારે એ વિવર કેવું હશે એની કલ્પના બરાબર થતી ન હતી.

પાતાળની કલ્પના આમ મૂંઝવતી હતી એટલામાં નાગ લોક આવીને કલ્પના પર ભટકાયો. નાગકન્યા, નદી, સરોવર કે સમુદ્રમાંથી બહાર આવી, રાજપુત્રોને પાતાળમાં ખેંચીને લઈ જતી હતી. માણસ પાણીમાં ગૂંગળાઈ કેમ નહીં જતો હોય એ તો સવાલ હતો જ પણ એની સાથે બીજો સવાલ એ ઊઠતો કે પાણીમાંથી નાગલોકમાં કેમ જવાતું હશે? અને એ વાટે પાણી પણ નાગલોકમાં ઘૂસીને નાગલોકને જળબંબોળ કેમ નહીં કરતું હોય?

કલ્પનાને એક લોકમાંથી ભૂસકો મારીને બીજા લોકમાં જવું પડતું, પણ તે અઘરું ન હતું. જાગૃતિમાંથી ઊંઘમાં અને ઊંઘમાંથી સ્વપ્નલોકમાં જઈ રોજ પાછા આવનારને આટલું અઘરું ન હોવું જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વર્ગ, પાતાળ અને નાગલોક સાથે પિતૃલોક અને યમલોકની કલ્પના આવી. યમલોક તો પોલીસોના ફરાસખાના કે જેલની અંધારી કોટડીની પેઠે માણસને હેરાન કરવાની જગ્યા હતી. યમદૂતો માણસને કઈ રીતે રિબાવે છે એનાં વર્ણનો બાળકો આગળ વિસ્તારપૂર્વક કરનારને આજે તો હું સજા જ કરું; પણ તે વખતે એ બધાં વર્ણનો હું અદ્ભુત રસપૂર્વક સાંભળતો હતો અને જે લોકો આ દુનિયામાં સજામાંથી છટકી જાય છે તે લોકો યમલોકમાં સજાના સકંજામાં સપડાય છે એ જાણી ન્યાયની સાર્વભૌમતા મને સંતોષ આપતી. પણ યમદૂતોની કઠોરતા સાંભળી કંપારી તો છૂટતી જ. (મેં એમ પણ જોયું કે બીજા કેટલાકને મારી પેઠે કંપારી છૂટતી નહીં પણ તેઓ રાજી થતા અને કહેતા કે 'લેતા જાઓ, પાપ કરતાં મજા પડતી હતીને, હવે કેવું લાગે છે? તમે લોકો હતા જ એ લાગના! આવી સજા વગર તમે થોડા જ સુધરવાના હતા?' પુરાણોની વાર્તાઓમાં સજા ભોગવ્યા પછી કોઈ સુધરીને પુણ્યવાન થયાના દાખલા મેં સાંભળ્યા ન હતા.)

એક વાર ઘરમાં કોઈ માંદું હશે. હું ડૉક્ટરને ત્યાં દવા લાવવા ગયો હતો. ત્યાં પાસેની ઓરડીમાં ડૉક્ટર કોઈ માંદા માણસના શરીર ઉપર ઑપરેશન કરતા હતા. એ માણસ ચીસો પાડતો હતો. ચીસો સાંભળીને મારા પેટમાં કાંઈનું કાંઈ થઈ ગયું. એટલામાં ડૉક્ટરનો જાડિયો કંપાઉંડર ઓરડી બહારથી હસતો હસતો કહે, 'લેતો જા, હવે મજા પડે છે?' મને કંપાઉંડરની એ નિર્દયતા ન ગમી. મારા મોઢા પરનો તિરસ્કાર જોઈ કંપાઉંડર મને કહે, 'આ માણસ વેશ્યાગમની છે. થોડા મહિના ઉપર આવી જ રીતે વાઢકાપ કરી ડૉક્ટરે એને સાજો કર્યો હતો અને ફરી આવું ન કરવાનું એણે ડૉક્ટરને વચન પણ આપ્યું હતું. પણ સ્વભાવ ક્યાં જાય? ભાઈસાહેબ ફરી માંદા પડીને હાજર થયા છે. કોના મનમાં આવા માણસ વિશે દયા આવે?'

મને પુરાણના યમદૂતોનાં વચનો યાદ આવ્યાં. તેઓ પણ પાપી લોકોને આ કંપાઉંડરની પેઠે જ રસપૂર્વક ધિક્કારતા હશે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વર્ગ, મૃત્યુ, પાતાળ, યમલોક અને નાગલોક જેવી દુનિયાઓની જે કલ્પના કરી શકે તેને માટે પૂર્વજન્મ ને પુનર્જન્મની કલ્પના કરવી જરાય અઘરી નથી. આ ભવે જેવું કર્મ કર્યું હોય, જેવું જ્ઞાન મેળવ્યું હોય, અને જેવી બુદ્ધિ ખીલવી હોય, તેવો નવો જન્મ માણસને મળવાનો. (યથાકર્મ, યથાશ્રુતં અને યથાપ્રજ્ઞા) આ ભવનાં સુખદુઃખનું, સગવડો અને હાડમારીઓનું કારણ શોધતાં પૂર્વજન્મનાં કરતૂક સુધી જવું જ પડે છે અને આ ભવના સદાચાર અને દુરાચારનું ફળ આ જ દુનિયામાં ભોગવવાનું ખતમ ન થતાં બાકી ક્યાંક ભોગવવું રહેલું હોવાથી પુનર્જન્મની કલ્પના કરવી જ પડે છે. આમ કરીને માણસ કર્મના અટળ સિદ્ધાન્તની ન્યાયનિષ્ઠા મન પર ઠસાવી લે છે, અને સાથે સાથે એને બીજું પણ એક સમાધાન મળે છે—(એને સમાધાન પણ માની શકાય અથવા બીક તરીકે પણ સ્વીકારી શકાય) કે મરણથી જીવનનો અંત આવતો નથી. મરણ પછી પણ પરલોક દ્વારા કે પુનર્જન્મ દ્વારા જીવન તો વહેતું જ રહેવાનું.

પરલોક કે પુનર્જન્મ સ્વીકારવા ન સ્વીકારવાનું માણસના હાથમાં હોત તો માણસે શું કર્યું હોત? પોતાના દીકરાઓનું યૌવન પણ પોતે ભોગવનાર રાજાઓએ તો એ બન્ને દશાનો સ્વીકાર જ કર્યો હોત, અને કોઈ કાળે જેનો અંત આવતો નથી એવી જન્મમરણની તેમ જ જન્માંતરની ઘટમાળથી ગભરાયેલા લોકો આવી ઘટમાળમાંથી છુટકારો એટલે કે મોક્ષ માગે જ છે.

કેટલાક આધુનિકો કહે છે કે જીવન આખા વિશ્વમાં ફેલાયું છે, એ વાત ખરી છે. અને અમુક પ્રાણીઓના મરવાથી આખા પ્રાણીકોટિનો નાશ નથી થતો એ પણ ખરું છે. પણ સાચો મોક્ષ જન્મજન્માંતરની ઘટમાળમાંથી છુટકારો મેળવવામાં નથી, પણ મરણ પછી પુનર્જન્મ છે એ ભ્રમણામાંથી મુક્ત થવામાં છે. એ જ સાચો મોક્ષ. વ્યક્તિને મરણ છે પણ અનેક વ્યક્તિઓની પરંપરા ચાલતી હોવાથી જાતિને મરણ નથી. માણસો મરે છે, પણ મનુષ્યજાત મરતી નથી. પ્રાચીન કાળમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેટલાંક જાનવરોની આખી જાત નષ્ટ થઈ છે તેમ કોક વખતે માણસજાત પણ નષ્ટ થઈ જાય તોયે આ દુનિયામાં જીવન જેવું તો રહેશે જ અને આ દુનિયાનો નાશ થાય તો બીજી દુનિયાઓ હશે, અને તમામ દુનિયાઓનો નાશ થાય તોયે વિભુ — ચૈતન્ય — તો રહેશે જ. આ ઉપરાંત જીવોના પુનર્જન્મની નોખી કલ્પના કરવાની જરૂર નથી.

પૂર્વજન્મ અને પુનર્જન્મની કલ્પના નાનપણથી મન ઉપર એટલી બધી ઠસાવવામાં આવી છે કે એના સાચાપણા વિશે મનમાં શંકા જ ઊઠતી નથી. એક સ્નેહીએ આર્યસંસ્કૃતિની વ્યાખ્યા જ એવી કરી છે કે, 'જન્મજન્માંતરની પરંપરા ઉપર જે વિશ્વાસ રાખે છે તે આર્ય-સંસ્કૃતિ.' 'આવી વ્યાખ્યા કરતાં યહૂદી, ખ્રિસ્તી અને ઇસ્લામી — ત્રણે સંસ્કૃતિઓ આર્યસંસ્કૃતિમાંથી બાતલ થાય છે. બૌદ્ધ, જૈન, શીખ, સનાતની, આર્યસમાજી, બધા એ વ્યાખ્યામાં આવી જાય છે.'

મેં એમને કહ્યું કે બાઇબલમાં twice-bornનો ઉલ્લેખ આવે છે. એ સંસ્કારને કારણે આવતા દ્વિજત્વ જેવું ભલે હોય પણ એમાંથી જન્માંતરની કલ્પનાને ટેકો મળે છે.

પુનર્જન્મની કલ્પના કર્મના સિદ્ધાન્ત સાથે એટલી બધી બંધ બેસે છે કે પશ્ચિમના અનેક વિદ્વાનો પુનર્જન્મની ઉપપત્તિ સ્વીકારવા તરફ લલચાય છે. કઠોપનિષદનો નાયક નચિકેતા કહે છે એ જ વાત સાચી છે કે, "મરણ પછી માણસની કોઈ વ્યક્તિ તરીકે હસ્તી રહે છે કે નહીં એ વિશે માણસોમાં વિચિકિત્સા ચાલે છે. કેટલાક કહે છે, 'મરણ પછી પણ વ્યક્તિત્વની હસ્તી હોય છે.' કેટલાક કહે છે, 'નથી હોતી.' આ વિચિકિત્સાનો ફેંસલો મરણનો સ્વામી યમરાજ જ આપી શકે છે." ઉપનિષદનો યમ કહે છે કે, "કર્મ, શ્રુત અને પ્રજ્ઞાને અનુસરીને જીવમાત્રને ફરી જન્મ લેવો જ પડે છે."

છેક નાનપણમાં જન્માંતર વિશેની કલ્પના અસ્પષ્ટ અને અણઘડ હતી. મોટપણમાં પુરાણો વાંચીને અને 'માણસ જેવું કરે તેવું ભરે'ના ન્યાયની વાતો સાંભળી એ કલ્પના દૃઢ થઈ. વેદાન્તે એ કલ્પનાને જુદું જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રૂપ આપ્યું. બૌદ્ધ અને જૈન ધર્મના અધ્યયનને કારણે એ કલ્પનામાં ઘણો ફેર પડ્યો. ખ્રિસ્તી અને ઇસ્લામી ધાર્મિક લોકોની માન્યતા જાણ્યા પછી અને એની અપૂર્ણતા મન પર ઠસ્યા પછી પુનર્જન્મ વિશેના વિચારો ફરી ડહોળાયા. વંશપરંપરાના તત્ત્વના અધ્યયનથી ઘણોખરો સંતોષ મળવાથી પુનર્જન્મનો સિદ્ધાન્ત એક સિદ્ધાન્ત નથી પણ કલ્પના છે એમ લાગવા લાગ્યું. સામાન્ય લોકોમાં પુનર્જન્મ વિશે જે કલ્પના હોય છે તે તો ભ્રામક જ છે એવી ખાતરી થઈ અને અત્યારે પુનર્જન્મ વિષેનો મૂળ વિશ્વાસ દૃઢ થયા છતાં એનું સ્વરૂપ એટલું બધું બદલાયું છે કે બધા લોકો ધરાવે છે તેવો વિશ્વાસ પુનર્જન્મ વિશે મારામાં છે કે નથી એ હું કશું કહી શકતો નથી, પણ એટલું કહી શકું કે મારા ગૂઢમાં ગૂઢ અનુભવોની મનમાં જે છણાવટ ચાલે છે તે પરથી પુનર્જન્મની ઉપપત્તિ અનુકૂળ લાગે છે. અને છતાં ફરી શંકા ઊઠે જ છે કે આ બધું નાનપણના સંસ્કારોને પરિણામે જ તો નહીં હોય?

૩૧

પ્રેમ આંધળો છે?

પ્રેમ આંધળો હોય છે ખરો? કોક વખતે લાગે છે કે અમુક આંધળાપણું માણસમાં ન હોત તો એ પ્રેમ કરી શકત જ નહીં. બીજી વાર અનુભવ થાય છે કે જો પ્રેમને દિવ્ય દૃષ્ટિ ન હોત તો નિરીક્ષણ, પરીક્ષણ, તુલના અને બૌદ્ધિક ચિંતનને વરેલાં આપણાં ચર્મચક્ષુ ખરેખર, બધું જોનારા કૅમેરાના લેન્સ જેવાં સાવ આંધળાં નીવડત. કૅમેરાએ આંખ ઉઘાડી એટલે એને સામેનું જે કાંઈ છે તે બધું જ દેખાય છે. 'અમુક જોઈશ અને અમુક ન જોઉં' એવી ચૂંટણી કે છાંટણી કરવાની સ્વતંત્રતા એને છે જ નહીં. રૂપસૃષ્ટિમાંનું બધું જ જોવાની ફરજને કારણે એ બિચારો કૅમેરા આત્મસૃષ્ટિમાંનું કશું જ જોઈ શકતો નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અહીં યાદ આવે છે કે કૅમેરાનું અસલી નામ હતું – camera obscura — એટલે કે અંધારી કોટડી, અંધિયાર કમરો. એના પેટમાં અંધારું સમાયેલું ન હોય તો એ પોતાનું કામ કરી જ ન શકે. ફ્રેન્ચ લોકો કવિ ખરા કે તેમણે આજના યુગના સહુથી સમર્થ દર્શકને — ફોટો લેવાની પેટીને — આવું યથાર્થ નામ આપ્યું.

હું કહેતો હતો કે આત્મિક દૃષ્ટિ ખીલવવા માટે થોડુંક ભૌતિક આંધળાપણું જરૂરનું હોય છે. સિનેમામાં આપણે જે ચિત્રોની હાલચાલ જોઈએ છીએ તે ખરું જોતાં એટલા જ ખાતર આપણને સાચી લાગે છે કે એક ચિત્ર જઈને એને ઠેકાણે બીજું ચિત્ર આવે છે એ બિના તરફ આપણું ધ્યાન જઈ શકતું નથી. આપણી પાંપણો હાલે છે તેથી આપણી નજર આગળનું ચિત્ર પળે પળે અથવા પલકે પલકે ખંડિત થાય છે. એ વસ્તુ જો ધ્યાનમાં આવવા માંડે તો જોવાના આનંદથી તો આપણે વંચિત થઈએ જ પણ આપણી જોવાની શક્તિ પણ લગભગ વ્યર્થ થઈ જાય.

પ્રેમ છે એટલે જ આપણે અપૂર્ણ વસ્તુમાં રહેલી પૂર્ણતા જોઈ શકીએ છીએ. પ્રેમ છે એટલે જ આપણે દોષોના તાત્કાલિક પડ તળે ઢંકાઈ ગયેલા સ્થાયી સદ્‌ગુણોને સ્પષ્ટ રીતે નિહાળી શકીએ છીએ. તેથી જ મને મન થાય છે કે કૅમેરાની દુનિયામાં જઈને પ્રેમને હું infra red કિરણો સાથે સરખાવું. પહાડ ઉપરથી સામી ખીણમાં જોઉં અને ત્યાં બધે ફક્ત ધુમ્મસ જ દેખાતું હોય એવે વખતે જો હું infra red લેન્સવાળા કૅમેરાથી ફોટો લઉં તો ધુમ્મસ જાણે હતું જ નહીં એવી રીતે એ કૅમેરા ખીણની તમામ વિગતોનું ચિત્ર આપણને આપે.

* * *

મારાં બહેન આક્કા જ્યારે પરણીને સાસરે ગયાં ત્યારે ત્યાંના અસંસ્કારી લોકો એની નાજુક સંસ્કારિતાની, અભિજાત અભિરુચિની અને ઉચ્ચ સામાજિક આદર્શની કદર કરી ન શક્યા. એમણે અનેક રીતે એનું અપમાન કર્યું. એની કોમળ લાગણીઓ ઉપર પ્રહાર કરી એને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બુટ્ટી કરવાના પ્રયત્ન આદર્યા. આક્કા ઘેર આવે ત્યારે મારી બા આગળ પોતાની આપવીતી વિગતવાર વર્ણવે. આવા વાર્તાલાપ ચાલતા હોય અને હું ત્યાં ગયો હોઉં તો ઘણે ભાગે મને ત્યાંથી કાઢી મૂકવામાં આવતો. મારા ધ્યાનમાં એટલું જ આવતું કે પોતાનાં વીતકો કહેતી વખતે આક્કા બિલકુલ રુએ નહીં. એ કામ આઈનું જ. કશી ઉત્તેજના વગર આક્કા કહેતી જાય અને આઈ રોતી જાય.

આક્કાના ગુજરી ગયા પછી જ્યારે જ્યારે આઈને આક્કાનું સ્મરણ થતું અને દુઃખાવેગનો ઉમળકો આવતો ત્યારે ત્યારે આઈ મને એ જૂના પ્રસંગો યાદ કરી કરીને કહેતી. નાનપણમાં જોયેલા એ પ્રસંગો અને વર્ષો પછી સાંભળેલું એનું બયાન જોડી દઈ હું મારું ચિત્ર જીવતું કરી લેતો.

આક્કાનાં સાસરિયાં જે સદ્ગુણો આક્કામાં જોઈ શકતા ન હતા તે પ્રેમને કારણે અમારે માટે પ્રત્યક્ષ હતા. આક્કા ગુજરી ગઈ ત્યારે એની ઉંમર સોળ કે અઢાર વરસની હશે. પહેલી સુવાવડમાં જ એ ગુજરી ગઈ હતી. માણસ ગુજરી ગયા પછી એની ઉંમર વધતી નથી પણ જ્યાં સ્મરણજળનું સિંચન કરી પ્રેમ દ્વારા માણસની સ્મૃતિને જીવતી રાખવામાં આવે છે ત્યાં ઉંમરમાં ઉમેરો થયા વગર એ વિકસિત થતી જાય છે. અને જે પહેલાં કાચું હતું તે પાકું થવા માંડે છે. જે અનિશ્ચિત હતું તે નિશ્ચિત રૂપ ધારણ કરે છે.

આઈને મોઢે આક્કાના જીવનપ્રસંગો સાંભળતો જાઉં, અને તેની પાછળ રહેલા ભાવનું સ્પષ્ટીકરણ મારી આગળ રજૂ થતું જાય તેમ તેમ આક્કાની વધુ ને વધુ ઉજ્જ્વળ મૂર્તિ મારી નજર આગળ ખીલતી જાય. આઈના બયાનમાં અતિશયોક્તિ કરવાની, કૃત્રિમ ચિત્ર ઊભું કરવાની વૃત્તિ જરાય ન હતી. સાચી ભક્તિ હંમેશાં પ્રામાણિક હોય છે. એડમંડ બર્કની એક કલ્પના વાપરીને કહું તો ગુજરી ગયેલાં અપત્યો માબાપો માટે વંશજો મટી પૂર્વજો બની જાય છે અને અપત્ય-વાત્સલ્યનું રૂપાંતર ભક્તિમાં થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આઈએ રજૂ કરેલાં આક્કાનાં સ્વભાવચિત્રો જેમ જેમ સાંભળતો જાઉં તેમ તેમ મારી ખાતરી થતી કે મારાં આક્કા જો વધુ જીવ્યાં હોત અને અત્યારે જીવતાં હોત તો આઈ વર્ણવે છે એવું જ ચારિત્ર્ય એમણે ખીલવ્યું હોત.

એક દિવસે એક વિચિત્ર વાંસના મારા હૈયામાં પેસી ગઈ. આઈ મારા પર પ્રેમ કરે છે એ વિષે શંકા નથી. હું આઈની જે કાંઈ સહેજસાજ સેવા કરું છું તેનાથી તેને અનહદ આનંદ થાય છે એ પણ હું જોઉં છું. પણ જે જાતની પ્રેમભક્તિ આઈના મનમાં આક્કા વિષે છે તેવી મને ક્યારે મળે? હું મરી જાઉં તો જ એ જાતની પ્રેમભક્તિનો અધિકારી થઈ શકીશ. અનેક વાર મનમાં આવે કે આટલી પ્રેમભક્તિ મેળવવા ખાતર આપણને તો મરી જવું પણ પોસાય.

ફરી મનમાં વિચાર આવે કે મરી ગયા પછી આપણે એ પ્રેમ શી રીતે જોઈ કે જાણી શકવાના હતા? વિધાતાએ આ ભારે કફોડી સ્થિતિ કરી મૂકી છે કે જે વસ્તુ જાણવાને માટે સૌથી વધારે ઇંતેજાર આપણે જ છીએ તે અચૂક આપણે જ જાણી ન શકીએ અને આખી દુનિયા જાણે. એવું ગોઠવતાં વિધાતાને શો રસ પડ્યો હશે?

આની સાથે એકાએક મનમાં વિચાર આવ્યો કે આપણી વાસના કેટલી સ્વાર્થી! આઈના હૈયામાં ખીલેલી પ્રેમભક્તિ જાણવા માટે હું મરવા તૈયાર થઈ ગયો. પણ આઈનું શું? એક આક્કાના મરણથી દસ દસ વરસ થયાં આઈ આટલી ઘવાયેલી રહે છે તે મારા મરણનો ઘા સહન કરી શકે ખરી? અને માની લઈએ કે તે બાકીના બધાં બચેલા લોકોની સેવા કરવા ખાતર મારા મરણનો ઘા ઝીલી શકે અને જીવી શકે તોયે માના અખંડ ધારાવાહિક દુઃખમાંથી રસ મેળવવાની હું ઇચ્છા કરું એ કેટલું અનુચિત!

આવી રીતે પોતાની વાસનાની મલિનતા ઓળખી તે શુદ્ધ કરવાનો પ્રયત્ન કરતો હતો તેવે વખતે મને એક ઉપમા સૂઝી: આપણે ધૂપ બાળીને એની સુગંધ લઈએ છીએ. સુગંધને લોભે ધૂપને બાળીએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છીએ. ધૂપને બળતાં કેટલી વેદના થતી હશે એના તરફ એટલા જ ખાતર આપણું ધ્યાન નથી જતું કે ધૂપની એ હૈયાબળતરામાંથી જે ધુમાડો નીકળે છે તે આપણે માટે અનુકૂળ હોય છે અને આપણી હવાને પણ પાવન કરે છે.

એ ઉપમા મેં એમ ને એમ હૈયામાં ક્યાંક સંઘરી રાખી હતી, અને એક વખતે પૂ. બાપુજી ઘણા થાકેલા હોવા છતાં એમની પાસેથી કોઈ જરૂરી લખાણ માગતો કાગળ જ્યારે મેં એક વાર લખ્યો ત્યારે પોતાની કઠોરતાનો એકરાર કરતાં મેં એ ઉપમા વાપરી હતી.

૩૨

મૂર્તિઓનું ધ્યાન

ધ્યાન એટલે શું? કોઈ વસ્તુ તરફ એકીટશે યા ટગર ટગર જોયા કરવું તે? પ્રેમથી, વિસ્મયથી, બીકથી કે આદરથી કોઈ વ્યક્તિ કે વસ્તુ તરફ ચિત્તનું ચોંટી જવું તે?

ઉપાસનાના ગ્રંથોમાં મૂર્તિના ધ્યાનના શ્લોકો આવે છે. મૂર્તિનું કેવું રૂપ બનાવી અથવા કલ્પી એ દઢપણે મનમાં રાખવું એની સૂચના અથવા એનું ચિત્ર આપતા એ શ્લોકો મેં અનેક વાર વાંચ્યા છે અને મોઢે પણ કર્યા છે. આવી મૂર્તિનું ધ્યાન કર્યા કરવાથી એ મૂર્તિ નજર આગળ જીવતી થાય છે. કોઈ જીવતો માણસ આવીને આપણને મળી જાય, આપણી સાથે વાતો કરે અને જો રાજી થાય તો આપણને કાંઈક આપે, એવી જ રીતે આ મૂર્તિઓ પણ જીવતી થઈને આપણી સાથે વહેવાર કરે છે એવી માન્યતા નાનપણમાં મેં સેવેલી. મૂર્તિની આંખો તરફ અથવા પૂજાના નાળિયેરની આંખો તરફ ધ્યાનપૂર્વક અને ઉત્કટ ઉત્સુકતાથી જોયા કરવાથી એ આંખોમાંથી વિશિષ્ટ ભાવો પ્રગટ થાય છે એમ મને લાગતું. મારી ભાવુક કલ્પના જાગ્રત થતી. અને સરવાળે મન એક કે બીજી રીતે ઉન્નત થતું. દઢ ભક્તિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય તો તે પ્રમાણમાં મૂર્તિ જીવતી થવાની જ એ જાતની દૃઢ માન્યતા મનમાં બંધાઈ.

આનું એક પરિણામ એ આવ્યું કે મૂર્તિની સુંદરતા તરફ અને એના મોઢા ઉપરના મૂર્તિકારે ઉપજાવેલા ભાવો તરફ ધ્યાન જવા લાગ્યું. માણસના ચહેરા પરથી જેમ આપણે એના સ્વભાવની અને એના મનોવિકારોની કાંઈક ને કાંઈક સાચીજૂઠી કે કાચીપાકી કલ્પના કરીએ છીએ, તેમ જ મૂર્તિ જોઈને પણ મનમાં કલ્પનાઓ ઊઠવા લાગી.

સાથોસાથ બીજી પણ એક અસર થઈ. જેમ સગાંવહાલાં કે પૂજ્ય મુરબ્બીઓ પ્રત્યે આદર હોવાને કારણે એમનો ચહેરો અને એમનું શરીર ગમે તેવાં હોય તોયે એ તરફ અનુકૂળ નજરે જ જોવાની વૃત્તિ અને શક્તિ એની મેળે કેળવાય છે, તેવી જ રીતે મૂર્તિઓ ગમે તેવી હોય તોયે એમના પ્રત્યે આદરભક્તિ કેળવતાં હું શીખ્યો.

એમાં એક મુશ્કેલી આવી. જો મારા પિતાશ્રીનું નાક ચીબું હોત તો એ કારણે એમના પ્રત્યે મારા મનમાં અનાદર, તિરસ્કાર કે અણગમો પેદા ન થાત. નાક ચીબું હોવા છતાં પિતા પ્રત્યેનો પ્રેમ ઓછો ન થાત. એમ પણ બનત કે લોકોને ન ગમતું એવું ચીબું નાક ભગવાને મારા પિતાશ્રીને આપ્યું છે એટલા માટે જ એમના પ્રત્યે વધારે વહાલ છૂટત. પણ ચીબું નાક સુંદર છે એમ કહેવા હું તૈયાર ન થાત. બહુ બહુ તો એટલું જ કહેત કે ચીબું નાક પિતાશ્રીનું છે માટે મને તે વહાલું લાગે છે. એમાં પણ અમુક સુંદરતા જોવા તરફ મારું વલણ થાત. પણ ચીબાપણું જ સુંદર છે, એ ચીબાપણું ન હોત તો ચહેરાની સુંદરતા મારી જાત એમ માનવા સુધી હું ન જાત. હજીય જઈ શકતો નથી. પણ નામદેવ, તુકારામ આદિ સંતોએ વખાણેલી પંઢરપુરના વિઠોબાની મૂર્તિ જ્યારે મેં જોઈ ત્યારે મારા ભક્તમાનસને પણ આઘાત થયો. આવી મૂર્તિમાં તે શું સૌંદર્ય એ લોકોએ જોયું હશે? વિઠ્ઠલના બીજા બધા ગુણો ગાતાં એમને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોણે ના પાડી હતી? આવી બેઢબ મૂર્તિને વખાણવાથી એની મશ્કરી જ નહીં થઈ જાય? એવા વિચારો મનમાં આવવા લાગ્યા. બીજે બીજે વિઠોબા રુકમાઈની સારી સુંદર મૂર્તિઓ પણ મેં જોઈ હતી. રામસીતા, લક્ષ્મીનારાયણ, કૃષ્ણરાધા, વગેરેની સ્તુતિપાત્ર મૂર્તિઓ ઘણી છે. પણ આ પંઢરપુરના વિઠોબામાં શું છે? એવી શંકાઓ મનમાં આવવા લાગી. પ્રેમ આંધળો હોય છે એ હું જાણતો હતો. પ્રેમને કારણે આંધળો થવા તત્પર પણ હતો. પણ અહીં મારો એ કીમિયો ચાલ્યો નહીં. એટલે મેં આદરનું કવચ ધારણ કરી વધુ વિચાર કરવાનું છોડી દીધું.

અમારે ત્યાં કેટલાક ગોર ભટજીઓ આવતા. કેટલાકની મૂછો લશ્કરી ઢબની, આંખો ખાવા ધાય એવી, ચહેરા પર સંસ્કારિતા જરાય ન મળે અને રોફ એવો—જાણે કહેતા હોય કે દુનિયાને હું ઓળખું છું, દુનિયામાં ફાવવા માટે જ હું સરજાયેલો છું. એવા ભટજીઓ પ્રત્યે મારા મનમાં છાનો છાનો અણગમો મેં સેવેલો.

પછી જ્યારે કાશીવિશ્વેશ્વરનું એ જ જાતનું ચિત્ર મેં જોયું અને લિંગ ઉપર બેસાડવામાં આવતો ચાંદીનો કે સોનાનો મુછાળો ઉગ્ર મુખવટો પણ મેં જોયો, ત્યારે મૂર્તિનું ધ્યાન કરવાની મારી વૃત્તિ હણાઈ.

આગળ જતાં જ્યારે શ્રીરામની, કૃષ્ણની, કે ગુરુ દત્તાત્રેયની કેટલીક છબીઓમાં અતિનાજુક, અતિસુંદર, લગભગ સ્ત્રીઓના અવયવ-વાળી છબીઓ જોવાને મળી ત્યારે તો મનમાં સાવ જુગુપ્સા જ પેદા થઈ. સંસ્કૃતમાં એક શબ્દ છે પોટા — એનો અર્થ છે — સ્ત્રીલક્ષણો પુરુષ, અથવા પુરુષલક્ષણી સ્ત્રી. ભગવાનને નામે પોટાની છબીઓ કોઈ દોરી આપે, તો તે અસહ્ય જ થાય ને?

આ રીતે મૂર્તિના ધ્યાનમાં મારા પ્રયત્નો જે પ્રથમ અત્યંત ભક્તિયુક્ત અને ઉત્કટ હતા તે વણસી ગયા, અને મૂર્તિપૂજાનું એક તત્ત્વ મોળું પડ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૩

માનસપૂજા અને આગળ આગળ

નાનપણમાં જ શિવમાનસપૂજાના શ્લોકો હાથ આવ્યા હતા અને તે ભક્તિપૂર્વક મોઢે કર્યા હતા. તે પરથી જાણ્યું કે મૂર્તિપૂજા કર્યા પછી માણસ માનસપૂજાનો અધિકારી થાય છે.

માનસપૂજામાં નજર આગળ કોઈ પાર્થિવ મૂર્તિ નથી હોતી. પણ મનમાં જ ઇષ્ટદેવતાની ધ્યાન-મૂર્તિ કલ્પવાની હોય છે. એ મૂર્તિ એકાંગી કે ખંડિત ન હોય. કલ્પનાની આંખ આગળ સર્વાંગ-સંપૂર્ણ અને સાલંકૃત મૂર્તિ ખડી કરવી એ કાંઈ નાનીસૂની વાત નથી. ત્યાર પછી એ મૂર્તિની માનસિક દ્રવ્યોથી જ મનમાં ને મનમાં ષોડશોપચાર પૂજા કરવાની હોય છે. એ બધા ઉપચાર જ્યારે પાર્થિવ મૂર્તિને અર્પણ કરીએ છીએ, ત્યારે મૂર્તિ એવી ને એવી જ રહે છે. નૈવેદ્ય અર્પણ કરીએ ત્યારે મૂર્તિ મોઢું ખોલીને ખાતીપીતી નથી. માનસપૂજામાં એ મુશ્કેલી નથી. માનસપૂજામાં મૂર્તિને અંગરખો પહેરાવીએ તો મનોમયી મૂર્તિ હાથ ઊંચો કરી બાંય ચઢાવવામાં મદદ પણ કરે. તેથી જેમ ખિદમતગારો કોઈ રાજાની સેવા કરે, તેવી રીતે આ ષોડશોપચાર માનસપૂજા કરવાની હોય છે.

કોઈ સાધુ આવી રીતે માનસપૂજા કરતો હતો. એણે મનમાં ને મનમાં ધૂપ સળગાવ્યો અને આસપાસના લોકોને અગરબત્તીની સુવાસ મળી. કેસરી દૂધનું પવાલું ભગવાનને હોઠે પહોંચાડવા જતાં' પવાલું એક વાર હાથમાંથી છૂટી ગયું. ગભરાઈને આંખ ખોલીને જુએ તો એ સાધુના ઘૂંટણ પાસેના ધોતિયા પર દૂધ ઢોળાયું હતું. એવી એવી અદ્‌ભુત વાર્તાઓ સાંભળીને હું માનસપૂજા રસથી કરવા લાગ્યો.

પૂજાના દેવસ્થાન ઉપર જે નિત્યપૂજાની મૂર્તિઓ હતી તે બહુ જ નાની, મૂઠીમાં સહેજે માય એવી. માનસપૂજા માટે આટલી નાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂર્તિ કામની નથી. અને મનની અપાર્થિવ સૃષ્ટિમાં કંજૂસાઈ શા માટે કરીએ ? માણસ જેવડી મોટી મૂર્તિઓ મારા બાલમાનસને અનુકૂળ ન લાગી. એટલે ગણેશચતુર્થી વખતે ઘરમાં ગણપતિની મૂર્તિ અણાતી તેવી મૂર્તિની કલ્પના કરી હું માનસપૂજા કરવા લાગ્યો. પાર્થિવ પૂજા લાંબા વખત સુધી કરેલી હોવાથી મારી માનસિક મૂર્તિઓ પણ સ્થિરપણે એકે એકે જ બધી સેવાઓ લેતી. વસ્ત્રાર્પણ કરું તો મારી મૂર્તિ ઊભી થઈને માણસની પેઠે એ ધોતિયું પહેરવા નહીં માંડે, પણ વસ્ત્ર પહેરેલી જ મૂર્તિ નજર આગળ ખડી થાય.

ખાસ કરીને જ્યારે હું આરતી ઉતારું ત્યારે આરતીના દીવા જેમ જેમ ફરે, તેમ તેમ મૂર્તિની છાયા આમતેમ નાચતી જોવાની મને ખૂબ મજા પડતી. કેમ કે પાર્થિવ પૂજામાં એ કલાત્મક આનંદ મેં ખૂબ માણ્યો હતો, એટલું જ નહીં પણ મૂર્તિ તરફ ધ્યાન જવાને બદલે મૂર્તિની છાયા તરફ ધ્યાન જાય છે એ સારું નહીં એમ પોતાના મનને સમજાવતો પણ હતો. છતાં ધ્યાન તો મૂર્તિ તરફ છે અને એની આસપાસ નાચતી છાયા પણ અસ્પષ્ટપણે નજરે આવી જ જાય છે, એ જાતનું દર્શન જ મને વધારે આકર્ષક લાગતું. કેવળ મૂર્તિ કરતાં છાયાયુક્ત મૂર્તિ એ જ મારા ધ્યાનનો વિષય બની ગયો હતો. પુરાણોમાં લખેલું મેં વાંચ્યું નહોતું એમ નહીં કે એ બાબતમાં માણસ અને દેવ વચ્ચે ફરક છે. દેવોને માણસની પેઠે હાલનારી પાંપણો નથી હોતી, એ એક; અને દેવોની છાયા પડતી નથી, એ બીજી.

આવી માનસપૂજાથી મારી આધ્યાત્મિક શક્તિ વધી એમ તો ન જ કહી શકું. ઊલટું ભગવાનને પણ ભોગવિલાસ કરવા-કરાવવાપણું હોય છે, એવો ખ્યાલ મનમાં પેસી ગયો.

માનસપૂજાને કારણે કલ્પનાશક્તિ, જેને હું ચિત્રશક્તિ કહું છું, ઘણા વેગથી વધી. અનેક વાતો અને પ્રસંગો મનમાં ને મનમાં વિગતવાર rehearse કરવાની, ભજવવાની શક્તિ મેં કેળવી. આથી મને ઘણો લાભ થયો અને ઘણું નુકસાન થયું. આગળ જતાં જ્યારે જ્યોતિષશાસ્ત્ર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલે કે ખગોળવિદ્યા હું શીખવા લાગ્યો ત્યારે સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર તારા આકાશમાં કઈ રીતે રાસ રમતા હશે એનું સહેજ પણ વર્ણન વાંચવાથી, એ આખું ચલચ્ચિત્ર હું મારા મન આગળ ઊભું કરી શકતો. સૂર્ય, એના ગ્રહો અને ઉપગ્રહોની ગતિ બતાવનારું યંત્ર — જેને ઓરેરી કહે છે — જ્યારે મેં હાઇસ્કૂલમાં જોયું, ત્યારે મારે માટે એમાંથી કશું શીખવાપણું રહ્યું નહોતું. જેને અંગ્રેજીમાં scientific imagination કહે છે તે કલ્પના-ચિત્ર-શક્તિ માનસપૂજા દ્વારા ખીલેલી હોવાથી જ્ઞાનની ઉપાસનામાં મને ઘણો ફાયદો થયો છે.

અને નુકસાન શી રીતે થયું એ પણ મારે કહેવું જોઈએ. હું છેક નાનો હતો ત્યારે કોક વાર પિતાશ્રી પાસે હઠ લઉં કે ઘરમાં અમુક રાચરચીલું વસાવો, અમુક વસ્તુઓ મને આણી આપો. તેઓ કહેતા કે, "શું આપણે રાજા છીએ કે આવી વસ્તુઓ ઘરમાં વસાવીએ?" હું સહેજ મોટો થયો ત્યારે એક વાર એમણે કહ્યું કે, "જુઓ, વસ્તુઓ વસાવવાથી આપણને જે આનંદ થાય છે, તે અંતે માનસિક જ હોય છે. ધારો કે હું તને સ્પ્રિંગવાળી એક આગગાડી ખરીદી આપું (એવી એમણે એક મને આપી પણ હતી) અને એ તૂટી જાય નહીં ત્યાં સુધી તું એની સાથે રમે, તો તને જે આનંદ થાય છે તે કેવળ માનસિક જ છે ને? ત્યારે તું મનમાં એવી કલ્પના કેમ નથી કરતો કે આપણને એક મોટો મહેલ મળી ગયો છે, આપણે એમાં રહીએ છીએ, બધી જાતનું ફર્નિચર એમાં છે; રંગ-બેરંગી દીવાઓ છે; હાથી, ઘોડા બધું છે; તું રોજ હાથીની અંબાડીમાં બેસીને ફરે છે?"

પિતાશ્રીએ તો મને પટાવવા ખાતર વિનોદ કર્યો હશે. પણ હું ખરેખર જ આવાં મનોરાજ્યો સેવવા લાગ્યો. મારી મૂર્તિપૂજા પછીની માનસપૂજાને કારણે મારી ધ્યાનશક્તિ કે ચિત્રકલ્પનાશક્તિ એટલી જાગ્રત થઈ હતી કે કલ્પનાથી એ બધો વૈભવ હું ખરેખર માણવા લાગ્યો. વગર ખરચે (અને દુઃખની વાત એ છે કે વગર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કશા પુરુષાર્થે) હું બધા ભોગ ભોગવવા લાગ્યો. માનસિક શક્તિ ઉત્કટ હોવાને કારણે, જેમ મને ઊંડામાં ઊંડો આનંદ મળવા લાગ્યો, તેમ તેનું નુકસાન પણ એટલું જ ઉત્કટ થવા લાગ્યું. જો માનસિક સુખ પ્રત્યક્ષ શારીરિક સુખ જેટલું ઉત્કટ કરી શકાય તો એનાં માનસિક અને શારીરિક દુષ્પરિણામો પણ એટલાં જ ઉત્કટ થવાનાં.

શિવલીલામૃતમાં એક કથા હતી કે એક વિધવાને એનો પતિ સ્વપ્નામાં દર્શન દેતો અને ભોગ પણ આપતો. અને એમાં ઉમેર્યું હતું કે એના સ્વપ્નનું સુખ જાગૃતિનાં સુખ કરતાં જરાય ઓછું નહોતું. પરિણામે એને વૈધવ્યદુઃખ જેવું રહ્યું જ નહીં. એનું જીવન સુકાયું નહીં.

યુવાવસ્થામાં જ્યારે જાતજાતના વિકારો મનમાં જાગ્રત થવા લાગ્યા ત્યારે મારી એ કલ્પનાચિત્રશક્તિ એમાં પણ મદદ કરવા લાગી. પરિણામે હું બાહ્ય આચરણમાં અત્યંત સંયમી અને ડાહ્યો દેખાતો અને હોવા છતાં કલ્પનામાં હું ભોગવિલાસી બની ગયો. એમાં એક નજીકના યુવકનાં હીન મનોરાજ્યો સાંભળવાનું માથે આવવાથી હું મનોમયી રમણી સાથે રમમાણ થવામાં મારી માનસ-પૂજાશક્તિ વાપરવા લાગ્યો. દુર્દૈવ મારું કે કિર્લોસ્કરકૃત સંગીતસૌભદ્ર નાટકમાંના એક પદમાં અર્જુનને પણ સુભદ્રાની એવી જ માનસપૂજા કરતો ચીતર્યો છે. તે ગીત પેલા ભાઈએ મારા સાંભળતાં મોઢે કરવાનું શરૂ કર્યું—

नीर-क्षीरालिंगन-रूपी स्नान तुला ते घालोनी।
मङ्ग्या अवलोकन–वस्त्रानीं टाकिन तव तनु झांकोनी॥

ઇત્યાદિ.

[આવો પ્રત્યક્ષ અનુભવ હોવાથી જ આગળ જતાં સાહિત્યકારો પ્રત્યે મારો આગ્રહ વધ્યો કે તમારા સાહિત્યમાં શૃંગાર ભલે ગમે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેટલો હોય, પણ નવયુવકોના હાથમાં જનારી ચોપડીઓમાં તો અને ખાસ કરીને પાઠ્યપુસ્તકોમાં કલ્પનાને વિકારી ઉત્તેજન આપે એવું કશું હોવું ન જોઈએ.]

મૂર્તિપૂજા અને માનસપૂજા બન્નેનો અનુભવ લીધા પછી મનમાં વિચાર આવ્યો કે બન્ને પૂજા અને બન્ને ધ્યાન બાહ્ય તો ખરાં જ. ખુલ્લી નજર આગળ મૂર્તિ હોય, અથવા બંધ આંખ આગળ મનોમયી મૂર્તિ હોય, એ મૂર્તિ તો ખરી જ. અને એની પૂજા દ્રવ્યદ્વારા અને ક્રિયા દ્વારા જ થાય છે. મૂર્તિપૂજા એ જેટલું બાહ્યાર્ચન છે, એટલું જ અત્યાર સુધી હું ચલાવતો હતો એ માનસપૂજા પણ બાહ્યાર્ચન જ છે. સ્ત્રી પોતાના પતિની સેવા કરે, બાળકોની સેવા કરે, એવી જ રીતે ભક્ત પોતાના ઉપાસ્યની વગર માગી અને વગર જરૂરની સેવા કરે, એનું નામ તે પૂજા—એટલું હું જોઈ શક્યો. માંદાઓની, બાળકોની અને અતિથિઓની જરૂરી સેવા કરીએ છીએ તે તો તે તે લોકોના હિત અને સંતોષ ખાતર. ભગવાનને તો આવી સેવાની જરૂર નહીં જ હોય, છતાં આપણે પોતાના સંતોષ ખાતર એની સેવા કરીએ તો આપણને એ કરવા દે છે.

કોઈ આપણી ખુશામત કરે અથવા માનપત્ર આપે અને એની અંદર આપણે જાણતા હોઈએ એવી જ વસ્તુઓનો ઉલ્લેખ કરે તો જેમ આપણને સંતોષ થાય છે (જોકે એ સંતોષ ઉચ્ચ કોટિનો ન જ ગણાય) તેવી જ રીતે ભગવાનને પણ સ્તુતિથી સંતોષ થાય છે એમ લોકો અને શાસ્ત્રકારો માને છે. રાજાને જ્યારે પ્રજા કહે છે કે તમે ન્યાયી અને દયાળુ છો, ત્યારે રાજા ન જાણતો હોય એવી વિગતો એને પૂરી પાડવામાં નથી આવતી, પણ પ્રજા એમ બતાવવા માગે છે કે તમે ન્યાયી અને દયાળુ છો એ અમે જોયું છે. અમને એ ગમે છે. એની અમને કદર છે. તમે ન્યાયી છો, એટલા માટે જ અમે રાજનિષ્ઠ છીએ. સ્તુતિ કરનાર ખરું જોતાં એટલું જ જાહેર કરે છે કે હું નગુણો નથી. મારી પાસેથી કદરદાન વ્યક્તિની વૃત્તિની જ અપેક્ષા કરો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવું આશ્વાસન મળવાથી સામી વ્યક્તિ સંતુષ્ટ થાય છે. અને સાથે સાથે પોતાનું કર્તવ્ય શું છે એ પણ ઓળખે છે.

ઈશ્વરની સ્તુતિ કરવામાં આવું જ કંઈક વાતાવરણ હોય છે. ભક્તોએ નક્કી કર્યું છે કે ઈશ્વર સ્તુતિ-પ્રિય છે. માણસ સ્તુતિ-પ્રિય હોય તો તે શોભે નહિ. ઈશ્વરને એનો વાંધો નથી. માણસ પાસે માગ્યા કરીએ તો એ કંટાળે છે, ચિડાય છે. ઈશ્વર પાસે ન માગીએ તો એ નારાજ થાય છે એમ પણ ઇસ્લામી (અને ખ્રિસ્તી પણ) સાધુઓનું માનવું છે. શું કરે ભગવાન! માણસ જેવું ઇચ્છે તેવું રૂપ જ નહીં પણ સ્વભાવ પણ એને ધારણ કરવો પડે છે!

ઈશ્વરની સ્તુત કરવાથી આપણને ઈશ્વરના સ્વરૂપનું જ્ઞાન થાય છે, ભાન થાય છે, અને તે ભાન તાજું રહે છે એ સ્તુતિનો પહેલો લાભ છે. જ્ઞાની ભક્તો કહે છે કે એ જ મુખ્ય લાભ છે.

આ બધી મૂર્તિપૂજા, માનસપૂજા, મૂર્તિનું ધ્યાન, ભગવાનની સ્તુતિ, સ્તોત્રો, બધાનો વરસો સુધી અનુભવ લીધા પછી વેદાંતનું થોડુંક અધ્યયન કર્યું. ભગવાન બધે વસે છે તેથી આપણા હૃદયમાં પણ છે એટલી વાત નાનપણથી સાંભળેલી અને માનેલી. છાતીની અંદર એક નાનકડો ગોખલો હશે, તેની અંદર ભગવાનની મૂર્તિ રહેતી હશે, એવો અર્થ બાળપણમાં મેં કરેલો. ત્યાં બેસીને ભગવાન આપણે શું શું કરીએ છીએ એ જોઈ લે છે એટલું જ નહીં, પણ આપણા મનમાં શું શું ચાલે છે એ પણ એ સમજી લે છે, એવો વિશ્વાસ પેદા થયેલો હોવાથી જ્યારે જ્યારે એ વિશ્વાસ જાગ્રત થતો; ત્યારે ત્યારે, મનમાં સારા જ વિચારો આવવા જોઈએ, હાથે અનાર્ય કૃત્ય ન જ થવાં જોઈએ એ જાતની ચીવટ રહેતી.

સ્વામી વિવેકાનંદનાં વેદાંતી લખાણો વાંચ્યા પછી બોધ થયો કે ભગવાન આપણા હૃદયમાં છે એટલું જ નહીં પણ જેને આપણે 'આપણે' કહીએ છીએ તે આપણું આત્મતત્ત્વ અને જગત-ચાલક પરમાત્મ-તત્ત્વ તત્ત્વતઃ એક જ છે. આપણો અંતરાત્મા એ જ વિશ્વાત્મા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને તેથી આપણી ઊણપોને કારણે અંતરાત્મામાં જે સંકુચિતતા ઊભી થાય છે તે દૂર કરવી એ જ મુખ્ય સાધના છે. ભગવાનની મૃણ્મયી કે મનોમયી મૂર્તિને સુખોપભોગ આપવા એ સાચી પૂજા નથી પણ હૃદયસ્થ જીવતત્ત્વના દોષો બાળી નાખીને એને શિવતત્ત્વનું શુદ્ધ, વ્યાપક, સંપૂર્ણ અને સાર્વભૌમ રૂપ આપવું એ જ સાધના છે, એ જ પૂજા છે. આગળ જતાં ખબર પડી કે આવું રૂપ આપ્યું અપાય નહીં, મૂળથી એ છે જ. એ પ્રગટ કરવું, એનો સાક્ષાત્કાર કરવો અને પોતે તદાકાર થઈ જવું, એ જ ખરી સાધના છે. ભગવાન જેવો છે તેવો dis-cover કરવો —એટલે કે એના ઉપર આવી પડેલું cover દૂર કરવું એ જ મુખ્ય સાધના છે.

સાધનાનું આ સ્વરૂપ જ્યારે સ્પષ્ટ થયું ત્યારે જ મન સાથે નક્કી કર્યું કે પથરામાંથી મૂર્તિ ઘડવી એ એક સાધના ગણાય. અને પથરાની અંદર વસેલી મૂર્તિ ઓળખી કાઢવી અને તેટલો ભાગ રહેવા દઈ, તેના પરનાં અનાવશ્યક પોપચાં ઉતારી કાઢવાં, એ બીજી સાધના છે. આ જ જાતની કવિતા જ્યારે મને વાંચવાને મળી ત્યારે એટલો તો આનંદ થયો ! અને હું કહેવા લાગ્યો કે મારી જ કલ્પના આ કવિઓએ અપનાવી છે. મને એ કલ્પના સ્ફુરી તે પહેલાં જ પેલા કવિએ એ કવિતા લખી હોય તોયે શું ?

મૂર્તિનિર્માણની આ બે કલ્પનાઓ દ્વારા સાધનાનું સ્વરૂપ ઉત્તમ રીતે વ્યક્ત થાય છે.

અણઘડ જીવનમાંથી સર્વાંગસંપૂર્ણ જીવન ઉપજાવી કાઢવાનું હોય છે અથવા જોઈ લેવાનું હોય છે. એટલે સુધી આવ્યા પછી મારી સાધનાનો ક્રમ આખો ફરી ગયો. પાર્થિવ કે માનસિક દ્રવ્યોનું ધ્યાન છૂટી ગયું અને ગુણોની ઉપાસના શરૂ થઈ. પારસમણિ જેમ લોઢાનું પરિવર્તન કરી એનું સોનું બનાવે છે, એવી જ રીતે લોઢા જેવું જડ જીવન સાધના દ્વારા ઉન્નત કરવું અને સોનાની પેઠે એને તેજરૂપ બનાવી દેવું એ જ ખરી સાધના છે એમ અંદરથી ઊગ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમ લાંબે ચાલ્યા પછી એક ભારે ક્રાન્તિકારી પરિવર્તન મારી શ્રદ્ધામાં જ થવા લાગ્યું.

પહેલાં કલ્પના હતી કે પૂર્ણતા એ એક નિશ્ચિત સ્થિતિ છે. એ સ્થિતિએ પહોંચ્યા પછી પરિવર્તન કરવાપણું રહે નહીં. અમુક કોટિએ પહોંચ્યા એટલે ગંગા નાહ્યા. હવે કરવાપણું અથવા થવાપણું બાકી કશું ન હોય. ફક્ત હોવાપણું જ આપણે ભાગે આવી જવાનું, એ કલ્પનાને એકાએક એક શંકાનો ધક્કો પહોંચ્યો. સ્થિર પૂર્ણતા અંતે મૃત પૂર્ણતા તો નહીં હોય? એવી શંકા મનમાં ઉદ્‌ભવી. એ શંકાએ જીવનમાં કેવા કેવા ફેરફારો કર્યા તે હવે પછી જોવાનું છે.

સાધના જો ગતિ હોય તો સિદ્ધિ એ સ્થિતિ હોવી જોઈએ એવો ખ્યાલ વિચારક્ષેત્રમાં એટલો તો દૃઢ હતો કે પૂર્ણત્વ સુધી પહોંચ્યા પછી કેવળ સ્થિરતા જ અનુભવવાની હોય છે એમ લાગ્યા કરતું હતું. અવાજને અંતે જેમ મૌન અથવા નીરવતા સ્થપાય છે તેમ જ પ્રયત્નને અંતે જે શાંતિ સ્થપાય છે તે નિષ્ક્રિય હોવી જોઈએ એમ લાગતું. યાત્રી મુકામે પહોંચ્યો પછી એને માટે ચાલવાપણું હોય નહીં.

આગળ જતાં મનમાં શંકા ઊઠી કે શાંતિ અને મૃતિમાં પછી ભેદ શો? ધ્વનિને અંતે જે વિરામ આવે છે એ શું કેવળ શિથિલતા જ છે? એક જણે સુખની વ્યાખ્યા કરી છે કે દુઃખ ભોગવી રહ્યા પછી દુઃખનો અંત થવાથી જે આલસ્ય અનુભવાય છે તે જ સુખ— सुखं दुःखान्तम् आलस्यम्। ત્યારે શું પૂર્ણતા એ પણ એક જાતનું આલસ્ય જ છે?

ના. સાધનામાં જે પ્રક્રિયા હોય છે તે કરવી પડે છે. એની પાછળ એક જાતની બાધ્યતા છે. સિદ્ધિ પછી પ્રક્રિયા રહે છે પણ બાધ્યતા નીકળી જાય છે. પણ કેવળ આનંદ તરીકે, સ્વાત્માનુભવ તરીકે, પરિપૂર્ણતાની સુવાસ તરીકે પ્રક્રિયા તો ચાલવાની જ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોઢાનો ગોળો જ્યારે ગરમ કરાય છે ત્યારે એ કાંઈ દોડવા નથી માંડતો. છે ત્યાં ને ત્યાં જ રહે છે. પણ એની અંદરના એકેએક પરમાણુ નાચવા માંડે છે. પૂર્ણતામાં બાહ્ય દૃષ્ટિએ નિષ્ક્રિયતા ભલે દેખાય, અને આંતરિક દૃષ્ટિએ કશું બંધન ભલે ન રહે, પણ એમાં આત્માનુભૂતિ જાગ્રત, સંસ્ફુરત રહે છે એટલું જ નહીં પણ તે વર્ધમાન પણ હોય છે.

જ્યારે આપણે કોઈ ભીંત ચણીએ છીએ ત્યારે એક ઈંટ ઉપર બીજી ઈંટ બેસાડી દઈએ છીએ. છેલ્લી ઈંટ બેસે નહીં ત્યાં સુધી એ ભીંત અપૂર્ણ જ હોય છે. અપૂર્ણતા ઓછી કરતાં કરતાં આપણે પૂર્ણતા તરફ જઈએ છીએ. એથી ઊલટું જ્યારે કળી ખીલીને ફૂલ થાય છે ત્યારે એમાં પ્રથમ એક પાંદડી બેઠી પછી બીજી ઊગી, પછી ત્રીજી, આમ કરતાં કરતાં બધી પાંદડી આવી ફૂલ પૂર્ણ થાય છે એમ નથી હોતું. કોઈ પણ ક્ષણે અને કોઈ પણ તબક્કે અપૂર્ણતા હોતી જ નથી. કળી પણ સંપૂર્ણ છે, અધખીલું ફૂલ પણ સંપૂર્ણ છે અને પૂર્ણ વિકસિત ફૂલ પણ સંપૂર્ણ છે. એવી જ રીતે આ વિશ્વમાં બધે પૂર્ણતા જ ભરેલી છે. એ પૂર્ણતાનો જ વિકાસ થતો જાય છે. અપૂર્ણતા જાણે ક્યાંય હતી જ નહીં. આ છે સર્વેશ્વરની લીલા. જ્યાં થોભવાપણું છે એવી પૂર્ણતા અને જ્યાં અસ્વસ્થ થવાપણું છે એવી અપૂર્ણતા જ્ઞાની પુરુષના જગતમાં હોવી ન જોઈએ.

જ્યાં સુધી અપૂર્ણતાનું ભાન છે, પૂર્ણતાનો સાક્ષાત્કાર થયો નથી, ત્યાં સુધી માણસને માટે સાધના છે. એ સાધના ક્યારે પૂરી થઈ કે થાય છે એ તો કહેવાય નહીં. પણ ધીરે ધીરે સાધના સાધના મટી લીલા થતી જાય છે. પરિશ્રમ કર્યો અને ઉપભોગ કર્યો એની ખબર જ ન પડે એવું પરિવર્તન થઈ ગયા પછી માણસને એક સમાધાન મળે છે કે હવે આપણે ઉન્નતિના પ્રવાહમાં પડ્યા છીએ. સુરક્ષિત છીએ. હવે ઉતાવળ કે શિથિલતા કોઈને સ્થાન નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાધનાની આ દશા જો કાચી હોય તો ખતરનાક છે, કેમ કે એમાં ઉતાવળ અને શિથિલતા વારાફરતી આવવાનાં જ. યથાક્રમે પરિપક્વ દશામાં જ્યારે લીલાની ભૂમિકા કેળવાય છે ત્યારે ઓછામાં ઓછા પ્રયત્ને વધુમાં વધુ પ્રગતિ થાય છે. અને છતાં આંતરિક સમાધાનને કારણે એ પ્રગતિનું વધારેપડતું ભાન પ્રસન્નતાને નષ્ટ કરતું નથી.

૩૪

सत्यनिष्ठामां मोळाश

૧

જિંદગીમાં જો કાંઈ ખાસ જાણવા જેવી વસ્તુ હોય, આચરવા અને કેળવવા જેવી હોય તો તે સત્ય છે. માણસ માટે સત્ય સ્વાભાવિક હોય છે. વ્યક્તિગત તેમ જ સામાજિક દોષોને કારણે જ માણસ અસત્ય તરફ ઢળી પડે છે. પછી તો એ રીતસર અસત્ય કેળવે છે અને સત્યની સ્વાભાવિકતા ખોઈ બેસે છે. અસત્ય દૃઢ થયા પછી એ ઓગાળી કાઢવા માટે સત્ય કેળવવું પડે છે. એને માટે અખંડ જાગૃતિ, હિંમત અને નિર્ભયપણું હોવાં જોઈએ. પરિણામ-ભીરુતા છોડી દેવી જોઈએ.

માણસ સહેજ પણ જાગ્રત હોય તો પોતાની સત્યનિષ્ઠા વધે છે કે ઘટે છે તે એ સહેજે ઓળખી શકે છે.

અસત્યના અનેક પ્રકાર છે. અલ્પ સત્ય, વિકૃત સત્ય, ભ્રમોત્પાદક સત્ય એ એક પ્રકાર થયો. જ્યાં સત્ય કહેવું જોઈએ ત્યાં તે ન કહેતાં મૌન સેવવું અને સામા માણસ ઉપર ખોટી છાપ પાડવી એ બીજા પ્રકારનું અસત્ય છે. અને સામા માણસને છેતરવા માટે સત્યથી વિરુદ્ધ કંઈક જુદું જ કહી દેવું એ હડહડતું અસત્ય ત્રીજા પ્રકારનું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેં જોયું છે કે ભલભલા પ્રામાણિક લોકો પણ સૂક્ષ્મ રીતે અસત્ય સેવે છે. એમના ઉદ્દેશો સારાનરસા ગમે તેવા હોય પણ સત્યનિષ્ઠામાં જાજ્વલ્ય એવા બહુ થોડા લોકો જોવામાં આવે છે.

સમાજમાં દરેક માણસ કેટલે દરજ્જે સત્યનિષ્ઠ છે એ આપણે વગર કહ્યે તપાસતા રહીએ જ છીએ. સામાજિક જીવન સત્યને આધારે જ ટકી શકે છે. જે માણસ સત્યની ચોરી કરે છે તે તમામ જાતની ચોરી કરે છે એમ જે મનુ ભગવાને કહ્યું છે તે તદ્દન સાચું છે. જેટલા લોકોના પ્રસંગમાં આપણે આવીએ છીએ તે બધા વ્યક્તિશઃ આપણા પ્રત્યે કેટલા અનુકૂળ છે અને કેટલા પ્રતિકૂળ છે એ જેમ આપણે, એની વાણી, એનો અવાજ અને એની આંખ પરથી જોતા જ રહીએ છીએ, તેમ એ માણસ કેટલે દરજ્જે સત્યવાદી છે એનો તાગ કાઢતા રહેવું એ પણ આપણો સ્વભાવ જ હોય છે.

પણ આવી તપાસમાં પુખ્ત ઉંમરના લોકો વખતે મોળા પડી શકે છે. બાળકો મોળાં નથી હોતાં. બાળકોને તો પોતાની શક્તિ પ્રમાણે, આખી દુનિયા સમજી લેવાની હોય છે, દુનિયાને જોઈ જોઈને પોતાની જાતને ઘડવાની હોય છે. બાળક જેટલું જુએ છે તેટલું બધું જ એને માટે દીક્ષા-ગ્રહણ જેવું હોય છે. મોટેરાંઓને અને ખાસ કરીને સગાં-વહાલાંઓને જોઈ જોઈને જ તે શીખે છે. તેથી આપણામાં રહેલું અસત્ય બાળકો અજાણતાં ઓળખી લે છે અને સ્વીકારી લે છે — પકડી લે છે.

જે માણસ અંતર્મુખ હોય છે તે પોતાનાં બાળકોમાં, આશ્રિતોમાં અને વિદ્યાર્થીઓમાં પોતાનું પ્રતિબિંબ ઠીક ઠીક પારખી શકે છે અને જેમ અરીસામાં જોઈ જોઈને આપણે આપણું મોઢું સાફ કરીએ છીએ, તેવી જ રીતે તે પણ પોતાનું જીવન કઈ કઈ બાબતમાં સુધારવું જોઈએ એની સૂચનાઓ મેળવે છે.

સત્ય એક અદ્ભુત વસ્તુ છે, પ્રભાવી વસ્તુ છે. 'સત્ય એ આત્માની શક્તિ છે' એમ કહેવું બરાબર છે કે 'સત્ય એ જ આત્મા છે' એ કહેવું બરાબર છે, એનો મન સાથે નિર્ણય નથી થતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફ્રેન્ચ લેખક જુબેરનું એક વચન મન પર ભારે અસર કરી ગયું છે — "Justice is Truth in action." ન્યાય એટલે અમલમાં મૂકેલું સત્ય — આચરેલું સત્ય — એમ એનું ભાષાંતર કરી શકાય. સત્યાચરણ એ જ આત્મા અથવા આત્મશક્તિ છે. જે માણસ વિચારપૂર્વક, જાગૃતિપૂર્વક સત્યને જ વળગે છે, તેનામાં અણકલ્પેલી અનેક શક્તિઓ પ્રગટ થયેલી જોવામાં આવે છે. એ શક્તિઓ વધે છે અને ઘટે છે. સતારનો તાર જેમ ખેંચીએ છીએ તેમ ઊંચો અવાજ દે છે અને જરા ઢીલો કર્યો એટલે નીચલો અવાજ આપે છે. તાર ખેંચીને અવાજ ચડાવતા જઈએ એને મીંડ કહે છે અને ખેંચેલો તાર ઢીલો કરતા જઈએ એને ઘસીટ કહે છે. આરોહ-અવરોહના એ પ્રકાર છે. સત્યના આરોહ-અવરોહ પ્રમાણે એનો સુસ્વર પણ ઓછોવત્તો થાય છે. એની સુગંધ પણ બદલાય છે. દરેક સાધકમાં આવો આરોહ-અવરોહ જડી આવે જ છે.

મારામાં સત્યની માત્રા વધતી ગઈ સ્વાભિમાનને કારણે એ એક વાર ક્યાંક લખી ચૂક્યો છું એમ માનું છું. શાહીનો ખડિયો જ્યારે પોતાને હાથે ઢોળાય ત્યારે બાળકો મોટે ભાગે, વડીલો વઢશે એ બીકે, એ વાતનો ઇનકાર કરે છે, અથવા બીજા ઉપર ઢોળી દે છે. મોટેરાંઓને કોઈની બીક નથી હોતી એટલે તેઓ કહી દે છે કે 'મારે હાથે શાહી ઢોળાઈ.' ઘરનો નોકર પૂછે તો આપણે સહેજે કહી દઈએ છીએ કે, 'મારે હાથે શાહી ઢોળાઈ છે. એ જગા સાફ કરી લેજે.'

આવું બધું જોઈને મેં મારા મન સાથે તારવી કાઢ્યું કે જેનાથી આપણે બીએ છીએ તેની આગળ આપણે જૂઠું બોલીએ છીએ. એટલે જૂઠું બોલવા માટે બીજો માણસ મારા કરતાં શ્રેષ્ઠ છે એ એક રીતે સ્વીકારવું પડે છે અને સાચું બોલીએ તો અમુક વેઠવું પડશે એ બીકે પણ આપણે જૂઠું બોલીએ છીએ. એટલે કે પરિણામ-ભીરુતાને કારણે આપણે સત્યનો દ્રોહ કરીએ છીએ. પછી હું મનમાં કહેવા લાગ્યો, "એ માણસ એવો કોણ મોટો છે કે એની આગળ મારે જૂઠું બોલવું ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફરી કરીને એ મારું કેટલું નુકસાન કરશે કે જેના ડરથી મારે જૂઠું બોલવું ? અને સપડાયા પછી મોઢા ઉપર શરમના શેરડા આવવા દેવા કરતાં સાચું જ કહી દઈએ તો શું ખોટું ?" એવા વિચારોથી સત્યને જ વળગવાની વૃત્તિ દૃઢ થતી ગઈ.

બીજી એક વૃત્તિ નાનપણથી જ મારામાં આવી ગઈ. સામા માણસને અગવડભર્યો સવાલ નાહક પૂછીશ તો એને જૂઠું બોલવું પડશે, એ બીકે અગવડભર્યા પ્રશ્નો પૂછવાનું જ હું ટાળતો. 'મેં અગવડભર્યો પ્રશ્ન પૂછ્યો, તેથી જ બિચારાને અસત્ય બોલવું પડ્યું એટલે એના અસત્યમાં મારો હાથ છે. મેં જ એને હાથે પાપ કરાવ્યું.' એ જાતની શરમ મારામાં એટલી બધી વધી (અને તે હજીયે છે) કે બનતાં સુધી કોઈને અગવડભર્યો પ્રશ્ન પૂછવો જ નહીં, એવો સ્વભાવ થઈ ગયો.

પોતાનું હૃદય તપાસતાં મને લાગે છે હજીયે જાણ્યે અજાણ્યે બે રીતે મારાથી સત્યનો અપલાપ થાય છે. એમાંથી એક પ્રકાર કાંઈક અંશે નિરુપદ્રવી ગણાય. લાંબી વાત ટૂંકાવવા ખાતર કોક કોક વાર સત્યને સહેજસાજ ફેરવવું પડે છે. હિમાલયની મુસાફરીમાં જ્યારે મને કોઈ પૂછે કે 'તમારું ગામ કયું ?' ત્યારે જો "શાહપુર-બેલગામ' કહું તો એ ક્યાં આવ્યું વગેરે અનેક સવાલો એ પૂછવાનો. એ બધું ટાળવા માટે હું કહેતો કે 'હું બંબઈ તરફનો છું.' પછી સામો માણસ પૂછે 'બંબઈથી કેટલે દૂર ? બંબઈથી દક્ષિણે કે પૂર્વે ?' આવી નવરી જિજ્ઞાસાથી અકળાઈને મેં 'તરફનો' પણ કાઢી નાખ્યું અને 'હું મુંબઈનો છું' એમ સીધું કહી પતાવવા લાગ્યો. આને હું સંક્ષિપ્ત સત્ય કહેતો. હિમાલયના માણસને માટે મુંબઈ કે બેલગામમાં બહુ ફેર નથી હોતો. તેથી એને હું સંક્ષિપ્ત સત્ય કહું છું. પણ સુરત, નાશિક કે પૂનાના માણસને જવાબ આપતાં હું મુંબઈ કહું તો તે નર્યું અસત્ય ગણું !

કોક કોક વાર કોઈ પ્રસંગનું વર્ણન કરતાં, વાર્તા કળાત્મક થઈ જાય અને એનું રહસ્ય દીપી ઊઠે એટલા માટે પણ વર્ણનમાં સહેજ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાજ ફેરફાર કરવાની વૃત્તિ મારામાં છે. એ કાઢી નાખવાનો પ્રયત્ન પણ કરું છું, પણ કોક કોક વાર એ વૃત્તિએ સત્યને ઘસી ઘસીને એવો તો રૂપાળો સુંવાળો આકાર આપેલો હોય કે કાળે કરીને એ નવું રૂપ જ મગજમાં બેસી જાય છે. અને એ જ પહેલેથી મૂળ રૂપ હતું એવી ભ્રમણા ઘર કરી બેસે છે. પછી એ રૂપ જ ચલણી નાણું થઈ જાય છે. પછી કોક વખતે જ્યારે અંતર્મુખ થઈને તપાસું છું ત્યારે અસલનું અરૂપાળું સત્ય મનમાં છતું થાય છે અને પછી થોડો વખત હૃદયમાં ઘણી ગ્લાનિ ફેલાય છે.

કાવ્યમય કે કલાત્મક વૃત્તિને કારણે સત્યમાં સહેજસાજ ફેરફાર કરીને એના પર ઓપ ચઢાવવાની વૃત્તિ દરેક કવિમાં, કથાકારમાં અને પુરાણકારમાં રહેતી હશે જ એમ મારું માનવું છે. જીવનનું તત્ત્વજ્ઞાન મન સાથે તારવવા જતાં આ કળાવૃત્તિ કેટલે દરજ્જે બાધક નીવડે છે તે હું હજી નક્કી નથી કરી શક્યો.

* * *

જ્યારે બે જણ વચ્ચે અણબનાવ થયેલો હોય છે ત્યારે આપણે એમની વચ્ચે સારો સંબંધ પેદા કરવાની દૃષ્ટિએ પ્રયત્ન કરતાં એક-બીજાનાં સારાં તત્ત્વો એકબીજા આગળ રજૂ કરીએ છીએ અને ચીડમાં કાઢેલાં કોઈનાં કડવાં વેણ બીજાને કહેતા નથી. આમ કરવામાં અમુક સત્ય આપણે દબાવી રાખીએ છીએ અને અર્ધસત્ય જ રજૂ કરીએ છીએ. બેમાંથી એકેયે આપણને આમ કરવાનું કહેલું નથી હોતું. આપણે પોતાની જવાબદારી ઉપર જ તેમ કરીએ છીએ.

બેય જણા જો આપણી આ વૃત્તિ સમજવા જેટલા સમજુ હોય તો એમના મનમાં કૃતજ્ઞતાભાવ પેદા થાય. પણ ઘણી વાર આવું સદ્ભાગ્ય સાંપડતું નથી. પરિણામે બન્ને આપણા ઉપર ચિડાય છે કે સાચી વાત તો કહી જ નહીં. દલાલો જ્યારે સોદો પતાવવા ખાતર આમ કરે છે ત્યારે બન્ને બાજુને વાંધો નથી હોતો અને દલાલને દલાલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મળવાની હોય છે. આપણને એટલું પણ સમાધાન નથી હોતું. એટલે વચમાં પડનારને ભાગે ગેરસમજ અને કૃતઘ્નતા જ આવે છે.

કોઈના વિષે વાતો કરતાં, કોઈની બાજુ રજૂ કરતાં કે કોઈના વતી આજીજી કરતાં, મારામાં એટલું બધું હળવાપણું આવી જાય છે કે એની બાજુ સારી દેખાય એ ઈંતેજારીમાં, એની વિરુદ્ધ જાય એવું સત્ય હું સહેજે બોલી શકતો નથી. . . . એ માણસ પોતાનો સ્વાર્થ સાધવા ખાતર સત્યનો જેટલો અપલાપ કરી શકે તેટલો કરવા સુધી જવાની વૃત્તિ મારામાં આવી જાય છે. અને એ સ્વતંત્રપણે સ્વભાવના જ દોષ જેવી બની જાય છે.

કોક કોક વાર કોઈના વિષે આપણે ખાનગી રીતે કાંઈક જાણેલું હોય છે અથવા કોક વિષે આપણા મનમાં જબરદસ્ત શંકા આવેલી હોય છે. એવે વખતે ખાનગી માહિતી કે શંકાનો ઉપયોગ તો કરાય નહીં અને મનમાંથી એ કાઢી પણ નખાય નહીં. એવી સ્થિતિને કારણે આપણે પોતે જ ચોર જેવા થઈ જઈએ છીએ. એ મૂંઝવણ મેં ઘણી અનુભવી છે. અંતે બાપુજી પાસેથી એટલું શીખ્યો છું કે જેને વિષે વહેમ હોય, તેને ખાનગીમાં સાફ કહી દેવું જોઈએ કે "તમારે વિષે મારું મન સાફ નથી; આવી આવી શંકાઓ મનમાં રહે છે. એ મનમાંથી જાય નહીં, ત્યાં સુધી હું મૂંઝાયેલો જ રહીશ, માટે મારે વિષે મનમાં દયા રાખજો. હું લાચાર છું." પણ આવી તક હંમેશાં મળી શકે જ છે એમ નથી. અને એમ કહેવામાં જોખમ નથી એમ પણ નથી. પણ તે ખેડાય.

પોતાની જાત વિષે અને પોતાનાં લાભ–હાનિ વિષે સાવ બેદરકાર હોવા છતાં બીજાનો પ્રશ્ન હોય ત્યારે ઉત્પન્ન થતી આવી પરિણામ-ભીરુતા મને હંમેશાં નડી છે. પરિણામ-ભીરુતાને કારણે માણસનું તેજ ઝાંખું થઈ જાય છે અને એનો સામાજિક દરજ્જો પણ ઊતરી જાય છે. માણસ પોતાના સ્વાર્થની દૃષ્ટિએ પરિણામ-ભીરુ બને અને એને સત્યનો દ્રોહ કરતાં સંકોચ ન હોય ત્યારે એને મૂંઝવણ ઓછી રહે છે. મારી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂંઝવણ તો જેને મરાઠીમાં विकतचें श्राद्ध કહે છે તેના જેવી થાય છે કે, 'ઊઠ પહાણ, પડ મારા પગ ઉપર'. મારી આ સ્થિતિને કારણે મારી કોઈએ દયા ખાધી હોય એવો એક્કે દાખલો મને યાદ નથી. લોકો એ વૃત્તિ સમજે તો ને?

જ્યારે અંતર્મુખ થઈને આ બધી વસ્તુઓનો વિચાર કરું છું ત્યારે મનમાં થાય છે કે આનો ઇલાજ એક જ છે કે જ્યાં આપણે ફાવતા નથી એ ધંધામાં પડવું જ નહીં. નિવૃત્તિ સૌથી સારી. નિવૃત્તિના ક્ષેત્રમાં પણ કરવા જેવું ઘણું હોય છે અને એનું મહત્ત્વ ઓછું નથી હોતું. પણ આજના જમાનાનું તત્ત્વજ્ઞાન છે પ્રવૃત્તિપરાયણતા. એનો મેં સ્વીકાર કર્યો છે. અને સ્વભાવ પણ એવો જ ઘડી કાઢ્યો છે. પરિણામે પ્રવૃત્તિ અને નિવૃત્તિ બન્ને વચ્ચે ઝોલાં ખાઉં છું. ચાહું છું નિવૃત્તિ, પડું છું પ્રવૃત્તિમાં અને એક્કેનો લાભ મને મળી શકતો નથી. બન્નેના ગેરલાભ ભેગા થઈને પોતાને ભાગે આવે ત્યારે એનાથી ન અકળાવા જેટલું રીઢાપણું અથવા અનાસક્તિ મેં કેળવી છે એટલો જ નક્કર લાભ છે.

મારી જીવનયાત્રાનો આ તાદૃશ ચિતાર છે. કાંઈક યથાર્થ રીતે ચીતરી શક્યો એનું જ સમાધાન છે.

૩૫

आपणो ध्यानमंत्र : सत्यमेव जयते ।

એવો અનુભવ નથી કે સત્યનો જ સદા વિજય થાય છે. જો થતો હોત તો સત્યને શા માટે કોઈ છોડત?

આથી सत्यमेव जयतेનો લોકો એવો અર્થ કરે છે કે અંતે સત્યનો જ વિજય થાય છે. પણ કોને અંતે? સૃષ્ટિનો તો અંત છે નહીં. મનુષ્યનો અંત છે. હરેક ઘટનાનો અંત છે. કોઈ મનુષ્યને પોતાની સત્યવાદિતાને કારણે આખી જિંદગીભર દુ:ખ, અન્યાય અને પરાજય ભોગવવાં પડે અને પોતાનો અંત આવ્યા પછી લોકો એની કદર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરે તો એથી એ માણસને શો લાભ થયો ? સત્યનો વિજય સમય પર થાય તો જ તે કામનો.

આવી વૃત્તિના લોકોને વિશ્વાસ આપવો કે અંતે સત્યનો જ વિજય છે, તે એમની ચીડ વધારવા જેવું છે. એથી વધારે સારું તો સત્યની ફલશ્રુતિ જ બદલી નાખનારું જૈન વચન છે सच्चं लोगम्मि सारभूयं–આ દુનિયામાં સારરૂપ તો સત્ય છે, બાકી બધું નિઃસાર છે. પ્રેમ સત્યનો હોવો જોઈએ, વિજયનો નહીં, દુન્યવી લાભનો નહીં.

સત્યના પાલનથી આપણું તેજ વધે છે, ચારિત્ર્ય ઉન્નત થાય છે, સત્યથી ધૈર્યની સિદ્ધિ થાય છે. જેની પાસે સત્ય છે, તેની ધીરજ કદી ખૂટતી નથી. અને સત્યને લીધે જે આંતરિક સંતોષ મળે છે તેની બરાબરી કરી શકે એવી કોઈ ચીજ દુનિયામાં છે નહીં.

આ દૃષ્ટિએ વિચારતાં सत्यमेव जयतेનો આપણને નવો અર્થ મળે છે. હૃદયશક્તિને બાહ્ય સૃષ્ટિ સાથે જેટલો સંબંધ છે, એટલો સત્યનો વિજય બાહ્ય સૃષ્ટિમાં પણ છે. પણ સાચો લાભ આંતરિક સંતોષનો છે. સત્યનો વિજય આંતરિક — subjective — હોય છે અને તે અંતમાં નહીં પણ હંમેશાં, અખંડ, થયાં કરે છે.

જે વ્યક્તિ અથવા રાષ્ટ્ર સત્યનું પાલન કરે છે એને આત્મ-સંતોષ, આત્મ-પ્રતિષ્ઠા અને આત્મ-તેજ પ્રાપ્ત થાય છે. આ જ પરમ લાભ છે.

સત્યનો વિજય આંતરિક હોય છે એ ભાવ બતાવવા માટે જ ઉપનિષદના ઋષિએ जि જેવા પરસ્મૈપદી ધાતુને અહીં આત્મનેપદી બનાવ્યો લાગે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૬

ધર્માંતર

૧

શહાપુર બેલગામમાં કે કારવાર તરફ ભણવાની સગવડ સારી નથી એમ જોઈ પિતાશ્રીએ બાબાને અને અણ્ણાને ભણવા માટે પૂના રાખ્યા હતા. તેઓ વીશીમાં જમતા અને હાઈસ્કૂલમાં ભણતા. ખરચ ઠીક ઠીક થતું અને છતાં પૈસા વખતસર મળતા નથી એની તકરારો પિતાશ્રીને સાંભળવી પડતી. થોડા દિવસ પછી વિષ્ણુ પણ ભણવા માટે પૂના ગયો. આ બધી વ્યવસ્થા સમાધાનકારક નથી એમ જોઈને પિતાશ્રીએ પૂનામાં એક ઘર ભાડે રખાવ્યું અને તેમાં બાબા, બાબાનાં પત્ની, અણ્ણા, અણ્ણાનાં પત્ની, વિષ્ણુ, કેશુ, ગોંદુ અને હું અમે બધાં મારી બા સાથે ત્યાં રહેવા લાગ્યાં. પિતાશ્રી એકલા કારવારમાં નોકરીએ રહેતા. બાબાનો દીકરો વાસુ રમતિયાળ બાળક હતો. એને રમાડતાં અમને મઝા પડતી. આવા મોટા કુટુંબમાં રહીને બધાનું ભણતર ચાલતું. ગૃહસ્થાશ્રમી વિદ્યાર્થીઓ કેમ ભણે છે અને કેમ કેળવાય છે એનો ખ્યાલ આજના લોકોને વખતે નહીં આવી શકે.

હું જે પ્રસંગનું વર્ણન અહીં કરવાનો છું તે બન્યો ત્યારે હું બા સાથે પિતાશ્રી જોડે જ હતો. કારવારમાં હતો કે શહાપુરમાં એ બરાબર યાદ નથી.

એક દિવસે પિતાશ્રીને નામે એક તાર આવ્યો કે, "તમારો દીકરો વિષ્ણુ ખ્રિસ્તી થવાનો છે, તરત આવશો તો જ એને બચાવી શકશો." તે જમાનામાં તારનો વહેવાર બહુ ઓછો હતો. તારના ત્રણ પ્રકાર હતા: અર્જંટ, ઑર્ડિનરી અને ડિફર્ડ. ડિફર્ડ તાર આવે તોયે તારનું પરબીડિયું ફોડતાં પહેલાં લેનારના હાથપગ ધ્રૂજે. અન્ય ઘરનાં બધાં, ભય અને ઉત્કંઠાથી, રૂંધાયેલા શ્વાસે સાંભળવા ભેગાં થાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્જંટ તાર આવે તો આખા ગામમાં એક અસાધારણ બિના તરીકે એની વાતો થાય.

વિષ્ણુ ખ્રિસ્તી થવાનો છે એવો તાર વાંચી બધાંના હોશકોશ ઊડી ગયા. મરણના પ્રસંગો મેં બહુ જોયા ન હતા. પણ આક્કાના મરણથી પિતાશ્રી ને આઈ કેટલાં ઘવાયાં હતાં તેનો મને ખ્યાલ હતો. પણ મરણ આગળ કોઈનું કશું ચાલતું નથી એટલે એ ઘા સહન કર્યે જ છૂટકો. પણ 'ખ્રિસ્તી થવાનો છે,' એ સમાચાર મળતાંવેંત ઘરમાં જે ગમગીની ફેલાઈ તે મરણના સમાચાર કરતાં પણ આકરી હતી. આજે વિચાર કરતાં લાગે છે કે વિષ્ણુ ફાંસીએ જવાનો છે એવા સમાચાર આવત અને ઘરનાં લોકોમાં ગભરામણ છૂટત એના જેવી જ આ ગભરામણ હતી. 'રજા મેળવીને તરત પૂના જવું જોઈએ,' એમ તો નક્કી થયું જ; પણ પિતાશ્રીની સાથે કોણ કોણ જાય એની પણ ચર્ચા ચાલી. દીકરો ન જ માને તો શું કરવું, એના મન ઉપર અસર કરવા માટે એને શું શું કહેવું એ વિષેની જાતજાતની સૂચનાઓ અનેક સગાંવહાલાં કરવા લાગ્યાં.

હું એટલો નાનો હતો કે 'ખ્રિસ્તી થાય છે' એટલે શું એની મને કલ્પના આવી નહીં. આપણે દાઢીવાળા મુસલમાનો જોયા હતા. ઇજાર ટોપી પહેરનારા સાહેબલોકો જોયા હતા. એમાંના કેટલાક ગોરા હતા, કેટલાક કાળા હતા. પણ એ બધા પોતપોતાના ધર્મ સાથે જ જન્મેલા હોતા હશે એવી મારી કલ્પના હતી. મેં આઈને પૂછ્યું, પિતાશ્રીને પૂછ્યું, અનેક લોકોને પૂછ્યું કે 'વિષ્ણુ ખ્રિસ્તી થશે એટલે શું કરશે?' અને મનમાં વિચાર આવતો કે ખ્રિસ્તી થવું આટલું ભયાનક કે ભૂંડું હોય તો શા સારુ વિષ્ણુ ખ્રિસ્તી થતો હશે?'

બધા પાસેથી મને એક જ જવાબ મળ્યો કે, "ખ્રિસ્તી થશે એટલે આપણો મટી જશે. પછી એ શરાબ પીશે, માંસ ખાશે . . . અરે, ગાયનું માંસ પણ ખાશે અને કોઈ મડમ સાથે પરણશે. ગમે તેના હાથનું ગમે તે ખાતાં એને વાંધો નહીં હોય. આપણે માટે તો એ મરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગયા સમાન જ થશે. એનું મોઢું પણ કેમ જોવાય? હાય રે હાય! આ શું થવા બેઠું છે? ઘરનો દીકરો માબાપની અને બધાંની લાગણી તરછોડીને પરધર્મમાં જવા તૈયાર થાય છે! એને કોણે આટલો બધો ભરમાવ્યો કે ફોસલાવ્યો હશે? એના ઉપર શો જાદુ કર્યો હશે? લોકોના બાળકોને આમ વટલાવવાથી અને આડે રસ્તે લઈ જવાથી આ પાદરીઓને શું મળતું હશે? કેમ એમનામાં કશી જ લાગણી નહીં હોય?"

આ જાતના ઉદ્‌ગાર બધા જ લોકોના મોઢામાંથી નીકળતા હતા. બાબા-અણ્ણા ત્યાં છે. તેમણે કેમ કશું કર્યું નથી? તેઓ આટલા બેદરકાર કેમ થયા છે? અણ્ણાને તો હંમેશાં પોતાની જ પડી હોય છે અને બાબા તો પોતાના સહપાઠીઓના ડાયરામાં રમમાણ! એ લોકોને ખબરે નહીં હોય કે વિષ્ણુના મનમાં શું ચાલે છે, એ કોની સાથે ભળે છે અને શું કરે છે.

પિતાશ્રી ધડકતે હૈયે પૂના ગયા અને પાછળ રહેલા અમે બધા, તેઓ શા સમાચાર લઈને પાછા આવે છે એની જ ચિંતામાં અસ્વસ્થ રહ્યા. નાના બાળકો કશું સમજે નહિ તોયે ઘરના વાતાવરણનો ચેપ એમને લાગ્યા વગર રહેતો નથી.

પિતાશ્રી પૂના ગયા. અણ્ણા-બાબા ઘરમાં હતા. વિષ્ણુ ક્યાંક ફરવા ગયો હતો. પિતાશ્રીને જોઈને અણ્ણા-બાબાને આશ્ચર્ય થયું. પિતાશ્રીએ એમને તાર બતાવ્યો. બન્ને જણાએ કહ્યું, "અમને તો આની કશી ખબર નથી." વિષ્ણુ ઘેર આવ્યો. એના ચહેરા ઉપર પણ કશું ન હતું. પિતાશ્રીને જોઈને એને પણ આશ્ચર્ય થયું. તારની વાત સાંભળી એ ચકિત થયો. એટલામાં એના ગોઠિયા ઘરમાં આવ્યા. કાનફૂસી ચાલી. કેટલાક ખડખડાટ હસ્યા, કેટલાક શરમાયા. ગુનેગાર હતા તેમણે પોબારા ગણ્યા. તરત ખુલાસો થયો કે પહેલી એપ્રિલની એ મશ્કરી હતી! વિલાયતમાં અંગ્રેજ લોકો પહેલી એપ્રિલને All Fools' Day કહે છે અને તે દિવસે લોકોને અનેક પ્રકારે બનાવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવો રિવાજ આપણા દેશમાં છે જ નહીં. હોળીના તહેવારમાં અશ્લીલતા ઘણી વપરાતી. લોકોને પજવવાના અનેક પ્રકારો થતા પણ એમાં છેતરવાની વાત નહીં. પહેલી એપ્રિલને દિવસે લોકોને બનાવવા માટે ગમે તે હદ સુધી જવાય એવી માન્યતા એ લોકોમાં છે એમ લોકો કહેતા હતા.

સંભવ છે કે યુરોપીય લોકોમાં આટલી હદ સુધી જવાનો રિવાજ નહીં હોય. હોળીના તહેવારની અસંસ્કારિતામાં ઊછરેલા લોકોએ જ પહેલી એપ્રિલની એ સ્વદેશી આવૃત્તિ તૈયાર કરી હશે.

ગમે તે હો. પિતાશ્રી પૂનેથી સાવ થાકીને પાછા આવ્યા. છોકરાઓને ભણવા માટે પૂના મોકલ્યા એનો જ એમને પસ્તાવો થયો હતો. બધી વાત સાંભળ્યા પછી મારા મનમાં એટલું જ આવ્યું કે પિતાશ્રી પ્રત્યે આદર નથી રાખતા એવો હલકા ગોડિયા વિષ્ણુએ શી રીતે ભેગા કર્યા હશે?

એ આખા પ્રસંગની મારા પર જે છાપ પડી તેનું પૃથક્કરણ કરવા જતાં બે ત્રણ વસ્તુઓ તરી આવે છે. ખ્રિસ્તી ધર્મ એ અત્યંત હીન ધર્મ છે, દુરાચાર તરફ માણસને લઈ જાય છે એમ મનમાં વસી ગયું. તે એટલે સુધી કે આગળ જતાં પ્રીવિયસ કે ઇન્ટરની પરીક્ષા પાસ થવાને કારણે મારા મોટા ભાઈઓને ‘નવા કરાર’ની કે આખા બાઇબલની જે ચોપડીઓ ભેટ મળી હતી તે ભાઉ અને હું ચીડમાં ને ચીડમાં ફાડી નાખતા. એ ચોપડીઓની બાંધણી એટલી મજબૂત હતી એની પણ અમને ચીડ ચડતી.

બીજી અસર એ થઈ કે ધર્માંતર કરવું એ મોટામાં મોટો કુટુંબ-દ્રોહ અને સમાજ-દ્રોહ છે. સારામાં સારી કૌટુંબિક લાગણીઓ અને સમાજનિષ્ઠા બન્નેને તિલાંજલિ આપ્યા વગર માણસ ધર્માંતર કરવા તૈયાર ન જ થઈ શકે. જેટલા ગુના અને પાપ છે એમાં સૌથી મોટો ગુનો અને સૌથી હીન પાપ ધર્માંતર છે. મારામાં જે માતૃભક્તિ અને પિતૃભક્તિ હતાં અને માતાપિતાની કુલદેવ પ્રત્યેની નિષ્ઠાના જે સંસ્કારો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારા પર પડ્યા હતા તે બધાને અજ્ઞાનપણે સાક્ષી રાખી મેં મારા મન સાથે નિશ્ચય કર્યો કે હું કોઈ કાળે વટલાઈશ નહીં, પોતાનો ધર્મ છોડીશ નહીં.

૨

આના પછી મહારાષ્ટ્રનો ઇતિહાસ વાંચતાં શિવાજીના વખત પહેલાં લોકોને જબરદસ્તીથી મુસલમાન કેમ કરવામાં આવતા એનું વર્ણન વાંચ્યું. કારવાર ગયા પછી, ગોવામાં પોર્તુગીઝ રાજકર્તા તરફથી ધાર્મિક જુલમ કેમ થતો તેનાં વર્ણનો સાંભળ્યાં. અને ધર્માંતર પ્રત્યેની ચીડ ખૂબ જ વધી. શીખ લોકોએ—એમના ગુરુઓએ ધર્માંતર કરવા કરતાં માથું અર્પણ કરવું પસંદ કર્યું એ વસ્તુ ચિત્તને ઘણી ઉત્તેજક જણાઈ. મહારાષ્ટ્રના ઇતિહાસમાં જ્યારે વાંચ્યું કે ઔરંગઝેબે શિવાજીના દીકરા સંભાજીને પકડીને મુસલમાન થવાનો હુકમ કર્યો અને સંભાજીએ જવાબ વાળ્યો કે, "તારી દીકરી મને આપીશ તો હું મુસલમાન થઈશ," ત્યારે મારું ધર્માભિમાન ઘવાયું.

આગળ જતાં હિંદુ ધર્મનો એક સિદ્ધાંત વાંચ્યો કે દરેકને માટે એનો ધર્મ સારો. ત્યારે એના અર્થના ઊંડાણમાં જવાને બદલે મેં એટલો જ અર્થ કર્યો કે ધર્માંતર કરવાની કશી જરૂર નથી. ધર્મો વિશે કેવી લાગણી રાખવી જોઈએ એ વિશે શુદ્ધ નિર્ણય મળ્યો સ્વામી વિવેકાનંદનાં લખાણોમાંથી કે—બધા જ ધર્મો તત્ત્વત: સારા છે પણ દરેકને તેનો ધર્મ, એના સ્વભાવની ખૂબી પ્રમાણે, મળેલો હોય છે.

આવી ભૂમિકાને કારણે આર્યસમાજીઓની, લોકોને પોતાના ધર્મમાં લેવાની વૃત્તિ મને બહુ ગમી નહીં. જોકે એનો વિરોધ પણ મનમાં ન હતો. જે હિંદુ લોકો જબરદસ્તીથી વટલાયા તેમને અને તેમના વંશજોને પોતાના ધર્મમાં પાછા લેવા વિશે મન હંમેશાં અનુકૂળ રહેતું અને સનાતનીઓ આટલી સીધી વાત કેમ નથી સમજતા એવી અકળામણ પણ મનમાં થતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધર્મધર્મો વચ્ચે ખેંચતાણના વાતાવરણમાં ગીતાનો શ્લોક વાંચ્યો: "स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः।" ધર્માંતર વિશેની સૂગને ગીતામાંથી આવો મજબૂત ટેકો મળે છે એમ માની રાજી થયો. પણ પાછળથી મનમાં શંકા ઊઠી કે ગીતા ગવાઈ અથવા લખાઈ ત્યારે એકલો સનાતન ધર્મ જ હતો. ઇસ્લામ, વિશ્વાસી ધર્મ કે જૈન અને બૌદ્ધ ધર્મ એવા કોઈ ધર્મો હતા જ નહીં. એટલે ત્યાં 'પરધર્મ'નો અર્થ જુદો જ કરવો જોઈએ. બુદ્ધિ એટલી ઠેકાણે આવ્યા પછી એ શ્લોકનો શુદ્ધ અર્થ કરવા માટેનાં ઘણાંયે શાસ્ત્રવચનો જડી આવ્યાં.

આવું જેનું ઘડતર હતું તેને માટે ગાંધીજીનો સર્વ-ધર્મ-સમ-ભાવ સ્વીકારતાં કેટલી મુશ્કેલી પડી હશે અને હૃદયથી સ્વીકાર થતાંવેંત કેટલો સંતોષ થયો હશે એની કલ્પના કોઈ સમભાવી વ્યક્તિ જ કરી શકે.

સર્વ-ધર્મ-સમ-ભાવમાંથી ગાંધીજીએ એક ઉપસિદ્ધાંત તારવી કાઢ્યો કે બધા જ ધર્મો જ્યાં સારા છે ત્યાં ધર્માંતરની કશી જરૂર નથી. એ વસ્તુ સહેજે ગમે એવી હતી. પણ બધા ધર્મોનો સમભાવપૂર્વક ઊંડો અભ્યાસ કર્યા પછી મારા મનમાં એક નવો જ ઉપસિદ્ધાન્ત જાગ્યો કે ધર્માંતર આવશ્યક ભલે ન હોય, સ્વેચ્છાએ કરેલા ધર્માંતરમાં ઉતાવળ, મોહ અથવા બેવકૂફી ભલે હોય પણ પાપ તો નથી જ, કેમ કે બધા જ ધર્મો સારા છે.

છેવટે ચિંતનમાંથી એ નિર્ણય ઉપર પહોંચ્યો કે કોઈ ધર્મના સ્વીકારમાં દોષ નથી, પણ દોષ છે પોતાનો ધર્મ છોડવામાં. પોતાનો ધર્મ કાયમ રાખી દુનિયાભરના તમામ સદ્ધર્મોનો સ્વીકાર કરવામાં દોષ કે પાપ કશું નથી અને આજના જમાનામાં તો બધા ધર્મોનો સ્વીકાર કરવો એ એક અત્યાવશ્યક યુગ-કર્તવ્ય જ છે.

સાઠ વરસની એક જિંદગીમાં આ કેવડું મોટું પરિવર્તન!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૭

परमधर्म – आत्मदर्शन

બધા ધર્મો ભગવાનની વાતો કરે છે. માણસના વ્યક્તિગત અને સામાજિક જીવન માટે વ્યવસ્થા સૂચવે છે અને ઈશ્વરપ્રાપ્તિ માટે કર્મ, જ્ઞાન અને ભક્તિની શિખામણ આપે છે. પણ ધર્મમાં મુખ્ય વસ્તુ છે આત્મદર્શન. આ વિશાળ વિશ્વનું રહસ્ય શોધતાં શોધતાં માણસ પરમ-બૃહદ્ બ્રહ્મ સુધી — ભૂમા સુધી પહોંચ્યો પણ એને અપનાવવાનો રસ્તો હાથ ન આવ્યો. ત્યાર પછી માણસ અંદર ઊતર્યો. અંદર ઊતરીને જ્યારે અંતર-તમ સુધી પહોંચ્યો, ત્યારે એને આત્મા જડ્યો. એ આત્માને અપનાવવા જતાં માણસને સાક્ષાત્કાર થયો કે જે બ્રહ્મ છે તે જ આપણો આત્મા છે. अयं आत्मा ब्रह्म । આમાંથી જ એ પરમ રહસ્ય અપનાવવાની સાધના એને જડી. અંતરના આત્માનો પરબ્રહ્મ પરમાત્મા સાથે સંબંધ બાંધવો, એ એને જોડી દેવા, એને જ યોગ કહે છે.

ઋષિઓએ કહ્યું: अयं तु परमो धर्मः यत् योगेन आत्मदर्शनम् । યોગ દ્વારા આત્માનો સાક્ષાત્કાર કરવો એ જ સૌથી શ્રેષ્ઠ ધર્મ છે. એ જ આપણું કર્તવ્ય છે, એમાં જ જીવનનું સાફલ્ય રહેલું છે.

આપણી સવારની પ્રાર્થનામાં ત્રણ શ્લોકોની અંદર આપણે એ આત્માનું ઉપસ્થાન કરીએ છીએ. પ્રથમ એનું સ્મરણ કરવાનું હોય છે. ત્યાર પછી ભજન અને અંતે નમન કરી એ ઉપાસના સંપૂર્ણ કરીએ છીએ. એ શ્લોકોના માહાત્મ્યમાં કહ્યું છે — श्लोकत्रयं इदं पुण्यं लोक-त्रय-विभूषणम् । प्रातःकाले पठेत यस्तु स याति परमां गतिम् ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી ભગવત્ પાદાચાર્યે આ ત્રણ શ્લોકની અંદર આત્મસ્વરૂપનું જેટલું કરી શકાય તેટલું સ્પષ્ટીકરણ કર્યું છે અને ધ્યાનને માટે પૂરતો મસાલો આપણને પૂરો પાડ્યો છે. એ ધ્યાનની સગવડ ખાતર આપણે આત્મસ્વરૂપનું એક સ્વતંત્ર ચિંતન કરી લઈએ.

* * *

આત્મા ખરું જોતાં તર્કનો કે તાત્ત્વિક વિવેચનનો વિષય જ નથી. નૈયાયિકોની ઢબે આત્માની ચર્ચા ભલે સંપૂર્ણ થતી હોય, પણ એ રીતે આત્મા સુધી પહોંચાય નહીં. આપણે આપણા જીવનને રસ્તે જ આત્માની ખોજ કરવી જોઈએ.

ધારો કે અમુક ગેરસમજને કારણે મારા મિત્ર ઉપર કે કોઈ સગા ઉપર હું ગુસ્સે થયો, તો ગુસ્સામાં આવીને હું ગમે તેવું બોલી નાખીશ. ગુસ્સો કરતી વખતે હું ગુસ્સા સાથે એટલો તો એકરૂપ થઈ જાઉં છું કે એ ગુસ્સો એ જ હું છું એમ સુખેથી કહી શકાય. પાપ કરતી વખતે હું પાપમય થઈ જાઉં છું. પાપનો અને મારો અભેદ થઈ જાય છે. જ્યારે હું લોભમાં પડું છું ત્યારે જે વસ્તુનો લોભ કરું છું એની સાથે હું તદાકાર થઈ જાઉં છું. એક ભાઈને બીડી પીવાનો શોખ હતો. એ સહેજસાજ તત્ત્વજ્ઞાની પણ હશે. બીડી પીતો જાય અને મને કહે અત્યારે હું બીડી છું. બીડીમય બન્યો છું. મારામાંથી બીજું બધું ખસી ગયું છે અને બીડી જ બીડી મારામાં ભરાઈ છે.

પણ ક્રોધ, પાપ, લોભ કે બીડી સાથે મારું તાદાત્મ્ય ટકતું નથી. મારા જીવનનો એ મુખ્ય ભાગ નથી. ક્રોધી માણસ હંમેશાં રિસાયેલો નથી હોતો. પાપી માણસ અખંડ પાપ નથી કરતો. ચોર ચોવીસે કલાક ચોર નથી હોતો.

ત્યારે આ બધી વૃત્તિઓ સાથે તદાકાર થનાર અને અમુક વખત પછી એનાથી અલિપ્ત થનાર એવું કંઈક તત્ત્વ હોવું જ જોઈએ. જેનો અભાવ આપણે કોઈ કાળે અનુભવી શકવાના જ નથી. એ જ આપણું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આત્મતત્ત્વ છે. એનો સાક્ષાત્કાર પૂર્ણરૂપે શુદ્ધપણે જ્યારે થવાનો હોય ત્યારે થાઓ. પણ એનો સામાન્ય સાક્ષાત્કાર આપણને અખંડ થતો જ રહે છે. કોઈ ફરિયાદી કોર્ટમાં આવે કે ન આવે, ન્યાયાધીશ જેમ હાજર રહે જ છે, તેમ અનેક જાતની વૃત્તિઓ ઊઠે કે ન ઊઠે, અનુભવો મેળવવાના હોય કે ન હોય, આત્માની હાજરી તો અખંડ છે જ, અને એ છે તેથી જ બીજા બધા અનુભવોને અવકાશ રહે છે. અપૂર્ણાંકમાં જેમ એકનો છેદ ઉડાડી શકાતો જ નથી, તેમ જ આપણા અપૂર્ણ જગતમાં આત્માનો છેદ, આત્માની અનુભૂતિનો છેદ ઉડાડી શકાતો નથી. એ આત્મતત્ત્વ હૃદયમાં અખંડ સ્ફુરતું જ રહે છે. આપણી વૃત્તિઓ એની જ ધરતી ઉપર નાચે છે અને એને ઢાંકે છે અથવા સંતાડે છે. વૃત્તિઓ આત્માને સંતાડે એમાં આત્માને વાંધો નથી હોતો કેમ કે એ જાણે છે કે એમાં એનું કશું નુકસાન નથી, એને કશું ખોવાપણું નથી. પણ આત્માને ભૂલી જઈએ તો આપણી સાચી શક્તિ આપણે ખોઈ બેસીએ છીએ. અને વૃત્તિઓનો સ્વભાવ જ છે કે હંમેશાં દ્વેવામાં રહેવું. એ સંકટમાંથી ઊગરી જવું હોય તો આત્માનું ભાન અખંડ જાગ્રત રાખવું જોઈએ. પરિણામ એ આવે છે કે જાગ્રત અવસ્થામાં જેમ રાતનાં સ્વપ્નાં ટકતાં નથી તેમ આત્માના શુદ્ધ ભાન સાથે મલિન વૃત્તિઓ ટકી શકતી નથી, અને શુભ વૃત્તિઓ એટલી બધી સમૃદ્ધ અને શાન્ત થાય છે કે એમને દ્વેવુંયે કરવું નથી પડતું અને દોડદોડા કરી ઉજાગરાયે વેઠવા નથી પડતા. આને જ આપણે આધ્યાત્મિક આરોગ્ય કહી શકીએ. આત્મ-ચિંતન એ આરોગ્યનો ઉત્તમ માર્ગ છે. માટે જ એને સાધના કહે છે. આ સાધના વિષે જાતઅનુભવ અનેક રીતે લખવાનો રહેશે. અત્યારે એનો ફક્ત ઇશારો જ કર્યો છે

पुस्तकालय
गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેટલાંક ઉપયોગી પુસ્તકો

આ જ લેખકનાં

ઓતરાતી દીવાલો	૦—૧૨—૦
જીવતા તહેવારો	૨—૦—૦
જીવનનો આનંદ	ફરી છપાય છે
જીવન સંસ્કૃતિ	૫—૦—૦
પૂર્વ આફ્રિકામાં	૩—૦—૦
બાપુની ઝાંખી	૧—૦—૦
બ્રહ્મદેશનો પ્રવાસ	૦—૧૦—૦
માનવી ખંડિયેરો	૨—૮—૦
લોકમાતા	૧—૪—૦
શ્રી નેત્રમણિભાઈને	૦—૧૪—૦
संकलित भगवद्गीता	૧—૪—૦
સ્મરણયાત્રા	૨—૦—૦
હિમાલયનો પ્રવાસ	૧—૮—૦

અન્ય લેખકોનાં

ગાંધીજી અને સામ્યવાદ	૧—૪—૦
સમૂળી ક્રાન્તિ	૧—૮—૦
સંસાર અને ધર્મ	૨—૦—૦
સરદાર વલ્લભભાઈ	૫—૦—૦
માનવ અર્થશાસ્ત્ર	૬—૦—૦
મહાદેવભાઈનું પૂર્વચરિત	૦—૧૨—૦
પ્રાચીન સાહિત્ય	૧—૦—૦
જીવનદૃષ્ટિ	૧—૧૨—૦
ગાંધીજી – એક અધ્યયન	૪—૦—૦
આધુનિક ભારત	૬—૦—૦
લોકશાહી	૨—૦—૦
કલકત્તાનો ચમત્કાર	૧—૦—૦
મારી જીવનકથા – જવાહરલાલ નેહરુ	૬—૦—૦
મારી જીવનકથા – રાજેન્દ્રપ્રસાદ	૮—૦—૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાંધીજીનાં પુસ્તકો

અનાસક્તિયોગ	૦—૮—૦
આત્મકથા	૨—૦—૦
સંક્ષિપ્ત આત્મકથા	૧—૦—૦
આરોગ્યની ચાવી	૦-૧૦—૦
આશ્રમજીવન	૦—૬—૦
ગામડાંની વહારે	૦—૪—૦
ગાંધી-સરકાર પત્રવહેવાર	૨—૮—૦
ગીતાપદાર્થકોષ	૦—૪—૦
ગીતાબોધ	૦—૩—૦
ગોસેવા	૧—૮—૦
ત્યાગમૂર્તિ	૨—૦—૦
દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ	૩—૦—૦
દિલ્હી ડાયરી	૩—૦—૦
દેશી રાજ્યોનો પ્રશ્ન	૧—૮—૦
ધર્મમંથન	૨—૦—૦
ધર્માત્મા ગોખલે	૦—૯—૦
નિત્ય મનન	૧—૦—૦
'નીતિનાશને માર્ગે'	૦-૧૦—૦
પાયાની કેળવણી	૧—૪—૦
બાપુના પત્રો-૧ : આશ્રમની બહેનોને	૧—૦—૦
બાપુના પત્રો-૨ : સરદાર વલ્લભભાઈને	૩—૦—૦
બાળપોથી	૦—૩—૦
મંગળપ્રભાત	૦—૩—૦
રચનાત્મક કાર્યક્રમ	૦—૫—૦
રામનામ	૦-૧૦—૦
રાષ્ટ્રભાષા વિષે વિચાર	૦-૧૨—૦
વર્ણવ્યવસ્થા	૦-૧૨—૦
વ્યાપક ધર્મભાવના	૨—૮—૦
સત્યાગ્રહાશ્રમનો ઇતિહાસ	૧—૦—૦
સર્વોદય	૦—૩—૦
સૉક્રેટીસનો બચાવ	૦—૨—૦
સો ટકા સ્વદેશી	૧—૪—૦
હિંદ સ્વરાજ (હસ્તાક્ષરમાં)	૧—૪—૦
હિંદ સ્વરાજ (છાપેલી આવૃત્તિ)	૦—૬—૦

[દરેકની ટપાલરવાનગી અલગ]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાકા કાલેલકર કૃત

સ્મરણયાત્રા

'ધર્મોદય'માં જેમ લેખકે ધર્માનુભવનાં સ્મરણો આલેખ્યાં છે, તેમ આ પુસ્તકમાં પોતાના છથી અઢાર વર્ષ સુધીના જીવનના વિવિધ પ્રસંગોને રસિક અને કલાત્મક રીતે આલેખ્યા છે.

કિં. રૂ. ૨-૦-૦ ટપાલરવાનગી ૦-૧૦-૦

જીવનનો આનંદ

[સુધારેલીવધારેલી ત્રીજી આવૃત્તિ]

આ પુસ્તકમાં કાકાસાહેબના કળા અને કુદરત-વિષયક લેખો સંગૃહીત થયેલા છે. વાચકને એ સહેજે પ્રતીતિ કરાવશે કે જો મનુષ્ય દૃષ્ટિ કેળવે તો તેની આસપાસ પથરાયેલી કુદરતનાં ભિન્ન ભિન્ન સ્વરૂપોનાં દર્શન અને નિરીક્ષણમાંથી તે અખૂટ આનંદ લૂંટી શકે, તથા કુદરતની રોજિંદી ઘટનાઓમાં પણ જે નિર્વ્યાજ સૌન્દર્ય અને આનંદ છુપાયેલાં પડ્યાં છે તે માણવાની ચાવી સહેજે હાથ કરી શકે.

આ નવી આવૃત્તિમાં ૧૯ લેખો નવા ઉમેરવામાં આવ્યા છે, અને એક ખંડ બાદ કરવામાં આવ્યો છે.

કિં. રૂ. ૪-૦-૦ ટપાલરવાનગી ૦-૧૪-૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar